JAYANTA BHAṬṬA'S

# NYĀYAMAÑJARĪ

## [TṚTĪYA ĀHNIKA]

**WITH GUJARATI TRANSLATION**

**L. D. SERIES 97**

*GENERAL EDITORS*

**DALSUKH MALVANIA**

**NAGIN J. SHAH**

*Edited and Translated By*

**NAGIN J. SHAH**

READER IN SANSKRIT

L. D. INSTITUTE OF INDOLOGY

AHMEDABAD 9

**L. D. INSTITUTE OF INDOLOGY AHMEDABAD 9**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

JAYANTA BHAṬṬA'S

# NYĀYAMAÑJARĪ

(TṚTĪYA ĀHNIKA)

WITH GUJARATI TRANSLATION

L. D. SERIES 97
GENERAL EDITORS
DALSUKH MALVANIA
NAGIN J. SHAH

*Edited and Translated By*
NAGIN J. SHAH
READER IN SANSKRIT
L. D. INSTITUTE OF INDOLOGY
AHMEDABAD 9

L. D. INSTITUTE OF INDOLOGY AHMEDABAD 9

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*Printed by ;*
Mahanth Tribhuvandasji Shastry
Shree Ramanand Printing Press
Kankaria Road,
Ahmedabad-22,
and Published by
**Nagin J. Shah**
*Acting Director*
L. D. Institute of Indology
Ahmedabad-9

FIRST EDITION
Feb. 1984

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जयन्तभट्टविरचिता

# न्यायमञ्जरी

[ तृतीयम् आह्निकम् ]

गूर्जरभाषानुवादसहिता

संपादक-अनुवादक
नगीन जी. शाह

प्रकाशक
लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर अहमदाबाद-९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

નવમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા નૈયાયિક જયંત ભટ્ટની ન્યાયમંજરી ન્યાયસૂત્ર ઉપરની વૃત્તિ ગણાતી હોવા છતાં સ્વતંત્ર રચનાનું સ્વરૂપ ધરાવે છે. ન્યાયમંજરી અત્યંત મહત્ત્વનો દાર્શનિક ગ્રંથ છે. તેના બાર આહ્નિકો છે. પ્રથમ બે આહ્નિકો ગુજરાતી અનુવાદ સહિત અમે પ્રકાશિત કર્યાં છે. અહીં ત્રીજા આહ્નિકને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરીએ છીએ.

પ્રથમ આહ્નિકમાં પ્રમાણનું લક્ષણ, પ્રમાણની સંખ્યા, અર્થાપત્તિ અને અભાવની ચર્ચા પ્રધાનપણે છે. દ્વિતીય આહ્નિકમાં પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમાન એ ત્રણ પ્રમાણોનું નિરૂપણ છે. આ તૃતીય આહ્નિકમાં શબ્દપ્રમાણ, ખ્યાતિવાદ, ઈશ્વર અને શબ્દનિત્યત્વની વિચારણા છે. એટલે આ ચર્ચાઓમાં નૈયાયિકોને માટે પ્રધાન મલ્લ છે મીમાંસક.

અનુવાદ કરવામાં મૂળ ગ્રંથનો અર્થ બરાબર ઊતરી આવે અને અનુવાદ ક્લિષ્ટ ન બની જાય એનું ધ્યાન રાખ્યું છે. અનુવાદ સ્વતંત્રપણે વાંચી શકાય એવો સ્વાભાવિક અને સુવાચ્ય બને એ લક્ષ્ય છે. આમાં હું કેટલો સફળ રહ્યો છું એનો નિર્ણય સહૃદય વિદ્વાનો કરે. મારા પ્રસ્તુત અનુવાદને વાંચી યોગ્ય સૂચનો કરવા બદલ શ્રી દલસુખભાઈ માલવણિયાનો આભાર માનું છું.

ભારતીય તત્ત્વજ્ઞાનના ગુજરાતીભાષી અભ્યાસીઓને આ અનુવાદ ઉપયોગી બની રહેશે એમ માનું છું.

લા. દ. ભા. સં. વિદ્યામંદિર
અમદાવાદ ૩૮૦૦૦૯
૭ ફેબ્રુઆરી ૧૯૮૪

નગીન જી. શાહ
કાર્યકારી અધ્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયનિર્દેશ


**શબ્દપ્રમાણપરીક્ષા (ભ્રાન્તજ્ઞાનમીમાંસા સહિત)** — ૧–૮૮

| | |
|---|---|
| શબ્દલક્ષણ | ૧ |
| અભિધાનક્રિયા | ૩ |
| કરણ અને ફળ | ૫ |
| આપ્ત કોણ ? | ૬ |
| શબ્દ અનુમાનથી જુદું પ્રમાણ નથી એ બૌદ્ધ પક્ષ | ૭ |
| શબ્દ અને અનુમાનનો વિષયભેદ | ૯ |
| શબ્દ અને અનુમાનની કારણસામગ્રીનો ભેદ | ૧૨ |
| શબ્દપ્રમાણનો વિષય વિવક્ષા નથી | ૧૫ |
| શબ્દ પ્રમાણ નથી એ પક્ષ | ૧૭ |
| શબ્દો અર્થાસંસ્પર્શી છે | ૧૮ |
| પુરુષદોષના લીધે શબ્દ અર્થાસંસ્પર્શી | ૧૯ |
| શાબ્દ બોધના યથાર્થત્વ–અયથાર્થત્વનું કારણ | ૨૧ |
| પ્રામાણ્ય–અપ્રામાણ્ય સ્વતઃ પરતઃ વિચાર | ૨૩ |
| બધાં જ્ઞાનો અબાધ્ય છે એ પ્રાભાકર મત | ૫૫ |
| બાધ અસંભવ છે | ૫૬ |
| વિપરીત જ્ઞાનો સંભવતાં નથી | ૫૮ |
| પ્રાભાકરની અખ્યાતિ | ૫૯ |
| વિપરીતખ્યાતિનો નીરાસ | ૬૦ |
| અસત્ખ્યાતિનો નીરાસ | ૬૨ |
| બધી ખ્યાતિઓમાં અખ્યાતિનો સ્વીકાર | ૬૪ |
| ભેદાગ્રહણ પછી અભેદગ્રહણ અસ્વીકાર્ય | ૬૫ |
| સ્મૃતિમાં ભેદાગ્રહણ કેવી રીતે ઘટશે ? | ૬૬ |
| ભ્રાન્ત જ્ઞાનોમાં અગ્રહણ હોય છે | ૬૭ |
| અખ્યાતિવાદખંડન | ૬૮ |
| અખ્યાતિવાદીએ પણ પરતઃપ્રામાણ્ય સ્વીકારવું પડે | ૭૫ |
| અખ્યાતિવાદથી શૂન્યવાદનો પ્રતિકાર અશક્ય | ૭૬ |
| ભ્રાન્ત જ્ઞાનનો વિષય | ૭૭ |
| બાધ એટલે વિષયાપહાર | ૮૦ |
| બાધ એટલે ફલાપહાર | ૮૧ |
| ભ્રાન્તિવિષયક મીમાંસક મત | ૮૨ |
| ભ્રાન્તિવિષયક મીમાંસક મતનું ખંડન | ૮૩ |
| વિપરીતખ્યાતિવાદ જ નિર્દોષ છે | ૮૫ |
| શબ્દનું પ્રામાણ્ય પરતઃ જ છે | ૮૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દનું પ્રામાણ્ય-અપ્રામાણ્ય વક્તાના ગુણ-દોષ પર આધારિત ૮૭
બાધાનુત્પત્તિમાત્ર પ્રામાણ્યનિશ્ચાયક નથી ૮૮

## ઈશ્વરમીમાંસા ૮૯-૧૨૦

ઈશ્વર વેદકર્તા ૮૯
ઈશ્વરસાધક કોઈ પ્રમાણ નથી ૯૦
ઈશ્વર સશરીર છે કે અશરીર? ૯૧
ઈશ્વર શરીરવ્યાપારથી સર્જન કરે છે કે ઇચ્છામાત્રથી ૯૨
ઈશ્વર સર્જનમાં કર્મ પર આધાર રાખે છે? ૯૩
ઈશ્વર ક્રીડાર્થ સર્જન કરે છે? ૯૪
ઈચ્છામાત્રથી સર્જન માનવામાં દોષ ૯૫
ઈશ્વરસાધક સામાન્યતોદૃષ્ટ અનુમાન ૯૬
કાર્યત્વહેતુ અસિદ્ધ નથી ૯૭
સન્નિવેશહેતુપરીક્ષા ૯૮
સેશ્વર સાંખ્યકારોનું ઈશ્વરસાધક અનુમાન ૧૦૮
વિશિષ્ટ કર્તાનું જ્ઞાન આગમ દ્વારા ૧૦૯
ઈશ્વર સર્વજ્ઞ છે ૧૧૧
ઈશ્વરના જ્ઞાન અને આનંદ ગુણો નિત્ય ૧૧૨
ઈશ્વરમાં પાંચ જ આત્મવિશેષગુણો છે ૧૧૩
ઈશ્વરને શરીર નથી ૧૧૪
ઇશ્વરને જગતસર્જનનું પ્રયોજન ૧૧૫
જીવો કર્મોના અધિષ્ઠાતા ન હોઈ શકે ૧૧૬
ઈશ્વર એક જ કેમ? ૧૧૭
ઈશ્વર ન માનતાં સર્વ વ્યવહારલોપ ૧૧૮
કર્મની પણ આવશ્યકતા છે ૧૧૯
ઈશ્વર વેદકર્તા નથી એ મીમાંસક મત ૧૨૦

## શબ્દ નિત્ય કે અનિત્ય? ૧૨૧-૧૮૦

શબ્દાનિત્યત્વસાધક હેતુઓ ૧૨૧
શબ્દાનિત્યત્વસાધક હેતુઓનું અપ્રયોજકત્વ ૧૨૨
વૃદ્ધવ્યવહાર દ્વારા થતું શબ્દાર્થજ્ઞાન શબ્દનિત્યત્વસાધક ૧૨૪
અનિત્ય શબ્દોના સાદૃશ્ય દ્વારા અર્થજ્ઞાન અસંભવ ૧૨૫
શબ્દત્વ સામાન્ય દ્વારા પણ અર્થજ્ઞાન અસંભવ ૧૨૭
ગત્વ સામાન્યનું અસ્તિત્વ નથી એ મીમાંસક મત ૧૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્વ સામાન્ય નથી એ મીમાંસક મત ૧૨૯
શબ્દ નિત્ય છે એ મીમાંસક મત ૧૩૦
શબ્દાભિવ્યક્તિપક્ષની દુર્ઘટતા ૧૩૪
શબ્દાભિવ્યક્તિપક્ષની તર્કસંગતતા ૧૩૭
વૈશેષિકાનો શબ્દોત્પત્તિપક્ષ ૧૪૦
સાંખ્યની શબ્દશ્રવણપ્રક્રિયા ૧૪૨
શબ્દ વિશેના જૈન મતની સમીક્ષા ૧૪૩
શબ્દાભિવ્યક્તિપક્ષની સમર્થક દલીલો ૧૪૪
શબ્દાભિવ્યક્તિપક્ષમાં લાઘવગુણ ૧૪૫
શબ્દનિત્યતાસાધક પ્રમાણ ૧૪૬
શબ્દ ક્ષણિક નથી ૧૪૭
ગકારના ભેદના જ્ઞાનનું કારણ ૧૪૮
ભેદબુદ્ધિ અને વિશેષણબુદ્ધિનો અભેદ ૧૫૧
મીમાંસક મત અદ્વૈતમાં પરિણમવાની આપત્તિ ૧૫૨
ગવર્ણની ભેદબુદ્ધિનું કારણ સ્વરસંયોગ નથી ૧૫૩
પિંડભેદજ્ઞાન અને ગવર્ણભેદજ્ઞાન ૧૫૪
અત્વસામાન્ય ૧૫૫
શબ્દત્વસામાન્ય ૧૫૬
સારૂપ્ય અને સામાન્ય ૧૫૭
બ્રાહ્મણત્વ જાતિ ૧૫૮
શબ્દની પ્રત્યભિજ્ઞાની વિશેષતા ૧૫૯
શબ્દપ્રત્યભિજ્ઞાની દીર્ઘ પ્રક્રિયા ૧૬૦
પ્રત્યભિજ્ઞાનું સ્વરૂપ ૧૬૧
નિત્યત્વગ્રાહી પ્રત્યભિજ્ઞા ને વિનાશગ્રાહી પ્રત્યક્ષનો બાધ્યબાધકભાવ ૧૬૨
જ્ઞાન–ક્રિયામાં નિત્યત્વસમર્થન અનુચિત ૧૬૩
શબ્દોનું ભિન્નદેશત્વ શક્ય નથી ૧૬૪
શ્રોત્રસંસ્કાર ૧૬૫
શ્રોત્રેન્દ્રિય ૧૬૬
અભિવ્યક્તિનિયમ અદૃષ્ટને આધારે માનવો અયોગ્ય ૧૬૭
અભિવ્યક્તિપક્ષમાં વર્ણની તીવ્રતા–મંદતા ઘટતી નથી ૧૬૮
વર્ણરૂપ ન હોય તેવા શબ્દોનું પ્રત્યક્ષ ૧૬૯
કોષ્ઠ્ય વાયુનું શબ્દાભિવ્યંજકત્વ અસંભવ ૧૭૦
શબ્દ સજાતીય શબ્દોના સંતાનને ઉત્પન્ન કરે છે ૧૭૧
શબ્દના ગુણત્વની સિદ્ધિમાં આશ્રિતત્વ હેતુ અપ્રયોજક ૧૭૨
શબ્દ ગુણ છે એની સિદ્ધિ ૧૭૩
નૈયાયિકે આપેલ તર્ક ઇતરેતરાશ્રયદોષયુક્ત ૧૭૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| મહત્ત્વ આદિ ગુણ શબ્દાશ્રયમાં ઘટે છે | ૧૭૫ |
| શબ્દ કાર્ય જ છે, | ૧૭૬ |
| શબ્દની અનિત્યતા પુરવાર કરતા હેતુઓ | ૧૭૭ |
| ઉદ્યોતકરે આપેલ હેતુ વિશે | ૧૭૮ |
| શબ્દાનિત્યતા | ૧૭૯ |
| શબ્દ ઈશ્વરકૃત | ૧૮૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્યાયમંજરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जयन्तभट्टविरचिता

# न्यायमञ्जरी

## तृतीयमाह्निकम्

1. उपमानानन्तरं शब्दस्य विभागसूत्रे निर्देशात् तस्य लक्षणं प्रतिपादयितुमाह—आप्तोपदेशः शब्दः [न्यायसूत्र १.१.७] । उपदेशः शब्द इत्युच्यमाने पर्यायमात्रोच्चारणादकारके शब्दमात्रे प्रामाण्यप्रसक्तिरिति तद्विनिवृत्तये पूर्वसूत्रात् साध्यसाधनपदमाकृष्यते । तथापि शब्दान्तरजनके प्रसक्तिरिति प्रत्यक्षसूत्रात् ज्ञानपदस्य, स्मृतिजनकस्य व्यवच्छेदार्थं चार्थग्रहणस्य, संशयविपर्ययजनकनिराकरणाय च व्यवसायात्मकाव्यभिचारिपदयोरनुवृत्तिरित्येवमव्यभिचारादिविशेषणार्थप्रतीतिजनक उपदेशः शब्द इत्युक्तं भवति । तदेवं पर्यायमेवोपदेशशब्दं शब्दलक्षणमपेक्षितपूर्वसूत्रोपात्तविशेषणपदं केचिद् व्याचक्षते । आप्तग्रहणं च लक्षणनिश्चयार्थमाहुः । 'घ्राणरसनत्वक्चक्षुःश्रोत्राणीन्द्रियाणि भूतेभ्यः' [न्यायसूत्र १.१.१२] इत्यत्र भूतग्रहणं वक्ष्यते । एवं हि ऐतिह्यस्य न प्रमाणान्तरता भविष्यति, उपदेशरूपत्वाविशेषादिति ।

જયન્તભટ્ટવિરચિત

# ન્યાયમંજરી

## તૃતીય આહ્નિક

1. વિભાગસૂત્રમાં ઉપમાન પછી તરત શબ્દનો નિર્દેશ હોઈ, તેનું લક્ષણ જણાવવા માટે ગૌતમ કહે છે, 'આપ્તનો ઉપદેશ [અર્થાત્ શબ્દ] શબ્દ[પ્રમાણ] છે.' [ન્યાયસૂત્ર ૧.૧.૭.]. 'ઉપદેશ શબ્દ છે' એમ કહેતાં કેવળ પર્યાયોને જણાવ્યા કહેવાય અને પરિણામે અજનક શબ્દમાત્રને પ્રમાણ માનવાની આપત્તિ આવે. આ આપત્તિને દૂર કરવા પૂર્વસૂત્રમાંથી 'સાધ્યસાધન' પદ [આ સૂત્રમાં] ખેંચી લાવવામાં આવે છે. [પરિણામે કાર્યજનક ઉપદેશ અર્થાત્ શબ્દ પ્રમાણ છે એવું શબ્દપ્રમાણનું લક્ષણ બનશે. તેમ કરો] તો પણ શબ્દજનક શબ્દ પ્રમાણ બની જવાની આપત્તિ તો રહેશે જ. આ દોષ ન આવે એ ખાતર 'જ્ઞાન' પદની, સ્મૃતિજનક શબ્દની વ્યાવૃત્તિ કરવા માટે 'અર્થગ્રહણ' પદની અને સંશયજનક તેમ જ વિપર્યયજનક શબ્દની વ્યાવૃત્તિ કરવા માટે 'વ્યવસાયાત્મક' તથા 'અવ્યભિચારી' પદોની અનુવૃત્તિ પ્રત્યક્ષસૂત્રમાંથી આ સૂત્રમાં સમજવી. આમ અવ્યભિચારી વગેરે વિશેષણો ધરાવતા અર્થજ્ઞાનનો જનક ઉપદેશ અર્થાત્ શબ્દ શબ્દપ્રમાણ છે એવો અર્થ નીકળશે. તેથી, આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે પૂર્વસૂત્રોમાંથી લીધેલા વિશેષણપદોની જે અપેક્ષા રાખે છે અને જે 'શબ્દ'ના પર્યાયરૂપ છે તે 'ઉપદેશ'શબ્દ શબ્દનું (=શબ્દપ્રમાણનું) લક્ષણ છે, એમ કેટલાક કહે છે. [જેમ ઘ્રાણ વગેરે ઇન્દ્રિયો નિયતપણે ગંધ વગેરેનું જ યથાક્રમ ગ્રહણ કરે છે એનો નિશ્ચય કરાવવા સૂત્રકારે ઇન્દ્રિયોને ગણાવતા સૂત્રમાં]–'ઘ્રાણ, રસન, ત્વક્, ચક્ષુ અને શ્રોત્ર ભૂતોમાંથી [ઉત્પન્ન થયેલી છે]' આ સૂત્રમાં [ન્યાયસૂત્ર ૧.૧.૧૨]–'ભૂતોમાંથી [ઉત્પન્ન થયેલી છે]' એ પદ મૂક્યું છે તેમ શબ્દની બાબતમાં તેના પ્રમાણ હોવારૂપ ધર્મનો નિશ્ચય કરાવવા માટે તેમણે આ સૂત્રમાં 'આપ્ત'પદ મૂક્યું છે. [દૃષ્ટ વિષયો યા ઇન્દ્રિયગમ્ય વિષયોની બાબતમાં તો બીજા પ્રમાણ સાથેના સંવાદને આધારે શબ્દના પ્રમાણ હોવાનો નિશ્ચય થઇ શકે પરંતુ અદૃષ્ટ વિષયો યા અતીન્દ્રિય વિષયોની બાબતમાં તો આ રીતે તેના પ્રમાણ હોવાનો નિશ્ચય થઇ શકતો નથી. એટલે આવા વિષયોની બાબતમાં તેના પ્રમાણ હોવાનો નિશ્ચય કરવા માટે 'આપ્ત' પદ મૂક્યું છે. દૃષ્ટ વિષયોમાં આપ્તનો ઉપદેશ અવ્યભિચારી વગેરે વિશેષણો ધરાવતા જ્ઞાનનો જનક જણાય છે, એટલે અદૃષ્ટ વિષયોમાં પણ આપ્તનો ઉપદેશ તેવો જ હોય કારણ કે તે આપ્તનો ઉપદેશ છે.] શબ્દપ્રમાણ ઉપદેશાત્મક હોઇ ઐતિહ્ય એ સ્વતંત્ર પ્રમાણ નહિ રહે કારણ કે તે પણ ઉપદેશરૂપ જ છે.

2. अन्ये तु ब्रुवते युक्तमुपदेशपदमेव शब्दलक्षणम् । युक्तं च तन्निश्चयार्थमाप्तग्रहणम् । पूर्वसूत्रोपात्तविशेषणपदानुवृत्तिस्तु नोपयुज्यते, सामान्यलक्षणानन्तरं विशेषलक्षणप्रक्रमात् । सामान्यलक्षणेन च स्मृत्यादिजनकसकलप्रमाणाभासव्युदासे कृते सजातीयप्रत्यक्षादिव्यवच्छेद एव केवलमिदानीं वक्तव्यः । तत्र च पर्यायतया पर्याप्तमुपदेशपदमेव बुद्ध्यादिपदवदिति किं विशेषणानुवृत्तिक्लेशेनेति ।

2. બીજા કહે છે – શબ્દનું લક્ષણ 'ઉપદેશ' પદ જ છે એ ઠીક વાત છે. તેના [પ્રમાણ હોવારૂપ] ધર્મનો નિશ્ચય કરવા માટે 'આપ્ત'પદ મૂકવામાં આવ્યું છે એ વાત પણ બરાબર છે. પરંતુ પૂર્વસૂત્રોમાંથી લીધેલાં વિશેષણપદોની અનુવૃત્તિ માનવી યોગ્ય નથી, કારણ કે પ્રમાણસામાન્યલક્ષણ પછી તરત જ પ્રમાણવિશેષલક્ષણો આપવાનું શરૂ કર્યું છે. સ્મૃતિ વગેરેના જનક જેટલા પ્રમાણાભાસો છે તે બધાની વ્યાવૃત્તિ પ્રમાણસામાન્યલક્ષણથી થઈ જતાં હવે તો કેવળ સજાતીય પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી શબ્દપ્રમાણની વ્યાવૃત્તિને જ જણાવવી જોઇએ. અને એમ કરવામાં તો શબ્દનો પર્યાય હોવાને કારણે 'ઉપદેશ'પદ પર્યાપ્ત છે. ઉદાહરણાર્થ, બુદ્ધિ, ઉપલબ્ધિ જ્ઞાનના પર્યાયો હોવાને કારણે જ્ઞાનના લક્ષણ તરીકે આપવામાં આવ્યા છે– 'બુદ્ધિ, ઉપલબ્ધિ, જ્ઞાન એ પર્યાયો છે.' તો પછી વિશેષણપદોની અનુવૃત્તિ માનવાનો શ્રમ શા માટે લો છો ?

3. अपर आह—अनवलम्बितसामान्यलक्षणानुसरणदैन्यमनध्याहृतप्राक्तनविशेषणपदमाप्तोपदेशः शब्दलक्षणम् । न चाकारकेण शब्दान्तरकारिणा वा स्मृतिजनकेन वा संशयाधायिना वा शब्देन किञ्चिदुपदिश्यते इति निर्वचनसव्यपेक्षादुपदेशग्रहणादेव तन्निवृत्तिः सिद्धा । मिथ्योपदेशे तु रथ्यापुरुषादिवचसि विपरीत-

प्रतीतिकारिणि प्रसङ्गो न निवर्तते इति तत्प्रतिक्षेपार्थमाप्तग्रहणम् । ऐतिह्ये यथार्थप्रतीतिहेतावाप्तानुमानान्न प्रमाणान्तरत्वमिति । तस्माद्यथाश्रुतमेव सूत्रं शब्दलक्षणार्थं युक्तम् ।

3. વળી કોઈ ત્રીજો કહે છે– સામાન્યલક્ષણને અનુસરવાના દૈન્યનું અવલંબન ન લેતું અને પૂર્વસૂત્રોમાં આવેલાં વિશેષણપદોને અધ્યાહૃત ન કરતું 'આપ્તોપદેશ શબ્દ [–પ્રમાણ] છે' એવું શબ્દપ્રમાણનું લક્ષણ છે. અજનક શબ્દ, શબ્દાન્તરજનક શબ્દ, સ્મૃતિજનક શબ્દ, સંશયજનક શબ્દ વડે કંઈ ઉપદેશાતું નથી એ વ્યાખ્યાની અપેક્ષા રાખતું 'ઉપદેશ'પદ લક્ષણમાં મૂકવાથી જ તે બધાની વ્યાવૃત્તિ થઈ જાય છે. પરંતુ રસ્તે જનારમાં અયથાર્થ જ્ઞાન ઉત્પન્ન કરનારાં વચનોરૂપ મિથ્યા ઉપદેશ શબ્દપ્રમાણ બની જવાની આપત્તિ તો રહે છે જ, તેને દૂર કરવા 'આપ્ત'પદ મૂકયું છે. યથાર્થ જ્ઞાનના જનક ઐતિહ્યમાં તો આપ્તનું અનુમાન થતું હોઇ ઐતિહ્ય સ્વતંત્ર પ્રમાણ રહેતું નથી [પરંતુ શબ્દપ્રમાણમાં જ તેનો અન્તર્ભાવ થઇ જાય છે.] તેથી, સૂત્રકારે જેવું લખ્યું છે તેવું જ સૂત્ર શબ્દપ્રમાણના લક્ષણ માટે યોગ્ય છે.

4. भवत्वेवम् । उपदिश्यते इति कोऽर्थः ? अभिधानक्रिया क्रियते । केयमभिधानक्रिया नाम ? प्रतीतिरिति चेच्चक्षुरादेरपि तत्करणत्वादुपदेशत्वप्रसङ्गः । स्वावगतिपूर्विका प्रतीतिरिति चेत्, धूमादेरपि उपदेशताप्रसङ्गः । स्वसादृश्येन प्रतीतिरिति चेद् बिम्बस्यापि पादाद्यनुमितावुपदेशत्वप्रसङ्गः, शब्दे च तदभावादनुपदेशत्वं स्यात् । शब्दावच्छिन्ना प्रतीतिरिति चेत् श्रोत्रस्य तज्जनकत्वादुपदेशत्वप्रसङ्गः, शब्दस्य च स्वावच्छेदेन प्रतीतिजनकत्वनिषेधादनुपदेशत्वं भवेत् । नापि शब्दकरणिका प्रतीतिः, अभिधानक्रियाविवक्षायां आकाशानुमाने वा तस्योपदेशत्वप्रसङ्गादित्यभिधानक्रियास्वरूपानिश्चयान्न तस्याः करणमुपदेशः ।

4. ભલે એમ હો. 'ઉપદેશાય છે' એનો શો અર્થ ? એનો અર્થ છે 'કથનક્રિયા કરવામાં આવે છે'. કથનક્રિયા એ શું છે ? જો કહો કે તે જ્ઞાન છે તો ચક્ષુ વગેરે ઉપદેશ બની જવાની આપત્તિ આવે, કારણ કે તેઓ પણ જ્ઞાનના કરણ છે. [પ્રમા અર્થાત્ જ્ઞાન અને તેના પ્રમાણને એક નામ આપવામાં આવે છે. પ્રત્યક્ષજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહેવામાં આવે છે અને તેના પ્રમાણને પણ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. આ રીતે ઉપદેશ એ જ્ઞાન હોય તો તેના પ્રમાણને પણ ઉપદેશ કહી શકાય. જ્ઞાનના પ્રમાણ તરીકે ચક્ષુ વગેરે પણ પ્રસિદ્ધ છે; એટલે ઉપદેશ જ્ઞાન હોય તો જ્ઞાનના પ્રમાણ તરીકે ચક્ષુ વગેરે પ્રસિદ્ધ હોઇ, ચક્ષુ વગેરેને પણ ઉપદેશ ગણવા પડે.] [કરણનું] પોતાનું જ્ઞાન જે જ્ઞાનનું કારણ છે તે જ્ઞાન કથનક્રિયા છે એમ જો કહો તો ધૂમ વગેરે પણ ઉપદેશ બની જવાની આપત્તિ આવે. કરણના પોતાના (અન્ય વસ્તુ સાથેના) સાદૃશ્ય દ્વારા થતું જ્ઞાન તે કથનક્રિયા છે એમ જો કહો તો [જ્યારે બિંબનું પ્રતિબિંબ દેખાય ત્યારે તે પ્રતિબિંબ ઉપરથી 'દેવદત્તનો પગ (બિંબ) છે' વગેરે જે અનુમિતિજ્ઞાનો થાય છે તે બધાંમાં પ્રતિબિંબ પોતાના સદૃશ બિંબનું જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવતું હોઈ,] પ્રતિબિંબ ઉપરથી કરવામાં આવતા મૂળ પગ વગેરેના અનુમિતિ-જ્ઞાનોમાં કરણ પ્રતિબિંબ પણ ઉપદેશ બની જાય, જ્યારે શબ્દ પોતે પોતાના (અન્ય વસ્તુ સાથેના) સાદૃશ્ય દ્વારા જ્ઞાન ઉત્પન્ન કરતો ન હોઈ ઉપદેશ ન રહે. શબ્દવિશિષ્ટ કે શબ્દાવચ્છિન્ન જ્ઞાન કથનક્રિયા છે એમ માનીએ તો શ્રોત્ર તેનો જનક હોઈ તે પોતે ઉપદેશ બની જાય, અને શબ્દ પોતે પોતાનાથી અવચ્છિન્ન જ્ઞાનનો જનક નથી એમ કહેવામાં આવ્યું હોઈ શબ્દ ઉપદેશ ન રહે. શબ્દ જેનું કરણ છે તે જ્ઞાન કથનક્રિયા છે એમ પણ ન કહી શકાય કારણ કે એમ માનતાં કથનક્રિયાની વિવક્ષામાં અને આકાશના અનુમાનમાં શબ્દ ઉપદેશ બની જવાની આપત્તિ આવે. આમ કથનક્રિયાના સ્વરૂપનો જ નિશ્ચય થતો ન હોઈ તેનું કરણ ઉપદેશ નથી.

5. उच्यते । श्रोत्रग्राह्यवस्तुकरणिका तदर्थप्रतीतिरभिधानक्रिया, इत्थं लोके व्यवहारात् । उक्तः, अभिहितश्च स एवार्थो लोके व्यपदिश्यते, यस्तु तथाविधप्रतीतिविषयतां प्रतिपन्नः, श्रोत्रग्राह्यस्य वर्णराशेरेवार्थप्रतीतिकरणत्वात्; न तु श्रोत्रप्रत्ययविषयः स्फोटात्मा शब्दः । श्रोत्रग्रहणे ह्यर्थे शब्दशब्दः प्रसिद्धः । वर्णा एव च श्रोत्रग्रहणाः । यतोऽर्थप्रतीतिः स शब्द इति तूच्यमाने धूमादिरपि शब्दः स्यात्, अगृहीतसम्बन्धश्च शब्दः शब्दत्वं जह्यादर्थप्रतिपत्तेरकरणात् ।

5. નૈયાયિક – [આનો] ઉત્તર અમે આપીએ છીએ. શ્રોત્રગ્રાહ્ય વસ્તુ જેનું કરણ છે અને તે શ્રોત્રગ્રાહ્ય વસ્તુનો અર્થ જેનો વિષય છે તે જ્ઞાન અભિધાનક્રિયા અર્થાત્ કથનક્રિયા છે કારણ કે જગતમાં એને જ અભિધાનક્રિયા કહેવામાં આવે છે. અને વળી શ્રોત્રગ્રાહ્ય વર્ણરાશિ (=વર્ણરાશિરૂપ શબ્દ) જ અર્થજ્ઞાનનું કારણ છે. માટે જે આવા જ્ઞાનનો વિષય બને છે તેને જ જગતમાં અભિહિત ગણવામાં આવે છે. [વર્ણરાશિરૂપ શબ્દ શ્રોત્રજ્ઞાનનો વિષય છે] પરંતુ સ્ફોટાત્મા શબ્દ શ્રોત્રજ્ઞાનનો વિષય નથી. શ્રોત્રગ્રાહ્ય વસ્તુમાં જ 'શબ્દ'શબ્દનો પ્રયોગ પ્રસિદ્ધ છે. વર્ણો (વર્ણરાશિરૂપ શબ્દ) જ શ્રોત્રગ્રાહ્ય છે. જેના દ્વારા અર્થનું જ્ઞાન થાય છે તે શબ્દ છે એમ કહેતાં ધૂમ વગેરે પણ શબ્દ બની જાય, અને વળી જે શબ્દનો (અર્થની સાથે) સંબંધ ગૃહીત ન થયો હોય તે શબ્દ શબ્દપણું છોડી દે, કારણ કે અર્થના જ્ઞાનનું કારણ તે બનતો નથી.

6. ननु प्रतीतेः संविदात्मकत्वान्नाभिधानक्रिया नाम काचिदपूर्वा संविदन्या विद्यते । तत्करणस्य चोपदेशतायामतिप्रसङ्ग इत्युक्तम् । सत्यम्, संविदात्मैव सर्वत्र प्रतीतिः । सा चक्षुरादिकरणिका प्रत्यक्षफलम्, लिङ्गकरणिकाऽनुमानफलम्, श्रोत्रग्राह्यकरणिका शब्दफलम् । न हि दृश्यते अनुमीयतेऽभिधीयते इति पर्यायशब्दाः । तत्प्रतीतिविशेषजनने च शब्दस्योपदेशत्वमुच्यते । आकाशानुमानविवक्षादौ तु तस्य लिङ्गत्वमेवेत्यलं प्रसङ्गेन ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. શંકા – જ્ઞાન પોતે જ્ઞાનાત્મક હોઈ, અભિધાનક્રિયા (જે જ્ઞાનરૂપ છે તે) કોઈ અપૂર્વ (અર્થાત્ બીજાં જ્ઞાનોથી તદ્દન ભિન્ન કોટિનું) જ્ઞાન તો છે નહિ; એટલે અભિધાનક્રિયાના કરણને ઉપદેશ ગણતાં અતિપ્રસંગદોષ આવે એમ અમે કહીએ છીએ.

નૈયાયિકનો ઉત્તર – તમારી વાત સાચી છે. જ્ઞાન સર્વત્ર જ્ઞાનાત્મક જ છે. પરંતુ તેનું કરણ જ્યારે ચક્ષુ વગેરે હોય ત્યારે તે પ્રત્યક્ષનું ફળ ગણાય છે, જ્યારે તેનું કરણ લિંગ હોય ત્યારે તે અનુમાનનું ફળ ગણાય છે, જ્યારે તેનું કરણ શ્રોત્રગ્રાહ્ય (શબ્દ) હોય ત્યારે તે શબ્દનું ફળ ગણાય છે. 'દેખાય છે', 'અનુમાય છે', 'કહેવાય છે' આ પર્યાય શબ્દો નથી. તે વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરવામાં શબ્દનું ઉપદેશત્વ જણાવાયું છે પરંતુ આકાશનું અને વિવક્ષા વગેરેનું અનુમાન કરવામાં તો તે લિંગ જ છે. વધુ વિસ્તાર રહેવા દઈએ.

7. आप्तो भाष्यकृता व्याख्यातः—आप्तः खलु साक्षात्कृतधर्मा यथादृष्टस्यार्थस्य चिख्यापयिषया प्रयुक्तः उपदेष्टा इति [न्यायभाष्य १. १.७] ।

धर्म इत्युपदेष्टव्यः कश्चिदर्थो विवक्षितः ।
साक्षात्करणमेतस्य यथार्थमुपलम्भनम् ॥

न तु प्रत्यक्षेणैव ग्रहणमिति नियमः, अनुमानादिनिश्चितार्थोपदेशिनोऽप्याप्तत्वानपायात् ।

चिख्यापयिषया युक्त इत्युक्ता वीतरागता ।
उपदेष्टेत्यनेनोक्तं प्रतिपादनकौशलम् ॥

वीतरागोऽपि मूकादिरुपदेष्टुमशक्तः किं कुर्यात् ? वक्तुं शक्तोऽपि साक्षात्कृतधर्माप्यवीतरागो न वक्ति, तूष्णीमास्ते इति ।

तस्य च प्रतिपाद्येऽर्थे वीतरागत्वमिष्यते ।
सर्वथा वीतरागस्तु पुरुषः कुत्र लभ्यते ? ॥
ऋष्यार्यम्लेच्छसामान्यं वक्तव्यं चाप्तलक्षणम् ।
एवं हि लोकेऽप्याप्तोक्त्या व्यवहारो न नङ्क्ष्यति ॥

येऽप्याप्तिं दोषक्षयमाचक्षते तैरपि दोषक्षयः प्रतिपाद्यार्थेष्वेव वर्णनीयः अन्यथा लोके दृश्यमानस्याप्तोक्तिनिबन्धनस्य व्यवहारस्य निह्नवः स्यात । अथवा वेदप्रामाण्यसिद्ध्यर्थत्वाच्छास्त्रस्य तत्प्रणेतुराप्तस्येश्वरस्य यथाश्रुतमेवेदं लक्षणम्, स साक्षात्कृतधर्मैव, धर्मस्येश्वरप्रत्यक्षगोचरत्वात् । चिख्यापयिषया प्रयुक्त इति कारुणिक एव भगवानिति वक्ष्यते । उपदेष्टा च वेदाद्यागमानां तत्प्रणीतत्वस्य समर्थयिष्यमाणत्वादिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7. આપ્તની સમજૂતી ભાષ્કારે [આ પ્રમાણે] આપી છે – "જે ઉપદેશક ધર્મનો સાક્ષાત્કાર કર્યો છે અને સાથે સાથે જે પોતે અર્થને જેવો દેખ્યો હોય તેવો જ કહેવાની ઇચ્છા ધરાવે છે તે આપ્ત છે.' ધર્મ એટલે ઉપદેશ કરવા યોગ્ય જે કોઈ અર્થ વિવક્ષિત હોય તે. એનો સાક્ષાત્કાર એટલે યથાર્થ જ્ઞાન. [તે અર્થનું] પ્રત્યક્ષ વડે જ ગ્રહણ થયું હોવું જોઈએ એવો નિયમ નથી, કારણ કે અનુમાન વગેરે દ્વારા નિશ્ચિત જ્ઞાત અર્થનો ઉપદેશ કરનારાનું આપ્તત્વ ચાલ્યું જતું નથી. '[અર્થને જેવો દેખ્યો હોય તેવો જ] કહેવાની ઇચ્છાથી યુક્ત' એમ કહીને ભાષ્યકારે વીતરાગપણું જણાવ્યું છે. 'ઉપદેષ્ટા' એ શબ્દ દ્વારા પ્રતિપાદનકૌશલ કહેવાયું છે. મૂંગાપણું વગેરેને લીધે ઉપદેશ કરવા અશક્ત પુરુષ વીતરાગ હોય તો પણ શું કરી શકે ? [બીજી બાજુ,] વસ્તુને યથાર્થ જાણનારો બોલવાને સમર્થ હોય પરંતુ વીતરાગ ન હોય તો તે [વસ્તુને જેવી જાણી હોય તેવી] કહેતો નથી, મૂંગો રહે છે. ઉપદેશકની વીતરાગતા પ્રતિપાદ્ય વિષયમાં ઇચ્છવામાં આવે છે, સર્વથા વીતરાગ પુરુષ તો ક્યાં મળે ? આપ્તનું લક્ષણ ઋષિ, આર્ય અને મ્લેચ્છ ત્રણેયને લાગુ પડે એવું કહેવું જોઈએ. આપ્તનું લક્ષણ એવું હોય તો જગતમાં આપ્તવચન દ્વારા ચાલતા વ્યવહારનો નાશ ન થાય. જેઓ આપ્તતાને દોષક્ષયરૂપ ગણાવે છે તેઓએ પણ આ દોષક્ષયને પ્રતિપાદ્ય વિષયને અનુલક્ષીને જ વર્ણવવો જોઈએ. [અર્થાત્, પ્રતિપાદ્ય વિષય પ્રતિ રાગ–દ્વેષરૂપ દોષનો અભાવ જ તેમણે ઉપદેષ્ટામાં કહેવો જોઈએ.] અન્યથા, આપ્તવચનને આધારે જગતમાં ચાલતા દેખાતા વ્યવહારનો નિરોધ આવી પડશે. અથવા ન્યાયશાસ્ત્રનું પ્રયોજન વેદનું પ્રામાણ્ય સિદ્ધ કરવાનું હોઈ [નૈયાયિકો માને છે કે] વેદના પ્રણેતા આપ્ત ઈશ્વર જેવું કહેવામાં આવ્યું છે તેવું જ [આપ્તનું] આ લક્ષણ ધરાવે છે. તે સાક્ષાત્કૃતધર્મા છે જ, કારણ કે ઈશ્વરને ધર્મ પ્રત્યક્ષગમ્ય છે. [વસ્તુ જેવી જાણી હોય છે તેવી જ] કહેવાની ઇચ્છાથી યુક્ત ઈશ્વર છે કારણ કે ઈશ્વર કારુણિક છે એમ અમે કહીએ છીએ. અને ઈશ્વર ઉપદેષ્ટા છે, કારણ કે વેદ વગેરે આગમોના તે પ્રણેતા છે એનું સમર્થન અમે આગળ ઉપર કરવાના છીએ.

8. आह–आस्तां तावदेतत् । इदं तु चिन्त्यतां किमर्थमिदं पुनः शब्दस्य पृथग्लक्षणमुपवर्ण्यते—

शब्दस्य खलु पश्यामो नानुमानाद्विभिन्नताम् ।
अतस्तल्लक्षणाक्षेपान्न वाच्यं लक्षणान्तरम् ॥

परोक्षविषयत्वं हि तुल्यं तावद् द्वयोरपि ।
सामान्यविषयत्वं च सम्बन्धापेक्षणाद् द्वयोः ॥

अगृहीतेऽपि सम्बन्धे नैकस्यापि प्रवर्त्तनम् ।
सम्बन्धश्च विशेषाणामानन्त्यादतिदुर्गमः ॥

यथा प्रत्यक्षतो धूमं दृष्ट्वाऽग्निरनुमीयते ।
तथैव शब्दमाकर्ण्य तदर्थोऽप्यवगम्यते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्वयव्यतिरेकौ च भवतोऽत्रापि लिङ्गवत् ।
यो यत्र दृश्यते शब्दः स तस्यार्थस्य वाचकः ॥

पक्षधर्मत्वमप्यस्ति शब्दः एव यतोऽर्थवान् ।
प्रकल्पयिष्यते पक्षो धूमो दहनवानिव ॥

तत्र धूमत्वसामान्यं यथा वहति हेतुताम् ।
गोऽश्वादिशब्दसामान्यं तद्वदत्रापि लक्ष्यते ॥

एवं विषयसामग्रीसाम्यादेकत्वनिश्चये ।
न विलक्षणतामात्रं किञ्चिदन्यत्वकारणम् ॥

पूर्ववर्णक्रमोद्भूतसंस्कारसहकारिता ।
पुरुषापेक्षवृत्तित्वं विवक्षानुसृतिक्रमः ॥

इत्यादिना विशेषेण न प्रमाणान्तरं भवेत् ।
कार्यकारणधर्मादिविशेषोऽत्रापि नास्ति किम् ॥

यथेष्टविनियोज्यत्वमपि नान्यत्वकारणम् ।
हस्तसंज्ञादिलिङ्गेऽपि तथाभावस्य दर्शनात् ॥

दृष्टान्तनिरपेक्षत्वमभ्यस्ते विषये समम् ।
अनभ्यस्ते तु सम्बन्धस्मृतिसापेक्षता द्वयोः ॥
अनेकप्रतिभोत्पत्तिहेतुत्वमपि विद्यते ।
अस्पष्टलिङ्गे कस्मिंश्चिदश्व इत्यादिशब्दवत् ॥
स्फुटार्थानवसायश्च प्रमाणाभासतो यथा ।
लिङ्गे तथैव शब्देऽपि नानार्थभ्रमकारिणि ॥
अपि च प्रतिभामात्रे शब्दाज्जातेऽपि कुत्रचित् ।
आप्तवादत्वलिङ्गेन जन्यते निश्चिता मतिः ॥
अत एव हि मन्यन्ते शब्दस्यापि विपश्चितः ।
आप्तवादाविसंवादसामान्यादनुमानताम् ॥
किञ्च शब्दो विवक्षायामेव प्रामाण्यमश्नुते ।
न बाह्ये व्यभिचारित्वात् तस्यां चैतस्य लिङ्गता ॥

8. વિરોધી (બૌદ્ધ) કહે છે – આ ચર્ચા રહેવા દો, પરંતુ એ વિચારો કે શા માટે શબ્દનું અલગ લક્ષણ તમે કહો છો. અનુમાનથી શબ્દની ભિન્નતા અમને દેખાતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી, અનુમાનના લક્ષણ વડે શબ્દનો આક્ષેપ થતો હોઈ, શબ્દ માટે અન્ય લક્ષણ કહેવું ન જોઈએ. પરોક્ષવિષયગ્રાહીતા બંનેમાં સમાન છે. સામાન્યવિષયગ્રાહીતા પણ બંનેમાં છે કારણ કે બંને સંબંધની અપેક્ષા રાખે છે. સંબંધ અજ્ઞાત હોય ત્યારે બેમાંથી એક પણ પ્રવૃત્ત થતું નથી. અને વિશેષો અનંત હોઈ, સંબંધ અત્યંત દુર્જ્ઞેય છે. જેમ પ્રત્યક્ષ વડે ધૂમને દેખીને અગ્નિનું અનુમાન થાય છે તે જ રીતે શબ્દને સાંભળીને તેના અર્થનું જ્ઞાન થાય છે. અનુમાનની જેમ અહીં પણ અન્વય–વ્યતિરેક બને છે. જે શબ્દ જે અર્થમાં [પ્રયોજાતો] દેખાય છે તે શબ્દ તે અર્થનો વાચક છે. જેમ અગ્નિમાન્ હોવાને કારણે ધૂમને પક્ષ ગણવામાં આવે છે તેમ શબ્દને જ પક્ષ કલ્પવામાં આવશે કારણ કે તે અર્થવાન્ છે. અનુમાનમાં ધૂમત્વસામાન્ય જેમ હેતુ બને છે તેમ અહીં પણ ગો, અશ્વ, આદિ શબ્દ-સામાન્યો હેતુ બનતા દેખાય છે. આમ વિષય અને કારણસામગ્રીની સમાનતાને આધારે તેમના એકત્વનો નિશ્ચય થતો હોય તો કોઈક [તુચ્છ] વિલક્ષણતા તેમના અન્યત્વનું કારણ ન બની શકે. ક્રમથી જાગેલા પૂર્વવર્ણોના સંસ્કારોની સહકારિતા, પુરુષાપેક્ષ અસ્તિત્વ, વિવક્ષાને અનુસરવાનો નિયમ વગેરે વિશેષોને લીધે શબ્દ અનુમાનથી જુદું પ્રમાણ બની જતો નથી. કાર્ય, કારણ, ધર્મ, વગેરે વિશેષો શું અનુમાનોમાં નથી ? [કોઈ અનુમાનમાં હેતુ કાર્ય છે, કોઈ અનુમાનમાં હેતુ કારણ છે, ઈત્યાદિ. એથી શું એ બધાં અનુમાનો સ્વતંત્ર પ્રમાણો બની જાય છે ?] શબ્દનો ઇચ્છા પ્રમાણે વિનિયોગ શક્ય છે એ પણ કંઈ તેના અનુમાનથી ભિન્ન હોવાનું કારણ નથી, કારણ કે હસ્તસંજ્ઞા વગેરે લિંગોની બાબતમાં પણ ઇચ્છા પ્રમાણે વિનિયોગ દેખાય છે. ['જયારે આંગળીઓ આ પ્રમાણે હોય ત્યારે આ અર્થ સમજવો' – આ ઉદાહરણમાં હસ્તસંજ્ઞારૂપ લિંગનો ઇચ્છા પ્રમાણે વિનિયોગ છે જ.] વિષય અભ્યસ્ત હોય ત્યારે દૃષ્ટાન્તનિરપેક્ષતા [યા સંબંધસ્મરણનિરપેક્ષતા] તો બંનેમાં સમાનપણે હોય છે, જ્યારે વિષય અનભ્યસ્ત હોય ત્યારે સંબંધસ્મરણાપેક્ષા બંનેને હોય છે. જેમ 'અશ્વ' વગેરે શબ્દો જુદી જુદી વ્યક્તિઓમાં ભિન્ન ભિન્ન જ્ઞાનો ઉત્પન્ન કરે છે તેમ અસ્પષ્ટ લિંગ પણ જુદી જુદી વ્યક્તિઓમાં ભિન્ન ભિન્ન જ્ઞાનો ઉત્પન્ન કરે છે. જેમ પ્રમાણાભાસતાને કારણે અનેક અર્થોનો ભ્રમ કરાવનાર લિંગ સ્ફુટ અર્થનો નિશ્ચય નથી કરાવતું તેમ પ્રમાણાભાસતાને કારણે અનેક અર્થોનો ભ્રમ કરાવનાર શબ્દ પણ સ્ફુટ અર્થનો નિશ્ચય નથી કરાવતો. વળી, શબ્દથી જ્યારે પણ કોઈ પણ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે 'તે શબ્દ આપ્ત પુરુષનો છે તેથી' એ લિંગ દ્વારા [વિષયનું] નિશ્ચિત જ્ઞાન થાય છે. એટલે જ બુદ્ધિમાનો 'આપ્તવચન બાહ્ય વિષય સાથે અવિસંવાદી હોય છે' એ વ્યાપ્તિને આધારે શબ્દને પણ અનુમાન જ માને છે. વળી, શબ્દનું પ્રામાણ્ય કેવળ વક્તાની વિવક્ષામાં જ છે, બાહ્ય અર્થમાં નથી કારણકે શાબ્દ જ્ઞાનનો બાહ્ય અર્થ સાથે વિસંવાદ – વ્યભિચાર જણાય છે. એટલે, શબ્દ વિવક્ષાનું લિંગ છે, [બાહ્ય અર્થનું નથી].

9. तत्राभिधीयते— द्विविधः शब्दः, पदात्मा वाक्यात्मा चेति । तत्र वाक्यमनवगतसम्बन्धमेव वाक्यार्थमवगमयितुमलम्, अभिनवविरचितश्लोकश्रवणे सति पदसंस्कृतमतीनां तदर्थावगमदर्शनात् । अतः सम्बन्धाधिगममूलप्रवृत्तिनाऽनुमा-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नेन तस्य कथं साम्यसम्भावना । पदस्य तु सम्बन्धाधिगमसापेक्षत्वे सत्यपि सामग्रीभेदाद् विषयभेदाच्चानुमानाद्भिन्नत्वम् । विषयस्तावद्विसदृश एव पदलिङ्गयोः । तद्वन्मात्रं पदस्यार्थ इति च स्थापयिष्यते । अनुमानं तु वाक्यार्थविषयम्—'अत्राग्निः,' 'अग्निमान् पर्वतः' इति ततः प्रतिपत्तेः । उक्तं च तत्र धर्मविशिष्टो धर्मी साध्य इति ।

9. નૈયાયિક – આ બાબતમાં અમે [આમ] કહીએ છીએ. શબ્દના બે પ્રકાર છે– પદાત્મક શબ્દ અને વાકયાત્મક શબ્દ. એ બેમાં વાકય, [વાકય અને વાકયાર્થનો] સંબંધ જેણે જાણ્યો નથી તેને જ વાકયાર્થનું જ્ઞાન કરાવવા સમર્થ છે, કારણ કે નવા રચેલા શ્લોકને સાંભળતાં જ પદોનો અર્થ જાણનારાઓને વાકયના અર્થનું જ્ઞાન થતું દેખાય છે. તેથી, સંબંધનું જ્ઞાન જેના વ્યાપારના મૂળમાં છે એવા અનુમાનની સાથે શબ્દની (=વાકયાત્મક શબ્દની) સમાનતા કયાંથી સંભવે ?

પદ [પદાર્થનું જ્ઞાન કરાવવામાં] પદ અને પદાર્થના સંબંધના જ્ઞાનની અપેક્ષા રાખતું હોવા છતાં અનુમાનની કારણસામગ્રીથી અને અનુમાનના વિષયથી તેની કારણસામગ્રી અને તેનો વિષય ભિન્ન હોઈ, તે અનુમાનથી ભિન્ન છે. પદ અને અનુમાનનો વિષય વિસદૃશ છે. પદનો અર્થ કેવળ તદ્વત્ (=જાતિમત્) છે એની સ્થાપના [પાંચમા આહ્નિકમાં] કરવાના છીએ. પરંતુ અનુમાનનો વિષય વાકયાર્થ છે–'અહીં અગ્નિ છે', 'પર્વત અગ્નિવાળો છે' એવા આકારનું જ્ઞાન અનુમાન દ્વારા થાય છે; કહ્યું પણ છે કે અનુમાનમાં સાધ્ય છે ધર્મવિશિષ્ટ ધર્મી.

10. ननु पदान्यपि वाक्यार्थवृत्तीनि सन्ति — गोमानौपगवः कुम्भकार इति । सत्यम्, किन्तु तेष्वपि साकाङ्क्षताऽस्त्येव, पदान्तरमन्तरेण निराकाङ्क्षप्रत्ययानुत्पादात्, गोमान् कः इत्याकाङ्क्षाया अनिवृत्तेः । अपि च पर्वतादिविशेष्यप्रतिपत्तिपूर्विका पावकादिविशेषणावगतिर्लिङ्गादुदेति । पदात्तु विशेषणावगतिपूर्विका विशेष्यावगतिरिति विषयभेदः ।

10. શંકાકાર (બૌદ્ધ) – પદો પણ વાકયાર્થ ધરાવતા હોય છે. [એવાં પદોનાં ઉદાહરણો છે–] ગોમાન્ (ગાયવાળો), ઔપગવ (ઉપગુનો પુત્ર), કુંભકાર (કુંભ બનાવનાર).

નૈયાયિક – તમારી વાત સાચી છે. પરંતુ આવાં પદોમાં પણ સાકાંક્ષતા હોય છે જ, કારણ કે બીજા પદ વિના તેઓ નિરાકાંક્ષ જ્ઞાન ઉત્પન્ન કરતા નથી. [બીજા પદ વિના] 'ગોમાન્ કોણ ?' એ આકાંક્ષા દૂર થતી નથી. લિંગ દ્વારા પર્વતાદિ વિશેષ્યનું જ્ઞાન થાય પછી અગ્નિ આદિ વિશેષણનું જ્ઞાન થાય છે; જ્યારે પદ દ્વારા, વિશેષણનું જ્ઞાન થાય પછી વિશેષ્યનું જ્ઞાન થાય છે. આ છે તેમનો વિષયભેદ.

૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

11. ननूक्तं यथाऽनुमाने धर्मविशिष्टो धर्मी साध्य एवमिहार्थविशिष्टः शब्दः साध्यो भवतु । मैवम्, शब्दस्य हेतुत्वात् । न च हेतुरेव पक्षो भवितुमर्हति ।

11. શંકાકાર (બૌદ્ધ) – કહ્યું છે કે જેમ અનુમાનમાં ધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય છે તેમ અહીં અર્થવિશિષ્ટ શબ્દ સાધ્ય બનો.

નૈયાયિક – એવું ન બને, કારણ કે શબ્દ તો હેતુ છે અને હેતુ પોતે જ પક્ષ (=સાધ્ય) બનવાને લાયક નથી.

12. ननु यथा अग्निमानयं धूमः, धूमवत्त्वात् महानसधूमवदिति । उक्तं च 'सा देशस्याग्नियुक्तस्य, धूमस्यान्यैश्च कल्पिता' इति [श्लो. वा. अनु. ४८] । एवं गोशब्द एवार्थवत्त्वेन साध्यतां, गोशब्दत्वादिति सामान्यं च हेतूक्रियतामिति ।

12. શંકાકાર (બૌદ્ધ) – [હેતુ પોતે જ સાધ્ય બની શકે.] ઉદાહરણાર્થ, આ અગ્નિયુક્ત ધુમાડો છે કારણ કે તે ધુમાડો છે, રસોડાના ધુમાડાની જેમ. અને કહ્યું પણ છે કે 'સાધ્યપણું અગ્નિયુક્ત દેશમાં છે; કેટલાક ધુમાડામાં સાધ્યપણું માન્યું છે.' એ જ પ્રમાણે, અર્થવાન્ 'ગો' શબ્દને સાધ્ય માનો અને 'ગોશબ્દત્વને કારણે' એમ (ગોશબ્દત્વ) સામાન્યને હેતુ બનાવો.

13. एतदपि दुर्घटम् । शब्दस्य धर्मिणः किमर्थविशिष्टत्वं वा साध्यते प्रत्यायनशक्तिविशिष्टत्वं वा अर्थप्रतीतिविशिष्टत्वं वा ? न तावदर्थविशिष्टत्वं साध्यम्, शैलज्वलनयोरिव शब्दार्थयोः धर्मधर्मिभावाभावात् । अथार्थविषयत्वाच्छब्दस्यार्थविशिष्टतेत्युच्यते तदप्ययुक्तम्, तत्प्रतीतिजननमन्तरेण तद्विषयत्वानुपपत्तेः । प्रतीतौ तु सिद्धायां किं तद्विषयत्वद्वारकेण तद्धर्मत्वेन । यदि तु तद्विषयत्वमूला तद्धर्मित्वपूर्विकाऽर्थप्रतीतिः, अर्थप्रतीतिमूलं तद्विषयत्वम्, तदितरेतराश्रयम् । तस्मान्नार्थविशिष्टः शब्दः साध्यः ।

13. નૈયાયિક–આ પણ દુર્ઘટ છે. ધર્મી શબ્દનું અર્થથી વિશિષ્ટ હોવું સાધ્ય છે કે (અર્થ) જણાવવાની શક્તિથી વિશિષ્ટ હોવું સાધ્ય છે કે અર્થના જ્ઞાનથી વિશિષ્ટ હોવું સાધ્ય છે ? ધર્મી શબ્દનું અર્થથી વિશિષ્ટ હોવું સાધ્ય નથી કારણ કે જેમ પર્વત અને અગ્નિ વચ્ચે ધર્મધર્મીભાવ છે તેમ શબ્દ અને અર્થ વચ્ચે ધર્મધર્મીભાવ નથી. અર્થ શબ્દનો વિષય હોવાને કારણે શબ્દ અર્થથી વિશિષ્ટ છે એમ જો કહો તો તે પણ યોગ્ય નથી કારણ કે અર્થના જ્ઞાનની ઉત્પત્તિ થયા વિના અર્થ શબ્દનો વિષય છે એ ઘટી શકે નહિ, અને અર્થનું જ્ઞાન થઈ જાય પછી એ અર્થજ્ઞાન દ્વારા અર્થનું શબ્દના ધર્મ હોવાનું શું પ્રયોજન ? જો કહો કે અર્થ પોતાનો વિષય હોવાને કારણે અર્થવિશિષ્ટ બનેલો શબ્દ અર્થજ્ઞાનને ઉત્પન્ન કરે છે અને અર્થજ્ઞાનને કારણે અર્થ શબ્દનો વિષય હોય છે, તો ઈતરેતરાશ્રયદોષ આવે છે. તેથી, અર્થવિશિષ્ટ શબ્દ સાધ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

14. नाप्यर्थप्रत्यायनशक्तिविशिष्टः, तदर्थितया शब्दप्रयोगाभावात् ।

न शक्तिसिद्धये शब्दः कथ्यते श्रूयतेऽपि वा ।
अर्थगत्यर्थमेवामुं शृण्वन्ति च वदन्ति च ॥

14. અર્થ જણાવવાની શક્તિથી વિશિષ્ટ શબ્દ પણ સાધ્ય નથી, કારણ કે આવી શક્તિથી વિશિષ્ટ શબ્દની ઇચ્છાથી તો શબ્દનો પ્રયોગ જ થાય નહિ. શક્તિની સિદ્ધિ કરવા માટે શબ્દ કહેવામાં કે સાંભળવામાં આવતો નથી. અર્થના જ્ઞાન માટે જ લોકો શબ્દને બોલે છે કે સાંભળે છે.

15. नाप्यर्थप्रतीतिविशिष्टः शब्दः पक्षतामनुभवितुमर्हति, सिद्धयासिद्ध-विकल्पानुपपत्तेः ।

असिद्धयाऽपि तद्वत्त्वं शब्दस्यार्थधिया कथम् ? ।
सिद्धायां तत्प्रतीतौ वा किमन्यदनुमीयते ॥

ज्वलनादावपि तुल्यो विकल्प इति चेत्, न हि तत्राग्निर्धूमेन जन्यते अपि तु गम्यते, इयं त्वर्थप्रतीतिर्जन्यते शब्देनेत्यस्यामेव सिद्धासिद्धत्वविकल्पावसरः । तस्मात् त्रिधाऽपि न शब्दस्य पक्षत्वम् ।

15. અર્થજ્ઞાનથી વિશિષ્ટ શબ્દ સાધ્ય બનવાને લાયક નથી, કારણ કે તેની બાબતમાં સિદ્ધિ–અસિદ્ધિના વિકલ્પો ઘટતા નથી. અસિદ્ધ અર્થજ્ઞાનથી શબ્દ અર્થજ્ઞાનવિશિષ્ટ કેવી રીતે હોઈ શકે ? અર્થજ્ઞાન સિદ્ધ હોય તો પછી બીજા શેનું અનુમાન કરવાનું રહ્યું ? અગ્નિ વગેરેની બાબતમાં પણ આ વિકલ્પો ઊઠશે એમ કહેતા હો તો અમારે કહેવાનું કે અગ્નિ વગેરેની બાબતમાં અગ્નિ ધૂમથી ઉત્પન્ન થતો નથી પણ જ્ઞાત થાય છે, પરંતુ આ અર્થજ્ઞાન તો શબ્દથી ઉત્પન્ન થાય છે એટલે આ અર્થજ્ઞાનની બાબતમાં જ સિદ્ધ–અસિદ્ધ વિકલ્પોને અવકાશ છે. નિષ્કર્ષ એ કે ત્રણેય રીતે શબ્દનું સાધ્ય હોવું ઘટતું નથી.

16. अपि च गोशब्दे धर्मिणि गत्वादिसामान्यात्मकस्य हेतोर्ग्रहणम्, ततो व्याप्तिस्मरणम्, ततः परामर्शः, ततोऽर्थप्रतिपत्तिरिति कालद्राघीयस्त्वाद्धर्मी तिरोहितो भवेत् । न पर्वतवदवस्थितिस्तस्य अपि तूच्चरितप्रध्वंसित्वं शब्दस्य । न च शब्द-मर्थवत्त्वेन लोकः प्रतिपद्यते, किन्तु शब्दात् पृथगेवार्थमिति न सर्वथा शब्दः पक्षः । अतो धर्मविशिष्टस्य धर्मिणः साध्यस्येहासम्भवाच्छब्दलिङ्गयोर्महान् विषयभेदः ।

16. વળી, 'ગો'શબ્દરૂપ ધર્મીમાં ગત્વ વગેરે સામાન્યોરૂપ હેતુનું ગ્રહણ, પછી ['જ્યાં જ્યાં ગત્વ વગેરે સામાન્યો હોય છે ત્યાં ત્યાં ગોઅર્થ હોય છે એવી] વ્યાપ્તિનું સ્મરણ, ત્યાર બાદ ['આ ગોશબ્દમાં ગત્વ વગેરે સામાન્યો છે' એવું] પરામર્શજ્ઞાન, ત્યાર પછી ['તેથી આ ગોશબ્દમાં ગોઅર્થ છે' એવું] અર્થનું જ્ઞાન થાય છે– આમ લાંબો કાળ વ્યતીત થવાથી ધર્મી શબ્દ તિરોહિત બની જાય, [કારણ કે] તે પર્વત જેવો સ્થાયી નથી, તે તો ઉચ્ચરિત થતાં જ નાશ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત, શબ્દ અર્થવાન હોય એ રીતે લોકો શબ્દને જણાવતા નથી પરંતુ તેઓ તો શબ્દથી અર્થને પૃથક્ જ જણાવે છે. એટલે કોઈ પણ રીતે શબ્દ સાધ્ય નથી. તેથી, ધર્મવિશિષ્ટ ધર્મીરૂપ સાધ્યનો અહીં સંભવ ન હોવાને લીધે શબ્દ અને અનુમાનના વિષયોનો ભેદ ઘણો મોટો છે.

17. सामग्रीभेदः खल्वपि – पक्षधर्मान्वयादिरूपसापेक्षमनुमानं व्याख्यातम्, शब्दे तु न तानि सन्ति रूपाणि । तथा च शब्दस्य पक्षत्वप्रतिक्षेपान्न तद्धर्मतया गत्वादिसामान्यस्य लिङ्गता । न चार्थस्य धर्मित्वम्, सिद्धिचसिद्धिविकल्पानुपपत्तेः । न च तद्धर्मत्वं शब्दस्य शक्यते वक्तुम्, तत्र वृत्त्यभावात् । प्रतीतिजनकत्वेन तद्धर्मतायामुच्यमानायां पूर्ववदितरेतराश्रयः, पक्षधर्मादिबलेन प्रतीतिः, प्रतीतौ च सत्यां पक्षधर्मादिरूपलाभः । अपि च यद्यर्थधर्मतया शब्दस्य पक्षधर्मत्वं भवेत्, तदाऽनवगतधूमाग्निसम्बन्धोऽपि यथा धूमस्य पर्वतधर्मतां गृह्णात्येव तथाऽनवगतशब्दार्थसम्बन्धोऽपि अर्थधर्मतां शब्दस्य गृह्णीयात, न च गृह्णातीत्यतो नास्ति पक्षधर्मत्वं शब्दस्येति ।

17. કારણસામગ્રીનો ભેદ પણ [અનુમાન અને શબ્દ વચ્ચે] છે. પક્ષધર્મ, અન્વય, વગેરે ધર્મોની અપેક્ષા રાખનારું અનુમાન છે એમ સમજાવવામાં આવ્યું છે, જ્યારે શબ્દમાં તો એ ધર્મો નથી. વળી, શબ્દના પક્ષ હોવાનો પ્રતિષેધ કરવામાં આવ્યો હોઈ પક્ષધર્મરૂપે ગત્વ વગેરે સામાન્ય લિંગ ન બની શકે. અર્થને પક્ષ તરીકે સ્વીકારી ન શકાય કારણ કે સિદ્ધિ–અસિદ્ધિ વિકલ્પો દ્વારા અર્થનું પક્ષ હોવું ઘટતું નથી. [માનો કે અર્થને પક્ષ તરીકે સ્વીકારી લઈએ તો પણ] શબ્દ પક્ષનો (=અર્થનો) ધર્મ છે એમ કહી શકાશે નહિ કારણ કે તેનો પક્ષમાં (=અર્થમાં) અભાવ છે. અર્થજ્ઞાન જન્માવીને શબ્દ અર્થનો (=પક્ષનો) ધર્મ બને છે એમ કહેતાં પહેલાંની જેમ અન્યોન્યાશ્રયદોષ આવશે – પક્ષધર્મ વગેરેના બળે અર્થજ્ઞાન જન્મે અને અર્થજ્ઞાન જન્મતાં પક્ષધર્મ વગેરે ધર્મો સ્વરૂપલાભ પામે. વળી, જો અર્થનો ધર્મ હોવાને કારણે શબ્દનું પક્ષધર્મત્વ સંભવતું હોય તો ધૂમ અને અગ્નિ વચ્ચેના સંબંધના જ્ઞાન વિના પણ ધૂમ પર્વતનો ધર્મ છે એવું જ્ઞાન જેમ થાય છે જ તેમ શબ્દ અને અર્થ વચ્ચેના સંબંધના જ્ઞાન વિના શબ્દ અર્થનો ધર્મ છે એવું જ્ઞાન થવું જોઈએ, પણ થતું નથી. તેથી, શબ્દ પક્ષનો ધર્મ નથી.

18. अन्वयव्यतिरेकावपि तस्य दुरुपपादौ, देशे काले च शब्दार्थयोरनुगमाभावात् । न हि यत्र देशे शब्दः तत्रार्थः । यथोक्तं श्रोत्रियैः –'मुखे हि शब्दमुपलभामहे भूमावर्थम्' इति । वयं तु कर्णाकाशे शब्दमुपलभामहे इत्यास्तामेतत् । नापि यत्र काले शब्दः तत्रार्थः, इदानीं युधिष्ठिरार्थाभावेऽपि युधिष्ठिरशब्दसम्भवात् । शब्दार्थयोः अन्वयाभावेऽपि तद्बुद्ध्योरन्वयो ग्रहीष्यते इत्युच्यते । तर्हि वक्तव्यं – किमर्थबुद्धावुत्पन्नायामन्वयो गृह्यते अनुत्पन्नायां वा ? अनुत्पन्नायां तावत् स्वरूपासत्त्वात्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुतोऽन्वयग्रहणम् ? उत्पन्नायां त्वर्थबुद्धौ किमन्वयग्रहणेनेति नैष्फल्यम् । तत्पूर्वकत्वे तु पूर्ववदितरेतराश्रयम् । एतेन व्यतिरेकग्रहणमपि व्याख्यातम् ।

18. અન્વય અને વ્યતિરેક એ બંને પણ ઘટાવવા મુશ્કેલ છે, કારણ કે દેશમાં અને કાળમાં શબ્દ અને અર્થનો અન્વય છે જ નહિ. જે દેશમાં શબ્દ હોય છે ત્યાં અર્થ હોતો નથી; જેમકે શ્રોત્રિયોએ કહ્યું છે કે મુખમાં શબ્દ જણાય છે અને ભૂમિ ઉપર અર્થ. અમને નૈયાયિકોને તો કર્ણાકાશરૂપ શ્રોત્રમાં શબ્દ જણાય છે – પણ એની ચર્ચા કરવાની જરૂર નથી. વળી જે વખતે શબ્દ હોય છે તે વખતે અર્થ હોતો નથી. અત્યારે યુધિષ્ઠિર ન હોવા છતાં 'યુધિષ્ઠિર'શબ્દ અસ્તિત્વ ધરાવે છે. શબ્દ અને અર્થના અન્વયનો અભાવ હોવા છતાં તેમનાં જ્ઞાનો વચ્ચેના અન્વયનું ગ્રહણ થાય છે એમ કહેવામાં આવે છે. તેની સામે કહેવું જોઈએ કે શું અર્થજ્ઞાન ઉત્પન્ન થતાં અન્વયનું ગ્રહણ થાય છે કે અર્થજ્ઞાન ઉત્પન્ન ન થયું હોય ત્યારે ? અર્થજ્ઞાન ઉત્પન્ન ન થયું હોય ત્યારે તો અર્થજ્ઞાનનો જ અભાવ હોઈ શબ્દજ્ઞાન અને અર્થજ્ઞાનના અન્વયનું ગ્રહણ ક્યાંથી થાય? અર્થજ્ઞાન ઉત્પન્ન થયા પછી તો શબ્દજ્ઞાન અને અર્થજ્ઞાનના અન્વયના ગ્રહણની જરૂર જ રહેતી નથી. અર્થ-જ્ઞાનપૂર્વક, શબ્દજ્ઞાન અને અર્થજ્ઞાનના અન્વયનું ગ્રહણ માનતાં પહેલાંની જેમ ઇતરેતરા-શ્રયદોષ આવે. આ નિરૂપણ દ્વારા વ્યતિરેકના ગ્રહણનું વિવેચન પણ થઈ ગયું.

19. नन्वावापोद्वापद्वारेण शब्दार्थसम्बन्धे निश्चीयमाने उपयुज्येते एवान्वयव्यतिरेकौ, यथोक्तम् 'यत्र योऽन्वेति यं शब्दमर्थस्तस्य भवेदसौ' इति [श्लो. वा. ७. १६०] । सत्यमेतत । किन्तु समयबलेन सिद्धायामर्थबुद्धौ समयनियमार्थावन्वयव्यतिरेकौ शब्दे, नान्वयव्यतिरेककृता च धूमादेरिवाग्नेः ततोऽर्थबुद्धिः । अपि च—

धूमादिभ्यः प्रतीतिश्च नैवावगतिपूर्विका ।
इहावगतिपूर्वैव शब्दादुत्पद्यते मतिः ॥
स्थविरव्यवहारे हि बालः शब्दात् कुतश्चन ।
दृष्ट्वाऽर्थमवगच्छन् तं स्वयमप्यवगच्छति ॥

यत्राप्येवं समयः क्रियते 'एतस्माच्छब्दादयमर्थः त्वया प्रतिपत्तव्यः' इति तत्रापि प्रतीतिरेव कारणत्वेन निर्दिष्टा द्रष्टव्या । तस्मादन्यो लिङ्गलिङ्गिनोरविनाभावो नाम सम्बन्धः, अन्यश्च शब्दार्थयोः समयापरनामा वाच्यवाचकभावः सम्बन्धः प्रतीत्यङ्गम् । एवंविधविषयभेदात् सामग्रीभेदाच्च प्रत्यक्षवदनुमानादन्यः शब्द इति सिद्धम् ।

19. શંકાકાર – તેના (શબ્દના) હોતાં તે (અર્થ) હોય છે અને તેને (શબ્દને) દૂર કરતાં તે (અર્થ) દૂર થાય છે એ હકીકતને આધારે શબ્દ–અર્થના સંબંધનો નિશ્ચય થતો હોઈ અન્વય–વ્યતિરેક ઘટે છે, જેમકે કહ્યું પણ છે કે જ્યાં જે અર્થ શબ્દને અનુસરે છે ત્યાં તે અર્થ તે શબ્દનો અર્થ બનશે જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિક – તમારી વાત સાચી છે. પરંતુ [એક વાર] સંકેતના બળે [આ શબ્દનો આ અર્થ છે એવું શબ્દના] અર્થનું જ્ઞાન થઈ જાય પછી જ સંકેતનિયમના અર્થમાં [–ખરા અર્થમાં નહિ –] અન્વયવ્યતિરેકસંબંધ શબ્દ અર્થ સાથે ધરાવે છે. તેથી જેમ ધૂમ દ્વારા થતું અગ્નિનું જ્ઞાન અન્વયવ્યતિરેકજન્ય છે તેમ શબ્દ દ્વારા થતું અર્થનું જ્ઞાન અન્વયવ્યતિરેકજન્ય નથી. ધૂમ દ્વારા થતું અગ્નિનું જ્ઞાન સંકેતસંબંધજ્ઞાનપૂર્વક નથી જ્યારે અહીં શબ્દ દ્વારા થતું અર્થનું જ્ઞાન તો સંકેતસંબંધજ્ઞાનપૂર્વક છે. એક વડીલ વ્યક્તિ બીજી વડીલ વ્યક્તિને અમુક શબ્દ કહે તો તે બીજી વડીલ વ્યક્તિ અમુક વસ્તુને લાવે છે ત્યારે શબ્દનો અર્થ ન જાણનાર ત્યાં ઊભેલી વ્યક્તિ અર્થને જોઈ તે અર્થને તે શબ્દનો વાચ્ય જાણીને સંકેતનિયમને સ્વયં જાણે છે. જ્યાં કોઈ વ્યક્તિ સંકેત કરે છે કે 'આ શબ્દનો આ અર્થ તમારે સમજવો' ત્યાં પણ તે અર્થનું તે શબ્દના વાચ્ય તરીકેનું જે જ્ઞાન છે તેને [સંકેતનિયમજ્ઞાનનું] કારણ ગણવામાં આવ્યું છે. તેથી, લિંગ અને લિંગી એ બેનો અવિનાભાવ નામનો સંબંધ જુદી વસ્તુ છે, અને શબ્દ અને અર્થનો સંકેતસંબંધ અપરનામ વાચ્યવાચકભાવસંબંધ – જે અર્થજ્ઞાનનું કારણ છે – જુદી વસ્તુ છે. આમ વિષયભેદ અને કારણસામગ્રીભેદને લીધે શબ્દ જેમ પ્રત્યક્ષથી જુદું પ્રમાણ છે તેમ અનુમાનથી પણ જુદું પ્રમાણ છે, એ સિદ્ધ થયું.

20. यत्तु पूर्ववर्णक्रमापेक्षणादिवैलक्षण्यमाशङ्क्य दूषितं कस्तत्र फल्गुप्राये निर्बन्धः । यत्पुनरभिहितम् 'आप्तवादाविसम्वादसामान्यादनुमानता' इति [श्लो. वा. शब्द. २३] तदतीव सुभाषितम्, विषयभेदात् । आप्तवादत्वहेतुना हि शब्दार्थबुद्धेः प्रामाण्यं साध्यते, न तु सैव जन्यते । यदाह—

अन्यदेव हि सत्यत्वमाप्तवादत्वहेतुकम् ।
वाक्यार्थश्चान्य एवेह ज्ञातः पूर्वतरं च सः ॥
ततश्चेदाप्तवादेन सत्यत्वमनुमीयते ।
वाक्यार्थप्रत्ययस्यात्र कथं स्यादनुमानता ॥
जन्म तुल्यं हि बुद्धीनामाप्तानाप्तगिरां श्रुतौ ।
जन्माधिकोपयोगी च नानुमायां त्रिलक्षणः ॥ इति [श्लो. वा. वाक्या. २४५–२४६]

न च प्रामाण्यनिश्चयाद्विना प्रतिभामात्रं तदिति वक्तव्यम्; शब्दार्थसम्प्रत्ययस्यानुभवसिद्धत्वात् ।

20. પૂર્વ પૂર્વ વર્ણના ક્રમે જાગેલા સંસ્કારોની સહકારિતા વગેરે વિલક્ષણતાઓ જણાવી વિરોધીઓએ એવો જે દોષ આપ્યો કે એ વિલક્ષણતાઓ શબ્દને પ્રમાણાન્તર નથી બનાવતી તે દોષ તુચ્છ હોઈ તેના તરફ ધ્યાન શું આપવું ? વળી, એમણે જે કહ્યું કે જ્યાં જ્યાં આપ્તવચન છે ત્યાં ત્યાં અવિસંવાદ છે એ વ્યાપ્તિ ઉપરથી શબ્દનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમાનપણું સિદ્ધ થઇ જાય છે એ અર્થ વગરની વાત છે, કારણ કે શબ્દ અને [પ્રસ્તુત] અનુમાનના વિષયો ભિન્ન છે. આપ્ત વચનરૂપ હેતુ દ્વારા શબ્દાર્થબુદ્ધિનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે અને નહિ કે શબ્દાર્થબુદ્ધિ તેમાંથી ઉત્પન્ન થાય છે. એટલે કહ્યું છે કે 'આપ્ત વચનરૂપ હેતુ દ્વારા જણાતું પ્રામાણ્ય એ જુદી જ વસ્તુ છે અને પ્રામાણ્ય પહેલાં જ જ્ઞાત થઇ ગયેલો વાકયાર્થ એ જુદી જ વસ્તુ છે. તેથી, આપ્તવચનરૂપ હેતુ વડે પ્રામાણ્યનું જો અનુમાન થતું હોય તો તેનાથી અહીં વાકયાર્થજ્ઞાનની અનુમાનતા કેમ કરીને થઇ જાય ? જેમ ત્રિલક્ષણ ધરાવતો હેતુ અનુમિતિજ્ઞાનને પોતાની ઉત્પત્તિમાં જ ઉપયોગી છે, તેથી વધુ ઉપયોગ અનુમિતિજ્ઞાનને તેનો નથી, તેમ શબ્દ, આપ્તનો હો યા અનાપ્તનો, સંભળાતાં શાબ્દબોધને ઉત્પન્ન કરે છે, શાબ્દબોધને શબ્દનો તેથી વધુ કોઈ ઉપયોગ નથી.' [અર્થાત્, જેમ અનુમિતિજ્ઞાનનાં પ્રામાણ્યનું જ્ઞાન ઉત્પન્ન કરવામાં હેતુનો કોઈ ઉપયોગ નથી તેમ શાબ્દબોધના પ્રામાણ્યનું જ્ઞાન ઉત્પન્ન કરવામાં શબ્દનો પણ કોઈ ઉપયોગ નથી]. પ્રામાણ્યના નિશ્ચય વિનાનો શાબ્દબોધ કેવળ ભાનમાત્ર છે એમ ન કહેવું જોઈએ કારણ કે શબ્દાર્થના નિશ્ચયનો અનુભવ તો તે વખતે પણ હોય છે જ.

21. एतेन विवक्षाविषयत्वमपि प्रत्युक्तम्, न हि विवक्षा नाम शब्दस्य वाच्यो विषयः, किन्त्वर्थ एव तथा ।

विवक्षायां हि शब्दस्य लिङ्गत्वमिह दृश्यते ।
आकाश इव कार्यत्वान्न वाचकतया पुनः ॥

शब्दादुच्चरिताच्च वाच्यविषया तावत्समुत्पद्यते
संवित्तिस्तदनन्तरं तु गमयेत् कामं विवक्षामसौ ।
अर्थोपग्रहवर्जिता तु नियमात्सिद्धैवमाजीविता
तद्वाच्यार्थविशेषता त्वविदिते नैषा तदर्थे भवेत् ॥

21. આ જે અમે કહ્યું તેનાથી શબ્દપ્રમાણનો વિષય વિવક્ષા છે એવા વિરોધીઓના મતનો પણ નિરાસ થઈ ગયો. વિવક્ષા શબ્દનો વાચ્ય વિષય નથી પરંતુ અર્થ જ શબ્દનો વાચ્ય વિષય છે. વિવક્ષાનું અનુમાન કરાવવામાં જ શબ્દ હેતુ જણાય છે કારણ કે તે જેમ કાર્ય હોવાને લીધે આકાશનું લિંગ છે તેમ કાર્ય હોવાને લીધે જ વિવક્ષાનું લિંગ છે અને નહિ કે વાચક હોવાને લીધે. [શબ્દ વિવક્ષાનો વાચક નથી પણ વિવક્ષાનું કાર્ય છે.] ઉચ્ચારાયેલ શબ્દમાંથી વાચ્યાર્થવિષયક જ્ઞાન જન્મે છે, તે પછી એ શબ્દ વિવક્ષાને ભલે જણાવે. આમ વિવક્ષા નિયમથી અર્થાત્ અવશ્યપણે વાચ્યાર્થ સાથે સંબદ્ધ નથી, એ સિદ્ધ થયું. જ્યાં સુધી વાચ્ય અર્થ જ્ઞાત થયો હોતો નથી ત્યાં સુધી વિવક્ષા વાચ્ય અર્થ સાથે સંબદ્ધ થતી નથી.

22. ननु सिद्धे प्रमाणत्वे भेदाभेदपरीक्षणम् ।
क्रियते न तु शब्दस्य प्रामाण्यमवकल्पते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्थप्रतीतिजनकं प्रमाणमिति वर्णितम् ।
विकल्पमात्रमूलत्वान्नार्थं शब्दाः स्पृशन्त्यमी ॥

अर्थो निरूप्यमाणश्च को वा शब्दस्य शक्यते ।
वक्तुं न जातिर्न व्यक्तिर्न तद्वान्नाम कश्चन ॥

सम्बन्धोऽप्यस्य नार्थेन नित्योऽस्ति समयोऽथ वा ।
शक्यः सन्नपि वा बोद्धुमर्थे कथमतीन्द्रिये ॥

वाक्यार्थोऽपि न निर्णेतुं पार्यते पारमार्थिकः ।
नियोगभावनाभेदसंसर्गादिस्वभावकः ॥

तत्प्रतीत्यभ्युपायश्च किं पदार्थः पदानि वा ।
वाक्यं वा व्यतिषक्तार्थं स्फोटो वेति न लक्ष्यते ॥

सिद्धायामपि तद्बुद्धौ तस्या द्रढिमकारणम् ।
नित्यत्वमाप्तोक्तत्वं वा न सम्यगवतिष्ठते ॥

पदे नित्येऽपि वैदिक्यो रचनाः कर्तृपूर्विकाः ।
नित्या वा कृतकत्वेऽपि कृताः केनेति दुर्गमम् ॥

कर्ताऽस्ति स च निर्द्वन्द्वः स चैकः स च सर्ववित् ।
स च कारुणिको वेति प्रतिपत्तुं न शक्यते ॥

परस्परविरुद्धाश्च सन्ति भूयांस आगमाः ।
तेषां कस्येश्वरः कर्ता कस्य नेति न मन्महे ॥

वेदे दोषाश्च विद्यन्ते व्याघातः पुनरुक्तता ।
फलस्यानुपलम्भश्च तथा फलविपर्ययः ॥

कीदृशश्चार्थवादानां विरुद्धार्थाभिधायिनाम् ।
मन्त्राणां नामधेयादिपदानां वा समन्वयः ॥

सिद्धकार्योपदेशाच्च वेदे संशेरते जनाः ।
किमस्य कार्ये प्रमाण्यं सिद्धेऽर्थे वोभयत्र वा ॥

तेन वेदप्रमाणत्वं विषमे पथि वर्तते ।
जीविकोपायबुद्ध्या वा श्रद्धया वाऽभ्युपेयताम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

22. શંકા– એકવાર એ સિદ્ધ થઈ જાય કે શબ્દ પ્રમાણ છે પછી શબ્દનો બીજા પ્રમાણુથી ભેદ છે કે અભેદ એની પરીક્ષા થઈ શકે. પરંતુ શબ્દ તો પ્રમાણ સંભવતું જ નથી. અર્થજ્ઞાનનું જનક જે હોય તે પ્રમાણ એમ કહેવામાં આવ્યું છે. પરંતુ આ શબ્દો કેવળ વિકલ્પમૂલક હોઈ અર્થને સ્પર્શતા જ નથી. શબ્દ વડે નિરૂપાતો [જણાતો] અર્થ કોને કહી શકાય ? તે અર્થ જાતિ પણ નથી, વ્યક્તિ પણ નથી કે જાતિમત્ વ્યક્તિ પણ નથી. શબ્દનો અર્થ સાથે નિત્ય સંકેતસંબંધ શકય નથી. અથવા શકય હોય તો પણ શબ્દનો અતીન્દ્રિય અર્થ સાથે તે સંબંધ જાણવો કેમ કરીને શકય બને ? નિયોગ, ભાવના, ભેદ કે સંસર્ગ ઈત્યાદિ સ્વભાવવાળા વાકયાર્થને પણ ખરેખર નિશ્ચિતપણે જાણવો શકય નથી. તેના જ્ઞાનનો ઉપાય શું પદાર્થો છે, પદો છે, વ્યતિષક્તાર્થ વાકય છે કે સ્ફોટ છે ?– એ પણ સમજાતું નથી. એકવાર વાકયાર્થનું જ્ઞાન થઈ જાય પછી તેના પ્રામાણ્યનો નિશ્ચય કરવા માટેનું સાધન વાકયનું નિત્યત્વ છે કે આપ્તોક્તત્વ છે એનો પણ સમ્યક્ નિર્ણય નથી થઈ શકતો. પદ નિત્ય હોય તો પણ એ પ્રશ્ન તો રહે છે કે વૈદિકી રચનાઓ કર્તૃપૂર્વક છે કે નિત્ય છે ? જો તે કર્તૃપૂર્વક હોય તો તેમનો કર્તા કોણ છે એ જાણવું મુશ્કેલ છે. તેમનો કર્તા છે અને તે નિર્દ્વન્દ્વ છે, એક છે, સર્વજ્ઞ છે તેમ જ કારુણિક છે એ જાણવું શકય નથી. વળી, [નાથવાદ આદિ] ઘણા આગમો પરસ્પર વિરુદ્ધ છે. તેમાંના કોઈનો કર્તા ઈશ્વર છે અને કોઈનો કર્તા ઈશ્વર નથી એ અમે માનતા નથી. વેદમાં પણ વ્યાઘાત, પુનરુક્તિ, ફલાનુપલંભ, ફલવિપર્યય દોષો છે. વિરુદ્ધાર્થનું પ્રતિપાદન કરનારા અર્થવાદો વચ્ચે, મંત્રો વચ્ચે અને નામધેયાદિ પદો વચ્ચે સમન્વય કેવો ? વેદ સિદ્ધનો (=સિદ્ધ વસ્તુનો) અને કાર્યનો ઉપદેશ આપે છે. [અર્થાત્, વેદ સિદ્ધાર્થસ્વરૂપવર્ણન કરે છે અને કર્તવ્યનો ઉપદેશ આપે છે.] એટલે લોકોને વેદમાં સંશય જાગે છે કે શું આનું પ્રામાણ્ય કાર્યમાં છે કે સિદ્ધ અર્થમાં છે કે બંનેમાં ? તેને પરિણામે વેદનું પ્રામાણ્ય વિષમ માર્ગમાં આવી પડે છે, [અર્થાત્ વેદના પ્રામાણ્યનો નિર્ણય મુશ્કેલ બની જાય છે.] જીવિકાનું સારું સાધન છે એવી બુદ્ધિથી કે શ્રદ્ધાથી વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરો; [બીજી કોઇ રીતે વેદના પ્રામાણ્યનો સ્વીકાર થઈ શકે એમ નથી.]

23. अत्राभिधीयते। सर्व एवैते दोषा यथाक्रमं परिहरिष्यन्ते इत्येलमसमाश्वासेन । सुप्रतिष्ठमेव वेदप्रामाण्यमवगच्छत्वायुष्मान् ।

23. નૈયાયિક—અહીં આનો ઉત્તર અમે આપીએ છીએ. આ બધા જ દોષોનો યથાક્રમે અમે પરિહાર કરીશું; માટે અવિશ્વાસ વ્યક્ત કરવો બંધ કરો. વેદપ્રામાણ્યની સ્થાપના બરાબર થયેલી જ છે એમ આપ જાણો.

24. नन्वर्थासंस्पर्शित्वमेव तावत्कथं परिह्रियते? न हि बाह्येऽर्थे शब्दाः प्रतीतिमादधति । ते हि दुर्लभवस्तुसंपर्कविकल्पमात्राधीनजन्मानः स्वमहिमानमनुवर्तमानास्तिरस्कृतबाह्यार्थसमन्वयान् विकल्पप्रायान् प्रत्ययानुत्पादयन्तो दृश्यन्ते 'अङ्गुल्यग्रे हस्तियूथशतमास्ते' इति स्वभाव एव शब्दानामर्थासंस्पर्शित्वम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

24 શંકા– શબ્દો અર્થને સ્પર્શતા નથી એ દોષનો પરિહાર તમે નૈયાયિકો કેવી રીતે કરશો ? બાહ્ય અર્થના (=વસ્તુના) જ્ઞાનને શબ્દો ઉત્પન્ન કરતા નથી. જેમને વસ્તુનો સંપર્ક દુર્લભ છે એવા કેવળ વિકલ્પરૂપ જ્ઞાનોને આધારે જ ઉત્પન્ન થનારા [શબ્દો] પોતાના મહિમા પ્રમાણે બાહ્ય અર્થ સાથેના સમન્વયને અવગણીને મોટે ભાગે વિકલ્પરૂપ જ્ઞાનોને જ ઉત્પન્ન કરતા જણાય છે. આનું ઉદાહરણ છે—'આંગળીના ટેરવે હાથીઓના સો જૂથો હતા.' શબ્દોનો આવો સ્વભાવ જ તેમનું અર્થાસંસ્પર્શિત્વ છે.

25. चक्षुरादीनामप्यलीककचकूर्चकादिप्रतीतिकारणत्वमस्ति, न च तेषामर्थासंस्पर्शित्वमिति चेत्, न, तेषां हि तिमिरादिदोषकलुषितवपुषां तथाविधविभ्रमकारणत्वम्, न तु स्वमहिम्नैव ।

25. નૈયાયિક—ચક્ષુ વગેરે પણ મિથ્યા વાળના ગૂંચળા વગેરેનું જ્ઞાન જન્માવે છે, છતાં તેઓ અર્થાસંસ્પર્શી નથી.

શંકાકાર–ના. ચક્ષુ વગેરે પોતાના જ મહિમાથી તેવા ભ્રમજ્ઞાનો જન્માવતા નથી પરંતુ તિમિર વગેરે દોષોથી દૂષિત તેઓ તેવાં ભ્રમજ્ઞાનો જન્માવે છે.

26. इहापि पुरुषदोषाणामेष महिमा, न शब्दानामिति चेत्; मैवम्, दोषवतोऽपि पुरुषस्य मूकादेरनुच्चारितशब्दस्येदृशविप्लवोत्पादनपाटवाभावात् । असत्यपि च पुरुषहृदयकालुष्ये यथाप्रयुज्यमानान्यङ्गुल्यग्रादिवाक्यानि विप्लवमावहन्त्येवेति शब्दानामेवैष स्वभावः, न वक्तृदोषाणाम् । अपि च न चक्षुरादिबाधकज्ञानोदये सति न विरमति, विपरीतवेदनजन्मनः शुक्तिकारजतादिबुद्धिषु विभ्रमस्यापायदर्शनात् । शब्दस्तु शतकृत्वोऽपि बाध्यमानो यथैवोच्चरितः 'करशाखाशिखरे करेणुशतमास्ते' इति तथैव तथाभूतं भूयोऽपि विकल्पमयथार्थमुत्पादयत्येवेति विकल्पाधीनजन्मत्वाच्छब्दानामेवेदं रूपं यदर्थासंस्पर्शित्वं नामेति । तदुक्तम्—

विकल्पयोनयः शब्दा विकल्पाः शब्दयोनयः ।
तेषामन्योन्यसम्बन्धे नार्थं शब्दाः स्पृशन्त्यमी ।। इति ।।

26. નૈયાયિક— અહીં પણ શબ્દોનો એ મહિમા નથી પરંતુ પુરુષના દોષોનો મહિમા છે.

શંકાકાર—એવું નથી, કારણ કે મૂક વગેરે જે દોષવાળા પુરુષો છે તેમના અનુચ્ચારિત શબ્દમાં આવા ભ્રમને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી. પુરુષના હૃદયમાં કોઈ કલુષિતતા (દોષ) ન હોય અને છતાં તેણે ઉચ્ચારેલ 'આંગળીના ટેરવે હાથીનાં સેંકડો જૂથ હતાં' જેવાં વાકયો ભ્રાન્ત જ્ઞાન ઉત્પન્ન કરે છે જ; એટલે આ શબ્દોનો જ સ્વભાવ છે, વકતાના દોષોનો સ્વભાવ નથી. વળી, બાધક જ્ઞાન જન્મતાં ચક્ષુ વગેરે ભ્રાન્ત જ્ઞાન ઉત્પન્ન કરવામાંથી અટકતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી એમ નહિ. છીપને રજત તરીકે ગ્રહણ કરનાર જ્ઞાન અને એવાં બીજાં ભ્રાન્ત જ્ઞાનોની બાબતમાં તો ભ્રાન્તિ બાધક જ્ઞાન જન્મવાથી દૂર થઈ જતી દેખાય છે. પરંતુ શબ્દ તો સેંકડો વાર બાધા પામતો હોવા છતાં ફરીથી એ જ રીતે ઉચ્ચારાતાં અર્થાત્ 'હાથના અગ્રભાગે સો હાથી હતા' એ પ્રમાણે ઉચ્ચારાતાં પહેલાંની જેમ જ તેવું જ અયથાર્થ વિકલ્પજ્ઞાન તે ફરીથી ઉત્પન્ન કરે છે. વિકલ્પને અધીન શબ્દોની ઉત્પત્તિ હોવાથી શબ્દોનો આવો અર્થાસંસ્પર્શી સ્વભાવ છે. એટલે જ કહ્યું છે કે 'વિકલ્પો શબ્દોને ઉત્પન્ન કરે છે અને શબ્દો વિકલ્પોને ઉત્પન્ન કરે છે. [આ પ્રમાણે] તેમનો અન્યોન્યસંબંધ હોવાથી આ શબ્દો અર્થને સ્પર્શતા નથી.'

27. अत्राभिधीयते—भवेदेतदेवं यदि न कदाचिदपि यथार्थं शब्दः प्रत्ययमुपजनयेत्, अर्थासंस्पर्शित्वमेवास्य स्वभाव इति गम्येत । भवति तु गुणवत्पुरुषभाषितात् 'नद्यास्तीरे फलानि सन्ति' इति वाक्यादतिरस्कृतबाह्यार्थो यथार्थः प्रत्ययः, ततः प्रवृत्तस्य तदर्थप्राप्तेः । न चेयमर्थप्राप्तिरर्थस्पर्शशून्यादपि शब्दविकल्पात् पारम्पर्येण मणिप्रभामणिबुद्धिवदवकल्पते इत्युपरिष्टाद् वक्ष्यामः ।

27. નૈયાયિક—અહીં આનો જવાબ આપીએ છીએ. આમ બને; જો કદી પણ શબ્દ યથાર્થ જ્ઞાન ઉત્પન્ન ન કરતો હોય તો અર્થાસંસ્પર્શિત્વ એનો સ્વભાવ છે એ સમજી શકાય. પરંતુ ગુણવાન્ પુરુષના કહેલા વાક્ય 'નદીકાંઠે ફળો છે' દ્વારા બાહ્ય અર્થને ન અવગણતું યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય છે કારણ કે તેના આધારે પ્રવૃત્તિ કરતાં તે અર્થની પ્રાપ્તિ થાય છે. જેમ મણિપ્રભાને મણિ તરીકે ગ્રહણ કરનાર જ્ઞાન [ભ્રાન્ત હોવા છતાં] પરંપરાથી અર્થપ્રાપ્તિ કરાવે છે તેમ અર્થસ્પર્શશૂન્ય શબ્દજન્ય વિકલ્પ [ભ્રાન્ત હોવા છતાં] પરંપરાથી આ અર્થપ્રાપ્તિ કરાવે છે એવું નથી એ અમે આગળ જણાવીશું.

28. ननु गुणवद्वक्तृकादङ्गुल्यादिवाक्याद् दृष्ट एवासमीचीनः प्रत्ययः । मैवम्, गुणवतामेवंविधवाक्योच्चारणचापलाभावात् । यत्तु आप्तोऽपि कञ्चिदनुशास्ति 'मा भवानभूतार्थं वाक्यं वादीः अङ्गुलिकोटौ करिघटाशतमास्ते इति' इति, तत्रेतिकरणावच्छिन्नस्य दृष्टान्ततया शब्दपरत्वेनोपादानात् प्रतिषेधैकवाक्यतया यथार्थत्वमेव । अर्थपरत्वे तु निषेधैकवाक्यतैव न स्यादिति । तस्मादाप्तवाक्यानामयथार्थत्वाभावान्न स्वतोऽर्थासंस्पर्शिनः शब्दाः । पुरुषदोषानुषङ्गकृत एवायं विप्लवः ।

28. શંકાકાર—ગુણવાન વક્તાએ કહેલા 'આંગળીના ટેરવે હાથીનાં સો જૂથ હતાં' વાક્ય દ્વારા અયથાર્થ જ્ઞાન થતું દેખ્યું છે.

નૈયાયિક—ના, એવું નથી, કારણ કે ગુણવાન વક્તાઓ આવાં વાક્યો બોલવા માટે જરૂરી અવિચારિતા ધારાવતા નથી. 'આંગળીના ટેરવે હાથીઓનાં સેંકડો જૂથ હતાં' એવું ખોટું વાક્ય આપ ન બોલશો એમ જ્યારે પણ આપ્ત પુરુષ આદેશ આપે છે ત્યારે ત્યાં 'એવું' શબ્દથી વિશિષ્ટ વાક્ય ઉદાહરણ તરીકે આપવામાં આવ્યું હોઈ શબ્દ પરત્વે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(નાર્થ પરત્વે નહિ–) તેનો સ્વીકાર હોવાને લીધે પ્રતિષેધ સાથે તેની એકવાક્યતા બને છે અને પ્રતિષેધ સાથે તેની એકવાક્યતાને કારણે તે યથાર્થ જ છે. અર્થ પરત્વે તો નિષેધ સાથે તેની એકવાકયતા જ ન થાય. તેથી, આપ્ત પુરુષના વાક્યો અયથાર્થ ન હોઈ, શબ્દો સ્વતઃ અર્થાસંસ્પર્શી નથી. પુરુષના દોષને લીધે જ આ અર્થાસંસ્પર્શિતા યા અયથાર્થતા ઉદ્ભવે છે.

29. नन्वाप्तैरेवंविधवाक्याप्रयोगेऽपि सन्दिग्धो व्यतिरेकः — किं शब्दानां तादृशस्वभावाभावादयथार्थप्रत्ययानुत्पादः उत वक्तृदोषाभावादिति । नैतदेवम्—

> अनुच्चरितशब्दोऽपि पुरुषो विप्रलम्भकः ।
> हस्तसंज्ञाद्युपायेन जनयत्येव विप्लवम् ॥

न च हस्तसंज्ञादिना शब्दानुमानम् तत्कृतश्च विप्लव इति वक्तव्यम्, इत्थमप्रतीतेः । उत्पन्ने च क्वचिन्नद्यादिवाक्याद्विज्ञाने तरङ्गिणीतीरमनुसरन्ननासादितफलः प्रवृत्तबाधकप्रत्ययः पुरुषमेवाधिक्षिपति 'धिक् ! हा तेन दुरात्मना विप्रलब्धोऽस्मि' इति, न शब्दम् । प्राप्तफलश्च पुमांसमेवश्लाघते 'साधु साधुना तेनोपदिष्टम्' इति । अतः पुरुषदोषान्वयानुविधानात् पुरुषदोषकृत एव शब्दाद्विप्लवः, न स्वरूपनिबन्धनः । तदभावकृत एव आप्तेषु तूष्णीमासीनेषु विभ्रमानुत्पाद इति न सन्दिग्धो व्यतिरेकः ।

29. શંકાકાર—આપ્ત પુરુષો આ પ્રકારનો વાક્યપ્રયોગ ન કરતા હોય તો પણ વ્યતિરેક તો સંદિગ્ધ જ રહે છે—શું શબ્દોનો તેવો સ્વભાવ ન હોવાથી અયથાર્થ જ્ઞાન ઉત્પન્ન થતું નથી કે વક્તામાં દોષ ન હોવાથી ?

નૈયાયિક—ના, એવું નથી. પુરુષ શબ્દ બોલતો ન હોય તો પણ તે વિપ્રલંભક હોય છે. હાથની સંજ્ઞા વગેરે ઉપાય વડે તે ભ્રાન્ત જ્ઞાન ઉત્પન્ન કરે છે. હાથની સંજ્ઞા વગેરે દ્વારા શબ્દનું અનુમાન કરવામાં આવે છે અને તે અનુમિત શબ્દ ભ્રાન્તિ ઉત્પન્ન કરે છે એમ ન કહેવું જોઈએ, કારણ કે એવું જણાતું નથી. કોઈક વાર, 'નદીતીરે ફળો છે' એ વાક્યથી જ્ઞાન જન્મે છે ત્યારે નદીતીરે જઈ ફળ ન પ્રાપ્ત કરનાર, બાધક જ્ઞાન જેને થયું છે એવો માણસ વાક્ય કહેનાર પુરુષને જ ભાંડે છે કે ધિક્કાર છે તે દુષ્ટ પુરુષને જેણે મને છેતર્યો; તે શબ્દને ભાંડતો નથી. ફળ પ્રાપ્ત કરનારો વાક્ય કહેનાર પુરુષની પ્રશંસા કરે છે—'તે સજ્જન પુરુષે મને સાચું જ કહેલું.' તેથી, પુરુષદોષ સાથે અન્વયસંબંધ હોઈને પુરુષદોષને લીધે જ શબ્દ દ્વારા મિથ્યાજ્ઞાન જન્મે છે, શબ્દસ્વરૂપને લીધે શબ્દ દ્વારા મિથ્યાજ્ઞાન જન્મતું નથી. આપ્તો જ્યારે શાંત--ચૂપ--હોય છે ત્યારે દોષાભાવને લીધે ભ્રાન્ત જ્ઞાનનો અનુત્પાદ હોય છે. એટલે વ્યતિરેક સંદિગ્ધ નથી.

30. ननु पुरुषदोषास्तत्र किं कुर्युः ? पुरुषस्य हि गुणवतो दोषवतो वा शब्दोच्चारणमात्रे एव व्यापारः । ततः परं तु कार्यं शब्दायत्तमेवेति तत्स्वरूप

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

कृत एवायं विभ्रमः । हन्त ! तर्हि वक्तरि गुणवति सति 'सरितस्तीरे फलानि सन्ति' इति सम्यक्प्रत्ययेऽपि शब्दस्यैव व्यापारात् पुरुषस्य चोच्चारणमात्रे चरितार्थत्वान्नैकान्ततः शब्दस्यार्थासंस्पर्शित्वमेव स्वभावः । युक्तं चैतदेव यद्दीपवत् प्रकाशत्वमात्रमेव शब्दस्य स्वरूपम्, न यथार्थत्वमयथार्थत्वं वा, विपरीतेऽप्यर्थे दीपस्येव प्रकाशत्वानतिवृत्तेः । अयं तु विशेषः – प्रदीपे व्युत्पत्तिनिरपेक्षमेव प्रकाशत्वम्, शब्दे तु व्युत्पत्त्यपेक्षमिति । प्रकाशात्मनस्तु शब्दस्य वक्तृगुणदोषाधीने यथार्थेतरत्वे । अत एवाङ्गुलिशिखराधिकरणकरेणुशतवचसि बाधितेऽपि पुनः पुनरुच्चार्यमाणे भवति विभ्रमः, प्रकाशत्वरूपानपायात् । न त्वेष शब्दस्य दोषः ।

पदार्थानां तु संसर्गमसमीक्ष्य प्रजल्पतः ।
वक्तुरेव प्रमादोऽयं न शब्दोऽत्रापराध्यति ॥

तदुक्तम्–प्रमाणान्तरदर्शनमत्र बाध्यते, न पुनर्हस्तियूथशतमिति शाब्दोऽन्वयः । पुरुषो हि स्वदर्शनं शब्देन परेषां प्रकाशयति । तत्र तद्दर्शनं चेद् दुष्टं, दुष्टः शाब्दप्रत्ययः, अदुष्टं चेददुष्ट इति गुणवतः पुरुषस्यादुष्टं दर्शनं भवति, दोषवतो दुष्टमिति । अदृष्टाऽपि वस्तु यदुपदिश्यते सोऽपि बुद्धिदोष एव । तस्मात् पुरुषगतगुणदोषान्वयव्यतिरेकानुविधायित्वात् तत्कृते एव शाब्दयथार्थत्वायथार्थत्वे । तदुक्तम्–'तत्तथ्यमपि भवति वितथमपि भवति' इति [ बृहती. १.१.२ ] ।

तेनाभिधातृदौरात्म्यकृतेयमयथार्थता ।
प्रत्ययस्येति शब्दानां नार्थासंस्पर्शिता स्वतः ॥

या तु जात्यादिशब्दार्थपराकरणवर्त्मना ।
अर्थासंस्पर्शिता प्रोक्ता सा पुरस्तान्निषेत्स्यते ॥

30. શંકાકાર––પુરુષદોષો ત્યાં શું કરે ? પુરુષ ગુણવાન હોય કે દોષવાળો હોય તેનો વ્યાપાર તો કેવળ શબ્દનો ઉચ્ચાર કરવાનો જ હોય છે. તે પછીનું કાર્ય તો શબ્દ ઉપર જ નિર્ભર છે. એટલે શબ્દસ્વરૂપજન્ય જ આ વિભ્રમ છે.

નૈયાયિક––અરે ! [ એમ હોય ] તો ગુણવાન વક્તા હોતાં 'નદીતીરે ફળો છે' એવા સમ્યક્ જ્ઞાનની ઉત્પત્તિમાં પણ કેવળ શબ્દનો જ વ્યાપાર હોવાને લીધે અને પુરુષનો વ્યાપાર તો શબ્દોચ્ચાર કરવામાત્રમાં જ સમાપ્ત થઈ ગયો હોવાને લીધે, એકાન્તપણે અર્થને ન સ્પર્શવાનો જ શબ્દોનો સ્વભાવ નહિ રહે. અને આ જ બરાબર છે કે દીપની જેમ શબ્દનું સ્વરૂપ પ્રકાશત્વ જ છે, યથાર્થત્વ કે અયથાર્થત્વ નથી. [ અર્થાત્, દીપ અર્થને પ્રકાશિત કરે છે, તે પ્રકાશસ્વરૂપ છે, તેનું સ્વરૂપ યથાર્થતા કે અયથાર્થતા નથી. તેવી જ

Jain Education International                    For Private & Personal Use Only                    www.jainelibrary.org

રીતે શબ્દ અર્થને પ્રકાશિત કરે છે, તે પ્રકાશસ્વરૂપ છે, તેનું સ્વરૂપ યથાર્થતા કે અયથાર્થતા નથી. ] આવું છે કારણ કે જ્યારે વિપરીત અર્થનું ગ્રહણ થાય છે ત્યારે પણ દીપની જેમ શબ્દનો પ્રકાશત્વસ્વભાવ દૂર થઈ ગયો નથી હોતો, [ અર્થાત્ ત્યારે પણ તે અર્થને પ્રકાશિત કરવાનો સ્વભાવ ધરાવે જ છે. ] છતાં દીપ અને શબ્દ વચ્ચે આ ભેદ છે-- દીપનું પ્રકાશત્વ વ્યુત્પત્તિની (=સંકેતજ્ઞાનની) અપેક્ષા રાખતું નથી જ્યારે શબ્દનું પ્રકાશત્વ વ્યુત્પત્તિની અપેક્ષા રાખે છે. [ અર્થાત્ દીપ અર્થને પ્રકાશિત કરવામાં વ્યુત્પત્તિની અપેક્ષા રાખતો નથી જ્યારે શબ્દ વ્યુત્પત્તિની અપેક્ષા રાખે છે. ] શબ્દ કેવળ પ્રકાશસ્વરૂપ હોઈ, યથાર્થત્વ અને અયથાર્થત્વ તેનું સ્વરૂપ નથી પણ વકતાના ગુણ અને દોષ ઉપર અવલંબતા તેના ધર્મો છે. એટલે જ 'આંગળીના ટેરવે હાથીઓનાં સેંકડો જૂથો છે' એ વાકય બાધિત થવા છતાં ફરી ફરી ઉચ્ચારાતાં ભ્રાન્ત જ્ઞાન જન્મે છે કારણ કે શબ્દનો પ્રકાશસ્વભાવ ચાલ્યો ગયો હોતો નથી. આ કંઈ શબ્દનો દોષ નથી. પદોના અર્થોના સંસર્ગની બરાબર વિચારણા કર્યા વિના બોલનાર વકતાનો જ આ પ્રમાદ છે, અહીં શબ્દનો કોઈ અપરાધ નથી. એટલે જ કહ્યું છે કે અહીં [ વકતાનું ] દર્શનરૂપ યા અનુભવરૂપ અન્ય પ્રમાણ બાધિત થાય છે, અને નહિ કે '[ આંગળીના ટેરવે ] હાથીનાં સેંકડો જૂથો છે' એ વાકયગત પદોનો અન્વય, કારણ કે પુરુષ પોતાના દર્શનને (=અનુભવને) શબ્દ દ્વારા બીજાઓ આગળ રજૂ કરે છે. ત્યાં જો તેનું દર્શન દૂષિત હોય તો બીજાને શબ્દ દ્વારા જે જ્ઞાન થાય તે પણ દૂષિત જ થાય. જો તેનું દર્શન અદૂષિત હોય તો બીજાને શબ્દ દ્વારા જે જ્ઞાન થાય તે પણ અદૂષિત થાય. ગુણવાળા પુરુષને અદૂષિત દર્શન થાય છે, જ્યારે દોષવાળાં પુરુષને દૂષિત દર્શન થાય છે. વસ્તુને દેખ્યા [ અર્થાત્ અનુભવ્યા ] વિના ઉપદેશવામાં આવે છે તે પણ બુદ્ધિદોષ જ છે. તેથી, પુરુષગત ગુણદોષ સાથે શાબ્દ જ્ઞાનના યથાર્થત્વ-અયથાર્થત્વનો અન્વય-વ્યતિરેકસંબંધ હોવાથી શાબ્દજ્ઞાનનું યથાર્થત્વ-અયથાર્થત્વ પુરુષગત ગુણ-દોષજન્ય જ છે. એટલે કહ્યું છે કે [ પૌરુષેય વચન ] યથાર્થ પણ હોય છે અને અયથાર્થ પણ હોય છે. ઉપસંહારમાં જણાવવાનું કે વકતાના દોષને કારણે શાબ્દ જ્ઞાનમાં અયથાર્થતા આવે છે, અર્થાસંસ્પર્શિતા એ કંઈ શબ્દોમાં સ્વતઃ નથી. શબ્દોના જાતિ વગેરે [ અર્થાત્ જાતિ, ગુણ, ક્રિયા, નામ અને દ્રવ્ય] અર્થોના નિરાકરણ દ્વારા શબ્દોની અર્થાસંસ્પર્શિતા કહેવામાં આવી છે, એનો પ્રતિષેધ અમે આગળ કરીશું.

31. प्रमाणत्वं तु शब्दस्य कथमित्यत्र वस्तुनि ।
जैमिनीयैरयं तावत्पीठबन्धो विधीयते ॥

प्रामाण्यमप्रामाण्यं वा सर्वविज्ञानगोचरः ।
स्वतो वा परतो वेति प्रथमं प्रविविच्यताम् ॥

31. વસ્તુની બાબતમાં શબ્દનું પ્રામાણ્ય કેવી રીતે છે એ પ્રશ્નને મીમાંસકો આ ભૂમિકા રચે છેઃ બધાં જ જ્ઞાનોનું પ્રામાણ્ય કે અપ્રામાણ્ય સ્વતઃ છે કે પરતઃ એ સૌપ્રથમ વિચારો.

32. ननु शब्दप्रामाण्यचिन्तावसरे सकलप्रमाणप्रामाण्यविचारस्य कः प्रसङ्गः ? न स्वातन्त्र्येण परीक्षणम्, अपि तु तदर्थमेव, समानमार्गत्वात् । अथान्येषां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वतः परतो वा प्रामाण्यं तथा शब्दस्यापि भविष्यतीति । न हि तस्य स्वरूपमिव प्रामाण्यमपि तद्विसदृशमिति । तदुच्यते–किं विज्ञानानां प्रामाण्यमप्रामाण्यं चेति द्वयमपि स्वतः, उत उभयमपि परतः, आहो स्विदप्रामाण्यं स्वतः प्रामाण्यं तु परतः, उत स्वित् प्रामाण्यं स्वतः अप्रामाण्यं तु परत इति ।

32. શંકાકાર––શબ્દના પ્રામાણ્યની વિચારણા કરતી વખતે બધાં પ્રમાણોના પ્રામાણ્યનો વિચાર કરવાનો પ્રસંગ ક્યાં પ્રાપ્ત થાય છે ?

મીમાંસકનો ઉત્તર––બધાં પ્રમાણોના પ્રામાણ્યની પરીક્ષા સ્વતંત્રપણે નથી કરતા પરંતુ શબ્દના પ્રામાણ્યની પરીક્ષા માટે [ જરૂરી હોઇ ] તે કરીએ છીએ, કારણ કે પ્રામાણ્યનિર્ણયની રીત બધાં પ્રમાણોમાં સમાન છે. જો બીજાં પ્રમાણોનું પ્રામાણ્ય સ્વતઃ છે કે પરતઃ એ નિર્ણીત થાય તો તે જ પ્રમાણે શબ્દનું પ્રામાણ્ય પણ સ્વતઃ છે કે પરતઃ એ નિર્ણીત થશે, કારણ કે જેમ શબ્દનું સ્વરૂપ બીજાં પ્રમાણોના સ્વરૂપથી ભિન્ન છે તેમ તેનું પ્રામાણ્ય બીજાં પ્રમાણોના પ્રામાણ્યથી ભિન્ન નથી. એટલે અમે પૂછીએ છીએ કે શું જ્ઞાનોનું પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંનેય સ્વતઃ છે કે પરતઃ છે, કે અપ્રામાણ્ય સ્વતઃ પણ પ્રામાણ્ય પરતઃ છે, કે પ્રામાણ્ય સ્વતઃ પણ અપ્રામાણ્ય પરતઃ છે ?

33. तत्र द्वयमपि स्वत इति तावदसांप्रतम्, प्रवृत्तस्य विसंवाददर्शनात् । यदि हि प्रामाण्यमितरद्वा स्वत एव ज्ञानस्य गम्येत तर्हि शुक्तौ रजतज्ञानं प्रमाणतया वा प्रतिपन्नमन्यथा वा ।

प्रमाणत्वपरिच्छित्तौ विसंवदति तत्कथम् ।
अप्रामाण्यगृहीतौ वा तस्मिन् कस्मात् प्रवर्त्तते ॥

एतेन तृतीयोऽपि पक्षः प्रत्युक्तः यदप्रामाण्यं स्वतः प्रामाण्यं तु परत इति । स्वतो ह्यप्रामाण्ये निश्चिते प्रवृत्तिर्न प्राप्नोतीति । किञ्च अप्रामाण्यमुत्पत्तौ कारणदोषापेक्षम्, निश्चये च बाधकज्ञानापेक्षम् । तत्कथं स्वतो भवितुमर्हति ? यच्च 'अप्रामाण्यमवस्तुत्वान्न स्यात् करणदोषतः' [श्लो. वा. १.१.२.३९] इति कैश्चिदुच्यते तदपि यत्किञ्चत्, संशयविपर्ययात्मनः अप्रामाण्यस्य वस्तुत्वात्तद्गतमप्रामाण्यमपि वस्त्वेवेति । परतस्तु प्रामाण्यं यथा नावकल्पते तथा विस्तरेणोच्यते । एवं चायं द्वयमपि परत इति द्वितीयपक्षप्रतिक्षेपोऽपि भविष्यति ।

33. બંને સ્વતઃ છે એ મત અયોગ્ય છે, કારણ કે જ્ઞાનને આધારે પ્રવૃત્તિ કરનારની પ્રવૃત્તિ [ કેટલીક વાર ] સફળ થતી દેખાતી નથી. જો જ્ઞાનનાં પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંને સ્વતઃ જ જ્ઞાત થતા હોય તો છીપને રજતરૂપે ગ્રહણ કરનારું જ્ઞાન પ્રમાણ તરીકે ગૃહીત થાય છે કે અપ્રમાણ તરીકે ? જ્ઞાનની પ્રમાણતાનું જ્ઞાન હોય તો જ્ઞાન અર્થપ્રાપ્તિ કેમ ન કરાવે ? જ્ઞાનની અપ્રમાણતાનું જ્ઞાન હોય તો જ્ઞાતા તેવા જ્ઞાનને આધારે પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કરે ? આના દ્વારા તો અપ્રામાણ્ય સ્વતઃ પણ પ્રામાણ્ય પરતઃ એ ત્રીજો પક્ષ પણ નિરસ્ત થઈ ગયો. અપ્રામાણ્ય સ્વતઃ જ નિશ્ચિત થઈ જતાં પ્રવૃત્તિ થવી સંભવે નહિ. વળી, અપ્રામાણ્ય પોતાની ઉત્પત્તિ માટે કરણના દોષોની અપેક્ષા રાખે છે, અને તે (અપ્રામાણ્ય) પોતાનું નિશ્ચયાત્મક જ્ઞાન ઉત્પન્ન કરવા માટે બાધક જ્ઞાનની અપેક્ષા રાખે છે. તો પછી અપ્રામાણ્યનું સ્વતઃ હોવું કેવી રીતે ઘટે ? વળી, "અપ્રામાણ્ય કરણના દોષને લીધે નથી ઉત્પન્ન થતું કારણ કે અપ્રામાણ્ય અવસ્તુ છે" એમ જે કેટલાક કહે છે તે તુચ્છ છે. સંશય-વિપર્યયરૂપ અપ્રમાણ વસ્તુરૂપ હોઈ તદ્‌ગત અપ્રામાણ્ય પણ વસ્તુ જ છે. પ્રામાણ્યનું પરતઃ હોવું કેવી રીતે નથી ઘટતું એ [ પછી ] વિસ્તારથી જણાવીશું. અને આમ બંને પરતઃ છે એ બીજા પક્ષનો પણ પ્રતિક્ષેપ થઈ જાય છે.

34 अर्थतथात्वप्रकाशकं हि प्रमाणमित्युक्तम् । तस्य स्वप्रमेयाव्यभिचारित्वं नाम प्रामाण्यम् । अस्य च परापेक्षायां सत्यां परत इति कथयितुमुचितम् । न चास्य परापेक्षा कचिद्विद्यते । सा हि भवन्ती उत्पत्तौ वा स्यात् स्वकार्यकरणे वा प्रामाण्यनिश्चये वा । उत्पत्तौ कारकस्वरूपमात्रापेक्षा तदतिरिक्ततद्‌गतगुणापेक्षा वा ? कारकस्वरूपमात्रापेक्षायां सिद्धसाध्यत्वम् । असत्सु कारकेषु कार्यस्य ज्ञानस्यात्मलाभाभावात् कस्य प्रामाण्यमप्रामाण्यं वा चिन्त्यते ?

34. અર્થ જેવો હોય તેવો જ તેને જે જણાવે તે પ્રમાણ એમ કહ્યું છે. પોતાના જ્ઞેય વિષય સાથેનો તેનો અવ્યભિચાર (=સંવાદ) એ પ્રામાણ્ય છે. બીજાની અપેક્ષા એને હોય તો જ એને (=પ્રામાણ્યને) પરતઃ કહેવું ઉચિત છે અને એને બીજાની અપેક્ષા તો કંઈ છે નહિ. એને પરાપેક્ષા જો હોય તો કાં તો પોતાની ઉત્પત્તિમાં હોય કાં તો પોતાના કાર્યને ઉત્પન્ન કરવામાં હોય કાં તો પોતાના નિશ્ચયાત્મક જ્ઞાનને ઉત્પન્ન કરવામાં હોય. પોતાની ઉત્પત્તિમાં પ્રામાણ્યને કારકસ્વરૂપમાત્રની અપેક્ષા છે કે તેનાથી (=કારકથી) અતિરિક્ત તેના ગુણની અપેક્ષા છે ? જો કહો કે કારકસ્વરૂપમાત્રની અપેક્ષા છે તો સિદ્ધસાધ્યતા થશે [ કારણ કે એ જ મીમાંસકસમ્મત પ્રામાણ્યના સ્વતસ્ત્વરૂપ છે. ] કારકો જ ન હોય તો કાર્યરૂપ [ જ્ઞાન જ ઉત્પન્ન થાય નહિ અને ] જ્ઞાનના અભાવમાં કોના પ્રામાણ્ય કે અપ્રામાણ્યની ચર્ચા કરવામાં આવે ?

35, कारकातिरिक्ततदधिकरणगुणापेक्षणं तु दुर्घटम्, अप्रामाणिकत्वेन कारकगुणानामाकाशकुशेशयसदृशवपुषामपेक्षणीयत्वाभावात् ।

न कारकगुणग्राहि प्रत्यक्षमुपपद्यते ।
चक्षुरादेः परोक्षत्वात् प्रत्यक्षास्तद्‌गुणाः कथम् ॥

लिङ्गं चादृष्टसम्बन्धं न तेषामनुमापकम् ।
यथाऽर्थबुद्धिसिद्धिस्तु निर्दोषादेव कारकात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदि हि यथार्थत्वायथार्थत्वरूपद्वयरहितं किञ्चित् उपलब्ध्याख्यं कार्यं भवेत्, ततः कार्यत्रैविध्यात् कारकत्रैविध्यमवसीयेत—यथार्थोपलब्धेर्गुणवत्कारकं कारकम्, अयथार्थोपलब्धेर्दोषकलुषं कारकं कारकम्, उभयरूपरहितायास्तु तस्याः स्वरूपावस्थितमेव कारकं कारकमिति । न त्वेवमस्ति । द्विविधैव खल्वियमुपलब्धिः — यथार्थत्वायथार्थत्वभेदेन । तत्रायथार्थोपलब्धिस्तावद् दुष्टकारककार्यैव दृष्टा ।

दृष्टः कुटिलकुम्भादिसम्भवो दुष्टकारणात् ।
तथा मानान्तरमितात्तिमिरादेर्द्विचन्द्रधीः ।

अयथार्थोपलब्धौ च दुष्टकारककार्यत्वेन सिद्धायामिदानीं तृतीयकार्याभावात् यथार्थोपलब्धिः स्वरूपावस्थितेभ्य एव कारकेभ्योऽवकल्पते इति न गुणकल्पनायै प्रभवति । अनुमाने च यैव पक्षधर्मान्वयादिसामग्री ज्ञानस्य जनिका सैव प्रामाण्यकारणत्वेन दृष्टा । न च स्वरूपस्थितानि कारणानि कार्यजन्मन्युदासते एव, येन यथार्थोपलब्धिजननेन तेषां गुणसहकारिता कल्प्येतेत्यतो न सन्ति कारणगुणाः । नैर्मल्यव्यपदेशस्तु लोचनादेः काचकामलादिदोषापायनिबन्धन एव, न स्वरूपातिरिक्तगुणकृतः । अञ्जनाद्युपयोगोऽपि दोषनिर्हरणायैव, न गुणजन्मने ।

तस्मादवितथा संवित् स्वरूपस्थितहेतुजा ।
दोषाधिकैस्तु तैरेव जन्यते विपरीतधीः ॥
अत एवाप्रमाणत्वं परतोऽभ्युपगम्यते ।
जन्मन्यपेक्षते दोषान् बाधकं च स्वनिश्चये ॥

तस्मान्नोत्पत्तौ गुणापेक्षं प्रामाण्यम् ।

35. કારકથી અતિરિક્ત તેની અંદર રહેનાર ગુણની અપેક્ષા [ પ્રામાણ્યને પોતાની ઉત્પત્તિમાં છે ] એ તો ઘટી શકતું નથી. કારકગુણો અપ્રામાણિક [=કોઈ પણ પ્રમાણનો વિષય ન] હોઈ આકાશકુસુમસદૃશ છે અને તેથી કોઈને તેમની અપેક્ષા હોય એ સંભવે જ નહિ. કારકના ગુણોને ગ્રહણ કરનારું કોઈ પ્રત્યક્ષ ઘટતું નથી. ચક્ષુ વગેરે પરોક્ષ હોઈ, તેમના ગુણો પ્રત્યક્ષ કેવી રીતે હોઈ શકે ? અને જેનો વ્યાપ્તિસંબંધ અદૃષ્ટ (અગૃહીત) છે એવું લિંગ એમનું અનુમાપક ન બની શકે. યથાર્થ જ્ઞાનની ઉત્પત્તિ તો નિર્દોષ (=દોષાભાવયુક્ત) કારકથી જ થાય છે. [ અર્થાત્ જ્ઞાનના પ્રામાણ્યની ઉત્પત્તિ નિર્દોષ કારકથી જ થાય છે. ] જો યથાર્થત્વ અને અયથાર્થત્વ બંને સ્વરૂપથી રહિત ઉપલબ્ધિ (=જ્ઞાન) નામનું કોઈક કાર્ય હોય તો કાર્યના (=જ્ઞાનના) ત્રૈવિધ્યના આધારે કારકનું ત્રૈવિધ્ય અવશ્ય નિશ્ચિત

૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય, જેમ કે યથાર્થ ઉપલબ્ધિનું કારક ગુણવાળું કારક, અયથાર્થ ઉપલબ્ધિનું કારક દોષથી કલુષિત કારક, [ અયથાર્થત્વ-યથાર્થત્વ ] બંનેથી રહિત ઉપલબ્ધિનું કારક સ્વરૂપાવસ્થિત (=ગુણ-દોષરહિત) કારક. પરંતુ એવું નથી. ઉપલબ્ધિ બે પ્રકારની જ છે--યથાર્થ અને અયથાર્થ. તે બેમાં અયથાર્થ ઉપલબ્ધિ દોષયુક્ત કારકનું કાર્ય છે એ જાણીતું છે. દોષવાળા કારકને લીધે જ [ દોષયુક્ત અર્થાત્ ] કુટિલ કુંભ વગેરે કાર્યો ઉત્પન્ન થતાં દેખાય છે. તેવી જ રીતે, [ દોષનું જ્ઞાન અન્ય પ્રમાણથી થતું હોઈ, ] અન્ય પ્રમાણથી જ્ઞાત તિમિર આદિ દોષથી બે ચંદ્રનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને અયથાર્થ ઉપલબ્ધિ દોષયુક્ત કારકના કાર્યરૂપે પુરવાર થતાં તેમ જ હવે ત્રીજા પ્રકારના કાર્યનો (યથાર્થત્વ-અયથાર્થત્વથી રહિત ઉપલબ્ધિનો) અભાવ હોઈ યથાર્થોપલબ્ધિ સ્વરૂપાવસ્થિત (=ગુણ-દોષરહિત) કારકથી જ ઘટે છે, એટલે તે અર્થાત્ યથાર્થોપલબ્ધિ ગુણની કલ્પના કરાવવા શક્તિમાન નથી. વળી અનુમાનની બાબતમાં પક્ષધર્મ, અન્વય, વગેરે જે કારણસામગ્રી તે અનુમિતિજ્ઞાનની જનક છે, તે જ કારણસામગ્રી તે અનુમિતિજ્ઞાનના પ્રામાણ્યની જનક છે એ જાણીતું છે. વળી, સ્વરૂપાવસ્થિત કારણો કાર્યને ઉત્પન્ન કરવામાં ઉદાસીનતા સેવતા નથી જ જેથી કરીને યથાર્થ ઉપલબ્ધિની ઉત્પત્તિ દ્વારા કારણોમાં ગુણની કલ્પના કરવી પડે. આ પુરવાર કરે છે કે કારણમાં ગુણો હોતા નથી. આંખ વગેરેની બાબતમાં 'નિર્મળતા' શબ્દના વ્યવહારનું કારણ કાચરોગ, કમળો, વગેરે દોષોનું આંખ વગેરેમાંથી દૂરીકરણ છે અને નહિ કે આંખ વગેરેના સ્વરૂપથી અતિરિક્ત તેમનામાં રહેલા ગુણો. આંખ વગેરેની બાબતમાં અંજન વગેરેનો ઉપયોગ દોષ દૂર કરવા માટે જ છે અને નહિ કે ગુણ પેદા કરવા માટે. ઉપસંહારમાં જણાવવાનું કે યથાર્થ ઉપલબ્ધિ કેવળ સ્વરૂપાવસ્થિત અર્થાત્ ગુણદોષરહિત હેતુથી (=કારકથી) જન્ય છે, પરંતુ હેતુમાં (કારકમાં) સ્વરૂપ ઉપરાંત વધારામાં દોષ હોય તો તે હેતુ જ અયથાર્થ ઉપલબ્ધિ ઉત્પન્ન કરે છે. તેથી જ અમે મીમાંસકો અપ્રામાણ્યને પરતઃ માનીએ છીએ; તે પોતાની ઉત્પત્તિ માટે કારકગત દોષોની અપેક્ષા રાખે છે અને પોતાના નિશ્ચયાત્મક જ્ઞાનની ઉત્પત્તિને માટે તે બાધકની અપેક્ષા રાખે છે. નિષ્કર્ષ એ કે પોતાની ઉત્પત્તિ માટે પ્રામાણ્ય કારકગત ગુણની અપેક્ષા રાખતું નથી.

36. नापि स्वकार्यकरणे किञ्चिदपेक्षते, अर्थप्रकाशनस्वभावस्यैव तस्य स्वहेतोरुत्पादात् । अर्थप्रकाशनमेव च प्रमाणकार्यं, प्रवृत्त्यादेः पुरुषेच्छानिबन्धनत्वात् ।

नैव वा जायते ज्ञानं जायते वा प्रकाशकम् ।
अर्थप्रकाशने किञ्चिन्न तूत्पन्नमपेक्षते ॥

तथा चोक्तम्—

मृद्दण्डचक्रसूत्रादि घटो जन्मन्यपेक्षते ।
उदकाहरणे त्वस्य तदपेक्षा न विद्यते ॥ इति । [तत्त्वसं पृ. ७५७]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथवा—

सापेक्षत्वं घटस्यापि सलिलाहरणं प्रति ।
यत्किञ्चिदस्ति न त्वेवं प्रमाणस्योपपद्यते ॥
न च स्वग्रहणापेक्षं ज्ञानमर्थप्रकाशकम् ।
तस्मिन्ननवबुद्धेऽपि तत्सिद्धेश्चक्षुरादिवत् ॥

उक्तं च 'न ह्यज्ञातेऽर्थे कश्चिद् बुद्धिमुपलभते, ज्ञाते त्वनुमानादवगच्छति' इति [शाबरभा. १.१५]। तस्मात् स्वकार्यकरणेऽपि न स्वग्रहणापेक्षं प्रमाणम् ।

36. પોતાનું કાર્ય ઉત્પન્ન કરવા માટે પ્રમાણ કશાની અપેક્ષા રાખતું નથી, કારણ કે પોતાના કારણમાંથી તેની ઉત્પત્તિ જ્યારે થાય છે ત્યારે તે અર્થપ્રકાશનસ્વભાવવાળું જ ઉત્પન્ન થાય છે. અને અર્થને પ્રકાશિત કરવો એ જ તો પ્રમાણનું કાર્ય છે (બીજું કોઈ પ્રમાણનું કાર્ય નથી), કારણ કે પ્રવૃત્તિ વગેરે તો પુરુષની ઇચ્છાનું કાર્ય છે. કાં તો જ્ઞાન ઉત્પન્ન થતું જ નથી અને જો ઉત્પન્ન થાય છે તો અર્થપ્રકાશક જ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલું જ્ઞાન અર્થને પ્રકાશિત કરવામાં કશાની અપેક્ષા રાખતું નથી. એટલે જ કહ્યું છે કે 'માટી, દંડ, ચક્ર, દોરી વગેરેની અપેક્ષા ઘટને પોતાની ઉત્પત્તિ માટે છે પરંતુ પાણી ભરી લાવવાના પોતાના કાર્ય માટે ઘટને તેમની અપેક્ષા નથી'. અથવા, પાણી ભરી લાવવાના પોતાના કાર્ય માટે ઘટને પણ જે કંઈ (પુરુષ વગેરેની) અપેક્ષા રહે છે એવી કોઈ અપેક્ષા પ્રમાણને પોતાના કાર્ય માટે હોય એ ઘટતું નથી. વળી જ્ઞાન અર્થને પ્રકાશિત કરવા માટે સ્વગ્રહણની અપેક્ષા રાખતું નથી, [અર્થાત્ જ્યાં સુધી જ્ઞાનનું જ્ઞાન ન થયું હોય ત્યાં સુધી તે જ્ઞાન અર્થને ગ્રહણ કરી શકતું નથી, એવું નથી,] કારણ કે ચક્ષુ વગેરેની જેમ જ્ઞાન પોતે અજ્ઞાત હોય ત્યારે પણ અર્થને પ્રકાશિત કરે જ છે. કહ્યું પણ છે કે 'જ્યારે અર્થ અજ્ઞાત હોય છે ત્યારે કોઈને જ્ઞાનનું જ્ઞાન થતું નથી પરંતુ જ્યારે અર્થ જ્ઞાત થાય છે ત્યારે તો [અર્થગત જ્ઞાતતા દ્વારા] અનુમાનથી જ્ઞાનનું જ્ઞાન થાય છે.' તેથી પોતાના કાર્યની ઉત્પત્તિમાં [અર્થાત્ અર્થપ્રકાશનમાં] પણ પ્રમાણ પોતાના જ્ઞાનની અપેક્ષા રાખતું નથી.

37. नापि प्रामाण्यनिश्चये किञ्चिदपेक्षते, अपेक्षणीयाभावात् । तथा हि—अस्य कारणगुणज्ञानाद्वा प्रामाण्यनिश्चयो भवेद् बाधकाभावज्ञानाद् वा संवादाद्वा ? न तावत्कारणगुणज्ञानात्, कारणगुणानामिदानीमेव निरस्तत्वात् । अपि च न कारकगुणज्ञानमिन्द्रियकरणकम्, अतीन्द्रियकारकाधिकरणत्वेन परोक्षत्वाद् गुणानाम् । अपि तूपलब्ध्याख्यकार्यपरिशुद्धिसमधिगम्यं गुणस्वरूपमप्रवृत्तस्य च प्रमातुर्न कार्यपरिशुद्धिबुद्धिर्भवति । तन्न । इदानीं प्रामाण्यनिश्चयपूर्विका प्रवृत्तिर्भवेत्, अन्यथा वा ? अनिश्चितप्रामाण्यादेव ज्ञानात् प्रवृत्तिसिद्धौ किं पश्चात्तन्निश्चयेन प्रयोजनम् ? निश्चितप्रामाण्यात्तु प्रवृत्तौ दुरतिक्रमः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चक्रकक्रकचपातः—प्रवृत्तौ सत्यां कार्यपरिशुद्धिग्रहणं, कार्यपरिशुद्धिग्रहणात् कारणगुणावगतिः, कारणगुणावगतेः प्रामाण्यनिश्चयः, प्रामाण्यनिश्चयात् प्रवृत्तिरिति ।

**37.** જ્ઞાન પોતાના પ્રામાણ્યના નિશ્ચયજ્ઞાનની ઉત્પત્તિમાં પણ કોઈની અપેક્ષા રાખતું નથી, કારણ કે અપેક્ષણીયનો જ અસંભવ છે. તે અસંભવ આ પ્રમાણે છે—જ્ઞાનના પ્રામાણ્યના નિશ્ચયની ઉત્પત્તિ જ્ઞાનના કારણના ગુણના જ્ઞાનને લીધે થાય છે કે જ્ઞાનનું કોઈ બાધક નથી એવા જ્ઞાનને લીધે થાય છે કે [બાહ્ય અર્થ સાથે જ્ઞાનના] સંવાદને લીધે થાય છે ? જ્ઞાનના કારણના ગુણના જ્ઞાનને લીધે તો નહિ, કારણ કે કારણના ગુણોનો નિરાસ તો હમણાં જ અમે કરી ગયા. વળી, જ્ઞાનના કારણના ગુણોનું જ્ઞાન ઇન્દ્રિયરૂપ કરણ દ્વારા ન થાય કારણ કે ગુણો અતીન્દ્રિય કારકમાં રહેતા હોઈ પરોક્ષ છે. [અહીં કોઈ કહી શકે કે] ઉપલબ્ધિ (=જ્ઞાન) નામના કાર્યની યથાર્થતા ઉપરથી ઉપલબ્ધિના કારણના ગુણનું અનુમાન થાય છે; અને પ્રમાતા પ્રવૃત્તિ ન કરે તો તેને જ્ઞાનની યથાર્થતાનું જ્ઞાન થતું નથી. પરંતુ એને અમારે જણાવવું જોઈએ કે તમારી વાત બરાબર નથી. અમે તમને પૂછીએ છીએ કે જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થયા પછી તે નિશ્ચયને પરિણામે પ્રવૃત્તિ થાય છે કે અન્યથા ? જો જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થયા વિના જ જ્ઞાનને લીધે પ્રવૃત્તિ ઘટતી હોય તો પ્રવૃત્તિ પછી જ્ઞાનના પ્રામાણ્યના નિશ્ચયની જરૂર જ ક્યાં રહી ? જો જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થયા પછી તેને પરિણામે પ્રવૃત્તિ થાય છે એમ માનશો તો ચક્રકદોષનું આવી પડવું ખાળી શકાશે નહિ—પ્રવૃત્તિને પરિણામે જ્ઞાનની યથાર્થતાનું ગ્રહણ, જ્ઞાનની યથાર્થતાના ગ્રહણને કારણે જ્ઞાનના જનક કારણના ગુણનું જ્ઞાન, કારણગુણના જ્ઞાનના કારણે પ્રામાણ્યનો નિશ્ચય અને પ્રમાણ્યનિશ્ચયને લીધે પ્રવૃત્તિ.

**38.** नापि बाधकाभावपरिच्छेदात् प्रामाण्यनिश्चयः । स हि तात्कालिको वा स्यात् कालान्तरभावी वा ? तात्कालिको न पर्याप्तः प्रामाण्यपरिनिश्चये । कूटकार्षापणादौ किञ्चित्कालमनुत्पन्नबाधकेऽपि कालान्तरे तदुत्पाददर्शनात् । सर्वदा तदभावस्तु नासर्वज्ञस्य गोचरः ॥

**38.** જ્ઞાનના પ્રામાણ્યના નિશ્ચયની ઉત્પત્તિ એ જ્ઞાનનું કોઈ બાધક જ્ઞાન નથી એવા જ્ઞાનને લીધે પણ થતી નથી. બાધક જ્ઞાન નથી એવું જે જ્ઞાન પ્રામાણ્યના નિશ્ચયનું જનક છે તે કેવળ તાત્કાલિક (=વર્તમાનવિષયક) છે કે કાલાન્તરભાવી (=ભૂત-ભવિષ્યત્‌વિષયક) પણ છે ? [અર્થાત્, વર્તમાનમાં તેનું બાધક જ્ઞાન નથી એ જ્ઞાન પ્રામાણ્યના નિશ્ચયનું જનક છે કે ત્રણેય કાળમાં તેનું બાધક જ્ઞાન નથી એ જ્ઞાન પ્રામાણ્યના નિશ્ચયનું જનક છે ?] બાધક જ્ઞાન નથી એવું જે તાત્કાલિક (=વર્તમાનવિષયક) જ્ઞાન છે તે જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય જન્માવવામાં પર્યાપ્ત નથી કારણ કે ખોટા સિક્કા વગેરેની બાબતમાં કેટલોક વખત બાધક જ્ઞાન જન્મતું ન હોવા છતાં કાલાન્તરે (=ભવિષ્યમાં) તો તેની ઉત્પત્તિ થતી જણાય છે. [અમુક જ્ઞાનનું] બાધક જ્ઞાન સર્વદા નથી એવું જ્ઞાન તો અસર્વજ્ઞને થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

39. अथ संवादात् प्रामाण्यनिश्चय उच्यते तद्ब्रुच्यतां कोऽयं संवादो नाम ? किमुत्तरं तद्विषयं ज्ञानमात्रम्, उतार्थान्तरज्ञानम्, आहो स्विदर्थक्रियाज्ञानमिति ? आद्ये पक्षे कः पूर्वोत्तरज्ञानयोर्विशेषो, यदुत्तरज्ञानसम्वादात् पूर्वं पूर्वं ज्ञानं प्रामाण्यमश्नुवीत ।

अपि चोत्तरसंवादात्पूर्वपूर्वप्रमाणताम् ।
वदन्तो नाधिगच्छेयुरन्तं युगशतैरपि ॥
सुदूरमपि गत्वा तु प्रामाण्यं यदि कस्यचित् ।
स्वत एवाभिधीयेत को द्वेषः प्रथमं प्रति ॥

यदाह—

कस्यचित्तु यदीष्येत स्वत एव प्रमाणता ।
प्रथमस्य तथाभावे विद्वेषः किंनिबन्धनः ॥ इति [ श्लो. वा. चोद. ७६ ]

39. હવે જો સંવાદ દ્વારા પ્રામાણ્યનો નિશ્ચય થાય છે એમ કહેતા હો તો કહો કે આ સંવાદ શું છે ? સંવાદ એ શું ઉત્તરકાળે તે જ વિષયનું જ્ઞાન છે કે અન્ય વિષયનું જ્ઞાન છે કે પછી અર્થક્રિયાજ્ઞાન છે ? પ્રથમ પક્ષ સ્વીકારતાં પ્રશ્ન ઉદ્ભવે કે પ્રથમ જ્ઞાનથી પછીના જ્ઞાનમાં વિશેષતા શી છે કે જેથી પછીના જ્ઞાન સાથેના સંવાદને લીધે પ્રથમ જ્ઞાન પ્રામાણ્ય પ્રાપ્ત કરે ? વળી, પછી પછીના જ્ઞાન સાથે પૂર્વ પૂર્વના જ્ઞાનના સંવાદને લીધે પૂર્વ પૂર્વનું જ્ઞાન પ્રમાણ બને છે એમ કહેનારાઓ સેંકડો યુગોએ પણ [ પ્રસ્તુત જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરવાની પ્રક્રિયાના ] અંતે પહોંચશે નહિ. ઘણે દૂર ગયા પછી પણ જો કોઈક જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ જ છે એમ કહેવું પડતું હોય તો પછી પ્રથમ જ્ઞાન પ્રતિ દ્વેષ શા માટે ધરાવો છો ? [ પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યને પણ સ્વતઃ જ માનોને. ] કહ્યું પણ છે કે 'કોઈક જ્ઞાનનું પ્રામાણ્ય જો સ્વતઃ ઇચ્છતા હો તો પછી પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યના સ્વતઃ હોવામાં વિદ્વેષ રાખવાનું કારણ શું છે ?'

40. अथान्यविषयज्ञानमप्यस्य संवाद उच्यते, तदयुक्तम्, अदर्शनात् । न हि स्तम्भज्ञानं कुम्भज्ञानस्य संवादः ।

40. જો અન્ય વિષયના જ્ઞાનને અન્ય વિષયના જ્ઞાનનો સંવાદ ગણતા હો તો એ બરાબર નથી કારણ કે આવું ક્યાંય દેખ્યું નથી. સ્તંભજ્ઞાન એ કુંભજ્ઞાનનો સંવાદ નથી. [ અર્થાત્ સ્તંભજ્ઞાન સાથે કુંભજ્ઞાનનો સંવાદ નથી. જેમના વિષયો ભિન્ન હોય એવા જ્ઞાનો વચ્ચે સંવાદ ન સંભવે. ]

41. अथार्थक्रियाज्ञानसंवादात् प्रथमस्य प्रवर्त्तकस्य ज्ञानस्य प्रामाण्यमिष्यते, तदपि ह्यनवसितप्रामाण्यं कथमादिमस्य प्रामाण्यमवगमयेत ? कश्चार्थक्रियाज्ञानस्य पूर्वस्माद्विशेषो यदेतदायत्तस्तस्य प्रामाण्याधिगमः ? अर्थक्रियाज्ञानत्वमेव विशेष इति चेत्, किल सलिल-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानमाद्यमविद्यमानेऽपि पयसि पूषदीधितिषु प्रवर्तकं दृष्टमिति न भवति विस्रम्भभूमिः। इदं पुनरर्थक्रियासंवेदनमम्बुमध्यवर्त्तिनः पानावगाहनादिविषयमुदेतीत्यनवधारितव्यभिचारितया तत्प्रामाण्यनिश्चयाय कल्पते इति। तदसत्, स्वप्ने पानावगाहनस्यापि व्यभिचारोपलब्धेः। किञ्च चरमधातुविसर्गोऽपि स्वप्ने सीमन्तिनीमन्तरेण भवतीति महानेष व्यभिचारः। अथ रागोद्रेकनिमित्तत्वेन पित्तादिधातुविकृतिनिबन्धनत्वेन वा तद्विसर्गस्य न स्वसाधनव्यभिचार इत्युच्यते, तदसमञ्जसम्, असकृदनुभूतयुवतिपरिरम्भाद्यन्वयव्यतिरेकानुविधायित्वेन तत्कार्यत्वावधारणात्।

तस्मादर्थक्रियाज्ञानव्यभिचारावधारणात्।
तत्प्रामाण्यपरीक्षायामनवस्था न शाम्यति॥
अथवाऽऽप्तफलत्वेन किं तत्प्रामाण्यचिन्तया।
प्रथमेऽपि प्रवृत्तत्वात् किं तत्प्रामाण्यचिन्तया?॥

41. જો અર્થક્રિયાજ્ઞાન સાથેના સંવાદને કારણે પ્રથમ પ્રવર્તક જ્ઞાનનું પ્રામાણ્ય ઇચ્છતા હો તો [એ પ્રશ્ન ઊભો થાય કે] જેના પોતાના પ્રામાણ્યનો નિશ્ચય થયો નથી એ અર્થક્રિયાજ્ઞાન પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય કેવી રીતે કરાવે? વળી, પ્રથન જ્ઞાનથી અર્થક્રિયાજ્ઞાનની વિશેષતા શી છે કે જેથી એને આધારે પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યનું જ્ઞાન ઉત્પન્ન થાય છે? અર્થક્રિયાજ્ઞાનત્વ જ એની વિશેષતા છે એમ જો કહો તો—અર્થાત્ કેટલીય વાર પાણી ન હોય ત્યારે થતું પ્રથમ જલજ્ઞાન સૂર્યકિરણોમાં પ્રવર્તક બનતું દેખાય છે એટલે તેના ઉપર વિશ્વાસ મૂકી ન શકાય, જ્યારે આ અર્થક્રિયાજ્ઞાન તો છે પાણીમાં પડેલા માણસને પાન, સ્નાન, વગેરે વિશેનું જે જ્ઞાન થાય છે તે, પરિણામે આ અર્થક્રિયાજ્ઞાન નિશ્ચિતપણે વ્યભિચારરહિત હોવાને કારણે પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય કરાવવા સમર્થ છે એમ જો કહો તો—તે ખોટું છે કારણ કે સ્વપ્નમાં પણ પાન, સ્નાનનું જે અર્થક્રિયાજ્ઞાન થાય છે તેમાંય વ્યભિચાર સંભવે છે. વળી, સુંદરી વિના સ્વપ્નમાં વીર્યપાત થાય છે એ હકીકત પણ અર્થક્રિયાજ્ઞાનમાં મોટો વ્યભિચારદોષ સંભવે છે એનો નિર્દેશ કરે છે. જો કહો કે અત્યંત કામરાગને લીધે કે પિત્ત વગેરે ધાતુની વિકૃતિને લીધે વીર્યોત્સર્ગ થતો હોઈ, [સ્વપ્નમાં] વીર્યોત્સર્ગ પોતાના હેતુ વિના થતો નથી [અર્થાત સ્વપ્નમાં થતું વીર્યોત્સર્ગનું અર્થક્રિયાજ્ઞાન વ્યભિચારી નથી] તો એ બરાબર નથી કારણ કે અનેક વાર અનુભવેલા યુવતી સાથેના આશ્લેષ વગેરેની સાથે વીર્યોત્સર્ગનો અન્વય-વ્યતિરેક હોઈને વીર્યોત્સર્ગ તેનું કાર્ય છે એવો નિશ્ચય [આપણને સૌને] છે. તેથી, અર્થક્રિયાજ્ઞાનમાં પણ વ્યભિચારદોષ આવતો નિશ્ચિતપણે જાણ્યો હોઈ, તેના પ્રામાણ્યની પરીક્ષા પણ કરવી જોઈએ અને તેના પ્રામાણ્યની પરીક્ષા કરવા જતાં અનવસ્થાદોષ દૂર થતો નથી. [અર્થાત્ જે અનવસ્થાદોષ સંવાદના પ્રથમ વિકલ્પની ચર્ચા વખતે દર્શાવ્યો હતો તે અનવસ્થાદોષ એમનો એમ રહેશે, દૂર નહિ થાય.] અર્થક્રિયાની (=પાન, સ્નાન, વગેરે ફળની) પ્રાપ્તિ પછી અર્થક્રિયાજ્ઞાનના પ્રામાણ્યની વિચારણાની શી જરૂર છે? [—આવો પ્રશ્ન જો પૂછશો તો અમે સામે પૂછીશું કે] પ્રથમ જ્ઞાન પણ પ્રવર્તક બનતું હોઈ [પ્રવૃત્તિ પછી] તેના પ્રામાણ્યનો વિચાર કરવાની શી જરૂર છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

42. न चेदमर्थक्रियाज्ञानमप्रवृत्तस्य पुंसः समुद्भवति । तत्र प्रामाण्यावधारणपूर्विकायां प्रवृत्तौ कारणगुणनिश्चेयप्रामाण्यचर्चाबद्धचक्रकक्रकचचोद्यप्रसङ्गस्तदवस्थ एव । अनिश्चितप्रामाण्यस्य तु प्रवृत्तौ पश्चात्तन्निर्णयो भवन्नपि कृतक्षौरस्य नक्षत्रपरीक्षावदफल एवेत्युक्तम् ।

42. વળી, આ અર્થક્રિયાજ્ઞાન જેણે [પ્રથમ જ્ઞાનને આધારે] પ્રવૃત્તિ કરી નથી એવા પુરુષને થતું નથી. પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યના અવધારણને કારણે પ્રવૃત્તિ માનતાં પ્રથમ જ્ઞાનના કારણના ગુણ દ્વારા તે પ્રથમ જ્ઞાનના પ્રમાણ્યનો નિશ્ચય થાય છે એ મતની ચર્ચા જે ચક્રકદોષથી ઘેરાયેલી છે તે ચક્રકદોષની આપત્તિ એમ ને એમ જ રહેશે—દૂર થશે નહિ. જો અનિશ્ચિત પ્રામાણ્યવાળા પ્રથમ જ્ઞાનથી પ્રવૃત્તિ માનશો તો [પ્રવૃત્તિ] પછીથી તેના પ્રામાણ્યનો નિર્ણય થાય તો પણ તે મુંડનક્રિયા કરાવ્યા પછી નક્ષત્ર જોવા જેવો નિષ્પ્રયોજન જ ગણાય એમ વિદ્વાનો કહે છે.

43. तत्रैतत्स्याद् द्विविधा हि प्रवृत्तिः—आद्या चाभ्यासिकी च । तत्राद्या यथा—विनिहितसलिलावसिक्तमसृणमृदि शरावे शाल्यादिबीजशक्तिपरीक्षणाय कतिपयबीजकणावापरूपा । ततस्तत्र तेषामङ्कुरकरणकौशलमविकलमवलोकयन्तः कीनाशा निःशङ्कं केदारेषु तानि बीजान्यावपन्तीति सेयमाभ्यासिकी प्रवृत्तिः । एवमिहापि प्रथमापरीक्षितप्रमाणभावादेव ज्ञानात्कुतश्चित्कश्चिद्विपश्चिदपि व्यवहरंस्तद्व्यवहारपरस्तत्तत्फलज्ञाने तस्य प्रामाण्यमवगच्छन् पुनस्तथाविधे जाते सति सुखमेव प्रवृत्त्यादिकं व्यवहारमशङ्कितकालुष्यः करिष्यतीति न सर्वात्मना वैयर्थ्यमिति ।

43. નૈયાયિક—આનું નિરાકરણ આમ છે. પ્રવૃત્તિ બે પ્રકારની છે—આદ્ય પ્રવૃત્તિ અને અભ્યસ્ત પ્રવૃત્તિ. એમાં આદ્ય પ્રવૃત્તિનું દૃષ્ટાંત આ છે—શાલિબીજોની શક્તિની પરીક્ષા કરવા માટે [ઢગલો શાલિબીજોમાંથી] કેટલાંક શાલિબીજોને પાણી સિંચેલ મૃદુ માટી ભરેલા શકોરામાં વાવવારૂપ પ્રવૃત્તિ. ત્યાર બાદ તે કેટલાક બીજોના અંકુરણનું કૌશલ ધ્યાનપૂર્વક જોયા પછી ખેડૂતો દ્વારા નિઃશંકપણે થતી બધાં જ શાલિબીજોને કયારાઓમાં વાવવારૂપ પ્રવૃત્તિ એ આભ્યાસિકી યા અભ્યસ્ત પ્રવૃત્તિ છે. એ જ રીતે અહીં પણ કોઈક વિચારશીલ વ્યક્તિ અપરીક્ષિત પ્રામાણ્યવાળા જ્ઞાનના આધારે પ્રવૃત્તિ કરી, પ્રવૃત્તિ પછી પ્રવૃત્તિના ફળના જ્ઞાનમાં [=અર્થક્રિયાજ્ઞાનમાં] પ્રથમ જ્ઞાનનું પ્રામાણ્ય છે એમ જાણે છે. પછી એવું જ્ઞાન જ્યારે જ્યારે એને થાય છે ત્યારે એ પ્રવૃત્તિ વગેરે વ્યવહાર અપ્રામાણ્યદોષની શંકા રાખ્યા વિના સહેલાઈથી કરે છે; એટલે પ્રવૃત્તિ પછી જ્ઞાનના પ્રામાણ્યનો નિર્ણય સર્વથા વ્યર્થ નથી.

44. उच्यते विषमोऽयं दृष्टान्तः —

तज्जातीयतया बीजं शक्यते यदि वेदितुम् ।
तत्र तन्निश्चयाद्युक्तं निर्विशङ्कं प्रवर्त्तनम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञाने तथाविधत्वं तु बोधरूपाविशेषतः ।
कार्याद्वा कारणाद्वाऽपि ज्ञातव्यं न स्वरूपतः ॥ इति ।
कारणानां परोक्षत्वान्न तद्द्वारा तदा गतिः ।
कार्यं तु नाप्रवृत्तस्य भवतीत्युपवर्णितम् ॥
तस्माद्वैयर्थ्यचोद्यस्य नायं परिहृतिक्रमः ।
एवं चार्थक्रियाज्ञानात्कीदृक् प्रामाण्यनिश्चयः ॥

**44.** મીમાંસકો—આનો ઉત્તર અમે આપીએ છીએ. આ દૃષ્ટાન્ત વિષમ છે અર્થાત્ બંધ બેસતું નથી. તે જાતિરૂપે બીજને જાણવું જો શકય છે તો તેનો તે જાતિરૂપે નિશ્ચય થતાં બાકીનાં બધાં બીજોને વાવવારૂપ પ્રવૃત્તિ નિઃશંકપણે થાય એ યોગ્ય જ છે. જ્ઞાનની બાબતમાં તો બધાં જ્ઞાનો જ્ઞાનરૂપ સમાનપણે હોવાને કારણે જ્ઞાનનું પ્રામાણ્ય તે જ્ઞાનના કાર્ય કે કારણ દ્વારા જાણવું જોઈએ, સ્વરૂપતઃ નહિ. જ્ઞાનનાં કારણો પરોક્ષ હોઈ કારણો દ્વારા જ્ઞાનના પ્રામાણ્યનું જ્ઞાન થાય નહિ અને જ્ઞાનનું કાર્ય તો પ્રવૃત્તિ વિના બને નહિ એ અમે જણાવી ગયા છીએ. તેથી, પ્રવૃત્તિ પછી જ્ઞાનના પ્રામાણ્યનો નિર્ણય સર્વથા વ્યર્થ છે એ આપત્તિ દૂર કરવાની આ રીત નથી. અને અર્થક્રિયાના જ્ઞાન દ્વારા પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય વળી કેવો ?

**45.** समर्थकारणज्ञानाद्योऽपि प्रामाण्यनिश्चयम् ।
ब्रूते सोऽपि कृतोद्वाहस्तत्र लग्नं परीक्षते ॥

किलातिविकसितकुसुममकरन्दपानमुदितमधुकरकुले कस्मिंश्चिदुद्याने वाद्यमानायां वीणायां निरन्तरलतासन्तानान्तरितवपुषि विदूरादनवलोक्यमाने वादके वीणाध्वनिसंविदि रोलम्बनादसंदेहदूषितायां तदभिमुखमेव प्रतिष्ठमानः श्रोता परिवादके दर्शनपथमवतीर्णे स्वरानुकूलकारणनिश्चयात् तत्प्रतीतौ संशयनिवृत्तेः प्रामाण्यं निश्चिनोतीत्येष समर्थकारणज्ञानकृतः प्रामाण्यनिश्चयः ।

**45.** જ્ઞાનનું પ્રામાણ્ય જ્ઞાનના જનક સમર્થ કારણના જ્ઞાન દ્વારા નિશ્ચિતપણે જાણી શકાય છે એમ જે કહે છે તે પણ વિવાહ કર્યા પછી ગ્રહલગ્નની પરીક્ષા કરવા જેવું કરે છે. [ આ મતવાદીઓ પોતાનો મત આ પ્રમાણે દૃષ્ટાન્તથી સમજાવે છે. ] પૂર્ણ ખીલેલાં ફૂલોનો રસ ચૂસવાને પરિણામે આનંદિત થયેલા ભમરાઓ કોઈક બાગમાં ગુંજન કરે છે. તે જ વખતે તે બાગમાં ગાઢ લતાઓમાં છૂપાયેલો વાદક વીણા વગાડી રહ્યો છે. તે દૂરથી દેખી શકાતો નથી. તે વખતે દૂરથી કોઈ શ્રોતાને વીણાધ્વનિના જ્ઞાનની બાબતમાં સંદેહ જાગે છે કે શું આ ભમરાઓનું ગુંજન તો નહિ હોય ! આ સંદેહથી પ્રેરાયેલો એ પેલા ધ્વનિની દિશામાં ચાલવા માંડે છે. [ નજીક પહોંચતાં ] એ વાદકને દેખે છે. વીણાના ધ્વનિના અનુકૂળ યા સમર્થ કારણનો (=વાદકનો) નિશ્ચય થતાં વીણાધ્વનિની બાબતમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનો જે સંશય હતો તે દૂર થાય છે અને વીણાધ્વનિના જ્ઞાનના પ્રામાણ્યનું નિશ્ચયાત્મક જ્ઞાન તેને થાય છે. સમર્થ કારણના જ્ઞાન દ્વારા જ્ઞાનના પ્રામાણ્યના નિશ્ચયનું આ દૃષ્ટાન્ત છે.

46. तत्रापि नाप्रवृत्तस्य हेतुसामर्थ्यदर्शनम् ।
एवमेव प्रवृत्तौ तु निश्चितेनापि तेन किम् ॥
तन्निश्चयात्प्रवृत्तौ वा पुनरन्योन्यसंश्रयम् ।
तन्निश्चयात्प्रवृत्तिः स्यात्प्रवृत्तेस्तद्विनिश्चयः ॥

**46.** આ મતની બાબતમાં પણ પ્રવૃત્તિ કર્યા વિના કારણના સામર્થ્યનું પ્રત્યક્ષ થતું નથી. એમ જ જો પ્રવૃત્તિ થતી હોય તો (અર્થાત્ પ્રામાણ્યના નિશ્ચય વિના જ જો પ્રવૃત્તિ થતી હોય તો) પ્રામાણ્યનો નિશ્ચય કરવાની શી જરૂર ? પ્રામાણ્યનો નિશ્ચય થવાને પરિણામે પ્રવૃત્તિ થાય છે એમ માનતાં તો અન્યોન્યાશ્રયદોષ આવે—પ્રામાણ્યના નિશ્ચયને કારણે પ્રવૃત્તિ થાય અને પ્રવૃત્તિના કારણે પ્રામાણ્યનો નિશ્ચય થાય.

47. तदेवं न कुतश्चिदपि प्रामाण्यनिश्चयः चक्रकेतरेतराश्रयानवस्थावैयर्थ्यादिदूषणातीतस्थितिरस्तीति, अतः प्रामाण्यनिश्चयेऽपि न किञ्चिदपेक्षते प्रमाणम्, ततश्चोत्पत्तौ स्वकार्यकरणे स्वप्रामाण्यनिश्चये च निरपेक्षत्वादपेक्षात्रयरहितत्वात् स्वतःप्रामाण्यमिति सिद्धम् । तदुक्तम्—

स्वतः सर्वप्रमाणानां प्रामाण्यमिति गृह्यताम् ।
न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्यते ॥ [ श्लो. वा. चोद. ४७ ]

अप्रामाण्यं तूत्पत्तौ दोषापेक्षत्वात् स्वनिश्चये बाधकप्रत्ययादिसापेक्षत्वात् उभयत्रापि परत इत्युक्तमेव । तस्मात् पक्षत्रयस्यानुपपत्तेश्चतुर्थ एवायं पक्षः श्रेयान्—प्रामाण्यं स्वतः, अप्रामाण्यं परत इति ।

**47.** ઉપસંહારમાં જણાવવાનું કે પ્રામાણ્યનો નિશ્ચય (સ્વતઃ નહિ પણ) બીજા કશા દ્વારા માનતાં એ પ્રમાણ્યનિશ્ચય ચક્રકદોષ, ઇતિરતરાશ્રયદોષ, અનવસ્થાદોષ, વૈયર્થ્યદોષ વગેરે દોષોથી રહિત બનતો નથી; તેથી માનવું જોઈએ કે પોતાના પ્રામાણ્યના નિશ્ચય માટે પ્રમાણ બીજા કશાની અપેક્ષા રાખતું નથી. પોતાના પ્રામાણ્યની ઉત્પત્તિમાં, પોતાના કાર્યને ઉત્પન્ન કરવામાં કે પોતાના પ્રામાણ્યના નિશ્ચમમાં પ્રમાણ કશાની અપેક્ષા રાખતું ન હોઈ, પ્રમાણ ત્રણેય અપેક્ષાઓથી રહિત છે અને એટલે પ્રમાણનું પ્રામાણ્ય સ્વતઃ છે એ સિદ્ધ થાય છે. એટલે જ કહ્યું છે કે 'બધાં પ્રમાણોનું પ્રામાણ્ય સ્વતઃ છે એમ માનો, કારણ કે જેનામાં શક્તિ સ્વતઃ ન હોય તેનામાં તે શક્તિ બીજું કોઈ ઉત્પન્ન કરવા સમર્થ નથી.' અપ્રામાણ્ય તો ઉત્પત્તિમાં દોષોની અપેક્ષા રાખતું હોઈ અને પોતાના નિશ્ચયમાં બાધક જ્ઞાન વગેરેની અપેક્ષા રાખતું હોઈ બંનેય રીતે પરતઃ છે એમ દૃઢતાથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવામાં આવ્યું છે. તેથી ત્રણ પક્ષો ઘટતાં ન હોઈ, આ ચોથો પક્ષ જ સૌથી સારો છે— પ્રામાણ્ય સ્વતઃ છે અને અપ્રામાણ્ય પરતઃ છે.

48. ननु चोत्पत्तिवेलायां न विशेषोऽवधार्यते ।
प्रमाणेतरयोस्तेन बलाद्भवति संशयः ।।

परिच्छित्तिमात्रं प्रमाणकार्यम् । तच्च यथार्थेतरप्रमितिसाधारणं रूपम् । साधारणधर्मग्रहणं च संशयकारणमिति प्रसिद्धः पन्थाः । एवं च स्थिते——

प्रमाणान्तरसंवादविसंवादौ विना कथम् ।
प्रमाणेतरनिर्णीतिः अतश्च परतो द्वयम् ।।

48. નૈયાયિક શંકા કરે છે—પ્રમાણ અને અપ્રમાણની ઉત્પત્તિ વખતે એમનો વિશેષ ધર્મ [પ્રામાણ્ય કે અપ્રામાણ્ય] નિશ્ચિતપણે જ્ઞાત થતો નથી. તેથી સંશય જન્મે જ છે [કે આ જ્ઞાન] પ્રમાણ હશે કે અપ્રમાણ. પ્રમાણનું કાર્ય જ્ઞેયપરિચ્છિત્તિમાત્ર (=વિષયગ્રહણમાત્ર=વિષયજ્ઞાનમાત્ર) છે. તે જ્ઞાનરૂપતા તો યથાર્થ (=પ્રમાણ) અને અયથાર્થ (=અપ્રમાણ) જ્ઞાનોનું સાધારણ રૂપ (=ધર્મ) છે અને સાધારણ ધર્મનું ગ્રહણ સંશયનું કારણ છે એ સર્વસ્વીકૃત બાબત છે. અને જો આમ છે, તો બીજા પ્રમાણ સાથેના સંવાદ કે વિસંવાદ વિના પ્રસ્તુત જ્ઞાનના પ્રમાણ કે અપ્રમાણ હોવાનો નિર્ણય કેમ થાય ? તેથી પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંને પરતઃ છે.

49. तदेतदचतुरस्रम् । सत्यं परिच्छित्तिरेव प्रमाणकार्यम् । सा पुनरुपजायमानैव न संदेहादिदूषिततनुरुपलभ्यते इत्यौत्सर्गिकं प्रामाण्यमेव सा भजते । अर्थपरिच्छेदाच्च प्रवर्त्तमानः प्रमाता प्रमाणेनैव प्रवर्त्तितो भवति न संशयात्प्रवृत्तः । स्थिते चैवमौत्सर्गिके प्रामाण्ये यत्र तस्यापवादः क्वचिद्भवति तत्राप्रामाण्यम् । अप्रामाण्ये चावश्यंभावी अपवादः। द्विविध एवापवादः – बाधकप्रत्ययः कारणदोषज्ञानं च । तदुक्तं भाष्यकृता 'यत्र च दुष्टं कारणं, यत्र च मिथ्येति प्रत्ययः, स एवासमीचीनः प्रत्ययः; नान्यः' इति [ शाबरभा. १.१.५] । वार्त्तिककारोऽप्याह——

तस्माद्बोधात्मकत्वेन प्राप्ता बुद्धेः प्रमाणता ।
अर्थान्यथात्वहेतूत्थदोषज्ञानादपोद्यते ।। इति [ श्लो. वा. चोद. ५३ ]

तत्र बाधकज्ञानं पूर्वज्ञानोपमर्दद्वारेणैव तस्मिन्विषये जायते इति समानविषयत्वात् स्पष्टमेवं बाधकम् । कारणदोषज्ञानं तु भिन्नविषयमपि कार्यैक्याद्बाधकतां प्रतिपद्यते, यथा 'चमसेनापः प्रणयन्ति' इति दर्शपूर्णमासाङ्गत्वात् क्रत्वर्थश्चमसः । 'गोदोहनेन पशुकामस्य प्रणयेत्' इति काम्यमानपशुनिर्देशात् पुरुषार्थो गोदोहनमित्येवं क्रत्वर्थपुरुषार्थतया भिन्न-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विषयत्वेऽपि चमसगोदोहनयोः प्रणयनाख्यकार्यमेकमिति गोदोहनेन निर्वृत्ते तस्मिंश्चमसो निवर्त्तते । एवमिह कारणदोषज्ञानं दोषविषयमपि दोषाणामयथार्थज्ञानजननस्वभावत्वात्तस्य ज्ञानस्य प्रामाण्यं बाधते । तदुक्तम्—

> दुष्टकारणबोधे तु जातेऽपि विषयान्तरे ।
> अर्थात्तुल्यार्थतां प्राप्य बाधो गोदोहनादिवत् ॥ इति [श्लो. वा. चोद.५८]

यत्र पुनरिदमपवादद्वयमपि न दृश्यते तत्र तदौत्सर्गिकं प्रामाण्यमनपोदितमास्ते इति न मिथ्यात्वाशङ्कायां निमित्तं किञ्चित् ।

**49.** મીમાંસકનો ઉત્તર—આ બરાબર નથી. એ સાચું કે વિષયનું જ્ઞાનમાત્ર જ પ્રમાણનું કાર્ય છે. તે જ્ઞાનમાત્ર ઉત્પન્ન થતાં જ સંદેહ વગેરેથી દૂષિત હોય એમ દેખાતું નથી. એટલે તે નિયમથી જ પ્રામાણ્યધર્મ ધરાવે છે. તે જ્ઞાનમાત્રને લીધે પ્રવૃત્ત થનારો પ્રમાતા પ્રમાણ દ્વારા જ પ્રવૃત્ત થાય છે, સંશય દ્વારા પ્રવૃત્ત થતો નથી. આમ જ્ઞાનમાત્રનું નિયમથી પ્રામાણ્ય પ્રસ્થાપિત થયું હોઈ જ્યાં એ નિયમમાં ક્યારેક અપવાદ ઊભો થાય ત્યાં તે જ્ઞાનનું અપ્રામાણ્ય છે [એમ જાણવું.] અપ્રામાણ્ય હોય ત્યારે અપવાદ અવશ્ય ઊભો થાય છે. અપવાદ બે પ્રકારનો છે—બાધક જ્ઞાન અને કારણદોષજ્ઞાન. તેથી જ શાબરભાષ્યના કર્તાએ કહ્યું છે કે જે જ્ઞાનનું કરણ દૂષિત હોય કે જે જ્ઞાનની બાબતમાં '[આ જ્ઞાન] મિથ્યા છે' એવું જ્ઞાન થતું હોય તે જ જ્ઞાન અપ્રમાણ છે, બીજું નહિ. વાર્તિકકાર કુમારિલે પણ કહ્યું છે કે 'તેથી બોધાત્મક હોવા માત્રથી જ જ્ઞાનને પ્રાપ્ત થયેલી પ્રમાણતા, વિષય અન્યથા છે એવા જ્ઞાનને કારણે કે કરણદોષજ્ઞાનને કારણે [પછીથી] દૂર થાય છે.' બાધક જ્ઞાન પહેલા જ્ઞાનનું ઉપમર્દન કરીને જ તે વિષયમાં જન્મે છે એટલે તેમનો વિષય સમાન હોઈ તે સ્પષ્ટપણે જ બાધક છે પરંતુ કરણદોષજ્ઞાનનો વિષય [બાધ્ય જ્ઞાનના વિષયથી] ભિન્ન હોવા છતાં કાર્યૈક્યને લીધે કરણદોષજ્ઞાન તેનું બાધક બને છે. ઉદાહરણાર્થ, 'ચમચા વડે પાણી લઈ જાય.' અહીં દર્શપૂર્ણમાસયજ્ઞના અંગભૂત હોઈ, ચમચો ક્રત્વર્થ છે. 'જે પશુકામ હોય તે ગાયને દોહવા માટે વપરાતા પાત્ર વડે [गोदोहनेन] પાણી લઈ જાય.' અહીં કામ્યમાન પશુનો નિર્દેશ હોઈ, ગાયને દોહવા માટે વપરાતું પાત્ર [ક્રત્વર્થ નથી પણ] પુરુષાર્થ છે. આમ ક્રત્વર્થ અને પુરુષાર્થરૂપે તે બંનેના વિષયો ભિન્ન હોવા છતાં ચમચા અને ગોદોહનપાત્રનું કાર્ય એક હોઈ ગોદોહનપાત્રથી કાર્ય પાર પડતાં ચમચો તે કાર્ય કરવામાંથી અટકે છે. એ જ પ્રમાણે કરણદોષજ્ઞાનનો વિષય દોષ હોવા છતાં દોષોનો સ્વભાવ અયથાર્થ જ્ઞાન ઉત્પન્ન કરવાનો હોઈ, કરણદોષજ્ઞાન પેલા જ્ઞાનના પ્રામણ્યનું બાધક બને છે. તેથી કહ્યું છે કે 'દૂષિત કારણનું જ્ઞાન અન્ય વિષયમાં ઉત્પન્ન થયું હોવા છતાં પરંપરાથી તુલ્યવિષયતા પામીને ગોદોહન વગેરેની જેમ બાધક બને છે.' ['મારી આંખ દોષવાળી છે' એવું જ્ઞાન કરણદોષજ્ઞાન છે. આમ કરણદોષજ્ઞાનનો વિષય દોષ છે. દોષો અયથાર્થ જ્ઞાન જન્માવે છે. એટલે આંખ દ્વિચંદ્રને દેખતી હોય તો દ્વિચંદ્ર વિષય અયથાર્થ છે એવું ભાન આપણને કરણદોષજ્ઞાન કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિચંદ્રજ્ઞાન તો પોતાનો વિષય યથાર્થ છે એવું જણાવે છે. પરંતુ એકનો એક વિષય યથાર્થ પણ હોય અને અયથાર્થ પણ હોય એ સંભવે નહિ. એટલે આમ પરંપરાથી ( = अर्थात्) દ્વિચંદ્રજ્ઞાનનો બાધ થાય છે.] જ્યાં આ બે અપવાદ ન જણાય ત્યાં નિયમથી રહેલું પ્રામાણ્ય દૂર થયા વિના એમ ને એમ રહે છે, એટલે એની બાબતમાં અપ્રામાણ્યની શંકાનું કોઈ નિમિત્ત નથી.

50. यदाह—दोषज्ञाने त्वनुत्पन्ने नाशङ्क्या निष्प्रमाणता इति [श्लो. वा. चोद. ६०] । तथा हि—

कश्चिदुत्पन्न एवेह स्वसंवेद्योऽस्ति संशयः ।
स्थाणुर्वा पुरुषो वेति को नामापह्नुवीत तम् ॥
हठादुत्पद्यमानस्तु हिनस्ति सकलाः क्रियाः ।
स्वभार्यापरिरम्भेऽपि भवेन्मातरि संशयः ॥
विनाशी संशयात्मेति पाराशर्योऽप्यभाषत ।
नायं लोकोऽस्ति कौन्तेय ! न परः संशयात्मनः ॥ इति । तत्त्वसं. पृ. ७६०

यत्रापि क्वचिद्बाधकप्रत्यये संशयो जायते तत्रापि तृतीयज्ञानापेक्षणान्नानवस्था । न च तावता स्वतःप्रामाण्यहानिः । यत्र प्रथमविज्ञानसंवादि तृतीयज्ञानमुत्पद्यते तत्र प्रथमस्य प्रामाण्यमौत्सर्गिकं स्थितमेव । द्वितीयविज्ञानारोपितालीककालुष्यशङ्कानिराकरणं त्वस्य तृतीयेन क्रियते, न त्वस्य संवादात् प्रामाण्यम् । यदि तु द्वितीयज्ञानसंवादि तृतीयं ज्ञानं तदा प्रथमस्याप्रामाण्यम् । तच्च परत इष्टमेव । द्वितीयस्य तु ज्ञानस्य न तृतीयसंवादकृतं प्रामाण्यम्, अपि तु सङ्कल्प्यमानकुशङ्काऽऽचमनमात्रे तस्य व्यापारः । उक्तं च—

एवं त्रिचतुरज्ञानजन्मनो नाधिका मतिः ।
प्रार्थ्यते तावतैवैकं स्वतःप्रामाण्यमश्नुते ॥ इति [श्लो. वा. चोद. ६१] ।

50 એટલે જ કહ્યું છે કે 'જ્યાં સુધી દોષજ્ઞાન જન્મે નહિ ત્યાં સુધી અપ્રામાણ્યની શંકા કરવી જોઈએ નહિ.' 'આ સ્થાણુ હશે કે પુરુષ' એવો કોઈક સંશય તો [ સ્વાભાવિકપણે ] ઉત્પન્ન થતાં જ સ્વસંવેદ્ય બની જાય છે, એટલે તેને તો કોણ નકારી શકે ? પરંતુ પ્રયત્નપૂર્વક ઉત્પન્ન થતો સંશય તો બધી ક્રિયાઓનો નાશ કરે છે; આ પ્રકારના સંશયો કરનારને પત્નીને આશ્લેષમાં લેતી વખતે પણ તે પોતાની માતા તો નહિ હોય એવો સંશય થાય. વ્યાસે પણ કહ્યું છે કે સંશયાત્મા નાશ પામે છે. 'હે અર્જુન ! સંશ્યાત્માને આ લોક પણ નથી અને પરલોક પણ નથી.' અને જે જ્ઞાનની બાબતમાં કયારેય પણ બાધક જ્ઞાન ઉત્પન્ન થતાં સંશય જાગે ત્યારે તે જ્ઞાન [પોતાના ઉપર આરોપાયેલ સંશયને દૂર કરવા] ત્રીજા જ્ઞાનની અપેક્ષા રાખે તો તેથી અનવસ્થાદોષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતો નથી અને જ્ઞાનના સ્વતઃપ્રામાણ્યને કંઈ હાનિ થતી નથી. જ્યાં પ્રથમ જ્ઞાનને સંવાદી ત્રીજું જ્ઞાન જન્મે ત્યાં પ્રથમ જ્ઞાનનું પ્રામાણ્ય નિયમથી પહેલેથી છે જ; બીજા જ્ઞાને તેના ઉપર આરોપેલ અપ્રામાણ્યની મિથ્યા શંકાને દૂર કરવાનું જ કામ આ ત્રીજું જ્ઞાન તો કરે છે, અને નહિ કે પ્રથમ જ્ઞાન સાથેના પોતાના સંવાદને કારણે પ્રથમ જ્ઞાનનું પ્રામાણ્ય તે સ્થાપિત કરે છે. જો ત્રીજું જ્ઞાન બીજા જ્ઞાનને (= પહેલા જ્ઞાનના બાધક જ્ઞાનને) સંવાદી હોય તો પ્રથમ જ્ઞાનનું અપ્રામણ્ય તે ત્રીજું જ્ઞાન સ્થાપિત કરે છે અને તે અપ્રામાણ્ય તો પરતઃ ઇષ્ટ છે. પરંતુ દ્વિતીય જ્ઞાનનું પ્રામાણ્ય કંઈ તેના ત્રીજા જ્ઞાન સાથેના સંવાદને લીધે નથી. ત્રીજું જ્ઞાન બીજા જ્ઞાનના પ્રામાણ્યની સ્થાપના કરતું નથી પરંતુ પ્રથમ જ્ઞાનની બાબતમાં કલ્પવામાં આવેલ શંકાને દૂર કરે છે. કહ્યું પણ છે કે આમ [જ્ઞાનના પ્રામાણ્યની શંકાને દૂર કરવા કે તેના અપ્રામાણ્યની સ્થાપના કરવા] ત્રણ કે ચાર જ્ઞાનોથી વધુ જ્ઞાનો ઇચ્છવામાં આવતા નથી; આટલાથી જ [અર્થાત્ આટલું સ્વીકારતાં જ] કોઈ પણ જ્ઞાન સ્વતઃ પ્રામાણ્ય ધરાવે છે [એ મતને સમર્થન મળે છે.]

51. तदेवं सर्वप्रमाणानां स्वतःप्रामाण्ये सिद्धे समानन्यायतया शब्दस्यापि तथैव प्रामाण्यं भवति । न च नैसर्गिकमर्थासंस्पर्शित्वमेव शब्दस्य स्वरूपमिति परीक्षितमेतत् । किन्त्वर्थबोधजनकत्वात्तस्य नैसर्गिके प्रामाण्ये सति पुरुषदोषानुप्रवेशकारितः क्वचिद्धि विप्लवः । तदुक्तम्, 'शब्दे दोषोद्भवस्तावद्वक्त्रधीन इति स्थितम्' इति [श्लो. वा. १-१-२-६२] । तत्र पौरुषेये वचसि गुणवति वक्तरि तद्गुणापसारितदोषतया तत्प्रामाण्यमौत्सर्गिकमनपोदितं भवति । न तु गुणकृतं तत्प्रामाण्यम्, अनङ्गत्वात्प्रामाण्ये गुणानाम् । बोधात्मकत्वनिबन्धनमेव तदित्युक्तम् । वेदे तु प्रणेतुः पुरुषस्याभावात् दोषाशङ्कैव न प्रवर्तते, वक्त्रधीनत्वाद्दोषाणाम् । न च बाधकप्रत्ययोऽद्य यावद्वेदार्थे कस्यचिदुत्पन्न इति निरपवादं वेदप्रामाण्यम् ।आह च—

तत्रापवादनिर्मुक्तिर्वक्त्रभावाल्लघीयसी ।
वेदे तेनाप्रमाणत्वं न शङ्कामधिगच्छति ।। इति [श्लो. वा. चोद. ६८]

तदिदमुक्तम् 'तत्प्रमाणं बादरायणस्यानपेक्षत्वात्' इति [जै. सू. १.१.५] ।

गिरां मिथ्यात्वहेतूनां दोषाणां पुरुषाश्रयात् ।
अपौरुषेयं सत्यार्थमिति युक्तं प्रचक्षते ।।
गिरां सत्यत्वहेतूनां गुणानां पुरुषाश्रयात् ।
पौरुषेयं सत्यार्थमित्ययुक्तं तु मन्वते ।।
न हि पुरुषगुणानां सत्यतासाधनत्वं
वचसि खलु निसर्गादेव सत्यत्वसिद्धिः ।
गुणमपि नरवाचां विप्लवाधायिदोष-
प्रशमनचरितार्थं सङ्गिरन्ते गुणज्ञाः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

51. આમ બધાં પ્રામાણોનું પ્રામાણ્ય સ્વતઃ છે એ સિદ્ધ થતાં સમાનન્યાયે શબ્દનું પ્રામાણ્ય પણ સ્વતઃ જ છે [એમ સ્વીકારવું જોઈએ.] શબ્દનું સ્વરૂપ કુદરતી રીતે અર્થને ન સ્પર્શવાનું જ છે એ મત બરાબર નથી; એ મતની પરીક્ષા અમે કરી ગયા છીએ. પરંતુ શબ્દ અર્થનું જ્ઞાન જન્માવતો હોઈ તેનું પ્રામાણ્ય નૈસર્ગિક છે, છતાં પુરુષના (= વક્તાના) દોષનો શબ્દમાં પ્રવેશ થવાને લીધે કોઈક વાર શબ્દ દ્વારા મિથ્યા જ્ઞાન જન્મે છે. એટલે જ કહ્યું છે કે 'શબ્દમાં દોષનો (= મિથ્યાત્વનો) ઉદ્ભવ વક્તાના દોષને અધીન છે એ સ્થાપિત થયું'' [શ્લોકવર્તિક]. જો વચન પુરુષોક્ત હોય તો વક્તા પુરુષ ગુણવાન (= અર્થનું યથાર્થ જ્ઞાન ધરાવનાર અને અવંચક) હોતાં શબ્દ ઉપર અન્યથા આવતા દોષ પુરુષના ગુણ દ્વારા દૂર થઈ જાય છે અને શબ્દનું નૈસર્ગિક પ્રામાણ્ય જળવાઈ રહે છે. પરંતુ વક્તાના ગુણને કારણે શબ્દનું પ્રામાણ્ય નથી, કારણ કે પ્રામાણ્યમાં ગુણો નિમિત્ત નથી. પ્રામાણ્ય તો બોધાત્મકતાને કારણે જ છે, એ અમે અગાઉ જણાવી ગયા છીએ. વેદની બાબતમાં તો તેના પ્રણેતા પુરુષનો જ અભાવ હોવાને કારણે વેદમાં દોષની શંકા જ ઊઠતી નથી, કારણ કે દોષો તો વક્તા પુરુષમાં હોય છે [અને વક્તા પુરુષના દોષો શબ્દમાં સંક્રાન્ત થાય છે.] વળી, આજ સુધી વેદાર્થના બાબતમાં કોઈને બાધક જ્ઞાન થયું નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વેદપ્રામાણ્ય નિરપવાદ છે. [અર્થાત્ વેદની બાબતમાં બાધકજ્ઞાન અને કરણદોષજ્ઞાન એ બે અપવાદોમાંથી એક પણ અપવાદ સંભવતો નથી.] કુમારિલે કહ્યું પણ છે કે વેદની બાબતમાં વક્તાનો (= કર્તાનો) અભાવ હોવાને લીધે [બાધકજ્ઞાન અને કરણદોષજ્ઞાન એ બે] અપવાદોમાંથી વેદની મુક્તિ સહેલાઈથી સમજી શકાય છે; તેથી વેદની બાબતમાં કોઈને પણ અપ્રામાણ્યની શંકા ઊઠતી જ નથી. તેથી જ જૈમિનિએ મીમાંસાસૂત્રમાં કહ્યું છે કે 'તે (= શબ્દ = વેદ) પ્રમાણ છે કારણ કે બાદરાયણને મતે તે (= વેદ) કોઈની અપેક્ષા રાખતા નથી.' [વેદ પોતાની ઉત્પત્તિ માટે કોઈની અપેક્ષા રાખતા નથી. તેમનો કોઈ રચયિતા નથી. તે અપૌરુષેય છે. તેથી તે પ્રમાણ છે.] 'શબ્દના મિથ્યાત્વના (= અપ્રામાણ્યના) કારણભૂત દોષો પુરુષમાં હોઇ, જે અપૌરુષેય છે ન સત્યાર્થ છે' એમ જે કહેવામાં આવે છે તે યોગ્ય છે. 'શબ્દના સત્યત્વના (= પ્રામાણ્યના) કારણભૂત ગુણો પુરુષમાં હોઈ, જે પૌરુષેય છે તે સત્યાર્થ છે' એમ જ માનવામાં આવે છે તે અયોગ્ય છે. એનું કારણ એ છે કે પુરુષના ગુણો શબ્દના પ્રામાણ્યનું કારણ નથી, શબ્દનું પ્રામાણ્ય તો નિસર્ગથી જ સિદ્ધ છે. ગુણ તો પુરુષના શબ્દમાં મિથ્યાત્વ (= અપ્રામાણ્ય) લાવનાર દોષને શમાવવા માટે છે એમ વિચારકો કહે છે.

52. अत्राभिधीयते । प्रत्यक्षादिषु दृष्टार्थेषु प्रमाणेषु प्रामाण्यनिश्चयमन्तरेणैव व्यवहारसिद्धेस्तत्र किं स्वतःप्रामाण्यमुत परत इति विचारेण न नः प्रयोजनम्; अनिर्णय एव तत्र श्रेयान् । अदृष्टे तु विषये वैदिकेष्वगणितद्रविणवितरणादिक्लेशसाध्येषु कर्मसु तत्प्रामाण्यावधारणमन्तरेण प्रेक्षावतां प्रवर्त्तनमनुचितमिति तस्य प्रामाण्यनिश्चयोऽवश्यकर्त्तव्यः । तत्र परत एव वेदस्य प्रामाण्यमिति वक्ष्यामः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

52. નૈયાયિક—અમે આનો ઉત્તર આપીએ છીએ. ઇન્દ્રિયગમ્ય વિષયને ગ્રહણ કરનાર પ્રત્યક્ષ વગેરે પ્રમાણોની બાબતમાં પ્રામાણ્યનિશ્ચય વિના જ વ્યવહાર ઘટતો હોઈ, એમની બાબતમાં પ્રામાણ્ય સ્વતઃ છે કે પરતઃ એ વિચારવાનું આપણને કોઈ પ્રયોજન નથી; અનિર્ણય જ એમની બાબતમાં વધારે સારો છે. પરંતુ અગણિત ધનના વ્યય અને અનેક કષ્ટોથી પાર પાડી શકાય એવાં અતીન્દ્રિય વિષયને અનુલક્ષી કરાતાં વૈદિક કર્મોની બાબતમાં તેમનાં (વૈદિક કર્મો કરવાનો આદેશ આપતાં વેદવાકચોના) પ્રામાણ્યનો નિશ્ચય કર્યા વિના બુદ્ધિમાનો પ્રવૃત્ત થાય એ અનુચિત છે, એટલે વેદના પ્રામાણ્યનો નિશ્ચય અવશ્ય કરવો જોઈએ. વેદનું પ્રામાણ્ય પરતઃ છે એ અમે હવે પછી પુરવાર કરીશું.

53. यच्चेदमियता विस्तरेण स्वतः प्रामाण्यमुपपादितं तद् व्याख्येयम् । स्वतः प्रामाण्यमिति कोऽर्थः ? किं स्वत एव प्रमाणस्य प्रामाण्यं भवति उत स्वयमेव तत्प्रमाणमात्मनः प्रामाण्यं गृह्णातीति ।

53. મીમાંસકોએ આટલા વિસ્તારથી જે સ્વતઃ પ્રામાણ્ય પુરવાર કર્યું તેની પરીક્ષા કરવી જોઈએ. 'સ્વતઃ પ્રામાણ્ય'નો શો અર્થ છે ? શું એનો અર્થ 'પ્રમાણનું પ્રામાણ્ય સ્વતઃ અર્થાત્ કારણ વિના જ ઉદ્‌ભવે છે' એ છે કે પછી 'તે પ્રમાણ પોતે જ પોતાનું પ્રામાણ્ય ગ્રહણ કરે છે' એ છે ?

54. न तावत्स्वयमेव प्रामाण्यग्रहणमुपपन्नम्, अप्रामाणिकत्वात् । तथा हि यदेतन्नीलप्रकाशने प्रवृत्तं प्रत्यक्षं तन्नीलं प्रति तावत्प्रत्यक्षं प्रमाणं, तावदिन्द्रियार्थसन्निकर्षोत्पन्नमिति जानीम एवैतत्; किमत्र विचार्यते ।

54. પ્રમાણ પોતે જ પોતાનું પ્રામાણ્ય ગ્રહણ કરે છે એ મત ઘટતો નથી કારણ કે તે તર્ક આગળ ટકી શકે તેમ નથી. આને કંઈક વિસ્તારથી સમજાવીએ છીએ. જે પ્રત્યક્ષ નીલવસ્તુને જાણવામાં, પ્રકાશિત કરવામાં પ્રવૃત્ત છે તે પ્રત્યક્ષ તે નીલવસ્તુને અનુલક્ષી પ્રમાણ છે, [બીજી કોઈ વસ્તુને અનુલક્ષીને પ્રમાણ નથી. પોતાના પ્રામાણ્યને અનુલક્ષી તે પ્રમાણ નથી. તેથી પોતાના પ્રામાણ્યને પ્રકાશિત કરવામાં તે પ્રવૃત્ત નથી. ] તેટલા પૂરતું અર્થાત્ નીલ વસ્તુ પૂરતું જ તે પ્રમાણ છે કારણ કે આપણે એ જાણીએ જ છીએ કે તે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્ન છે, [અર્થાત્ જે વિષય સાથે ઇન્દ્રિયનો સન્નિકર્ષ હોય તે વિષયને જ તે ગ્રહણ કરે છે. ] તેથી હવે અહીં શું વિચારવાનું રહ્યું ?

55. प्रामाण्यपरिच्छेदे तु किं तत्प्रमाणमिति चिन्त्यताम् । प्रत्यक्षमनुमानं वा ? प्रमाणान्तराणामनाशङ्कनीयत्वात् ।

55. [ પોતાના ] પ્રામાણ્યને જાણવા માટે કયું પ્રમાણ સમર્થ છે એ વિચારવું જોઈએ. શું પ્રત્યક્ષ સમર્થ છે કે અનુમાન ? કારણ કે [ આ બે સિવાય ] બીજાં પ્રમાણો આવું સામર્થ્ય ધરાવતા હોવાની શંકા પણ ઊઠી શકતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

56. न तावत्स्वप्रामाण्यपरिच्छेदे तत्प्रत्यक्षं प्रमाणं, तद्धि ज्ञानस्य वा प्रामाण्यं गृह्णीयात् तत्फलस्य वा ? तत्र ज्ञातृव्यापारात्मनो ज्ञानस्य भवन्मते नित्यपरोक्षत्वात्, प्रत्यक्षस्य स्वतः परिच्छेदानुपपत्तौ तत्प्रामाण्यस्यापि कथं प्रत्यक्षेण ग्रहणम् ? फलस्याप्यर्थप्रकाशनाख्यस्य संवेदनात्मनो नेन्द्रियसंसर्गयोग्यता विद्यते, येन तद्गतमपि यथार्थत्वलक्षणं प्रामाण्यमिन्द्रियव्यापारलब्धजन्मना प्रत्यक्षेण परिच्छिद्येत । न च मानसमपि प्रत्यक्षं फलगतयथार्थताऽवसायसमर्थमिति कथनीयं, तदानीमननुभूयमानत्वात् । न हि नीलसंवित्प्रसवसमनन्तरं यथार्थेयं नीलसंवित्तिरिति संवेदनान्तरमुत्पद्यमानमनुभूयते । अनुभवे वा ततो द्वितीयात्प्रथमोत्पन्ननीलज्ञानयाथार्थ्यग्रहणान्न स्वतःप्रामाण्यनिश्चयः स्यात् । तस्मान्न प्रत्यक्षस्यैष विषयः ।

56. પ્રત્યક્ષ પ્રમાણુ પોતે પોતાના પ્રામાણ્યને ગ્રહણુ કરતું નથી. [ આ બાબતે બે વિકલ્પો સંભવે છે—] તે પ્રત્યક્ષ જ્ઞાનનું પ્રામાણ્ય ગ્રહણુ કરે કે જ્ઞાનના અર્થપ્રકાશનરૂપ ફળનું. તેમાં તમારા મીમાંસકોના મતે જ્ઞાતાના વ્યાપારરૂપ જ્ઞાન તો નિત્યપરોક્ષ છે, એટલે પ્રત્યક્ષ પોતે જ પોતાને જાણે એ ઘટતું ન હોઈ તે પોતાના પ્રામાણ્યને જાણે એ કેવી રીતે ઘટે ? તેનું અર્થપ્રકાશનરૂપ ફળ સંવેદનાત્મક હોઈ તેમાં ઇન્દ્રિય સાથે સન્નિકર્ષમાં આવવાની યોગ્યતા જ નથી કે જેથી ઇન્દ્રિયવ્યાપારને લીધે જન્મતા પ્રત્યક્ષ વડે અર્થપ્રકાશનરૂપ ફળગત યથાર્થતારૂપ પ્રામાણ્ય ગૃહીત થાય. માનસ પ્રત્યક્ષ ફળગત યથાર્થતાનો (=પ્રામાણ્યનો) નિશ્ચય કરાવવા સમર્થ છે એમ પણુ ન કહેવું જોઈએ, કારણુ કે માનસ પ્રત્યક્ષ વખતે અર્થપ્રકાશનરૂપ ફળની યથાર્થતાનો નિશ્ચય અનુભવાતો નથી. નીલ વસ્તુના પ્રત્યક્ષજ્ઞાન પછી તરત 'નીલવસ્તુનું આ પ્રત્યક્ષજ્ઞાન યથાર્થ છે' એવું જ્ઞાન ઉત્પન્ન થતું અનુભવાતું નથી. અને ધારો કે આપણે સ્વીકારી લઈએ કે એવું જ્ઞાન ઉત્પન્ન થતું અનુભવાય છે તો આ બીજા જ્ઞાન વડે નીલ વસ્તુના પ્રથમ જ્ઞાનનું પ્રામાણ્ય ગૃહીત થવાથી પ્રત્યક્ષ પોતે પોતાના પ્રામાણ્યનો નિશ્ચય કરે છે એમ નહિ કહેવાય. નિષ્કર્ષ એ કે પ્રત્યક્ષ પોતે પોતાના પ્રામાણ્યને ગ્રહણુ કરતું નથી.

57 अनुमानेनापि कस्य प्रामाण्यं निश्चीयते ज्ञानस्य फलस्य वेति पूर्ववद्वाच्यम् । फलस्य तावत्तन्निश्चये लिङ्गत्वमेव तावन्न कस्यचित्पश्यामः । ज्ञातृव्यापारात्मनो ज्ञानस्य तु स्वकार्यं भवेदपि लिङ्गं, फलस्य क्रियामात्रव्याप्तिग्रहणात्स्वरूपसत्तामात्रमनुमापयितुमुत्सहते, न यथार्थत्वलक्षणं प्रामाण्यम् । तद्धि फलं निर्विशेषणं वा स्वकारणस्य ज्ञातृव्यापारस्य प्रामाण्यमनुमापयेद् यथार्थत्वविशिष्टं वा ? आद्ये पक्षे यतः कुतश्चन फलात्तत्प्रामाण्यानुमाने नेदानीं किञ्चिदप्रमाणं भवेत् । उत्तरोऽपि नास्ति पक्षः, फलगतयाथार्थ्यपरिच्छेदोपायाभावादित्युक्तम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

57. અગાઉની જેમ જ પ્રશ્ન પૂછવો જોઈએ કે અનુમાન પણ શેનું પ્રામાણ્ય જાણે છે ?—જ્ઞાનનું કે વિષયપ્રકાશનરૂપ તેના ફળનું ? ફળના પ્રામાણ્યના નિશ્ચય માટે કોઈ લિંગ જ અમને જણાતું નથી. પરંતુ જ્ઞાતાના વ્યાપારરૂપ જ્ઞાનનું લિંગ તો તે જ્ઞાનનું કાર્ય બને. કેવળ ક્રિયા સાથે ફળની વ્યાપ્તિ ગૃહીત થતી હોવાને લીધે ક્રિયાના અસ્તિત્વમાત્રનું અનુમાન કરાવવા કાર્યરૂપ ફળ પ્રવૃત્ત થાય પરંતુ ક્રિયાના (=જ્ઞાનરૂપ વ્યાપારના) યથાર્થતારૂપ પ્રામાણ્યનું અનુમાન કરાવવા તે પ્રવૃત્ત થઈ શકે નહિ. [ માની લઈએ કે ફળ ક્રિયાના પ્રામાણ્યનું અનુમાન કરાવવા પ્રવૃત્ત થઈ શકે છે, પણ તો પ્રશ્ન ઉદ્ભવે છે કે ] પોતાના કારણભૂત જ્ઞાતૃવ્યાપારના પ્રામાણ્યનું અનુમાન કરાવનાર ફળ નિર્વિશેષણ હોય છે કે યથાર્થતાવિશિષ્ટ (=પ્રામાણ્યયુક્ત) ? પ્રથમ પક્ષ સ્વીકારતાં ગમે તે ફળ ઉપરથી જ્ઞાનના પ્રામાણ્યનું અનુમાન થાય અને પરિણામે કોઈ જ્ઞાન અપ્રમાણ રહે જ નહિ. બીજો પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે ફળગત યાથાર્થ્યને (=પ્રામાણ્યને) જાણવાનો કોઈ ઉપાય નથી એ અમે કહી ગયા છીએ.

58 ननु स्वानुभव एवात्रोपायः । तद्धि नीलसंवेदनतया फलं स्वत एव प्रकाशते । नीलसंवेदनत्वमेव चास्य यथार्थत्वं, नान्यत् । यद्येवं शुक्तिकायामपि रजतसंवेदने समानो न्यायः । न हि रजतसंवेदनादन्या यथार्थत्वसंवित्तिरिति ।

58. મીમાંસક—અર્થપ્રકાશનરૂપ ફળનો પોતાનો અનુભવ જ એનો ઉપાય છે. નીલ વસ્તુના સંવેદનરૂપે ફળ પોતે જ પ્રકાશે છે. બીજું કંઈ નહિ પણ નીલસંવેદનાત્મકતા જ ફળનું પ્રામાણ્ય છે.

નૈયાયિક—જો એમ હોય તો છીપમાં રજતનું સંવેદન થાય છે તેની બાબતમાં પણ આ જ તર્ક લાગુ પડે. [ અને તો કહેવું પડે કે ] રજતસંવેદનથી અન્ય યાથાર્થ્યનું સંવેદન નથી અર્થાત્ રજતસંવેદન જ યાથાર્થ્યસંવેદન છે.

59 ननु तत्र बाधकप्रत्ययोपनिपातेनायथार्थत्वमुपनीयते । नूनं चास्य मिथ्यादर्शनेषु देशान्तरे वा शुक्तिकारजतादिज्ञाने, कालान्तरे वा कूटकार्षापणादिप्रतीतौ, पुरुषान्तरे वा जाततैमिरिके द्विचन्द्रप्रतीतौ, अवस्थान्तरे पीतशङ्खादिप्रतिभासे भवति बाधकप्रत्ययः । तदसत्त्वे न तच्छङ्का युक्तिमतीत्युक्तमेव ।

59. મીમાંસક—છીપમાં રજતનું જે સંવેદન થાય છે તેની બાબતમાં તો આવી પડેલું બાધક જ્ઞાન તેનામાં અયથાર્થતા લાવે છે. અને ખરેખર ભ્રાન્ત જ્ઞાનોમાં બાધક જ્ઞાન થાય છે, છીપમાં રજતના ભ્રાન્ત જ્ઞાનનું બાધક જ્ઞાન દેશાન્તરમાં (અર્થાત્ નજીક જતાં) થાય છે, ખોટા સિક્કામાં સાચા સિક્કાના ભ્રાન્ત જ્ઞાનનું બાધક જ્ઞાન કાલાન્તરે થાય છે, જન્મથી જ તૈમિરિક રોગવાળાને થતા બે ચન્દ્રના ભ્રાન્ત જ્ઞાનનું બાધક જ્ઞાન બીજા પુરુષમાં થાય છે, પીળીઆના રોગીને થતા પીળા શંખના ભ્રાન્ત જ્ઞાનનું બાધક જ્ઞાન અવસ્થા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્તરે (અર્થાત પીળીયાના રોગથી મુક્ત બનેલ અવસ્થામાં) થાય છે. બાધક જ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનમાં અપ્રામાણ્યની શંકા કરવી યુક્ત નથી એ તો અમે કહી ગયા છીએ.

60 सत्यमुक्तमयुक्तं तु । एवं हि वदता बाधकाभावज्ञानाधीनं प्रामाण्यमभिहितं भवति । तच्च तात्कालिकं कालान्तरभावि वेति कल्प्यमानं नोपपद्यते इति दर्शितम् । तस्मादुत्पद्यमानमेव प्रमाणमात्मनः प्रामाण्यं निश्चिनोतीति न युक्तमेतत् । यदि तु प्रसवसमये एव ज्ञानस्य प्रामाण्यं निश्चिनुयामः, तर्हि ततः प्रवर्त्तमाना न क्वचिदपि विप्रलभ्येमहि, विप्रलभ्यामहे तु । तेन मन्यामहे न निश्चितं तत्प्रामाण्यं, संशयादेव व्यवहराम इति ।

60. નૈયાયિક—તમે એમ કહ્યું છે એ સાચું, પરંતુ એ બરાબર નથી, કારણ કે એમ કહેતાં બાધક જ્ઞાનના અભાવના જ્ઞાનને અધીન પ્રામાણ્ય છે એમ કહ્યું કહેવાશે. વળી, તે બાધક જ્ઞાનના અભાવનું જ્ઞાન તાત્કાલિક (=વર્તમાનવિષયક) છે કે કાલાન્તરભાવી (=ભૂત-ભવિષ્યત્‌વિષયક)? આ બે વિકલ્પો ઘટતા નથી એ અમે દર્શાવી દીધું છે. તેથી, ઉત્પન્ન થતાં જ પ્રમાણ પોતે પોતાના પ્રામાણ્યનો નિશ્ચય કરી લે છે એ મત બરાબર નથી. જો જ્ઞાનની ઉત્પત્તિ વેળાએ જ જ્ઞાનના પ્રામાણ્યનો આપણને નિશ્ચય થઈ જતો હોય તો તે જ્ઞાનને આધારે પ્રવૃત્તિ કરતાં આપણે કદી પણ છેતરાઈએ નહિ, પરંતુ આપણે તો (ઘણી વાર) છેતરાઈએ છીએ. તેથી અમે માનીએ છીએ કે જ્ઞાનના પ્રામાણ્યનો આપણને નિશ્ચય હોતો નથી, આપણે તો કેવળ સંશયને આધારે જ પ્રવૃત્તિ કરીએ છીએ.

61 ननु संशयोऽपि तदा नानुभूयते एव किमिदं रजतम् उत न रजतमिति; अपि तु रजतमित्येव प्रतीतिः । न हि संशयानाः प्रवर्त्तन्ते लौकिकाः, किन्तु निश्चिन्वन्त एव विषयमिति । किमननुभूयमान एवारोप्यते संशयः ।

61. મીમાંસક—જ્ઞાનોત્પત્તિ વખતે સંશય પણ અનુભવાતો નથી. તે વખતે 'શું આ રજત છે કે નહિ' એવો સંશય નથી અનુભવાતો, પરંતુ 'આ રજત જ છે' એવી પ્રતીતિ થાય છે. વિષયને વિશે સંશય કરતા લોકો તે વિષયમાં પ્રવૃત્ત થતાં નથી, વિષયનું નિશ્ચયજ્ઞાન ધરાવતા લોકો જ તે વિષયમાં પ્રવૃત્ત થાય છે. તો શું ન અનુભવાતા સંશયનો આરોપ જ્ઞાન ઉપર કરો છો?

62 एकतरग्राह्यप्ययं प्रत्ययः तन्निश्चयोपायविरहात्संशयकोटिपतित एव बलाद्भवति, यथाऽस्ति कूपे जलमिति भिक्षवो मन्यन्ते । एवं रजतमिदमित्येकपक्षग्राह्यपि तदानीं प्रतिभासः वस्तुवृत्तेन संशय एव । यदि हि प्रमाणतयाऽसौ गृह्येत, कथं क्वचिद्विसंवदेत, अप्रमाणतया तु गृह्यमाणः कथं पुमांसं प्रवर्त्तयेत् ।

उभाभ्यामपि रूपाभ्यामथ तस्यानुपग्रहः ।
सोऽयं संशय एव स्यादिति किं नः प्रकुप्यसि ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

62. નૈયાયિક—બેમાંથી એક વિષયને જ આ જ્ઞાન ગ્રહણ કરે છે, પરંતુ તેમાં વિષયના નિશ્ચયનો વિરહ હોવાથી તે જ્ઞાન સંશયની કોટિમાં જ ન છૂટકે પડે છે. આવા સંશયનું આ રહ્યું એક (બીજું) ઉદાહરણ—[ દૂરથી કૂવો જોઈ ] ભિક્ષુઓ માની લે છે કે 'કૂવામાં પાણી છે.' એ જ રીતે, 'આ રજત છે' એ જ્ઞાન પણ એક જ વિષયને ગ્રહણ કરે છે છતાં પણ તે વખતે એ જ્ઞાન વસ્તુતઃ સંશય જ છે. જો તે જ્ઞાન પ્રમાણરૂપે તે વખતે ગૃહીત થયું હોય તો પછીથી તે બાધિત કેમ થાય ? જો તે જ્ઞાન અપ્રમાણરૂપે તે વખતે ગૃહીત થયું હોય તો પુરુષ તેને આધારે પ્રવૃત્તિ કેમ કરે ? હવે જો પ્રમાણ કે અપ્રમાણ એ બેમાંથી એકેય રૂપ તે જ્ઞાનનું ગૃહીત ન થતું હોય તો તે જ્ઞાન સંશય જ બને. એમાં તમે આમારા ઉપર ક્રુદ્ધ શા માટે થાઓ છો ?

63. यत्तु नानुभूयते संशय इति सत्यम् । अननुभूयमानोऽपि न्यायादभ्यस्ते विषयेऽविनाभावस्मरणवत् स परिकल्प्यते, निश्चयनिमित्तस्य तदानीमविद्यमानत्वात्, संशयजननहेतोश्च सामग्र्याः सन्निहितत्वात् । तथा हि—यथार्थेतरार्थसाधारणो धर्मो बोधरूपत्वमूर्ध्वत्वादिवत्तदा प्रकाशते एव । न च प्रामाण्याविनाभावी विशेषः कश्चन तदानीमवभाति । तदग्रहणे च समानधर्माधिगमप्रबोध्यमानवासनाधीना तत्सहचरित-पर्यायानुभूतविशेषस्मृतिरपि संभवत्येवेतीयतोयं सा संशयजननी सामग्री सन्निहितैवेति कथं तज्जन्यः संशयो न स्यात् ?

63. જ્ઞાનોત્પત્તિ વેળાએ સંશય અનુભવાતો નથી એ સાચું. પરંતુ જેમ અભ્યસ્ત વિષયમાં અવિનાભાવસ્મરણ અનુભવાતું ન હોવા છતાં તેનું અનુમાન તર્ક દ્વારા કરવામાં આવે છે તેમ જ્ઞાનોત્પત્તિ વેળા સંશય અનુભવાતો ન હોવા છતાં તેનું અનુમાન તર્ક દ્વારા કરવામાં આવે છે, કારણ કે તે વખતે નિશ્ચયનું નિમિત્તકારણ વિદ્યમાન નથી હોતું અને સંશયને ઉત્પન્ન કરવા માટે જરૂરી કારણસામગ્રી ઉપસ્થિત હોય છે. આને સમજાવીએ છીએ. જેમ [ 'આ સ્થાણુ હશે કે પુરુષ' એ સંશયમાં ] સ્થાણુ અને પુરુષ એ બે વસ્તુઓના સાધારણ ધર્મ ઊંચાઈ વગેરે ગૃહીત થાય છે તેમ [ પ્રસ્તુત જ્ઞાનમાં ] પ્રમાણ અને અપ્રમાણ એ બંને જ્ઞાનોનો સાધારણ ધર્મ જ્ઞાનરૂપતા ગૃહીત થાય છે; અને પ્રામાણ્ય સાથે અવિનાભાવસંબંધ ધરાવતો કોઈ વિશેષ ધર્મ તે વખતે ગૃહીત થતો નથી; અને આ વિશેષધર્મના અગ્રહણને કારણે સમાનધર્મના ગ્રહણ દ્વારા જાગ્રત થયેલ સંસ્કારોના આધારે તે સંસ્કારો સાથે સાહચર્યસંબંધ ધરાવતા જેટલા વિકલ્પો છે તે બધા વિકલ્પોના પૂર્વે અનુભવેલા વિશેષધર્મોની સ્મૃતિ પણ સંભવે છે જ. આટલી પેલી સંશયજનક કારણ-સામગ્રી ઉપસ્થિત હોય છે જ. તો પછી તેનાથી સંશય કેમ ન જન્મે ?

64 ननु प्रमाणभूते प्रत्यये जायमान एव तद्गतो विशेषः परिस्फुरतीति कथं विशेषाग्रहणमुच्यते ? भो महात्मन् ! कथ्यतां स विशेषः । न हि तं वयमनुपदिष्टं कुशा-मतयो जानीमः । यदि तावत् स्पष्टता विशेषः, शुक्तिकायामपि रजतावभासः स्पष्ट एव ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न हि तत्रानध्यवसायकालुष्यं किञ्चिदस्ति । अथ निष्कम्पता, शुक्तिकायामपि रजतावभासो निष्कम्प एव । न ह्यसौ जायमान एवाङ्गुल्यग्रादिवाक्यकरणबोधवत्कम्पमानो जायते । अथ निर्विचिकित्सता, शुक्तिकायामपि रजतावभासो निर्विचिकित्स एव, किं स्विदिति कोटिद्वयानवमर्शात् । अथ यस्मिन् सति बाधा न दृश्यते सोऽस्य विशेष इति, नन्वेतदेव पृच्छामि कस्मिन् सति बाधा न दृश्यते इति, सर्वावस्थस्य बाधदर्शनात् । न चासौ चिरमपि चिन्तयित्वा विशेषो दर्शयितुं शक्यः । अथ स्वविषयाव्यभिचारित्वमेव विशेषः, स तदानीं नावभासते इत्युक्तम् । अपि च यदि तथाविधोऽपि विशेषः समस्ति, तर्हि यत्र ज्ञानेऽसौ न दृश्यते ततः किमिति प्रवर्त्तते ? तद्विशेषदर्शी वा प्रवर्त्तमानः कथं विप्रलभ्येतेत्युक्तम् । अभ्यस्ते विषयेऽविनाभावस्मरणवदसंवेद्यमानेऽपि तदानीमस्त्येव बोधे यथाऽर्थेतरत्वसंशयः ।

न चासौ कल्प्यमानोऽपि व्यवहारस्य लोपकः ।
तेनैव व्यवहारस्य सिद्धत्वात् सर्वदेहिनाम् ॥
अतश्च संशयादेव व्यवहारं वितन्वताम् ।
लौकिकानां प्रयोक्तव्या नाभिशापपरम्पराः ॥

64. મીમાંસક—પ્રમાણભૂત જ્ઞાન ઉત્પન્ન થતાં જ તદ્ગત વિશેષધર્મનું જ્ઞાન થાય છે જ, તો પછી એમ કેમ કહો છો કે તે વખતે વિશેષધર્મનું ગ્રહણ થતું નથી ?

નૈયાયિક—હે મહાત્મા ! તે વિશેષધર્મ જણાવો. આપના કહ્યા વિના મંદ બુદ્ધિવાળા અમે તેને જાણી શકીશું નહિ. જો એ વિશેષધર્મ સ્પષ્ટતા હોય તો, છીપમાં થતું રજતનું જ્ઞાન પણ સ્પષ્ટ જ હોય છે, કારણ કે એ જ્ઞાનમાં અનધ્યવસાયનો દોષ જરા પણ હોતો નથી. જો વિશેષધર્મ નિષ્કંપતા (=તરત જ બીજા વિરુદ્ધજ્ઞાનથી બાધ ન પામવાનો સ્વભાવ) હોય તો છીપમાં થતું રજતનું જ્ઞાન પણ નિષ્કંપ જ હોય છે, કારણ કે ઉત્પન્ન થતાં જ આ રજતજ્ઞાન આવું હોય છે, 'આંગળીના ટેરવે હાથીઓના સેંકડો જૂથો છે' આ વાક્યરૂપ કરણથી ઉત્પન્ન થતા જ્ઞાન જેમ કમ્પમાન હોતું નથી. જો વિશેષધર્મ નિઃશંકતા હોય તો છીપમાં થતું રજતનું જ્ઞાન પણ નિઃશંક જ છે, કારણ કે 'આ શું હશે [–'રજત કે છીપ ?'] એવા બે વિકલ્પોને સ્પર્શતી વિચારણા અહીં હોતી નથી. જેના હોવાથી બાધા જણાતી નથી એ એનો વિશેષધર્મ છે એમ જો કહેવામાં આવે તો અમે તમને પૂછીશું કે શું હોતાં બાધા દેખાતી નથી ?, કારણ કે બાધા તો બધી જ અવસ્થાએ દેખાય છે. લાંબો વિચાર કર્યા પછી પણ એ વિશેષધર્મને દર્શાવવો શક્ય નથી. જો એ વિશેષધર્મ જ્ઞાનનો પોતાના વિષય સાથે સંવાદ (=સ્વવિષયાવ્યભિચારિતા) હોય તો તે સંવાદ જ્ઞાનોત્પત્તિ વખતે જ્ઞાનમાં દેખાતો હોતો નથી એ અમે અગાઉ કહ્યું જ છે. વળી, જો આવો વિશેષધર્મ જ્ઞાનોત્પત્તિ વખતે જ્ઞાનમાં દેખાતો હોય તો જે જ્ઞાનમાં તે ન દેખાતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તે જ્ઞાનને આધારે પુરુષ પ્રવૃત્તિ કેમ કરે? અને જ્ઞાનોત્પત્તિ વખતે આ વિશેષધર્મને દેખનાર પુરુષ તે જ્ઞાનને આધારે પ્રવૃત્તિ કરતો છેતરાય છે કેમ? આ પ્રશ્નો અમે તમને પૂછીએ છીએ. અભ્યસ્ત વિષયમાં ન અનુભવાતા અવિનાભાવસ્મરણની જેમ જ્ઞાનોત્પત્તિ વખતે ન અનુભવાતો હોવા છતાં જ્ઞાનના પ્રામાણ્ય-અપ્રામાણ્યનો સંશય હોય છે જ. જ્ઞાનોત્પત્તિ વખતે જ્ઞાનના પ્રામાણ્ય-અપ્રામાણ્યનો સંશય કલ્પવામાં આવેલો હોવા છતાં તે વ્યવહારનો લોપ કરનારો નથી કારણ કે તેનાથી જ બધા પ્રાણીઓનો વ્યવહાર ચાલે છે. તેથી, જ્ઞાનના પ્રામાણ્ય-અપ્રામાણ્યવિષયક સંશયને આધારે જ વ્યવહાર ચલાવતા, પ્રવૃત્તિ કરતા લોકો ઉપર ['સંશયાત્મા નાશ પામે છે' જેવા] અભિશાપો ન વરસાવવા જોઈએ.

65 न च सर्वथा संशयसमर्थनेऽस्माकमभिनिवेशः । प्रामाण्यं तु ज्ञानोत्पत्तिकाले ग्रहीतुमशक्यमिति नः पक्षः । प्रामाण्याग्रहणमेवानध्यवसायस्वभावं संशयशब्देनेह व्यपदेक्ष्यामः । प्रामाण्याग्रहणं च प्रदर्शितम्, प्रत्यक्षेणानुमानेन वा सता प्रमाणेनात्मनः प्रमाणत्वपरिच्छेदायोगात् । तस्मात्स्वयं प्रामाण्यं गृह्यते इत्येष दुर्घटः पक्षः ।

65. સર્વથા સંશયનું સમર્થન કરવામાં જ અમારો પક્ષપાત નથી. જ્ઞાનની ઉત્પત્તિ વખતે જ્ઞાનના પ્રામાણ્યને ગ્રહણ કરવું શક્ય તથી એ અમારો પક્ષ છે. અનધ્યવસાયરૂપ સ્વભાવવાળા, પ્રામાણ્યના અગ્રહણને જ અમે અહીં સંશય નામ આપીએ છીએ. અને [જ્ઞાનની ઉત્પત્તિ વખતે તેના] પ્રામાણ્યનું અગ્રહણ હોય છે એ અમે દર્શાવી ગયા છીએ, કારણ કે પ્રત્યક્ષ અથવા અનુમાન પ્રમાણ હોવા છતાં પોતાનું પ્રામાણ્ય ગ્રહણ કરવાને યોગ્ય નથી. તેથી પ્રમાણ પોતાના પ્રામાણ્યને પોતે જ ગ્રહણ કરે છે એ પક્ષ દુર્ઘટ છે.

66 अथ स्वतः प्रामाण्यं भवतीत्येष पक्ष आश्रीयते, सोऽप्ययुक्तः, कार्याणां कारणाधीनजन्मत्वात् प्रामाण्यस्य च कार्यत्वात् । अस्ति च प्रामाण्यं, वस्तु च तत्, न च नित्यमिति कार्यमेव तत् । कार्यं च कार्यत्वादेव न स्वतो भवितुमर्हति इति । अथोत्पत्तौ स्वकारकातिरिक्तगुणानपेक्षित्वमेव प्रामाण्यस्य स्वतो भवनमुच्यते न पुनरकार्यत्वमेवेति तदप्यसम्यक्, सम्यग्रूपस्य कार्यस्य गुणवत्कारकव्यतिरेकेणानिष्पत्तेः । द्विविधं कार्यं भवति — सम्यगसम्यग्वा । तत्र गुणवता कारणेन सम्यक् कार्यमुत्पद्यते, दोषवता त्वसम्यगिति ।

निर्दोषं निर्गुणं वापि न समस्त्येव कारणम् ।
अत एव तृतीयस्य न कार्यस्यास्ति सम्भवः ॥

66. જો પ્રમાણનું પ્રામાણ્ય સ્વતઃ જ અર્થાત્ કારણ વિના જ ઉત્પન્ન થાય છે એ પક્ષને સ્વીકારવામાં આવે તો તે પક્ષ પણ બરાબર નથી, કારણ કે કાર્યોની ઉત્પત્તિ તેમનાં કારણોને અધીન છે અને પ્રામાણ્ય તો કાર્ય છે. પ્રામાણ્ય અસ્તિત્વ ધરાવે છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ છે અને તે નિત્ય નથી; એટલે તે કાર્ય જ છે. અને કાર્ય માટે કાર્ય હોવાને કારણે સ્વતઃ કારણ વિના જ ઉત્પન્ન થવું યોગ્ય નથી.

ઉત્પત્તિમાં પોતાના કારકોથી અતિરિક્ત ગુણોની અપેક્ષા ન હોવી એ જ પ્રામાણ્યની સ્વતઃ ઉત્પત્તિ છે અને નહિ કે અકાર્યત્વ જ એમ જો તમે મીમાંસકો કહેતા હો તો એ પણ બરાબર નથી કારણ કે સમ્યક્ રૂપ ધરાવતું કાર્ય ગુણવાળા કારકો વિના ઉત્પન્ન થતું નથી. કાર્ય બે પ્રકારનું હોય છે—સમ્યક્ અને અસમ્યક્. તેમાં ગુણવાળા કારણ વડે સમ્યક્ કાર્ય ઉત્પન્ન થાય છે અને દોષવાળા કારણ વડે અસમ્યક્ કાર્ય ઉત્પન્ન થાય છે. દોષવાળું પણ ન હોય અને ગુણવાળું પણ ન હોય એવું કારણ સંભવતું જ નથી. તેથી જ કાર્યના ત્રીજા પ્રકારનો સંભવ નથી.

67. सम्यग्ज्ञानोत्पादकं कारकं धर्मि, स्वरूपातिरिक्तस्वगतधर्मसापेक्षं कार्यनिर्वर्त्तकमिति साध्यो धर्मः, कारकत्वात्, मिथ्याज्ञानोत्पादककारकवत् । सम्यग्ज्ञानं वा धर्मि, स्वरूपातिरिक्तधर्मसम्बद्धकारकनिष्पाद्यमिति साध्यो धर्मः, कार्यत्वात्, मिथ्याज्ञानवत् ।

67. [અસમ્યક્ જ્ઞાનની જેમ સમ્યક્ જ્ઞાન પણ પોતાના ઉત્પાદક કારકના સ્વરૂપથી અતિરિક્ત કારકગત ધર્મની અપેક્ષા રાખે છે એના સમર્થનમાં નીચે પ્રમાણે બે અનુમાન-પ્રયોગો આપી શકાય.] સમ્યક્ જ્ઞાનનું ઉત્પાદક કારક ધર્મી યા પક્ષ છે. પોતાના સ્વરૂપથી અતિરિક્ત પોતામાં રહેલ ધર્મની સહાયથી કારકનું કાર્યોત્પાદક (સમ્યક્ જ્ઞાનોત્પાદક) હોવું એ સાધ્ય ધર્મ છે. 'કારણ કે તે કારક છે' એ હેતુ છે. 'અસમ્યક્ જ્ઞાનના ઉત્પાદક કારકની જેમ' એ ઉદાહરણ છે. અથવા, સમ્યક્ જ્ઞાન ધર્મી યા પક્ષ છે. પોતાના સ્વરૂપથી અતિરિક્ત ધર્મ સાથે સંબંધ ધરાવતા કારકથી સમ્યક્ જ્ઞાનનું ઉત્પાદ્ય હોવું એ સાધ્ય ધર્મ છે. 'કારણ કે સમ્યક્ જ્ઞાન કાર્ય છે' એ હેતુ છે. 'અસમ્યક્ જ્ઞાનની જેમ' એ ઉદાહરણ છે.

68. आयुर्वेदाच्चेन्द्रियगुणान् प्रतिपद्यामहे । यदमी वैद्याः स्वस्थवृत्तेरौषधोपयोगमुपदिशन्ति, तत् गुणोपयोगायैव, न दोषशान्तये । दृश्यते च तदुपदिष्टौषधोपयोगादिन्द्रियातिशयः । तद्विषय एव च लोके नैर्मल्यव्यपदेशो न दोषाभावमात्रप्रतिष्ठ इत्यलं विमर्देन । तस्मादुत्पत्तौ गुणानपेक्षत्वात् स्वतः प्रामाण्यमिति यदुक्तं तदयुक्तम् ।

68. વળી, આયુર્વેદમાંથી આપણે ઇન્દ્રિયના ગુણો જાણીએ છીએ. આ વૈદ્યો સ્વસ્થ ઇન્દ્રિયવ્યાપાર ધરાવતી વ્યક્તિને ઔષધનો ઉપયોગ કરવાનો જે ઉપદેશ આપે છે તે ઇન્દ્રિયના ગુણોને ખીલવવા માટે જ છે, ઇન્દ્રિયના દોષોને દૂર કરવા માટે નથી. અને ઉપદેશવામાં આવેલા ઔષધના ઉપયોગથી ઇન્દ્રિયમાં અતિશય (=ગુણ) ઉત્પન્ન થતો આપણે જોઈએ પણ છીએ. લોકમાં 'નૈર્મલ્ય' શબ્દનો પ્રયોગ આ અતિશયને વિશે જ કરવામાં આવે છે, દોષના અભાવને વિશે કરવામાં આવતો નથી. આથી વિશેષ આ મતનું ખંડન જરૂરી નથી. નિષ્કર્ષ એ કે 'પોતાની ઉત્પત્તિમાં કારકગુણોની અપેક્ષા રાખતું ન હોઈ પ્રામાણ્ય સ્વતઃ ઉત્પન્ન થાય છે' એમ જે કહેવામાં આવ્યું છે તે અયોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

69. यदपि च स्वकार्यकरणे प्रमाणस्य परानपक्षत्वमुच्यते, तदपि व्याख्येयं – किं प्रमाणं स्वकार्यकरणे निरपेक्षं – सामग्री वा, तदेकदेशो वा, तज्जन्यं वा ज्ञानमिति ? तत्र सामग्र्याः सत्यं स्वकार्यजन्मनि नैरपेक्ष्यमस्ति । न तु तावता स्वतः प्रामाण्यं, तत्परिच्छेदस्य परायत्तत्वात् । सामग्र्यन्तर्गतकारकस्य स्वकार्ये परापेक्षत्वमपरिहार्यम्, एकस्मात् कारकात् कार्यनिर्वृत्त्यभावात् । ज्ञानं फलमेव, न प्रमाणमित्युक्तम् । न च फलात्मनस्तस्य स्वकार्यं किञ्चिदस्ति, यत्र सापेक्षत्वमनपेक्षत्वं वाऽस्य चिन्त्येत । पुरुषप्रवृत्त्यादौ तु तदिच्छाद्यपेक्षत्वं विद्यते एवेति यत्किञ्चिदेतत् ।

69. વળી, તમે મીમાંસકોએ જે કહ્યું કે પ્રમાણ પોતાના કાર્યને ઉત્પન્ન કરવામાં બીજાની અપેક્ષા રાખતું નથી તે પણ તમારે સમજાવવું જોઈએ. પોતાના કાર્યને ઉત્પન્ન કરવામાં બીજાની અપેક્ષા ન રાખતું પ્રમાણ શું છે ?—સામગ્રી છે, સામગ્રીનો એક ભાગ છે કે તજ્જન્ય જ્ઞાન છે ? આમાં સામગ્રી પોતાના કાર્યને અર્થાત્ જ્ઞાનને ઉત્પન્ન કરવામાં બીજાની અપેક્ષા નથી રાખતી એ સાચું છે. પરંતુ તેટલા માત્રથી (જ્ઞાનના) પ્રામાણ્યનું જ્ઞાન સ્વતઃ જ ઉત્પન્ન થાય નહિ કારણ કે પ્રામાણ્યના જ્ઞાનને ઉત્પન્ન થવા માટે બીજા પર આધાર રાખવો પડે છે. [સામગ્રીના એક ભાગને અર્થાત્] સામગ્રીમાં સમાયેલા કારકને પોતાનું કાર્ય ઉત્પન્ન કરવા બીજા પર આધાર રાખવો અનિવાર્ય છે, કારણ કે એક કારકથી કાર્ય ઉત્પન્ન થતું નથી. [હવે ત્રીજા વિકલ્પની વાત કરીએ.] જ્ઞાન ફળ જ છે, પ્રમાણ નથી એ અમે જણાવી ગયા છીએ. ફળરૂપ જ્ઞાનને પોતાનું કોઈ કાર્ય નથી કે જેને ઉત્પન્ન કરવા માટે તે બીજાની અપેક્ષા રાખે છે કે નહિ એની વિચારણા કરવી પડે. એ ખરું કે પુરુષપ્રવૃત્તિ વગેરેમાં જ્ઞાન પુરુષેચ્છા વગેરેની અપેક્ષા રાખે છે જ પરંતુ પ્રસ્તુતમાં તેનું કોઈ મહત્ત્વ નથી.

70. यदपि प्रामाण्यनिश्चये नैरपेक्ष्यमभ्यधायि तदपि न साम्प्रतम् । प्रामाण्यनिश्चयस्य हि द्वयी गतिर्नास्तित्वं कारणापेक्षिता वा । न पुनरस्ति च प्रामाण्यनिश्चयः कारणानपेक्षश्चेति शक्यते वक्तुम् । तत्र प्रथमप्रवर्तकप्रतिभासप्रसवसमये तावन्नास्त्येव प्रामाण्यनिश्चय इत्युक्तम् । न हि नीलग्राहिणा प्रमाणेन नीलस्वरूपमिव स्वप्रामाण्यमपि तदानीं निश्चेतुं शक्यते इति । कालान्तरे तत्प्रामाण्यनिश्चयः सत्यमस्ति, न तु तत्र नैरपेक्ष्यं, प्रवृत्तिसामर्थ्याधीनत्वात्तन्निश्चयस्य ।

70. તમે મીમાંસકોએ જે કહ્યું કે પ્રામાણ્યના નિશ્ચયજ્ઞાનને ઉત્પન્ન થવામાં કોઈની અપેક્ષા નથી અર્થાત્ પ્રામાણ્યનિશ્ચય સ્વતઃ છે તે પણ બરાબર નથી. પ્રામાણ્યનિશ્ચયને માટે બે જ વિકલ્પો છે—કાં તો પોતાના અસ્તિત્વનો અભાવ કાં તો [પોતાની ઉત્પત્તિમાં] કારણોની અપેક્ષા. પરંતુ પ્રામાણ્યનિશ્ચય છે અને તેને [પોતાની ઉત્પત્તિ માટે] કારણની અપેક્ષા નથી એમ તો કહી શકાય જ નહિ. પ્રવર્તક પ્રથમ જ્ઞાનની ઉત્પત્તિ વખતે પ્રામાણ્યનિશ્ચય હોતો જ નથી એ તો અમે કહ્યું છે જ, કારણ કે નીલવસ્તુને ગ્રહણ કરતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ જેમ નીલસ્વરૂપનો નિશ્ચય કરી શકે છે તેમ તે વખતે પોતાના પ્રામાણ્યનો નિશ્ચય કરી શકતું નથી. પછી તેના પ્રામાણ્યનો નિશ્ચય થાય છે એ વાત સાચી પરંતુ તે કારણ-નિરપેક્ષ નથી, કારણ કે પ્રામાણ્યનો નિશ્ચય પ્રવૃત્તિસામર્થ્યને લીધે થાય છે, અર્થાત્ પ્રવૃત્તિ સફળ થતાં થાય છે.

71. ननु क्षणिकत्वात्कालान्तरे ज्ञानमेव नास्ति, कस्य प्रामाण्यं निश्चिनुमः शिशुचोद्यमेतद् । अप्रामाण्यमपि बाधकप्रत्ययादिना कालान्तरे कस्य निश्चिनुमः, क्षणिकत्वेन ज्ञानस्यातीतत्वात् । अतिक्रान्तस्यापि स्मर्यमाणस्य ज्ञानस्य, तदुत्पादकस्य वा वर्त्तमानस्य कारकचक्रस्येति चेत् प्रामाण्यनिश्चयेऽपि समानोऽयं पन्थाः ।

71. મીમાંસક—જ્ઞાન ક્ષણિક હોઈ, પછીથી તેનું અસ્તિત્વ જ હોતું નથી, તો પછી આપણે કોના પ્રામાણ્યનો નિશ્ચય કરીએ છીએ ?

નૈયાયિક—આ પ્રશ્ન બાલિશ છે. અમે તમને સામે પૂછીએ છીએ કે તો પછી આપણે કોના અપ્રમાણ્યનો નિશ્ચય કરીએ છીએ ? કારણ કે જ્ઞાન તો ક્ષણિક હોઈ અતીત થઈ ગયું છે. તે અતીત થઈ ગયું હોવા છતાં સ્મૃતિમાં આવતા જ્ઞાનના કે તે જ્ઞાનની જનક વર્તમાન કારણસામગ્રીના અપ્રામાંણ્યનો નિશ્ચય અમે કરીએ છીએ એમ જો તમે મીમાંસકો કહેશો તો અમ નૈયાયિકો પણ કહીશું કે પ્રામાણ્યનિશ્ચયની બાબતમાંય આ જ માર્ગ ( = પ્રક્રિયા ) છે.

72. यत्पुनः कालान्तरे तन्निश्चयकरणे दूषणमितरेतराश्रयत्वं वा मुण्डितशिरोनक्षत्रान्वेषणवद्वैयर्थ्यं वेति वर्णितं तत्रादृष्टे विषये प्रामाण्यनिश्चयपूर्विकायाः प्रवृत्तेरभ्युपगमान्नेतरेतराश्रयः चक्रकं वा । दृष्टे विषये ह्यनिर्णीतप्रामाण्य एवार्थसंशयात् प्रवृत्तिरूपमनर्थसंशयाच्च निवृत्त्यात्मकं व्यवहारमारभमाणो दृश्यते लोकः । एतदेव युक्तमित्युक्तम् —न प्रामाण्यनिश्चयपुरःसरं प्रवर्त्तनमिति । कुत इतरेतराश्रयः ?

72. વળી, [પ્રવૃત્તિ] પછી પ્રામાણ્યનો નિશ્ચય કરવામાં આવે છે એમ માનવામાં, ઇતરેતરાશ્રય કે મુંડનક્રિયા પછી નક્ષત્ર જોવા જેવું વૈયર્થ્ય આ બે દોષો મીમાંસકોએ બતાવ્યા છે તેને વિશે અમારે કહેવાનું કે વિષય અદૃષ્ટ હોય ત્યારે પ્રામાણ્યનિશ્ચય પછી પ્રવૃત્તિ અમે સ્વીકારી હોઈ ઇતરેતરાશ્રય કે ચક્રકદોષને કોઈ અવકાશ નથી. વિષય દૃષ્ટ હોય ત્યારે પ્રામાણ્યનો નિશ્ચય કર્યા વિના જ અર્થવિષયક સંશયને કારણે પ્રવૃત્તિરૂપ વ્યવહારનો અને અનર્થવિષયક સંશયને કારણે નિવૃત્તિરૂપ વ્યવહારનો આરંભ કરતા સામાન્ય જનો જણાય છે. આ જ યોગ્ય છે. એટલે જ અમે કહ્યું છે કે પ્રામાણ્યનિશ્ચય પછી પ્રવૃત્તિ થતી નથી. તો પછી ઇતરેતરાશ્રય દોષ ક્યાં રહ્યો ?

73. वैयर्थ्यं तु दृष्टे विषये सत्यमिष्यते, किन्तु तत्र प्रवृत्तिसामर्थ्येन प्रामाण्यं निश्चिन्वन्नाप्तोक्तत्वस्य हेतोः प्रामाण्येन व्याप्तिमवगच्छतीति अदृष्टविषयोपयोगिवेदादि-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रमाणप्रामाण्यपरिच्छेदे पारम्पर्येणोपायत्वात्स्वविषये व्यर्थोऽप्यसौ तत्र सार्थकतामवलम्बते इत्यदोषः ।

73. પ્રવૃત્તિ પછી પ્રામાણ્યનો નિશ્ચય વ્યર્થ છે એ તમારી વાત દૃષ્ટ વિષય હોય ત્યારે સાચી છે એમ અમે પણ માનીએ છીએ, પરંતુ ત્યાં પણ પ્રવૃત્તિસામર્થ્ય દ્વારા પ્રામાણ્યનો નિશ્ચય કરતો પ્રમાતા [અને પરિણામે] પ્રામાણ્ય (=સાધ્ય) સાથે આપ્તોક્તત્વ–હેતુની વ્યાપ્તિનું ગ્રહણ કરે છે. એટલે અદૃષ્ટ વિષયમાં ઉપયોગી વેદ વગેરે પ્રમાણોના પ્રામાણ્યના જ્ઞાનમાં પરંપરાથી ઉપાયભૂત હોવાથી પોતાના વિષયમાં પછીથી પ્રામાણ્યનો નિશ્ચય વ્યર્થ હોવા છતાં અદૃષ્ટ વિષયમાં ઉપયોગી પ્રમાણના પ્રામાણ્યનો નિશ્ચય કરવામાં તે સાર્થકતા પ્રાપ્ત કરે છે. પરિણામે વૈયર્થ્યદોષ પણ ટકતો નથી.

74. किं पुनरिदं प्रवृत्तिसामर्थ्यं नाम यतः प्रामाण्यनिश्चयमाचक्षते नैयायिकाः । उच्यते । पूर्वप्रत्ययापेक्षोत्तरा संवित् प्रवृत्तिसामर्थ्यं विशेषदर्शनं वेति पूर्वाचार्यैस्तत्स्वरूपमुक्तम् । तत्पुनर्नातीव हृदयङ्गमम् इति भाष्यकृतैव 'समीहा प्रवृत्तिरित्युच्यते, सामर्थ्यं पुनरस्याः फलेनाभिसम्बन्धः' इति [न्या. भा. प्रारम्भ] वदताऽर्थक्रियाख्यफलज्ञानमेव प्रवृत्तिसामर्थ्यमिति निर्णीतम् ।

74. મીમાંસક—આ પ્રવૃત્તિસામર્થ્ય એ વળી શું છે, જેના દ્વારા પ્રામાણ્યનો નિશ્ચય થાય છે એમ નૈયાયિક કહે છે ?

નૈયાયિક —આનો ઉત્તર આપીએ છીએ. પહેલા જ્ઞાનથી જન્ય પછીનું [સંવાદી] જ્ઞાન પ્રવૃત્તિસામર્થ્ય છે અથવા વિશેષધર્મનું દર્શન પ્રવૃત્તિસામર્થ્ય છે એમ કહી પૂર્વાચાર્યોએ પ્રવૃત્તિસામર્થ્યનું સ્વરૂપ જણાવ્યું છે. [પછીના જ્ઞાનનો વિષય પણ અસત્ હોઈ શકે છે એટલે અસત્ જ્ઞાન સાથેનો સંવાદ પહેલા જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય ન કરાવી શકે. અને વિશેષધર્મનું દર્શન થવા છતાંય કેટલીક વાર સંશય રહે છે જ. એટલે પ્રવૃત્તિસામર્થ્યનું પૂર્વાચાર્યોએ જણાવેલું] તે સ્વરૂપ મનને રુચે એવું નથી. તેથી 'સમીહા (=સમ્યક્ ઇચ્છા) પ્રવૃત્તિ કહેવાય છે, અને [તેનું] સામર્થ્ય એટલે તેનું ફળ સાથે જોડાણ' એમ કહીને ભાષ્યકાર વાત્સ્યાયને પોતે અર્થક્રિયા નામના ફળના જ્ઞાનને જ પ્રવૃત્તિસામર્થ્ય તરીકે નિશ્ચિત કર્યું છે.

75. यत्पुनरर्थक्रियाज्ञानस्यापि पूर्वस्मात्को विशेषः ? तस्यापि चान्यतः प्रामाण्यनिश्चयापेक्षायामनवस्थेत्युक्तं तदपि सकलप्राणभृत्प्रतीतिसाक्षिकव्यवहारविरोधित्वादसम्बद्धाभिधानम्, अपरीक्षणीयप्रामाण्यत्वादर्थक्रियाज्ञानस्य । प्रवर्त्तकं तु सर्वज्ञानं प्रवृत्तिसिद्धये परीक्षणीयप्रामाण्यं वर्तते । फलज्ञाने तु सिद्धप्रयोजनत्वात् प्रामाण्यपरीक्षापेक्षैव नास्तीति कुतोऽनवस्था । संशयाभावाद्वा तत्प्रामाण्यविचाराभावः । प्रवर्त्तकं हि प्रथम-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुदकज्ञानमविद्यमानेऽपि नीरे मिहिरमरीचिषु दृष्टमिति तत्र संशेरते जनाः । अर्थक्रियाज्ञानं तु सलिलमध्यवर्त्तिनां भवत्तदविनाभूतमेव भवतीति न तत्र संशयः । तदभावान्न तत्र प्रामाण्यविचारः, विचारस्य संशयपूर्वकत्वात् । विशेषदर्शनाद्वा फलज्ञाने प्रामाण्यनिश्चयः ।

75. 'અર્થક્રિયાના જ્ઞાનની પહેલા જ્ઞાનથી શી વિશેષતા છે ? અર્થક્રિયાના જ્ઞાનના પ્રામાણ્યના નિશ્ચય માટે બીજા જ્ઞાનની અપેક્ષા માનતાં તો અનવસ્થા થાય' એમ જે તમે મીમાંસકોએ કહ્યું તે તો અસંબદ્ધ વાત છે કારણ કે એ તમારી વાત સકળ પ્રાણીઓના અનુભવની સાક્ષીએ ચાલતા વ્યવહારની વિરોધી છે અને અર્થક્રિયાના જ્ઞાનના પ્રામાણ્યની પરીક્ષાની આવશ્યકતા જરા પણ નથી. બધાં પ્રવર્તક જ્ઞાનોના પ્રામાણ્યની પરીક્ષા પ્રવૃત્તિની સફળતા માટે કરવી જોઈએ. પરંતુ ફળજ્ઞાનની (=અર્થક્રિયાના જ્ઞાનની) બાબતમાં તો તેના પ્રામાણ્યની પરીક્ષાની અપેક્ષા જ રહેતી નથી કારણ કે પ્રયોજન (=ફળ) સિદ્ધ થઈ ગયું હોય છે; તો પછી અનવસ્થા કયાંથી થાય ? વળી, અર્થક્રિયાજ્ઞાનના પ્રામાણ્યની બાબતમાં સંશયનો અભાવ હોઈ તેના પ્રામાણ્યની પરીક્ષાનો વિચાર પણ સંભવતો નથી. પ્રવર્તક પહેલું જલજ્ઞાન જલ ન હોય ત્યારે પણ સૂર્યકિરણોમાં ઉત્પન્ન થતું દેખ્યું છે એટલે પ્રવર્તક જ્ઞાનના પ્રામાણ્યની બાબતમાં લોકોને શંકા ઉદ્ભવે છે. [જલ-]અર્થક્રિયાજ્ઞાન તો જલમાં રહેલાને જ થતું હોઈ, તે જલ વિના હોતું જ નથી; એટલે અર્થક્રિયાજ્ઞાનના પ્રામાણ્યની બાબતમાં સંશય ઉદ્ભવતો જ નથી. સંશયના અભાવને કારણે પ્રામાણ્યની પરીક્ષાનો વિચાર પણ ઉદ્ભવતો નથી કારણ કે પ્રામાણ્યની પરીક્ષાના વિચારનું કારણ પ્રામાણ્યવિષયક સંશય છે.

અથવા, અર્થક્રિયાજ્ઞાનમાં વિશેષનું દર્શન થવાથી અર્થક્રિયાજ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થાય છે.

79. कः पुनरयंविशेष इति चेद् योऽयं शौचाचमनमज्जनामरपितृतर्पणपटक्षालनश्रमतापनोदनविनोदनाद्यनेकप्रकारनीरपर्यालोचनप्रबन्धः । न ह्ययमियान्कार्यकलापो मिथ्याज्ञानात्प्रवृत्तस्य क्वचिदपि दृष्टः । स्वप्नेऽप्ययस्य प्रबन्धस्य दर्शनमस्तीति चेत् न, स्वप्नदशाविसदृशविस्पष्टजाग्रदवस्थाप्रत्ययस्य संवेद्यत्वात् । एषोऽस्मि जागर्मि न स्वपिमीति स्वप्नविलक्षणमनिद्रायमाणमानसः प्रत्यक्षमेव जाग्रत्समयं सकलो जनश्चेतयते । न च तस्मिन्नवसरे सलिलमन्तरेणैताः क्रियाः प्रवर्तमाना दृश्यन्ते इति तद्विशेषदर्शनात् सुज्ञानमर्थक्रियाज्ञानप्रामाण्यम् । कारणपरीक्षातो वा तस्मिन् प्रामाण्यं निश्चेष्यामः । यथोक्तं भवद्भिरेव 'प्रयत्नेनान्विच्छन्तो न चेद्दोषमवगच्छेम तत्प्रमाणाभावाददुष्टमिति मन्येमहि' इति [शा. भा. १.१.५]। तथा हि विषयस्य चलत्वसादृश्यादिदोषविरहः, आलोकस्य मलीमसत्वादिकारणवैकल्यम्, अन्तःकरणस्य निद्राद्यदूषितत्वम्, आत्मनः क्षुत्प्रकोपाद्यना–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुलत्वम्, ईक्षणयुगलस्य तिमिरपटलादिविकलत्वमित्यादि स्वयं च कार्यद्वारेण परोपदेशेन च सर्वं सुज्ञानम् । अतो निरवद्यकारणजन्यत्वात् प्रमाणमर्थक्रियाज्ञानमिति विद्मः ।

76. મીમાંસક—આ વળી કયો વિશેષ ?

નૈયાયિક—આ વિશેષ છે. શરીરશૌચ, આચમન, નિમજ્જન, દેવ-પિતૃતર્પણ, વસ્ત્રપ્રક્ષાલન, શ્રમ-તાપહરણ, જલક્રીડા, વગેરે અનેક પ્રકારનાં જલકાર્યોની હારમાળા. આટલાં બધાં કાર્યો જલના મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલ વ્યક્તિ કરતી હોય એ કદી દેખ્યું નથી.

મીમાંસક—સ્વપ્નમાં પણ કાર્યોની આ હારમાળાનું દર્શન થાય છે.

નૈયાયિક—ના, એમ નથી. સ્વપ્નદશાથી ભિન્ન અને સ્પષ્ટ અવસ્થાનો અનુભવ દરેકને છે. 'આ હું છું, જાગું છું, ઊંઘતો નથી' આ પ્રમાણે સ્વપ્નથી ભિન્ન જાગ્રત અવસ્થાને જાગ્રત માનસ ધરાવતા બધા જનો પ્રત્યક્ષ અનુભવે છે; અને તે વખતે (=જાગ્રત અવસ્થામાં) પાણી વિના આ ક્રિયાઓ દેખાતી નથી, એટલે તે વિશેષના દર્શનને કારણે અર્થક્રિયાજ્ઞાનનું પ્રામાણ્ય સહેલાઈથી જણાઈ જાય છે. અથવા, અર્થક્રિયાજ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય અમે નૈયાયિકો અર્થક્રિયાજ્ઞાનના કારણની પરીક્ષા કરીને કરીએ છીએ. આપ મીમાંસકો જ કહો છો કે "પ્રયત્નપૂર્વક દોષને શોધવા છતાં દોષને સાબિત કરતું કોઈ પ્રમાણ ન મળે તો 'આ દોષરહિત છે' એમ અમે માનીએ છીએ." [ મરીચિકા, શુક્તિ વગેરે ] વિષયમાં [ ક્રમથી ] ચલત્વ, સાદૃશ્ય વગેરે દોષોનો અભાવ, પ્રકાશમાં મલીમસત્વ (=મલીનતા, ઝાંખપ ) વગેરે દોષોનો અભાવ, અંતઃકરણમાં નિદ્રા આદિ દોષોનો અભાવ, આત્મામાં ભૂખ વગેરે દોષોનો અભાવ, બે નેત્રમાં તિમિરપટલ વગેરે દોષોનો અભાવ— આ બધું મનુષ્ય પોતે જ કાર્ય દ્વારા જાણી લે છે અથવા બીજાના ઉપદેશથી જાણી લે છે. તેથી દોષરહિત કારણોથી ઉત્પન્ન થયું હોવાથી અર્થક્રિયાજ્ઞાન પ્રમાણ છે એ અમે જાણીએ છીએ.

77. यद्येवं प्रथमे प्रवर्तके एव प्रत्यये कस्मात्कारणपरीक्षैवेयं न क्रियते? किमर्थं क्रियाज्ञाने ? न, आयुष्मान् ! आद्येऽपि ज्ञाने कारणपरीक्षायां क्रियमाणायां कः प्रमादः ? किमेवं सति स्वतः प्रामाण्यं सिद्ध्यति तव, मम वा परतः प्रामाण्यमपहीयते ? किन्तु लोकः प्रवर्तकज्ञानानन्तरं फलप्राप्तिं प्रति यथा सोद्यमो दृश्यते न तथा तत्कारणपरीक्षां प्रति । फलज्ञानमेवेत्थं परीक्ष्यते । आद्यस्य हि ज्ञानस्य फलज्ञानादेव प्रामाण्यसिद्धिः । कश्च नाम निकटमुपायमुपेक्ष्य दूरं गच्छेदिति ?

77. મીમાંસક—જો આમ હોય તો પ્રથમ પ્રવર્તક જ્ઞાનની બાબતમાં જ શા માટે આ કારણપરીક્ષા નથી કરતા ? શા માટે અર્થક્રિયાજ્ઞાનની [આ કારણપરીક્ષા] કરો છો ?

નૈયાયિક—હે આયુષ્માન્ ! પ્રથમ પ્રવર્તક જ્ઞાનની બાબતમાં કારણપરીક્ષા કરવામાં પ્રમાદ કેવો ? શું એમ કરતાં તમારું સ્વતઃ પ્રામાણ્ય પુરવાર થશે અને અમારું પરતઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રામાણ્ય નહિ ટકે ? પરંતુ લોકો તો પ્રવર્તક જ્ઞાન પછી તરત જ ફળને પામવા જેટલા ઉદ્યમી જણાય છે તેટલા ઉદ્યમી તેઓ પ્રવર્તક જ્ઞાનના કારણની પરીક્ષા કરવામાં જણાતા નથી. આ કારણે અર્થક્રિયાજ્ઞાનની જ આ રીતે પરીક્ષા કરવામાં આવે છે. પ્રથમ પ્રવર્તક જ્ઞાનના પ્રામાણ્યની સિદ્ધિ અર્થક્રિયાજ્ઞાન દ્વારા જ થાય છે. નજીક રહેલા ઉપાયની ઉપેક્ષા કરી [દૂરના ઉપાયને ગ્રહવા] દૂર કોણ જાય ? [પ્રથમ પ્રવર્તક જ્ઞાનના કારણની પરીક્ષા કરી તેના પ્રામાણ્ય–અપ્રમાણ્યનો નિશ્ચય કરવા કરતાં અર્થક્રિયાજ્ઞાન દ્વારા તેના પ્રામાણ્ય–અપ્રામાણ્યનો નિશ્ચય કરવો સહેલો છે. સહેલો ઉપાય છોડી કઠિન ઉપાયને કોણ ગ્રહે ? ]

78. अथवा संशयोत्पत्तिसामर्थ्यादेव यथार्थेतरत्वनिश्चयः फलज्ञाने न लप्स्यते । संशयो हि नाम द्वैविध्यदर्शनाद् विना न भवत्येव । न हि स्थाणुपुरुषसाहचर्यमूर्ध्वताख्यस्य धर्मस्य यो न जानाति स तं दृष्ट्वा 'स्थाणुर्वा स्यात्पुरुषो वा' इति संशेते । एवमूर्ध्वत्ववत् बोधरूपत्वस्य व्यभिचारित्वाव्यभिचारित्वाभ्यां सहदर्शनमवश्यमाश्रयणीयम्, अन्यथा तद्विषयसंशयानुत्पादात् । अतः पूर्वमव्यभिचारित्वदर्शने सिद्धे यस्तदा तत्परिच्छेदोपायः स पश्चादपि भविष्यतीति सर्वथा सिद्ध्यत्यव्यभिचारित्वनिश्चयः ।

78. અથવા, સંશયોત્પત્તિસામર્થ્ય દ્વારા જ થતો યથાર્થતા કે અયથાર્થતાનો નિશ્ચય ફળજ્ઞાનમાં (= અર્થક્રિયાજ્ઞાનમાં) પ્રાપ્ત થતો નથી. બે જાતની વસ્તુઓના દર્શન વિના સંશય ઉદ્ભવતો નથી. ઊર્ધ્વતા નામના ધર્મને સ્થાણુ તેમ જ પુરુષ સાથે સાહચર્યસંબંધ ધરાવતો જે જાણતો નથી તે તે ધર્મને દેખીને 'આ સ્થાણુ હશે કે પુરુષ' એવો સંશય કરતો નથી. [આ અર્થક્રિયાજ્ઞાન વ્યભિચારી હશે કે અવ્યભિચારી એવા સંશયની ઉત્પત્તિ માટે પણ] આ જ રીતે ઊર્ધ્વત્વધર્મની જેમ અર્થક્રિયાજ્ઞાનત્વ ધર્મનો વ્યભિચારિત્વ તેમ જ અવ્યભિચારિત્વ સાથે સાહચર્યસંબંધ સ્વીકારવો જોઈએ કારણ કે અન્યથા [અર્થક્રિયાજ્ઞાનત્વ ધરાવતું જ્ઞાન] વ્યભિચારી હશે કે અવ્યભિચારી એવો સંશય ઉત્પન્ન નહિ થાય. નિષ્કર્ષ એ કે પહેલાં [હમેશા] અર્થક્રિયાજ્ઞાનમાં એકલા અવ્યભિચારિત્વનું દર્શન થયું હોઈ, તે વખતે જે ઉપાયથી અર્થક્રિયાજ્ઞાનની અવ્યભિચારિતાનું ગ્રહણ થયેલું તે જ ઉપાયથી પછી પણ તેની અવ્યભિચારિતાનું ગ્રહણ થશે અને આમ તેના અવ્યભિચારિત્વનો નિશ્ચય સર્વથા સિદ્ધ થશે. [ઊર્ધ્વતા ધર્મ સ્થાણુત્વ સાથે પણ દેખ્યો છે અને પુરુષત્વ સાથે પણ દેખ્યો છે, એટલે હાલ ઊર્ધ્વતા ધર્મને દેખતાં તેનો સહચારી 'સ્થાણુ હશે કે પુરુષ' એ સંશય જાગે છે. તેવી જ રીતે પહેલાં જો અર્થક્રિયાજ્ઞાનને વ્યભિચારિત્વ સાથે પણ દેખ્યું હોય અને અવ્યભિચારિત્વ સાથે પણ દેખ્યું હોય તો હાલ અર્થક્રિયાજ્ઞાનને દેખતાં સંશય જાગે કે તેની સાથે અત્યારે વ્યભિચારિતા હશે કે અવ્યભિચારિતા. પરંતુ અર્થક્રિયાજ્ઞાનને પહેલાં કદી વ્યભિચારિતા સાથે દેખ્યું નથી, કેવળ અવ્યભિચારિતા સાથે દેખ્યું છે. એટલે હાલ પણ અર્થક્રિયાજ્ઞાનને દેખતાં અવ્યભિચારિતાનું જ ગ્રહણ પહેલાંની જેમ થાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

79. अनिश्चितप्रामाण्यादपि वा फलज्ञानात् प्रवर्तकस्य प्रामाण्यनिश्चयो युक्तः, न तु स्वतः; उत्पत्तौ प्रमाणतदाभासयोर्विशेषाग्रहणात् फलज्ञाने च तद्विशेषप्रतिभासात् । यत्तु विशेषज्ञानं निश्चितप्रामाण्यमनिश्चितप्रामाण्यं वेति विकल्प्यानवस्थापादनमप्रतिपत्तिप्रहतताकथनं वा तत् दृष्टविरुद्धत्वात्प्रलापमात्रमित्यलमलीकोक्तविकल्पकलापनिर्मथनोदितदुरामोदास्वादनेन ।

79. અથવા, અનિશ્ચિત પ્રામાણ્યવાળા અર્થક્રિયાજ્ઞાન દ્વારાય પ્રવર્તક જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય માનવો ઉચિત છે પરંતુ તે પ્રવર્તક જ્ઞાનના પ્રામાણ્યનો સ્વતઃ નિશ્ચય માનવો ઉચિત નથી, કારણ કે પ્રમાણરૂપ અને પ્રમાણાભાસરૂપ પ્રવર્તકજ્ઞાનોની ઉત્પત્તિ વખતે તેમનો વિશેષધર્મ ગૃહીત થતો નથી જ્યારે અર્થક્રિયાજ્ઞાનની ઉત્પત્તિ વખતે જ તેના વિશેષધર્મનું જ્ઞાન થઈ જાય છે. 'આ વિશેષધર્મનું જ્ઞાન નિશ્ચિતપ્રામાણ્ય છે કે અનિશ્ચિતપ્રામાણ્ય ?' એવા બે વિકલ્પો ઊભા કરી અનવસ્થાદોષની આપત્તિ આપવી કે અપ્રતિપત્તિપ્રતિહતતાદોષ જણાવવો એ દૃષ્ટવિરૂદ્ધ હોઈ પ્રલાપમાત્ર છે, એટલે ખોટા ઊભા કરેલા ઉપર્યુક્ત વિકલ્પોનું ખંડન કરવાના દુરાનંદના આસ્વાદથી બસ કરું છું.

80. स्थितमेतदर्थक्रियाज्ञानात् प्रामाण्यनिश्चय इति । तदिदमुक्तम्, 'प्रमाणतोऽर्थप्रतिपत्तौ प्रवृत्तिसामर्थ्यादर्थवत्प्रमाणम्' [न्या. भा. १. १. १.] इति । तस्मादप्रामाण्यवत् प्रामाण्यमपि परापेक्षमित्यतो द्वयमपि परत इत्येष एव पक्षः श्रेयान् ।

80. એ સ્થિર થયું કે અર્થક્રિયાજ્ઞાન દ્વારા પ્રવર્તક જ્ઞાનના પ્રમાણ્યનો નિશ્ચય થાય છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે 'પ્રમાણ દ્વારા અર્થનું જ્ઞાન થયા પછી પ્રવૃત્તિ સફળ થવાને કારણે પ્રમાણ અર્થવત્ અર્થાત્ અર્થસંવાદી (યથાર્થ) બને છે.' નિષ્કર્ષ એ કે અપ્રામાણ્યની જેમ પ્રામાણ્ય પણ બીજાની અપેક્ષા રાખે છે એટલે બંને પરતઃ છે એ જ પક્ષ વધુ સારો છે.

81. यत्तु कश्चित्प्राज्ञमानी वदति–'अभ्यस्ते विषये स्वतःप्रामाण्यमनभ्यस्ते तु परतः' इति सोऽयमभ्यस्ते विषये इति च ब्रवीति स्वतश्च प्रामाण्यं मन्यते इति स्वयमेवात्मानं वञ्च्यमानं न चेतयते । अभ्यासो हि नाम पुनः पुनः प्रयोगः क्रियायाः अभ्यावृत्तिः । विषयस्य वाभ्यस्तता भूयो भूयः प्रवृत्तिः । अतश्च स्वशरीरग्रहे निजगृहकुड्यस्तम्भादिप्रतिभासे वा सहस्रकृत्वः प्रवृत्तिसंवादज्ञानजन्मना प्रामाण्यनिश्चय उक्तो भवति, [ न ] स्वतः । अभ्यस्तत्वं चान्यथा न भवेदिति यत्किञ्चिदेतत् । तस्मात् परतः प्रामाण्यमिति सिद्धम् ।

81. પોતાને પ્રાજ્ઞ માનનાર કોઈ (=જૈન-બૌદ્ધ વિચારક) કહે છે કે જ્યારે જ્ઞાનનો વિષય અભ્યસ્ત હોય ત્યારે જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ પરંતુ જ્યારે જ્ઞાનનો વિષય અભ્યસ્ત ન હોય ત્યારે જ્ઞાનનું પ્રામાણ્ય પરતઃ. તે એક બાજુ 'વિષય અભ્યસ્ત હોય ત્યારે' એમ કહે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બીજી બાજુ જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ માને છે. આમ તે પોતાને જ છેતરે છે એનું તેને ભાન નથી. અભ્યાસનો અર્થ છે એકની એક ક્રિયાને વારંવાર કરવી તે. વિષયની અભ્યસ્તતા એટલે એકના એક વિષયને પ્રાપ્ત કરવા માટે વારંવાર કરવામાં આવતી પ્રવૃત્તિ. અને તેથી જ પોતાના શરીરના જ્ઞાનની બાબતમાં, પોતાના ઘરનાં ભીંત, થાંભલા વગેરેના જ્ઞાનની બાબતમાં પ્રવૃત્તિ સાથે તે જ્ઞાનોના સંવાદનું જ્ઞાન હજાર વાર જન્મવાને લીધે તે જ્ઞાનોના પ્રામાણ્યનો નિશ્ચય થયો કહેવાય, સ્વતઃ નહિ. વિષયની અભ્યસ્તતા બીજી કોઈ રીતે ન બને. [અર્થાત્ જે વિષયની બાબતમાં વારંવાર કરવામાં આવેલી પ્રવૃત્તિ સફળ જ બની છે તે વિષય અભ્યસ્ત ગણાય છે.] આમ આ મત તુચ્છ છે. તેથી જ્ઞાનનું પ્રામાણ્ય પરતઃ છે એ પુરવાર થયું.

82. यत्पुनः कैश्चिच्चोद्यते प्रमाणानां न परीक्षणमुपपद्यते । तद्धि प्रमाणैः क्रियेताप्रमाणैर्वा ? प्रमाणैरपि परीक्षितैरपरीक्षितैर्वा ? तत्र न नाम अप्रमाणैः प्रमाणपरीक्षणं शक्यक्रियम् । प्रमाणैरप्यपरीक्षितैः तत्करणे वरं व्यवहार एव तादृशैः क्रियतां, किं परीक्षणेन ? परीक्षितैस्तु तत्परीक्षाकरणमपर्यवसितमनवस्थाप्रसङ्गादित्यादि ।

82. વળી કેટલાક શંકા કરે છે—પ્રમાણોની પરીક્ષા ઘટતી નથી. તે પરીક્ષા પ્રમાણોથી કરવામાં આવે છે કે અપ્રમાણોથી કરવામાં આવે છે ? [જો પ્રમાણોથી કરવામાં આવતી હોય તો] પરીક્ષિત પ્રમાણોથી કરવામાં આવે છે કે અપરીક્ષિત પ્રમાણોથી ? આમાં અપ્રમાણોથી પ્રમાણની પરીક્ષા કરવી તો શક્ય જ નથી. વળી, અપરીક્ષિત પ્રમાણોથી પ્રમાણની પરીક્ષા કરવાનો પક્ષ સ્વીકારતા હો તો [કહેવું પડે કે] તેવા (=અપરીક્ષિત) પ્રમાણોથી જ વ્યવહાર ચલાવવો વધુ સારો, પછી પ્રમાણની પરીક્ષાની શી જરૂર છે ? પરીક્ષિત પ્રમાણોથી પ્રમાણની પરીક્ષા કરતાં પરીક્ષા ક્યાંય અટકશે નહિ, કારણ કે અનવસ્થાદોષની આપત્તિ આવશે.

83. तदप्युक्तेन न्यायेन परिहृतं भवति । दृष्टे विषये प्रमाणपरीक्षां विनैव व्यवहारात, अदृष्टे तु परीक्षाया अवश्यकर्त्तव्यत्वादुपपत्तेश्चेति ।

> तस्माददृष्टपुरुषार्थपदोपदेशि
> मानं मनीषिभिरवश्यपरीक्षणीयम् ।
> प्रामाण्यमस्य परतो निरणायि चेति
> चेतःप्रमाथिभिरलं कुविकल्पजालैः ॥

83. નૈયાયિક—આ શંકાનો પરિહાર ઉક્ત ન્યાયે થઈ ગયો સમજવો, કારણ કે વિષય દૃષ્ટ હોય ત્યારે પ્રમાણની પરીક્ષા કર્યા વિના જ વહેવાર થાય છે પરંતુ વિષય અદૃષ્ટ હોય ત્યારે પ્રમાણની પરીક્ષા અવશ્ય કરવી જોઈએ અને ત્યારે પ્રમાણની પરીક્ષા તાર્કિક રીતે ઘટે પણ છે. નિષ્કર્ષ એ કે અદૃષ્ટ પુરુષાર્થનો ઉપદેશ દેનાર (શબ્દ–)પ્રમાણની પરીક્ષા બુદ્ધિમાન માણસોએ કરવી જ જોઇએ, અને એનું (=શબ્દપ્રમાણનું) પ્રામાણ્ય પરતઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એવા નિર્ણય ઉપર અમે આવ્યા છીએ માટે, ચિત્તને ક્લેશ કરનાર ખોટા વિકલ્પોની ચર્ચા કરવાની કોઈ જરૂર નથી.

84. सुशिक्षितास्त्वाचक्षते—युक्तं यदमी मीमांसकपाशाः काशकुसुमराशय इव शरदि मरुद्भिरतिदुरात्समुत्सार्यन्ते दुष्टतार्किकैः । ये हि किलाभ्युपयन्ति च विपरीतख्यातिवादमकृतास्त्राः प्रामाण्यं च स्वत इति च वदन्ति, तेषां कुतः कौशलम् ? विपरीतख्यातावभ्युपगम्यमानायां बाध्यबोधसंदर्भसुभिक्षे सति तत्साधर्म्यादनुत्पन्नबाधकेऽपि बोधे दुष्परिहरः संशयः, संशये च संवादाद्यन्वेषणमपि ध्रुवमवतरतीति परतः प्रामाण्यमनिवार्यम् । यदा तु न बाध्यो नाम जगति कश्चिदपि बोधः, तदा किं साधर्म्यात् संशेरतां प्रमातारः ? असंशयानाश्च किमिति परमपेक्षन्ताम् ? अनपेक्षमाणाः कथं परतः प्रामाण्यं प्रतिपद्यन्तामिति निश्चलं स्वत एव प्रामाण्यमवतिष्ठते ।

84. સુશિક્ષિતો (=પ્રાભાકર મીમાંસકો) કહે છે—સારું થયું કે જેમ શરદઋતુમાં પવન કાશકુસુમોને હડસેલી દૂર કરે તેમ દુષ્ટ તાર્કિકોએ આ દુષ્ટ મીમાંસકોને (=ભાટ્ટ મીમાંસકોને) હરાવી દૂર કર્યા. અસ્ત્રોનો ઉપયોગ કરવાનું ન જાણનાર તેઓ (=ભાટ્ટ મીમાંસકો) એક બાજુ વિપરીતખ્યાતિવાદનો સ્વીકાર કરે છે અને બીજી બાજુ સ્વતઃ પ્રામાણ્યની વાત કરે છે, એમાં તેમનું બુદ્ધિકૌશલ ક્યાં ? [વિપરીતખ્યાતિને અન્યથાખ્યાતિ પણ કહેવામાં આવે છે. એક વસ્તુની બીજી વસ્તુના રૂપે પ્રતીતિને અન્યથાખ્યાતિ કહેવામાં આવે છે. શુક્તિ રજતરૂપે ભ્રાન્ત રજતજ્ઞાનમાં ભાસે છે. શુક્તિ પણ સત્ છે અને રજત પણ સત્ છે. ભ્રમમાં આ દેશ–કાળની સત્ (શુક્તિ) વસ્તુની જગ્યાએ અન્ય દેશ–કાળની અન્ય સત્ વસ્તુનું (રજતનું) પ્રત્યક્ષ થાય છે. આમ થવાનું કારણ શું ? બે વસ્તુઓ વચ્ચેનું સાદૃશ્ય. રજતસદૃશ શુક્તિનું દર્શન થતાં રજત સ્મૃતિમાં ઉપસ્થિત થાય છે અને તેનું પ્રત્યક્ષ થાય છે. રજતસ્મૃતિસહકૃત ચક્ષુ–શુક્તિસન્નિકર્ષથી શુક્તિમાં રજતનું પ્રત્યક્ષ થાય છે ઉત્તરકાલીન નૈયાયિકો કહે છે કે ચક્ષુ–શુક્તિનો સન્નિકર્ષ થતાં જ્ઞાનલક્ષણ અલૌકિક સન્નિકર્ષથી પૂર્વાનુભૂત રજતનું પ્રત્યક્ષ થાય છે. વિપરીતખ્યાતિમાં એક વસ્તુ અન્ય વસ્તુરૂપે પ્રતીત થતી હોવાથી આ પ્રતીતિ (જ્ઞાન) અન્ય જ્ઞાનથી બાધ પામે છે. અર્થાત્ વિપરીતખ્યાતિમાં ભ્રાન્તજ્ઞાનને બાધ્ય માનવું અનિવાર્ય થઈ પડે છે.] વિપરીતખ્યાતિનો સ્વીકાર કરો એટલે બાધ્ય જ્ઞાનની વાત સહેલાઈથી આવી પડે છે અને પરિણામે જે જ્ઞાનની બાબતમાં બાધક ઉપસ્થિત નથી થયું તે જ્ઞાનની બાબતમાં પણ બાધ્ય જ્ઞાન સાથેના તેના સાધર્મ્યને કારણે સંશય—પ્રમાણ હશે કે અપ્રમાણ—જાગવો અનિવાર્ય થઈ પડે છે. અને એક વાર જ્ઞાનના પ્રામાણ્ય બાબતે સંશય જાગે એટલે સંવાદ વગેરેનું અન્વેષણ પણ અનિવાર્યપણે આવી પડે છે, પરિણામે પરતઃ પ્રામાણ્ય અનિવાર્ય બની જાય છે. જો જગતમાં કોઈ બાધ્ય જ્ઞાન જ ના હોય [તો સાધર્મ્ય જ અસંભવ બની જાય અને] તો કયા સાધર્મ્યને આધારે પ્રમાતા સંશય કરે ? [જો અપ્રમાણ (=બાધ્ય) અને પ્રમાણ (=અબાધ્ય) બે જ્ઞાનો હોય તો તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચ્ચે સાધારણ ધર્મ સંભવે પરંતુ કેવળ પ્રમાણ જ્ઞાન જ હોય તો સાધારણ ધર્મ ક્યાંથી સંભવે ? અને જો સાધારણ ધર્મ જ ન સંભવતો હોય તો તજ્જન્ય સંશય પણ ક્યાંથી સંભવે ?] અને જેમને સંશય નથી તેઓ શા માટે પરની (= સંવાદ વગેરેની) અપેક્ષા રાખે ? જેમને પરની અપેક્ષા નથી તેઓ શા માટે પરતઃ પ્રામાણ્યનું પ્રતિપાદન કરે. આમ પ્રામાણ્ય સ્વતઃ જ છે એ દૃઢપણે ટકી રહે છે. [મીમાંસકોનો જ્ઞાન વિશે મહત્ત્વનો સિદ્ધાંત સ્વતઃપ્રામાણ્યવાદ છે. પ્રભાકર માને છે કે જો કોઈ પણ જ્ઞાન અયથાર્થ, મિથ્યા વિપરીત સંભવતું હોય તો યથાર્થ જ્ઞાનમાં પણ તેના અયથાર્થ હોવાની શંકાને અવકાશ રહે જ; એ શંકાને દૂર કરવા માટે યથાર્થ જ્ઞાનને અબાધિત પુરવાર કરવા બાધકાભાવનો નિર્ણય કરવો પડે, અર્થાત્ બાધકાભાવનિશ્ચય સાપેક્ષ જ પ્રામાણ્યનિશ્ચય થવાને કારણે યથાર્થ જ્ઞાનની યથાર્થતા (=પ્રામાણ્ય) સ્વતઃ જ્ઞાત ન રહેતા પરતઃ જ્ઞાત બનશે. તેથી પ્રભાકર બધાં જ જ્ઞાનોને યથાર્થ જ ગણે છે. કોઈ બાધ્ય જ્ઞાન છે જ નહિ.]

85. कथं पुनर्बाध्यो नाम नास्ति बोधः ? शुक्तिकादौ रजतादिप्रत्ययाः प्राचुर्येण बाध्यमाना दृश्यन्ते । अनभिज्ञो भवान् बाधस्य, नहि ते बाध्याः प्रत्ययाः । इदं हि निरूप्यताम् क इवोत्तरज्ञानेन पूर्वज्ञानस्य बाधः । बाधार्थमेव न विद्मः । यदि तावन्नाश एव बाधः, स न तेषामेव; बुद्धेर्बुद्ध्यन्तराद्विरोध इति सकलबोधसाधारणत्वात् । अथ सहानवस्थानं तदपि समानम्, अबाधितानामपि ज्ञानानां सहावस्थानासंभवात् । अथ संस्कारोच्छेदो बाधः, सोऽपि तादृगेव, सम्यक्प्रत्ययोपजनितसंस्कारस्याप्युच्छेददर्शनात् । कश्चिद्भवदभिमत-बाध्यबोधाहितोऽपि संस्कारः सत्यपि बाधकप्रत्यये नोच्छेदमुपगच्छति, कालान्तरे तत्का-रणकतद्विषयस्मरणदर्शनात् । अथ विषयस्यापहारो बाधः, सोऽपि दुर्घटः, प्रतिभातत्वेन विषयस्यापहर्तुमशक्यत्वात् । न हि बाधकं ज्ञानमित्थमुत्तिष्ठति—यत् प्रतिभातं तन्न प्रतिभात-मिति । अथ तदभावग्रहो बाधः, स तात्कालिकः कालान्तरभावी वा ? कालान्तरभावितदभाव-ग्रहणस्य बाधकत्वे प्रागवगतमुद्गरदलितघटाभावग्राहिणोऽपि विज्ञानस्य तद्बाधकत्वप्रसङ्गः । तदैव तु तदभावग्रहणे प्रत्ययद्वयसमर्पितरूपद्वितययोगादुभयात्मकमेव तदस्तु वस्तु किं कस्य बाध्यं बाधकं वा । अथ फलापहारो बाधः, सोऽपि न सम्भवति, संविदः प्रमाण-फलस्य उत्पन्नत्वेनानपहरणीयत्वात् । न हि यदुत्पन्नं तदनुत्पन्नमिति वदति बाधकः । अथ हानादिफलापहारो बाधः, न, तस्य प्रमाणफलत्वाभावात् ।

हानादिव्यवहारो हि पुरुषेच्छानिबन्धनः ।
न तेनापहृतेनापि प्रमाणं बाधितं भवेत् ॥
तस्मान्न बाधो नाम कश्चित् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

85. નૈયાયિક—કોઇ જ્ઞાન બાધ્ય ન હોય એ કેમ બને ?, કારણ કે છીપમાં રજતનું જ્ઞાન અને એવાં બીજાં ઘણાં જ્ઞાનો બાધ પામતાં જણાય છે.

પ્રભાકર—બાધ શું છે એ આપ જાણતા લાગતા નથી. [તમે બાધ્ય જ્ઞાનનાં જે દૃષ્ટાન્તો આપ્યાં] તે બાધ્ય જ્ઞાનો નથી. આપ એ જણાવો કે ઉત્તર જ્ઞાન વડે પૂર્વ જ્ઞાનનો બાધ એ શું છે ? અમે બાધનો અર્થ સમજતા નથી, [એટલે તમે અમને સમજાવો.] જો [ઉત્તરજ્ઞાન વડે પૂર્વજ્ઞાનનો] નાશ જ બાધ હોય તો [છીપમાં રજતનું જ્ઞાન જેવાં] તે જ્ઞાનોનો જ બાધ થાય એમ ન બને કારણ કે અન્ય જ્ઞાન (ઉત્તર જ્ઞાન) વડે જ્ઞાનનો (પૂર્વજ્ઞાનનો) વિરોધ (= નાશ) એ તો બધાં જ જ્ઞાનોમાં સમાનપણે રહેલો છે. જો સાથે ન રહેવું એ બાધ હોય તો એ પણ બધાં જ્ઞાનોમાં સમાનપણે છે કારણ કે અબાધિત જ્ઞાનો પણ સાથે રહે એ સંભવતું નથી. જો સંસ્કારનો ઉચ્છેદ બાધ હોય તો એ પણ બધાં જ્ઞાનોમાં સમાનપણે રહેલો છે, કારણ કે યથાર્થ જ્ઞાને પાડેલાં સંસ્કારોનો પણ ઉચ્છેદ થતો (કેટલીક વાર ) દેખાય છે. વળી, આપે માનેલા બાધ્ય જ્ઞાને પાડેલો કોઇ સંસ્કાર, બાધક જ્ઞાન થવા છતાં, (કેટલીક વાર) ઉચ્છેદ પામતો નથી કારણ કે કારણભૂત તેના વિષયનું સ્મરણ કાલાન્તરે થતું દેખાય છે. જો જ્ઞાને ગ્રહણ કરેલો વિષય ખરેખર તેનો વિષય ન હતો એમ દર્શાવવું અર્થાત્ તે જ્ઞાનના વિષયનું અપહરણ કરવું એ બાધ હોય તો એ પણ દુર્ઘટ છે, કારણ કે જે વિષય જ્ઞાનમાં ભાસ્યો હોય તેનું અપહરણ કરવું શકય જ નથી. [કેમ ?] કારણ કે 'જે વિષય ભાસ્યો હતો તે વિષય ભાસ્યો ન હતો' એ આકારનું બાધક જ્ઞાન જાગતું નથી. જો તે વિષયના અભાવનું ગ્રહણ બાધ હોય તો [અમે પૂછીએ છીએ કે કયારે થયેલું તે વિષયના અભાવનું ગ્રહણ ? —] તે કાળે (= તે વિષયના ભાવગ્રહણકાળે) કે ઉત્તરકાળે ? તે વિષયના અભાવના ઉત્તરકાળે થતા ગ્રહણને બાધક માનશું તો પહેલાં જાણેલા પણ પછી સાંબેલાથી ફુટેલા ઘડાના અભાવને ગ્રહણ કરનારું વિજ્ઞાન (પૂર્વકાલીન) ઘટજ્ઞાનનું બાધક બની જવાની આપત્તિ આવે. તે વિષયના અભાવનું તે જ કાળે થતું ગ્રહણ બાધક છે એમ માનતાં બે જ્ઞાનોએ આપેલાં બે રૂપના યોગે વસ્તુ ઉભયાત્મક (= ભાવાત્મક અને અભાવાત્મક) બની રહે; અને તો પછી [એમાંથી] કોને બાધ્ય ગણવું અને કોને બાધક ગણવું ? જો પ્રમાણના ફળનું દૂરીકરણ [એ જ પ્રમાણનો] બાધ હોય તો એવો બાધ પણ સંભવતો નથી. પ્રમાણફળરૂપ જ્ઞાન એકવાર ઉત્પન્ન થયા પછી તેની ઉત્પત્તિ જ થઈ ન હતી એ રીતનું તેનું દૂરીકરણ શકય નથી, કારણ કે 'જે ઉત્પન્ન છે તે ઉત્પન્ન થયું નથી' એમ બાધક જણાવતું નથી. જો હાનાદિરૂપ ફળનું દૂરીકરણ બાધ હોય તો તેવો બાધ પણ શકય નથી કારણ કે હાનાદિ પ્રમાણનું ફળ નથી. હાનાદિ વ્યવહારનું કારણ [ પ્રમાણ નથી પરંતુ ] પુરુષેચ્છા છે. તેથી હાનાદિના દૂરીકરણથી પણ પ્રમાણ બાધિત ન થાય. નિષ્કર્ષ એ કે બાધ નામની કોઇ વસ્તુ જ નથી.

86. इतश्च नास्ति । स हि समानविषययोर्वा ज्ञानयोरिष्यते भिन्नविषययोर्वा ? न समानविषययोर्धारावाहिज्ञानेष्वदृष्टत्वात् । नापि भिन्नविषययोः, स्तम्भकुम्भोपलम्भयोस्तदनुपलम्भात् । यदि चोत्तरेण ज्ञानेन पूर्वज्ञानगृहीतादर्थादर्थोऽन्य इदानीं गृहीतः, तत्पूर्व-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानं किमिति बाधितमुच्यते । अपि च पूर्वस्मिन्प्रत्यये प्राप्तप्रतिष्ठे सति आगन्तुरुत्तरः प्रत्ययो बाधितुं युक्तः, न पूर्वो, न चैवं दृश्यते । तस्मान्न बाध्यं नाम विज्ञानमस्ति । तदभावान्न तत्साधर्म्यनिबन्धनः संशयः । तदभावात्संवादाद्यनन्वेषणान्न परतः प्रामाण्यम् ।

**86.** આ રીતે વિચારતાં પણ બાધ સંભવતો નથી. બાધ સમાનવિષયક બે જ્ઞાનો વચ્ચે સંભવે છે કે અસમાનવિષયક બે જ્ઞાનો વચ્ચે ? સમાનવિષયક બે જ્ઞાનો વચ્ચે બાધ ન સંભવી શકે કારણ કે ધારાવાહી જ્ઞાનોમાં બાધ દેખ્યો નથી. અસમાનવિષયક બે જ્ઞાનો વચ્ચે પણ બાધ સંભવતો નથી કારણ કે સ્તંભના જ્ઞાન અને કુંભના જ્ઞાન વચ્ચે બાધ જણાતો નથી. પૂર્વજ્ઞાને ગ્રહણ કરેલા વિષયથી અન્ય વિષયનું ગ્રહણ અત્યારે ઉત્તર જ્ઞાન કરતું હોય તો તેથી કંઇ પૂર્વજ્ઞાન બાધિત કહેવાય ? વળી, પૂર્વજ્ઞાને તો પ્રતિષ્ઠા ( = દૃઢતા ) પ્રાપ્ત કરી લીધી હોવાથી નવું આવનાર ઉત્તરજ્ઞાન બાધિત થવાને યોગ્ય છે (કારણ કે હજુ તેણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી નથી), પૂર્વજ્ઞાન બાધિત થવાને યોગ્ય નથી; પરંતુ એવું તો દેખાતું નથી. તેથી, બાધ્ય જ્ઞાન છે જ નહિ. બાધ્ય જ્ઞાન જ અસંભવિત હોઈ સાધર્મ્યજન્ય સંશય જાગતો નથી. સાધર્મ્યજન્ય સંશયના અભાવે સંવાદ વગેરેના અન્વેષણનો અભાવ થતાં પ્રામાણ્ય પરતઃ નથી એ ફલિત થાય છે.

**87.** नन्वेवं बाधे निराक्रियमाणे किममी शुक्तिकारजतादिग्राहिणो विपरीतप्रत्यया अबाधिता एवासताम् ? आः कुमते ! नामी विपरीतप्रत्ययाः । न हीदृशानां विपर्ययाणामुत्पत्तौ किमपि कारणमुत्पश्यामः । न तावदिन्द्रियमेवंविधबोधविधायि भवितुमर्हति, सर्वदा तदुत्पादप्रसङ्गात् । नापि दोषकलुषितं, दुष्टं हि कारणं स्वकार्यकरणे एव कुण्ठितशक्ति जातमिति तदेव मा जीजनत्, विपरीतकार्यकरणस्य किं वर्तते ? न हि दुष्टानि शालिबीजानि यवाङ्कुरकरणकौशलमवलम्बेरन् । तस्मात् कारणाभावादपि न विपरीतप्रत्ययास्ते ।

**87.** ભાટ્ટ મીમાંસક— આ પ્રમાણે બાધનો નિરાસ કરાતાં, શુક્તિમાં રજતનું ગ્રહણ કરનાર જેવાં આ વિપરીત જ્ઞાનો શું અબાધિત જ રહેશે ?

પ્રાભાકર મીમાંસક— એ દુર્બુદ્ધિ ! આ વિપરીત જ્ઞાનો નથી કારણ કે, એવાં વિપરીત જ્ઞાનોની ઉત્પત્તિનું કોઈ કારણ અમને દેખાતું નથી. ઇન્દ્રિય આવાં વિપરીત જ્ઞાનોનું કારણ હોઈ શકે નહિ, કારણ કે ઇન્દ્રિયને આવાં વિપરીત જ્ઞાનોનું કારણ માનતાં સદા આવાં વિપરીત જ્ઞાનોની જ ઉત્પત્તિ થતી રહેવાની આપત્તિ આવે. દોષથી કલુષિત ઇન્દ્રિય પણ આવાં વિપરીત જ્ઞાનોનું કારણ નથી, કારણ કે દુષ્ટ કારણ પોતાનું કાર્ય કરવાની જ શક્તિ ધરાવતું હોતું નથી, એટલે તે પોતાના કાર્યને જ પેદા નહિ કરે અને તો પછી વિપરીત કાર્યને પેદા કરવાની તો વાત જ ક્યાં રહી ? દુષ્ટ શાલિબીજો યવાંકુરને પેદા કરવાનું કૌશલ ધરાવતા નથી. નિષ્કર્ષ એ કે વિપરીત જ્ઞાનોનું કોઈ કારણ ન હોઈ, વિપરીત જ્ઞાનો સંભવતા જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

88. तत्किं सत्यकूप्रत्यय एव शुक्तिकायां रजतप्रतिभासः ? अयि मूढ ! नायमेकः प्रत्यय इदं रजतमिति, किन्तु द्वे एते ग्रहणस्मरणे । इदमिति पुरोऽवस्थितभास्वराकारधर्मिप्रतिभासः, रजतमिति तु भास्वररूपदर्शनप्रबोध्यमानसंस्कारकारणकं तत्साहचर्यादवगतरजतस्मरणम् । अतश्चेदं स्मरणं यतः प्रागनवगतरजतस्य न जायते, विदितरजतस्यापि रजन्यामन्यदा वा सादृश्यदर्शनाद्विना न भवतीति । स्मरणमपि भवदिदमात्मानं तथा न प्रकटयतीति प्रमुषितमुच्यते । स्वरूपेण चाप्रतिभासमानायां स्मृतावनुभवस्मरणयोर्विवेको न गृहीतो भवतीत्यग्रहणमख्यातिरुच्यते ।

88. ભાટ્ટ મીમાંસક— તો શું છીપમાં થતું રજતજ્ઞાન યથાર્થ છે ?

પ્રાભાકર મીમાંસક—અરે મૂર્ખ ! (છીપમાં થતું) 'આ રજત છે' એવું આ એક જ્ઞાન નથી પરંતુ બે જ્ઞાનો છે— પ્રત્યક્ષ અને સ્મરણ. 'આ' એ સમક્ષ રહેલ ચળકાટ ધર્મવાળી વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન છે. પરંતુ 'રજત' એ ચળકાટ ધર્મના પ્રત્યક્ષ દ્વારા જાગ્રત થતા સંસ્કારથી જન્મેલું, ચળકાટ ધર્મ સાથેના સાહચર્યને કારણે ચિત્તમાં આવેલ રજતનું સ્મરણ છે. આ સ્મરણ છે કારણ કે પહેલાં જેણે રજતનું પ્રત્યક્ષજ્ઞાન નથી કર્યું તેને તે નથી થતું, તેમ જ પહેલાં રજતનું પ્રત્યક્ષ કર્યું હોવા છતાં સાદૃશ્યના દર્શન વિના કોઈને રાતે કે અન્યદા, તે સ્મરણ થતું નથી. આ સ્મરણ હોવા છતાં તે પોતાને તે પ્રમાણે (અર્થાત્ સ્મરણરૂપે; બીજી રીતે કહીએ તો, તે દેશ અને તે કાલ સાથે) પ્રગટ કરતું નથી એટલે તેને પ્રમુષિત સ્મરણ કહેવામાં આવે છે. [આ રજતસ્મરણમાં રજત તેના દેશ અને કાળ સાથે સ્મરણમાં આવતી નથી. તેથી સ્મરણનું સ્મરણરૂપ પ્રગટ થતું નથી. એટલે તેને પ્રમુષિત સ્મરણ કહેવામાં આવે છે. ] સ્વરૂપે ( = સ્મરણરૂપે ) ગૃહીત ન થતું આ સ્મરણ જ્યારે જન્મે છે ત્યારે અનુભવ અને સ્મરણનો ભેદ ગૃહીત થતો નથી. (ભેદના આ ) અગ્રહણને અખ્યાતિ કહેવામાં આવે છે.

89 तथा हि भ्रान्तबोधेषु प्रस्फुरद्वस्तुसंभवात् ।
चतुष्प्रकारा विमतिरुदपद्यत वादिनाम् ॥

विपरीतख्यातिः असत्ख्यातिः आत्मख्यातिरख्यातिरिति ।

89, ભ્રાન્ત જ્ઞાનોમાં પ્રતીયમાન વસ્તુનો સંભવ હોઈ, ચાર પ્રકારના વિરોધી મતો વિચારકોમાં પ્રચલિત છે— વિપરીતખ્યાતિ, અસત્ખ્યાતિ, આત્મખ્યાતિ અને અખ્યાતિ. [અસત્ખ્યાતિવાદના પુરસ્કર્તા માધ્યમિકો છે. તેમના મતે બધી વસ્તુઓ અસત્ છે. તેથી તેમના અનુસાર શુક્તિમાં રજતનું જે જ્ઞાન થાય છે, તેનું આલંબન અસત્ વસ્તુ છે, કોઈ સત્ વસ્તુ નથી. તેમની દૃષ્ટિએ શુક્તિ અને રજત બંને અસત્ છે. અનાદિ વાસનાને બળે જ અસત્ પદાર્થો જ્ઞાનમાં ભાસે છે. સ્વપ્નમાંય અસત્ પદાર્થો ભાસે છે, જાગ્રત અવસ્થામાંય અસત્ પદાર્થો ભાસે છે, બધાં જ્ઞાનોમાં અસત્ પદાર્થો જ ભાસે છે. આમ બધાં જ જ્ઞાનો ભ્રાન્ત છે. જેને ભ્રાન્ત જ્ઞાન કહેવામાં આવે છે તેમાં અસત્ વસ્તુનો પ્રતિભાસ થતો હોઈ તેને અસત્ખ્યાતિ કહેવામાં આવે છે. હવે આત્મખ્યાતિનો વિચાર કરીએ. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખ્યાતિના પુરસ્કર્તા વિજ્ઞાનવાદીઓ છે. ભ્રમજ્ઞાનમાં વિષય કોઈ હોય છે અને પ્રતિભાસિત કંઈ બીજું જ થાય છે એવું વસ્તુતઃ નથી. વિશ્વમાં તત્ત્વ તો એક જ છે અને તે છે વિજ્ઞાન. વસ્તુતઃ આંતર તત્ત્વ વિજ્ઞાનના આકારો જ બાહ્યરૂપે પ્રતીત થાય છે. આ દૃષ્ટિએ બધાં બાહ્યવસ્તુવિષયક જ્ઞાનો ભ્રાન્ત છે. વિજ્ઞાનવાદી દૃષ્ટિએ બધાં જ્ઞાનોમાં જ્ઞાનની પોતાની જ ખ્યાતિ (= જ્ઞાન) હોય છે. તેથી બધાં જ જ્ઞાનો આત્મખ્યાતિ છે. જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશે છે, પોતાથી અન્ય બીજાને તે પ્રકાશતું નથી. ]

90 तत्र विपरीतख्यातिस्तावत्कारणाभावादेव निरस्ता । अपि च विपरीतख्यातौ त्रयी गतिः—रजतं वाऽन्यदेशकालमत्रालम्बनं, शुक्तिका वा निगूहितनिजाकारा सती परिगृहीतरजताकारा च, अथ वा अन्यदालम्बनमन्यच्च प्रतिभाति । तत्र यदि रजतमालम्बनं, तदियमसत्ख्यातिरेव, न विपरीतख्यातिः, असतस्तत्र रजतस्य प्रतिभासात् ।

अथान्यदेशकालं तदस्त्येवेत्यभिधीयते ।
इहासन्निहितस्यास्य तेन सत्त्वेन को गुणः ? ॥

अपि च, देशकालावपि किं सन्तौ प्रतिभासेते उतासन्ताविति ? यदि सन्तौ तर्हि सद्देशकालमेवेदं रजतमवभातमिति न भ्रान्तिरेषा स्यात् । असन्तौ तूभावपि रजतवन्नालम्बनं भवितुमर्हतः । अथ स्मृत्यारूढं रजतमस्यां प्रतीतौ परिस्फुरतीत्युच्यते, तर्हि स्मृत्युपारूढमिति कोऽर्थः ? स्मरणमपि ज्ञानमेव, तदपि कथमसदर्थविषयं स्यात् ? स्मृतेरनर्थजत्वमेव स्वरूपमिति चेद्, अस्तु कामम् । तत्सामान्यादत्राप्येवं प्रयोग इत्येतदपि तावन्न ब्रमः । तथा त्वनर्थजन्यया स्मृत्या सोऽर्थः कथमिह सन्निधापयितुं पार्यते । सा हि न स्पृशत्येवाऽर्थम् । तस्मादसन्निहितरजतालम्बना विपरीतख्यातिरसत्ख्यातेर्न विशिष्यते एव ।

**90.** તેમાં વિપરીતખ્યાતિનો નિરાસ તો કારણાભાવને કારણે જ થઈ ગયો. વળી, વિપરીતખ્યાતિની બાબતમાં ત્રણ વિકલ્પો સંભવે છે—અન્ય દેશ અને કાળની રજત અહીં વિષય છે કે પોતાનું સ્વરૂપ ઢાંકી દઈ રજતનું સ્વરૂપ ધારણ કરનારી શુક્તિ વિષય છે કે પછી વિષય અન્ય (= શુક્તિ) છે અને પ્રતીતિ અન્યની (રજતની) છે ? તેમાં રજતને વિષય માનવામાં આવે તો આ અસત્ખ્યાતિ જ બને, વિપરીતખ્યાતિ ન રહે, કારણ કે ત્યાં અસત્ રજતનું જ્ઞાન થાય છે. જો કહેવામાં આવે કે અન્ય દેશ–કાળમાં તો તે છે (= સત્) જ તો અમારું કહેવું છે કે ઇન્દ્રિયની પહોંચની બહાર તેના હોવાનો (= સત્ત્વનો) અહીં શો લાભ, શું પ્રયોજન ? વળી, દેશ અને કાળ પણ શું અસ્તિત્વ ધરાવતા હોય તો જ દેખાય છે કે અસ્તિત્વ ન ધરાવતા હોય તો પણ દેખાય છે ? જો અસ્તિત્વ ધરાવતા (= સત્) દેશકાળ દેખાતા હોય તો રજત અસ્તિત્વ ધરાવતા (=સત્) દેશકાળવાળી જ દેખાઈ છે [ એમ માનવું પડે ] અને પરિણામે આ ભ્રાન્તિ ન બને. જો દેશ અને કાળ અસ્તિત્વ ન ધરાવતા હોય (અર્થાત્ અસત્ હોય) તો દેશ–કાળ બંનેય (અસત્) રજતની જેમ જ્ઞાનનો વિષય બનવા યોગ્ય નથી. જો કહો કે સ્મૃતિમાં આવેલ રજત એ મિથ્યા જ્ઞાનમાં દેખાય છે તો પ્રશ્ન ઊઠે છે કે 'સ્મૃતિમાં આવેલ' નો અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શો છે? સ્મરણ પણ જ્ઞાન જ છે. તેથી તે પણ કેવી રીતે અસત્ (= અતીત) અર્થને પોતાનો વિષય બનાવે? જો કહો કે અર્થજન્ય હોવું એ સ્મૃતિનું સ્વરૂપ નથી તો ભલે એમ હો. જ્ઞાનત્વસામાન્યને કારણે અહીં સ્મૃતિમાં પણ 'જ્ઞાન' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે એમ પણ અમે કહેતા નથી. જે સ્મૃતિ અર્થજન્ય નથી તે પેલા (અતીત) અર્થને અહીં ઇન્દ્રિયના સંપર્કમાં કેવી રીતે લાવી શકે?, કારણ કે તે સ્મૃતિ તો અર્થને સ્પર્શતી પણ નથી. તેથી, ઇન્દ્રિયના સંપર્કમાં જે નથી એવી રજતને પોતાનો વિષય બનાવનાર વિપરીતખ્યાતિની અસત્ખ્યાતિથી કોઇ વિશેષતા જ રહેતી નથી.

91. अथ स्थगितनिजवपुरुपग्रहीतरजतरूपा शुक्तिकाऽत्र प्रकाशते इति नेयमसत्ख्यातिरुच्यते, तदिदमपूर्वं किमपि नाटकमियमस्मि कृत्या सीता संवृत्तेति । तथाहि किमत्र शुक्तिरिति प्रतीतिरुत रजतमिति ? शुक्तिकाप्रतीतौ तु शुक्तौ शुक्तिरेव प्रतीयते, न रजतमिति भ्रमार्थः कः ? रजतप्रतीतौ तु शुक्तिरसावित्यत्र किं प्रमाणम् ? बाधकप्रत्ययादेवमधिगतम् इति चेन्मैवम्, नहि ज्ञानान्तरेणास्याः प्रतीतेर्विषयो व्यवस्थापयितुं युक्तः । बाधकेन हि ज्ञानेन पूर्वज्ञानगृहीतस्य वस्तुनोऽसत्त्वं नाम ख्याप्यतां, न तु तस्य विषयो निरूप्यते । अनर्थित्वाद्वा कदाचिदप्रवृत्तस्य पुंसो बाधकानुत्पत्तौ वा कोऽस्याः प्रतीतेर्विषयं व्यवस्थापयिष्यति । तस्माद्यदेवास्यां चकास्ति तदेव रजतमस्या विषय इति युक्तं वक्तुम्, शुक्तिस्तु निगूहितनिजवपुरिति दुर्विदग्धवाचोयुक्तिरियम् ।

91. ભાટ્ટ મીમાંસક–પોતાના સ્વરૂપને ઢાંકી રજતરૂપ ધારણ કરનાર શુક્તિ અહીં દેખાય છે, એટલે આ અસત્ખ્યાતિ નથી એમ અમે કહીએ છીએ.

પ્રાભાકર મીમાંસક –'કૃત્યારાવણ' નાટકમાં રાવણનો વધ કરવા જાતવેદસે પોતાનું સ્વરૂપ ઢાંકી 'આ હું કૃત્યા (= નકલી) સીતા બની ગયો' એમ કહી સીતાનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું એમ આ પણ કોઈ અપૂર્વ અકળ નાટક જ લાગે છે. શું અહીં 'શુક્તિ છે' એવું જ્ઞાન થાય છે કે 'રજત છે' એવું? જો શુક્તિનું જ્ઞાન માનવામાં આવે તો શુક્તિમાં શુક્તિનું જ્ઞાન થાય છે, રજતનું જ્ઞાન થતું નથી માટે ભ્રમનો અર્થ જ ક્યાં રહ્યો? જો રજતનું જ્ઞાન માનવામાં આવે તો 'આ શુક્તિ છે' એ બાબતમાં શું પ્રમાણ? બાધક જ્ઞાનથી જ એમ જણાય છે એમ જો કહેવામાં આવે તો અમે કહીએ છીએ કે ના, એમ નથી. બીજું જ્ઞાન 'આ જ્ઞાનનો વિષય આ છે' એ દર્શાવવાને યોગ્ય નથી. બહુ બહુ તો બાધક જ્ઞાન પૂર્વજ્ઞાને ગ્રહણ કરેલ વસ્તુનું અસત્ત્વ જણાવે છે, પૂર્વજ્ઞાનનો વિષય શો છે એ તે જણાવતું નથી. અર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છા ન હોવાથી કદીક પુરુષ પ્રવૃત્તિ ન કરે તો બાધક જ્ઞાનની ઉત્પત્તિ જ ન થાય અને બાધક જ્ઞાનની ઉત્પત્તિના અભાવમાં આ જ્ઞાનનો વિષય કયો છે એ કોણ બતાવશે? માટે, આ જ્ઞાનમાં જે પ્રતીત થાય છે તે રજત જ તેનો વિષય છે એમ કહેવું યોગ્ય છે. પોતાનું સ્વરૂપ છૂપાવનાર શુક્તિ આ જ્ઞાનનો વિષય છે એ મત તો વિકૃત જ્ઞાન ધરાવનાર વિદ્વાનોનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

92. ये त्वालम्बनतां शुक्तेः रजतस्यावभासनम् ।
वदन्त्यस्मिन् भ्रमज्ञाने तेषामतितरां भ्रमः ॥
न ह्यालम्बनता युक्ता सन्निधाननिबन्धना ।
तत्रैव भूप्रदेशस्य तथाभावप्रसङ्गतः ॥
तदेवालम्बनं बुद्धेर्यदस्यामवभासते ।
अन्यदालम्बनं चान्यद्भातीति भणितिर्न वा ॥

92. આ ભ્રમજ્ઞાનમાં વિષય શુક્તિ છે અને પ્રતીતિ રજતની છે એમ જેઓ કહે છે તેમનો એ મોટો ભ્રમ છે. ઇન્દ્રિય સાથે સંપર્ક ધરાવે છે એટલા જ કારણે કોઈ વસ્તુ જ્ઞાનનો વિષય બની જાય છે એમ માનવું યોગ્ય નથી. એમ હોય તો (શુક્તિ જેના ઉપર પડેલી છે તે) જમીન પણ તે ભ્રમજ્ઞાનનો વિષય બની જાય. જ્ઞાનનો વિષય તો તે જ છે જે તેમાં પ્રતીત થાય છે. વિષય એક છે અને પ્રતીતિ બીજાની છે એમ કહેવું યોગ્ય નથી.

93. अतो रजतमेवैतद्बुद्धिग्राह्यमसच्च तत् ।
एवं विपर्ययख्यातिरसत्ख्यातेर्न भिद्यते ॥

93. (ત્રણેય વિકલ્પોની ચર્ચાનો) નિષ્કર્ષ એ કે રજત જ એ જ્ઞાનનો વિષય છે અને તે અસત્ છે; આમ વિપરીતખ્યાતિ અસત્ખ્યાતિથી જુદી પડતી નથી.

94. तत्किमसत्ख्यातिरेव साधीयसी ? तामेवाभ्युपगच्छामः ? मैवम्, साऽपि नोपपद्यते एव । असत्ख्यातिरिति कोऽर्थः ? किमेकान्तासत एवार्थस्य प्रथनम् अथ देशान्तरादौ विद्यमानस्येति ? उत्तरस्मिन् पक्षे विपरीतख्यातिरेवैषा, परैरपि तत्र रजतस्य सत्त्वानभ्युपगमात् , देशान्तरादौ तु तत्सत्तायास्त्वयापि प्रतिपन्नत्वात् । एकान्तासतस्त्वर्थस्य ख्यातिरिति न पेशलम्, आकाशनलिनीपल्लवादेरप्रतिभासनात् । वासनाभ्यासादसतामपि प्रतिभासा भविष्यन्तीति चेद् न, अर्थमन्तरेण वासनया अप्यनुपपत्तेः । अर्थानुभवसमाहितो हि संस्कारो वासना कथ्यते, सा कथमसदर्थप्रतिभासहेतुः स्यात् । भवत्वन्या वा भवदभिमता काचन वासना, साऽपि त्वसत्त्वाविशेषे किमिति रजतमतिमुपजनयति, न गगननलिनप्रतीतिमिति कुतस्त्यो नियमः ? तदलमनया ।

नात्यन्तमसतोऽर्थस्य सामर्थ्यमवकल्पते ।
व्यवहारधुरं वोढुमियतीमनुपप्लुताम् ॥

अपि च सत्त्वेन प्रतिभातीति असत्ख्यातिरपि न विपरीतख्यातिमतिवर्तते ।

94. ભાટ્ટ મીમાંસક—તો શું અસત્ખ્યાતિ વધુ સારી છે (=વધુ બુદ્ધિગમ્ય છે)? શું તેને અમે સ્વીકારીએ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાકર મીમાંસક—તે અસત્ખ્યાતિ પણ ઘટતી નથી. 'અસત્ખ્યાતિ'નો અર્થ શો છે? શું એનો અર્થ 'એકાન્ત અસત્ અર્થનું જ્ઞાન' છે કે પછી 'અન્ય દેશ વગેરેમાં વિદ્યમાન અર્થનું જ્ઞાન' છે? બીજો પક્ષ સ્વીકારો તો આ અસત્ખ્યાતિ વિપરીતખ્યાતિ જ બની રહે, કારણ કે નૈયાયિકો પણ (જે દેશમાં શુક્તિ છે) તે દેશમાં રજતનું અસ્તિત્વ સ્વીકારતા નથી, વળી દેશાન્તરમાં રજતની સત્તા તમે (ભાટ્ટો) પણ સ્વીકારો જ છો. એકાન્ત અસત્ અર્થનું જ્ઞાન થાય છે એ પક્ષ રુચિકર નથી, કારણ કે આકાશનલિની, આકાશપલ્લવ વગેરે એકાન્ત અસત્ અર્થોનું જ્ઞાન થતું જ નથી. વાસનાના સાતત્યને કારણે અત્યંત અસત્ અર્થોનું જ્ઞાન થાય છે એમ જો કહેવામાં આવે તો એ બરાબર નથી, કારણ કે અર્થ વિના વાસના પોતે જ ઘટતી નથી. અર્થના અનુભવે પાડેલો સંસ્કાર જ વાસના કહેવાય છે. તે કેવી રીતે અત્યંત અસત્ વસ્તુના જ્ઞાનને ઉત્પન્ન કરે? અથવા તો આ વાસનાથી જુદી જ બીજી કોઈ વાસના આપને માન્ય હોય તો ભલે તેવી વાસના હો; પરંતુ તે પણ, રજત અને ગગનનલિન બંને સમાનપણે અત્યંત અસત્ હોવા છતાં, રજતનું જ જ્ઞાન જન્માવે અને ગગનનલિનનું ન જન્માવે એવો નિયમ ક્યાંથી? માટે, આવી વાસનાનું કોઈ પ્રયોજન નથી. આટલી મોટી નક્કર વ્યવહારધુરાને વહેવા માટેનું સામર્થ્ય અત્યન્ત અસત્ અર્થમાં ઘટતું નથી વળી, અસત્ અર્થો સત્રૂપે જ્ઞાનમાં ગ્રહીત થાય છે એમ કહેવાથી તો અસત્ખ્યાતિ પણ વિપરીતખ્યાતિથી જુદી નહિ પડે.

95. तस्माद्वरमात्मख्यातिरस्तु ।

विज्ञानमेव खल्वेतद्गृह्णात्यात्मानमात्मना ।
बहिर्निरूप्यमाणस्य ग्राह्यस्यानुपपत्तितः ॥
बुद्धिः प्रकाशमाना च तेन तेनात्मना बहिः ।
तद्वहत्यर्थशून्याऽपि लोकयात्रामिहेदृशीम् ॥

95. વિજ્ઞાનવાદી બૌદ્ધ– એટલે આત્મખ્યાતિ વધુ સારી છે એમ માનો. વિજ્ઞાન પોતે જ પોતાને ગ્રહણ કરે છે કારણ કે બહાર જણાતું ગ્રાહ્ય ઘટતું નથી. તે તે રૂપે બહાર પ્રકાશતું અર્થશૂન્ય વિજ્ઞાન અહીં આવા લોકવ્યવહારનું વહન કરે છે.

96. उच्यते–नात्मख्यातिरपि युक्तिमती । विज्ञानात्मनो हि प्रतिभासेऽहं रजतमिति प्रतीतिः स्याद् नेदं रजतमिति । किञ्च 'यदन्तर्ज्ञेयरूपं हि बहिर्वदवभासते' [प्रमाणसमुच्चय] इत्यभ्युपगमादियमपि विपरीतख्यातिरेव स्यात् । असत्ख्यातिरपि चेयं भवत्येव, बहिर्बुद्धेरसत्त्वात् । बुद्धिरस्त्येवेति चेद् बहिष्ट्वं तर्हि चिन्त्यं सत् असत् वेति ? न तावत् सत्, बुद्धेर्बाह्यत्वाभावात् । असत्त्वे त्वसत्ख्यातिरित्युक्तम् ।

96 પ્રાભાકર મીમાંસક– આત્મખ્યાતિ પણ તર્કથી ઘટતી નથી. વિજ્ઞાનનું જ જ્ઞાન થતું હોય તો 'હું રજત છું' એવા આકારનું જ્ઞાન થાય, 'આ રજત છે' એવા આકારનું જ્ઞાન ન થાય. વળી, 'જે જ્ઞેયરૂપ આંતર છે તે જ્ઞેયરૂપ જાણે બાહ્ય હોય એમ ભાસે છે' એમ સ્વીકારતાં આ આત્મખ્યાતિ પણ વિપરીતખ્યાતિ જ બની જાય. તે અસત્ખ્યાતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ બને છે જ કારણ કે વિજ્ઞાનનું બહાર અસ્તિત્વ નથી. જો કહો કે વિજ્ઞાનનું બહાર અસ્તિત્વ તો છે જ, તો તેના બાહ્યપણાનો વિચાર કરવો જોઈએ. તે બાહ્યત્વ સત્ છે કે અસત્ ? તે સત્ નથી કારણ કે બુદ્ધિનું (વિજ્ઞાનનું) બાહ્યત્વ અસ્તિત્વ ધરાવતું નથી. જો તે અસત્ છે એમ સ્વીકારો તો આત્મખ્યાતિ એ અસત્ખ્યાતિ છે એમ કહ્યું ગણાય.

97. तस्मात्ख्यातित्रयेऽप्यस्मिन्नन्योन्यानुप्रवेशिनि ।
युक्त्या विरुध्यमाने च श्रेयस्यख्यातिरेव सा ॥

ख्यातित्रयवादिभिरपि चेयमप्रत्याख्येया नूनमख्यातिः ।

97. નિષ્કર્ષ એ કે પરસ્પર સાંકર્ય ધરાવતી આ ત્રણ ખ્યાતિઓ તર્ક દ્વારા ઘટતી ન હોઈ પેલી [અમે માનેલી] અખ્યાતિ જ સારી છે. આ ત્રણ ખ્યાતિઓના પુરસ્કર્તાઓ પણ આ અખ્યાતિનો નિરાસ કરવા સમર્થ નથી.

98. आत्मख्यातौ तावद् आत्मतया विज्ञानस्य ख्यातिर्नास्ति, विच्छेदप्रतिभासादित्युक्तत्वात् । असत्ख्यातावपि असत्त्वमर्थस्य नैव प्रतिभासते, प्रवृत्त्यादिव्यवहारोच्छेदप्रसङ्गात् । विपरीतख्यातावपि रजतस्यासन्निहितस्य ज्ञानजनकत्वम्, अजनकस्य च प्रतिभासो नेष्यते एव । अतः तत्र रजतस्मृत्युपस्थापितं रजतमवगतिजनकमुपगतम् । अतश्च रजतस्मृतिरपरिहार्या । सा च रजतस्मृतिर्न तदा स्वेन रूपेण प्रकाशते, स्मरामीति प्रत्ययाभावात् ।

तस्मात्प्रमुषितामेनां स्मृतिमिच्छन्ति तार्किकाः ।
अभ्यस्ते विषये लिङ्गप्रतिबन्धस्मृतिं यथा ॥
सोऽयं स्मृतिप्रमोषस्तत्त्वाग्रहणमख्यातिरुच्यते ॥
एवं सतीयमख्यातिरिष्यते सर्ववादिभिः ।
तथा प्रकटयद्भिस्तु पोतं प्राभाकरैर्यशः ॥

98. આત્મખ્યાતિમાં વિજ્ઞાનનું આત્મરૂપે (= સ્વરૂપે = અવિભક્ત વિજ્ઞાનરૂપે = આંતરરૂપે) જ્ઞાન હોતું નથી (અર્થાત્ અગ્રહણ હોય છે), કારણ કે આત્મખ્યાતિમાં અવિભાગ વિજ્ઞાન ગ્રાહ્ય–ગ્રાહક વિભક્તરૂપે ગૃહીત થાય છે એમ કહેવામાં આવ્યું છે. અસત્ખ્યાતિમાં પણ અર્થનું અસત્ત્વ ગૃહીત થતું જ નથી (અર્થાત્ અસત્ત્વનું અગ્રહણ હોય છે) કારણ કે અસત્ખ્યાતિમાં અર્થનું અસત્ત્વ ગૃહીત થાય છે એમ માનતાં પ્રવૃત્તિ વગેરે વ્યવહારના ઉચ્છેદની આપત્તિ આવે. વિપરીતખ્યાતિમાં પણ અસન્નિહિત રજતમાં જ્ઞાનની જનકતા તેમ જ જે અજનક હોય તેનું ગ્રહણ ઇચ્છવામાં આવતાં નથી જ. એથી વિપરીતખ્યાતિમાં સ્મૃતિમાં આવેલી રજત જ્ઞાનજનક છે એમ સ્વીકારવામાં આવ્યું છે, અને એટલે જ રજતની સ્મૃતિ અપરિહાર્ય છે. તે રજતની સ્મૃતિ તે વખતે પોતાના રૂપમાં (= સ્મૃતિરૂપે) ગૃહીત થતી નથી, કારણ કે 'મને [રજતનું] સ્મરણ થાય છે' એવા આકારનું જ્ઞાન હોતું નથી. તેથી, જેમ તાર્કિકો અભ્યસ્ત વિષયમાં વ્યાપ્તિસ્મરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન અનુભવાતું હોવાં છતાં સ્વીકારે છે તેમ અહીં પણ તેઓ રજતની સ્મૃતિ ન અનુભવાતી હોવા છતાં સ્વીકારે છે. સ્મૃતિનો આ અનનુભવ સ્મૃતિનું સ્મૃતિરૂપે અગ્રહણ છે અને તેથી અખ્યાતિ કહેવાય છે. આમ હોઈને, બધા દાર્શનિકો આ અખ્યાતિને સ્વીકારે છે પરંતુ તેને એ રીતે રજૂ કરીને [અમે] પ્રાભાકરો યશ પામી ગયા.

99. ननु रजतमिति स्मृतेः स्वरूपोल्लेखो मा भूद् । इदमित्यत्र पुरोऽवस्थितधर्मिप्रतिभासात् कथमख्यातिः ? उच्यते, न पुरोऽवस्थितो धर्मी शुक्तिकेयमिति स्पष्टतया गृह्यते । तथा चाभ्युपगमे भ्रमाभावप्रसङ्गात् । किन्तु तेजस्वितादिविपरीतं धर्मिमात्रमवभासते । धर्मसारूप्याच्च तदानीं रजतं स्मर्यते । ते एते ग्रहणस्मरणे विविक्ते अपि विविक्ततया न गृह्येते इति विवेकाग्रहणमख्यातिः, न तु सर्वेण सर्वात्मनाप्रतिपत्तिरेव ।

99. ભાટ્ટ મીમાંસકો–જ્ઞાનમાં '[પેલી] રજત' એવા આકારવાળી સ્મૃતિનો સ્મૃતિરૂપે ઉલ્લેખ ભલે ન હોય પરંતુ 'આ છે' એવું સમક્ષ રહેલ ધર્મીનું જ્ઞાન તો થાય છે, તો પછી 'અખ્યાતિ' ક્યાંથી ?

પ્રાભાકર મીમાંસકો – અમે ઉત્તર આપીએ છીએ. સમક્ષ રહેલ ધર્મી 'આ છીપ છે' એમ સ્પષ્ટપણે ગૃહીત થતો નથી. તે સ્પષ્ટપણે ગૃહીત થાય છે એમ સ્વીકારતાં ભ્રમના અભાવની આપત્તિ આવશે. [સમક્ષ રહેલ ધર્મીવિશેષ છીપ ગૃહીત થતો નથી] પરંતુ તેજસ્વિતા વગેરેથી [=સમાન ધર્મોથી] જેનું વિશેષરૂપ ઘેરાઈ ગયું છે–ઢંકાઈ ગયું છે એવો ધર્મીમાત્ર, [ધર્મીવિશેષ નહિ] ગૃહીત થાય છે. [તેજસ્વિતારૂપ] ધર્મસારૂપ્યને લીધે ત્યારે રજતનું સ્મરણ થાય છે. આ બે ગ્રહણ અને સ્મરણ ભિન્ન હોવા છતાં તેમનું ભિન્નરૂપે ગ્રહણ થતું નથી. આમ અહીં વિવેક(=ભેદ)નું અગ્રહણ એ જ અખ્યાતિ છે, અને નહિ કે સર્વનું સર્વથા અગ્રહણ.

100. व्यधिकरणयोश्च ग्रहणस्मरणयोर्वैयधिकरण्यं चेन्न गृहीतं, किमन्यदस्तु सामानाधिकरण्यम् । न तु यदेवेदं तदेव रजतमिति सामानाधिकरण्येन ग्रहणमस्ति । सा हि विपरीतख्यातिरेव स्यात् । वैयधिकरण्यानुपग्रहादेव प्रमातुः प्रवृत्तिः । अविवेकात् साधारण्याभिमानेन प्रवृत्तिरिति फलत इयं वाचोयुक्तिः —

सामानाधिकरण्येन केचित्तत्पृष्ठभाविनम् ।
परामर्शमपीच्छन्ति तन्न श्रद्दध्महे वयम् ॥
अख्यातिपक्ष एवं हि हीयेतैकत्ववेदनात् ।
वक्रैश्च वितथाख्यातिरक्षरैः कथिता भवेत् ॥

100. કેટલાક પ્રાભાકર મીમાંસકો– ગ્રહણ અને સ્મરણ જે એકબીજાથી ભિન્ન છે તેમનો ભેદ જો ગૃહીત ન થયો તો તેથી શું ? ભેદથી અન્ય અભેદનું ગ્રહણ થાઓ.

૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ પ્રાભાકરો– પરંતુ 'આ જે છે તે જ રજત છે' એમ અભેદનું ગ્રહણ પણ અહીં થતું નથી. જો એમ [અભેદનું ગ્રહણ] માનીએ તો તે વિપરીતખ્યાતિ જ બની જાય. ભેદના અગ્રહણથી જ પ્રમાતાની પ્રવૃત્તિ થાય છે. [તમારી વાત માનીએ તો] ફલતઃ આ પ્રમાણે કહેવું પ્રાપ્ત થાય – ગ્રહણ અને સ્મરણના ભેદના અગ્રહણને પરિણામે તેમના અભેદનું જ્ઞાન થાય છે જે પ્રવૃત્તિનું કારણ બને છે. કેટલાક પ્રભાકરાનુયાયીઓ અનુભવ અને સ્મરણના ભેદના અગ્રહણ પછી તરત ઉત્પન્ન થતું અભેદાકારનું પરામર્શ-જ્ઞાન – 'જે આ છે તે જ રજત છે' પણ ઈચ્છે છે; તે પરામર્શજ્ઞાનને અમે માનતા નથી. આમ એકત્વનું જ્ઞાન માનતાં તો અખ્યાતિવાદ ટકી શકે નહિ અને આડકતરી રીતે વિપરીતખ્યાતિ જ કહી ગણાય.

101. नन्वेवमख्यातिपक्षे प्रतिष्ठाप्यमाने नेदं रजतमिति पूर्वावगतरजतप्रतिषेधबोधी बाधकप्रत्ययो दृश्यमानः कथं समर्थयिष्यते ? अप्रतीतिज्ञो देवानांप्रियः । न ह्यनेन रजतनिषेधो विधीयते किन्तु प्रागगृहीतो विवेकः प्रख्याप्यते । न इदं रजतं, यदेवेदं तदेव रजतमित्येतन्न, इदमिदं रजतं रजतम् इति । एतदुक्तं भवति इदमन्यद्रजतमन्यदिति, सोऽयं विवेकः ख्यापितो भवति ।

101. ભાટ્ટ મીમાંસક–આ પ્રમાણે અખ્યાતિપક્ષની સ્થાપના કરવામાં આવતાં, પહેલાં જાણેલ રજતનો પ્રતિષેધ કરનારું 'આ રજત નથી' એવું જે બાધક જ્ઞાન અનુભવાય છે તેનું સમર્થન તમે પ્રાભાકરો કેવી રીતે કરશો ?

પ્રાભાકર મીમાંસક– ઓ મૂર્ખ ! તું એ જ્ઞાનના સ્વરૂપથી અજાણ છે. એના વડે રજતનો નિષેધ કરાતો નથી પરંતુ પહેલાં ન ગ્રહેલા વિવેકનું જ્ઞાન કરાવાય છે. 'આ રજત નથી' અર્થાત્ 'જે આ છે તે જ રજત છે એવું નથી' અર્થાત્ 'આ આ છે, રજત રજત છે'. આનો અર્થ એ થયો કે 'આ' બીજી વસ્તુ છે અને 'રજત' બીજી વસ્તુ છે એવો જે આ વિવેક એ જણાવાય છે.

102. नन्वेवम् 'इदं रजतम्' इत्यादौ स्मरणानुभवयोर्भवतु विवेकाग्रहणं, स्वप्ने तु कथमेतद्भविष्यति ? भीरो ! किं जातं स्वप्ने ?

विवेकेन न गृह्येते स्मरणानुभवौ क्वचित् ।
स्वप्ने तु स्मृतिरेवैका तथात्वेन न गृह्यते ॥

102. ભાટ્ટ મીમાંસક – આમ 'આ રજત છે' એ ભ્રાન્તિના દૃષ્ટાન્તમાં સ્મરણ-અનુભવના ભેદનું અગ્રહણ માની લઈએ, પરંતુ [ભ્રાન્તિસ્વરૂપ] સ્વપ્નમાં આ સ્મરણ-અનુભવના ભેદનું અગ્રહણ કેવી રીતે બનશે ?

પ્રાભાકર મીમાંસક–અરે ભીરુ ! સ્વપ્નમાં શું થાય છે ? કેટલીક વાર (= શુક્તિમાં રજતના ભ્રમજ્ઞાન જેવાં ભ્રમજ્ઞાનોમાં) સ્મરણ અને અનુભવના ભેદનું અગ્રહણ હોય છે પરંતુ સ્વપ્નરૂપ ભ્રમમાં તો કેવળ સ્મૃતિ જ હોય છે અને સ્મૃતિનું સ્મૃતિરૂપે અગ્રહણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

103. सदृशदर्शनाद्विना स्मृतिरेव कुतस्त्येति चेद् न, नानाकारणकत्वात्स्मरणस्य । निद्राकषायितमप्यन्तःकरणं स्मरणकारणं भवत्येव । यद्येवं द्विचन्द्रतिक्तशर्करादिप्रत्ययेषु कथं स्मृतिप्रमोषः ?

103. ભાટ્ટ મીમાંસક – સદૃશ વસ્તુના દર્શન વિના સ્મૃતિ કેવી ?

પ્રાભાકર મીમાંસક – તમારી શંકા બરાબર નથી કારણ કે સ્મૃતિનાં અનેક કારણો છે. નિદ્રાથી કલુષિત થયેલું અન્તઃકરણ સ્મૃતિનું કારણ બને છે જ.

ભાટ્ટ મીમાંસક– જો એમ હોય તો દ્વિચન્દ્રજ્ઞાન, તિક્તશર્કરાજ્ઞાન, વગેરે ભ્રાન્તજ્ઞાનોમાં સ્મૃતિનું સ્મૃતિરૂપે અગ્રહણ કેવી રીતે ઘટાવશો ?

104. आः कुण्डशेखर ! कथमसकृदभिहितमपि न बुध्यसे—

न सर्वत्र स्मृतेरेव प्रमोषोऽभ्युपगम्यते ।
किन्त्वख्यातिरतश्चासौ कथञ्चित्कस्यचित्कचित् ॥
भवत्यनुभवस्मृत्योर्विवेकाग्रहणं कचित् ।
कचित्तु स्मर्यमाणस्य तथात्वेनानुपग्रहः ॥
द्विधा कृता कचिद् वृत्तिर्नेत्रस्य तिमिरादिना ।
न हि ग्रहीतुमैक्येन शक्नोति शिशिरत्विषम् ॥
कचिद्रसनसंपृक्ते पित्ते तिक्तत्ववेदनात् ।
परिच्छेत्तुं न शक्नोति माधुर्यं शर्करागतम् ॥
गृह्णाति यत्तु तिक्तत्वं वस्तुतः पित्तवर्त्ति तत् ।
तथा तु न विजानाति निगिरन्नेष शर्कराम् ॥
एतेन पीतशङ्खादिख्यातयोऽपि व्याख्याताः ।

104. પ્રાભાકર મીમાંસક– અરે બુદ્દુ ! વારંવાર કહેવા છતાં કેમ સમજતો નથી કે બધાં જ ભ્રાન્તજ્ઞાનોમાં સ્મૃતિનું સ્મૃતિરૂપે અગ્રહણ સ્વીકાર્યું નથી પણ અગ્રહણ સ્વીકાર્યું છે. તેથી આ અગ્રહણ કોઈને કયારેક કોઈક રીતે તો હોય છે. કયારેક અનુભવ અને સ્મૃતિના ભેદનું અગ્રહણ હોય છે. કયારેક સ્મૃતિના વિષયનું સ્મૃતિના વિષય તરીકે અગ્રહણ હોય છે. કયારેક તિમિરાદિ દોષને લીધે આંખનું દર્શન દ્વિધા વિભક્ત થઈ જાય છે. તેથી આંખ ચંદ્રને એક તરીકે ગ્રહી શકતી નથી. પિત્તથી જીભ આવરિત હોવાને લીધે પિત્તની તિક્તતાનું જ્ઞાન થતું હોઈ સાકરના માધુર્યને અનુભવવા તે અસમર્થ બની જાય છે. જે તિક્તતાનો તેને અનુભવ થાય છે તે તો પિત્તગત છે એનું સાકર ખાનારને અગ્રહણ હોય છે. આ દૃષ્ટાંત દ્વારા પીતશંખ વગેરે ભ્રાન્તિઓની પણ સમજૂતી અપાઈ ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

105. तदेवं सति सर्वत्र सम्यगग्रहणं भ्रमः ।
न मिथ्याप्रत्ययः कश्चिदस्ति शङ्कानिबन्धनः ॥
अजातमिथ्याशङ्कश्च न संवादमपेक्षते ।
तस्मान्न कश्चित्परतः प्रामाण्यमधिगच्छति ॥
एवं स्वतः प्रमाणत्वे सिद्धे वेदेऽपि सा गतिः ।
अपवादद्वयाभावो वक्तव्यश्चात्र पूर्ववत् ॥

105. આવું હોઈને સમ્યક્ ગ્રહણનો અભાવ એ ભ્રમ છે. મિથ્યા જ્ઞાન જેવું કોઈ જ્ઞાન નથી જેથી જ્ઞાનની બાબતમાં શંકા જન્મે કે આ પ્રમા હશે કે અપ્રમા. [બધાં જ જ્ઞાનો યથાર્થ હોઈ, આવી શંકા જન્મી શકે જ નહિ.] જેને જ્ઞાનના મિથ્યા હોવા [કે અમિથ્યા હોવા] વિશે શંકા ન હોય તે (તેના નિર્ણાયક) સંવાદની અપેક્ષા કેમ રાખે? તેથી કોઈ પણ જ્ઞાનનું પ્રામાણ્ય પરતઃ હોય એમ જણાતું નથી. આમ જો જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ પુરવાર થયું તો વેદની બાબતમાં પણ એમ જ ( = સ્વતઃ જ ) હોય. બે અપવાદનો અભાવ વેદની બાબતમાં પહેલાંની જેમ નિરૂપવો જોઈએ.

106. अत्र प्रतिविधीयते । यदुक्तम् 'इदं रजतमिति स्मरणानुभवस्वभावे विवेकेनागृह्यमाणे द्वे एते ज्ञाने' इति, तदसाम्प्रतम्, प्रत्यभिज्ञावदेकत्वेनैव संवेद्यमानत्वात् । यदेवेदं पुरोऽवस्थितं भास्वररूपाधिकरणं धर्मिसामान्यं तदेव रजतमिति विशेषतः प्रतिपद्यते, यदिदमग्रतः स्थितं तद्रजतमिति सत्यरजतप्रतीतिवत्, अनुभूततया हि न रजतमत्र प्रकाशते किन्त्वनुभूयमानतया, अनुभूतताग्रहणं च स्मरणमुच्यते नानुभूयमानताग्रहणम् ।

106. નૈયાયિક – અહીં અમે અખ્યાતિવાદનો વિરોધ કરીએ છીએ. 'આ રજત છે' એમાં જેમનો ભેદ (હોવા છતાં) ગૃહીત નથી થયો એવાં અનુભવ અને સ્મરણ એ બે જ્ઞાનો છે – એમ જે કહેવામાં આવ્યું તે યોગ્ય નથી, કારણ કે પ્રત્યભિજ્ઞાની જેમ અહીં પણ એક જ જ્ઞાનનું સંવેદન થાય છે. 'જે સમક્ષ રહેલ છે તે રજત છે' એવી સત્ય રજતની પ્રતીતિની જેમ [અહીં] 'આ જે સમક્ષ રહેલો ભાસ્વર રૂપ વગેરેના અધિકરણભૂત ધર્મીસામાન્ય છે તે રજત છે' એમ વિશેષરૂપે તેનું [=ધર્મીસામાન્યનું] પ્રતિપાદન કરવામાં આવે છે. ભૂતકાળમાં અનુભવાયેલ વસ્તુરૂપે રજત અહીં જ્ઞાત થતી નથી પરંતુ વર્તમાનમાં અનુભવાતી વસ્તુરૂપે જ તે જ્ઞાત થાય છે. ભૂતકાળમાં અનુભવયેલનું ગ્રહણ સ્મરણ કહેવાય છે, વર્તમાનમાં અનુભવાતી વસ્તુનું ગ્રહણ સ્મરણ કહેવાતું નથી.

107. स्वप्रकाशा च संवित्तिरिति भवतां दर्शनम् । तत्रैषा रजतसंवित्तिः केन रूपेण प्रकाशतामिति चिन्त्यम् । यदि स्मरणात्मना, कः प्रमोषार्थः ? अथानुभवात्मना, तदियं विपरीतख्यातिरेव, स्मृतेरनुभवत्वेन शुक्तेरिव रजतत्वेन प्रतिभासात् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

107. વળી, જ્ઞાન સ્વપ્રકાશ છે એવો તમારો પ્રાભાકરોનો સિદ્ધાન્ત છે. તમારા દર્શનમાં (=તત્ત્વજ્ઞાનમાં) આ રજતજ્ઞાન કયા રૂપે ગૃહીત થાય છે એ વિચારવું જોઈએ. જો તે સ્મરણરૂપે ગૃહીત થતું હોય તો પછી સ્મૃતિના પ્રમોષની તમે જે વાત કરો છો તેનો અર્થ શો ? જો અનુભવરૂપે ગૃહીત થતું હોય તો ['આ રજત છે' એવું આ ભ્રમ]જ્ઞાન વિપરીતખ્યાતિ જ બની રહે, કારણ કે [વિપરીતખ્યાતિમાં] જેમ શુક્તિ રજતરૂપે ગૃહીત થાય છે તેમ અહીં સ્મૃતિ અનુભવરૂપે ગૃહીત થાય છે.

108. अथ संविन्मात्रतयैव प्रकाशते तदपि न युक्तम्, रजतविषयोल्लेखात्, स्मरणानुभवविशेषरहितायाश्च विषयसंवित्तेरनुपपत्तेः ।

108. જો તમે પ્રાભાકરો કહો કે તે જ્ઞાન સ્મૃતિરૂપે ગૃહીત થતું નથી કે અનુભવરૂપેય ગૃહીત થતું નથી પરંતુ કેવળ જ્ઞાનરૂપે જ ગૃહીત થાય છે તો એ બરાબર નથી, કારણ કે તે જ્ઞાનમાં વિષયનો ઉલ્લેખ છે અને સ્મરણ કે અનુભવનો વિશેષ ધર્મ ન ધરાવતું હોય એવું વિષયજ્ઞાન ઘટતું નથી.

109. न चेयमप्रतिपत्तिरेवेति वक्तुमुचितं, मदमूर्च्छादिदशाविसदृशस्वप्रकाशसंवेदनानुभवात् । यथा इदमित्यंशे स्वप्रकाशं संवेदनं तथैव रजतमित्यत्रापि ।

109. આ રજતજ્ઞાનનું અગ્રહણ જ હોય છે એમ કહેવું યોગ્ય નથી કારણ કે મદ, મૂર્છા વગેરે દશાથી વિસદૃશ એવા આ સ્વપ્રકાશ જ્ઞાનનો અનુભવ થાય છે. જેમ 'આ' અંશમાં જ્ઞાન સ્વપ્રકાશ છે તેમ 'રજત'અંશમાં પણ તે સ્વપ્રકાશ જ હોય.

110. अपि च द्वयोश्चांशयोः समाने संवेदने तत एकं प्रत्यक्षलब्धमपरं स्मरणफलमिति कुतस्त्यो विभागः ।

110. વળી ['આ'અંશ અને 'રજત'અંશ] બંને અંશોનું સંવેદન સમાન હોય છે, તો પછી એક અંશનું સંવેદન પ્રત્યક્ષફળ છે અને બીજા અંશનું સંવેદન સ્મરણફળ છે એવો વિભાગ ક્યાંથી ઘટે ?

111. इदमित्यत्र च किमवभासते इति निरूप्यताम् । यदि शुक्तिकाशकलं सकलस्वगतविशेषखचितमवभाति तदा तद्दर्शने सति रजतस्मरणस्य कोऽवसरः ? । भवदपि वा सादृश्यकृतं स्मरणं न तदविवेकाय कल्पते, देवदत्तदर्शनानन्तरोद्गततत्सदृशपुरुषान्तरस्मरणवत् । अथ धर्मिमात्रमिदमिति प्रत्यये प्रतिभाति, न शुक्तिकाशकलं, तद्बाढमिष्यते । तदेव चेदं सामान्यधर्मग्रहणवशविरुद्धसंस्कारोपनिबन्धनविरुद्धविशेषस्मरणकारणकमिदं रजतमिति सामान्योपक्रमे विशेषपर्यवसानं ज्ञानं, यदिदं तद्रजतमिति सामानाधिकरण्यावमर्शात् । रजतानुभवाभिमानेनैव च रजतार्थी तत्र प्रवर्तते ।

111. 'આ' એ જ્ઞાનમાં શું ગૃહીત થાય છે એ કહો. જો એમાં શુક્તિનો ટુકડો ગૃહીત થતો હોય તો તે પોતાના સઘળા વિશેષ ધર્મો સાથે જ ગૃહીત થાય, આમ તે વખતે શુક્તિનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન હોય, અને તો પછી ત્યારે રજતનું સ્મરણ થવાનો કોઈ અવકાશ જ ક્યાં રહે છે? અને શુક્તિના દર્શન પછી શુક્તિ સાથે રજતનું સાદૃશ્ય હોવાને કારણે રજતનું સ્મરણ થાય તો પણ તે રજતસ્મરણ શુક્તિદર્શનથી પોતાના ભેદનું અગ્રહણ જન્માવવા સમર્થ નથી – જેમ દેવદત્તના દર્શન પછી દેવદત્ત સાથે સાદૃશ્ય ધરાવનાર પુરુષનું થતું સ્મરણ દેવદત્તદર્શનથી પોતાના ભેદનું અગ્રહણ જન્માવવા સમર્થ નથી તેમ. જો કહો કે 'આ' એ જ્ઞાનમાં ધર્મિમાત્રનું ગ્રહણ થાય છે, શુક્તિના ટુકડાનું ગ્રહણ થતું નથી, તો તે તો અમને ખરેખર ઇષ્ટ છે. સામાન્ય ધર્મના ગ્રહણને લીધે વિરોધી સંસ્કારોના જાગવાથી વિરોધી વિશેષ ધર્મોનું સ્મરણ થાય છે જેને કારણે 'આ રજત છે' એવું તે જ્ઞાન સામાન્ય ધર્મથી શરૂ થઈ વિશેષ ધર્મમાં પર્યવસાન પામે છે, કારણ કે 'જે આ છે તે રજત છે' એવો અભેદનો પરામર્શ થાય છે. પોતાને રજતનો અનુભવ થયો છે એમ માનીને રજતાર્થી ત્યાં પ્રવૃત્ત થાય છે.

112. ननु स्मरणानुभवयोर्विवेकमप्रतिपद्यमानः प्रवर्तते इत्युक्तम् । श्रुतमिदं यदत्र-भवद्भिर्धर्मकीर्त्तिगृहादाहृतं 'दृश्यविकल्प्यावर्थावेकीकृत्य प्रवर्तते' इति । किञ्च चौर्यमपीदं न कथञ्चन स्वार्थं पुष्णाति, यावद्धि दृश्यं गृहीतमिति न जातः प्रत्ययः तावत्कथं दृश्यार्थिनस्तत्र प्रवृत्तिः । एवमिहापि यावद् रजतं गृहीतमिति न जातः प्रत्ययः तावत् कुतस्तदर्थिनां प्रवृत्तिः ? तस्मादस्ति रजतग्रहणं, न तु तत्स्मरणप्रमोषमात्रम् ।

112. પ્રાભાકર મીમાંસક – સ્મરણ અને અનુભવના ભેદનું ગ્રહણ ન થતાં [રજતાર્થી] પ્રવૃત્ત થાય છે એમ અમે તો કહ્યું છે.

નૈયાયિક–અમે આ સાંભળ્યું છે કે 'દર્શનનો વિષય અને વિકલ્પનો વિષય એક ન હોવા છતાં તેમને એક કરીને પ્રમાતા પ્રવૃત્ત થાય છે' આ વિચાર આપે ધર્મકીર્તિના ઘરેથી (=બૌદ્ધ દર્શનમાંથી) ઉછીનો લીધો છે. વળી, આ ચોરી પણ તમારો કોઈ સ્વાર્થ પોષતી નથી, કારણકે 'દર્શનનો વિષય ગૃહીત થયો છે' એવું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી દર્શનના વિષયને ઇચ્છનાર ક્યાંથી પ્રવૃત્ત થાય ? એ જ રીતે અહીં પણ 'રજતનું ગ્રહણ (=દર્શન) થયું છે' એવું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી રજતાર્થી કેમ પ્રવૃત્તિ કરે ? તેથી રજતનું ગ્રહણ (=દર્શન) છે અને નહિ કે રજતના સ્મરણનો પ્રમોષ માત્ર.

113. ननु रजतस्मरणं विपरीतख्यातिवादिभिरप्यङ्गीकृतमित्युक्तम् । सत्यं, रजतगत-विशेषस्मरणमभ्युपगतम् । यथा हि पुरोऽवस्थिते धर्मिण्यूर्ध्वत्वादिसाधारणधर्मग्रहणात् स्थाणु-पुरुषगतविशेषाग्रहणादुभयविशेषस्मृतेः संशयो भवति, एवमिहापि तेजस्वितादिसामान्यधर्म-ग्रहणाद्विशेषाग्रहणाद् रजतगतविशेषस्मृतेश्च तस्मिन् धर्मिणि रजतप्रत्ययो भवति विपर्ययात्मकः । संशये तूभयविशेषस्मरणं कारणम्, इह त्वन्यतरविशेषस्मरणमिति विशेषः । अत एव चागृहीतरजतस्येदं ज्ञानं नोत्पद्यते, सदृशाग्रहणे वा निशीथादाविति । न त्वेतावता स्म-रणमात्रमेवेदमितीयति विरम्य स्थातव्यम्, स्मरणजन्यस्य विपर्ययप्रत्ययस्यापि संवेदनात् । अत एव तत्पृष्ठभाविपरामर्शवादिनो वरं सत्यवाचः । ते हि प्रतिभासं न निह्नुवते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**113.** પ્રાભાકર મીમાંસક – રજતસ્મરણ તો વિપરીતખ્યાતિવાદીઓએ પણ સ્વીકાર્યું છે, એમ કહેવાય છે.

નૈયાયિક – સાચું; રજતગત વિશેષ ધર્મનું સ્મરણ અમે વિપરીતખ્યાતિવાદીઓએ સ્વીકાર્યું છે. જેમ સામે રહેલા ધર્મીમાં [પુરુષ અને સ્થાણુગત] ઊંચાઈ વગેરે સામાન્ય ધર્મોના ગ્રહણને લીધે અને સ્થાણુ અને પુરુષગત વિશેષ ધર્મોના અગ્રહણને લીધે બંનેના વિશેષ ધર્મોની સ્મૃતિ થવાથી સંશય જન્મે છે તેમ અહીં પણ [શુક્તિ અને રજતગત] તેજસ્વિતા વગેરે સામાન્ય ધર્મોના ગ્રહણને લીધે અને વિશેષ ધર્મોના અગ્રહણને લીધે રજતગત વિશેષ ધર્મોની સ્મૃતિ થવાથી ધર્મીમાં રજતનું વિપર્યયાત્મક જ્ઞાન જન્મે છે. સંશયોત્પત્તિમાં બંનેના વિશેષ ધર્મોનું સ્મરણ કારણ છે, પરંતુ અહીં તો બેમાંથી એકના વિશેષ ધર્મોનું સ્મરણ કારણ છે, એટલો ભેદ છે. તેથી જ [અર્થાત્ રજતના વિશેષ ધર્મોનું સ્મરણ કારણ હોવાને લીધે] રજતનો પહેલાં અનુભવ ન થયો હોય તો આ [રજત–]જ્ઞાન ઉત્પન્ન થતું નથી; વળી, સાદૃશ્યના દર્શન વિના જો આવું રજતજ્ઞાન ઉત્પન્ન થતું હોય તો રાત્રિએ પણ તે ઉત્પન્ન થાય, [પણ થતું નથી]. પરંતુ આ [રજત–]જ્ઞાન સ્મરણમાત્ર છે એમ કહી ત્યાં જ અટકી જવું ન જોઈએ કારણકે સ્મરણજન્ય વિપર્યયજ્ઞાનનું સંવેદન આપણને થાય છે. એટલે જ સ્મરણજન્ય પરામર્શને (='આ જે છે તે રજત છે' એવા પરામર્શને) સ્વીકારનારા [નવ્યપ્રાભાકરો] વધુ સારા છે, કારણકે તેઓ સત્યવાદી છે; તેઓ સંવેદનને છૂપાવતા નથી.

**114.** यत्तु विपर्ययावगतेः कारणं विकल्पितं तत्रोक्तमेव प्रामाणिकैः --

कार्यं चेदवगम्येत किं कारणपरीक्षया ।
कार्यं चेन्नावगम्येत किं कारणपरीक्षया ॥

कार्याकस्मिकतानुपपत्तेश्च कल्प्यतां कारणम् । तच्च क्लृप्तमेव दोषसहितमिन्द्रियं, यथा संस्कारसहकारि प्रत्यभिज्ञायामिति ।

सुवते शालयो दुष्टा न यद्यपि यवाङ्कुरम् ।
शालिकार्यं त्वपूपादि जनयन्त्येव कल्मषम् ॥

तस्माद्दोषकलुषितादिन्द्रियात् पुरोऽवस्थितधर्मिगतत्रिकोणत्वादिविशेषावमर्शकौशलशून्यात् सामान्यधर्मसहचरितपदार्थान्तरगतविशेषस्मरणोपकृताद्भवति विपरीतप्रत्ययः । सम्यग्ज्ञानापेक्षया च तद् दुष्टमुच्यते । स्वकार्ये तु विपर्ययज्ञाने तत्कारणमेव न दुष्टम् । तस्माद् रजतमित्यनुभव एव, न प्रमुषितस्मृतिः ।

**114.** જ્યાં વિપર્યયજ્ઞાનના કારણની ચર્ચા કરવામાં આવી છે ત્યાં નૈયાયિકોએ કહ્યું છે કે 'જો કાર્યનું જ્ઞાન થતું હોય તો પછી કારણની પરીક્ષા કરવાની શી જરૂર છે ? જો કાર્યનું જ્ઞાન થતું જ ન હોય તો પણ કારણની પરીક્ષા કરવાની શી જરૂર છે ? કાર્ય કારણ વિના અકસ્માત્ ઉત્પન્ન થાય એ ઘટતું ન હોઈ કારણની કલ્પના કરો. તે કલ્પેલું કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે દોષસહિત ઇન્દ્રિય. જેમ સંસ્કારસહિત ઇન્દ્રિય પ્રત્યભિજ્ઞાનું કારણ છે તેમ દોષસહિત ઇન્દ્રિય વિપર્યયજ્ઞાનનું કારણ છે. જો કે દુષ્ટ શાલિબીજો યવાંકુરને ઉત્પન્ન કરતા નથી છતાં તેઓ દુષ્ટ શાલિકાર્યોને–અપૂપ વગેરેને–તો ઉત્પન્ન કરે છે જ. તેથી, સામે રહેલ ધર્મીના ત્રિકોણત્વ વગેરે વિશેષ ધર્મોનું ગ્રહણ કરવા અસમર્થ, દોષવાળી ઇન્દ્રિય સામાન્ય ધર્મ ધરાવતી બીજી વસ્તુના વિશેષ ધર્મોના સ્મરણની સહાયથી વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરે છે. યથાર્થ જ્ઞાનની અપેક્ષાએ તે (=ઇન્દ્રિય કારણ) દુષ્ટ કહેવાય છે, પરંતુ પોતાના કાર્ય વિપર્યયજ્ઞાનની બાબતમાં તો તે કારણ દુષ્ટ નથી. આમ રજતનું આ જ્ઞાન [પોતાની ઉત્પત્તિમાં સ્મૃતિની અપેક્ષા રાખતું હોવા છતાં] તે ઇન્દ્રિયજન્ય હોઈ અનુભવ જ છે, પ્રમુષિત સ્મૃતિ નથી.

115. अपि च, नेदं रजतमिति बाधकज्ञानं पूर्वानुभवविषयीकृतरजतनिषेधमधिगमयदुत्पद्यते। नेदं रजतमिति 'यदहमद्राक्षं तद्रजतं न भवति' इति प्रसक्तस्य चायं निषेधः। अननुभूतं त्वप्रसक्तमपि प्रतिषिध्यमानं, रजतमिव कनकमपि किमिति न प्रतिषिध्यते।

115. વળી, 'આ રજત નથી' એ બાધક જ્ઞાન, પૂર્વાનુભવે જેને ગ્રહણ કરેલ છે તે રજતના નિષેધને જણાવતું ઉત્પન્ન થાય છે. 'આ રજત નથી' એમ કહેતાં કહેવા માગીએ છીએ કે 'જે વસ્તુ મેં દેખી હતી તે રજત નથી.' આમ આ પ્રાપ્તનો અર્થાત્ અનુભૂતનો પ્રતિષેધ છે. જેનો અનુભવ નથી અર્થાત્ જે અપ્રાપ્ત છે એવી વસ્તુનો પ્રતિષેધ કરવામાં આવતાં રજતની જેમ કનકનો પ્રતિષેધ પણ કેમ ન કરાય ?

116. यत्तु व्याख्यातं प्रागनवगतस्मरणानुभवविवेकप्रतिपादकं बाधकज्ञानमिति तद्व्याख्यानमात्रमेव, तथाऽननुभवात्। न ह्येवं बाधकमुत्पद्यते 'यदविविक्तं तद्विविक्तम्' इति। अतो यत्किञ्चिदेतत्। तस्मान्न रजतस्मरणम्।

116. સ્મરણ અને અનુભવના પહેલાં ન જાણેલા વિવેક (=ભેદ)નું પ્રતિપાદક બાધક જ્ઞાન છે એવી જે સમજૂતી તમે પ્રાભાકરોએ આપી છે તે કેવળ સમજૂતી જ છે, કારણ કે એવો અનુભવ થતો નથી એમ અમે કહીએ છીએ કારણ કે 'જે અભિન્ન હતું તે ભિન્ન છે' એવા આકારનું બાધક જ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી આ મત તુચ્છ છે. નિષ્કર્ષ એ કે [અહીં] રજતનું સ્મરણ નથી.

117. रजते वा कदाचिदनुभवोऽभूदिति स्मरणमभिधीयमानं नात्यन्तमलौकिकम्। स्वप्ने तु स्वशिरश्छेदादेरत्यन्ताननुभूतस्य स्मृतिरिति कथ्यमानमेव त्रपाकरम्। जन्मान्तरे निजमस्तकलवनमनुभूतमनेनेति चेद् इदमपि स्वभाषितमसारम् यज्जन्मान्तरानुभूतं स्मर्यते। तत्र च कुतस्त्य एष नियमो यत्कदाचिदेव स्मर्यते, न सर्वदा सर्वमिति।

117. 'રજતનો કોઈક વાર અનુભવ થયો હતો' એટલે રજતનું સ્મરણ થાય છે એમ કહેતાં તો તે સ્મરણ અત્યંત અલૌકિક ન હોય [કારણ કે લોકો પૂર્વાનુભૂતનું સ્મરણ કરે છે.] પૂર્વે કદી ન અનુભવેલા પોતાના શિરશ્છેદની પણ સ્મૃતિ થાય છે એમ કહેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરમજનક છે. જો કહેવામાં આવે કે પૂર્વભવમાં પોતાના મસ્તકનું છેદન એણે અનુભવેલું, તો અમારે કહેવું જોઈએ કે જન્માન્તરમાં અનુભવેલાનું તેને સ્મરણ થાય છે એમ કહેવું પણ અત્યંત અનુચિત છે. ત્યાં એ પ્રશ્ન ઊઠે છે કે [પૂર્વભવમાં અનુભવેલી અમુક જ ઘટનાનું] કોઈક વખત જ તે સ્મરણ કરે અને બધી ઘટનાઓનું સર્વદા સ્મરણ ન કરે એ નિયમનો આધાર શો ?

118. ननु भवताऽप्यसत्ख्यातिं निरस्यता स्वप्नज्ञानेषु तादृक्षु किं वक्तव्यम् ? यद् वक्तव्यं तत् तत्रैव श्रोष्यसि । असन्न प्रतिभातीत्युच्यते, न त्वननुभूतमिति ।

118. પ્રાભાકર – અસત્ખ્યાતિનો (અર્થાત્ ભ્રાન્તજ્ઞાનમાં અસત્ અર્થનું જ્ઞાન થાય છે એ મતનો) નિરાસ કરનાર આપે તેવા સ્વપ્નજ્ઞાનની બાબતમાં શું કહેવું છે ?

નૈયાયિક – અમારે જે કહેવું છે તે તમે ત્યાં જ (નવમા આહ્નિકમાં વિસ્તારથી) સાંભળશો. અમારે કહેવું છે કે અસતનું [કદી] જ્ઞાન ન થાય, અને નહિ કે અનનુભૂતનું જ્ઞાન ન થાય. [અર્થાત્ અનનુભૂતનું જ્ઞાન સંભવે છે પરંતુ અસતનું જ્ઞાન સંભવતું નથી.]

119. नन्वननुभूतं सत् कथं जानीषे? सदिति चेत् ज्ञानं, तदनुभूतमिति । मैवम्, मया तन्नानुभूतम् अन्येनानुभविष्यते । परानुभूतं च सदिति शक्यते वक्तुम् । परानुभूते तु स्मरणमघटमानमिति नावयोरत्र वस्तुनि समानयोगक्षेमत्वम् । अपि च भवन्मते स्वप्नस्मृतेः स्मृतित्वेनाग्रहणे केन रूपेण ग्रहणमिति चिन्त्यम् । रूपान्तरेण ग्रहणे विपरीतख्यातिः । सर्वात्मना त्वग्रहणे स्वप्नसुषुप्त्योरविशेषप्रसङ्गः । अनुभवप्रत्ययश्च स्वप्ने संवेद्यते न स्मरणानुल्लेखमात्रमिति दुरभिनिवेश एव स्मृतिप्रमोषसमर्थनं नामेति । द्विचन्द्रादिप्रत्ययेषु कथमख्यातिः ?

119. પ્રાભાકર – જેનો તમને અનુભવ થયો નથી તે સત્ છે એ તમે કેવી રીતે જાણશો ? તે સત્ છે એવું જો તમને જ્ઞાન હોય તો તેનો તમને અનુભવ થયો જ હોય.

નૈયાયિક – ના, એવું નથી. મેં તેને ભલે અનુભવી ન હોય પરંતુ બીજાએ તો તેને અનુભવી હશે. બીજાએ અનુભવેલી વસ્તુ સત્ છે એમ કહી શકાય. પરંતુ બીજાએ અનુભવેલી વસ્તુનું સ્મરણ ઘટતું નથી. તેથી આ વસ્તુમાં (=સ્વપ્ન જ્ઞાનની સમજૂતી બાબતમાં) આપણા બંનેનો સમાન યોગક્ષેમ નથી. [અર્થાત્ અમે નૈયાયિકો જે રીતે સ્વપ્નજ્ઞાનને સમજાવીએ છીએ તે રીતે તમે પ્રાભાકરો નહિ સમજાવી શકો. અમારી સમજૂતી યોગ્ય છે.] વળી, તમારા મતે તો સ્વપ્નસ્મૃતિનું સ્મૃતિરૂપે અગ્રહણ છે; તો કયા રૂપે તેનું ગ્રહણ છે એનો વિચાર કરવો જોઈએ. અન્ય રૂપે ગ્રહણ માનતાં વિપરીતખ્યાતિ આવી પડે. સંપૂર્ણપણે સ્વપ્નસ્મૃતિનું અગ્રહણ માનતાં સ્વપ્ન અને સુષુપ્તિ વચ્ચે કોઈ ભેદ નહિ રહે. સ્વપ્નમાં (દરેકને) અનુભવજ્ઞાનનું સંવેદન થાય છે, સ્મૃતિના અગ્રહણનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ માત્ર સંવેદન થતું નથી. એટલે સ્મૃતિપ્રમોષનું સમર્થન કરવાનો તમારો પ્રાભાકરોનો આ ખોટો પક્ષપાત જ છે. વળી, દ્વિચન્દ્રજ્ઞાન વગેરે જ્ઞાનોમાં અખ્યાતિ (=વિવેકાગ્રહણ) કેવી રીતે છે ?

120. ननूक्तं सुषिरभिन्ना नयनवृत्तिरेकत्वेन ग्रहीतुं न शक्नोति शशाङ्कमिति । भोः श्रोत्रिय ! तादृशी दृशो वृत्तिरेकत्वमिन्दोर्मा ग्रहीद् द्वित्वानुभवं तु भान्तं क प्रच्छादयामः? ननु चक्षुर्वृत्तौ तद् द्वित्वं, तद्गतत्वेन तु यत्तस्याग्रहणं स एव भ्रमः । नैतदेवम्, नेत्रवृत्तेः सर्वत्र परोक्षत्वात् ।

किमेकचन्द्रबोधेऽपि वृत्त्येकत्वं प्रतीयते ।
इयं ह्यगृह्यमाणैव चक्षुर्वृत्तिः प्रकाशिका ॥

एवमुच्यमाने चैकचन्द्रग्रहणेऽपि वृत्त्येकत्वाग्रहणादख्यातिरेव भवेत् । यदपि तिक्तशर्करादिप्रत्ययेष्वख्यातिसमर्थनकदाशया पित्तवृत्तेस्तिक्तत्वस्य संवेद्यमानस्य तत्स्थत्वेनाग्रहणमुपवर्णितं तदपि कुशकाशावलम्बनप्रायम् ।

मोहात् पित्तगतत्वेन तिक्तता चेन्न गृह्यते ।
मा ग्राहि शर्करायां तु किंकृता तिक्ततामतिः ॥

सामानाधिकरण्येन हि 'तिक्ता शर्करा' इति तदधिकरणा तिक्तताप्रतीतिरुपजायते । पित्तं त्विन्द्रियस्थं तिमिरवदगृह्यमाणमपि भ्रममुपजनयति शरीरस्थमिव ज्वरं शिरोऽर्त्यादि रोगमित्यलं प्रसङ्गेन ।

120. પ્રાભાકર – અમે કહ્યું છે ને કે તિમિરરોગના દોષને કારણે દ્વિધા વિભક્ત થયેલો નેત્રવ્યાપાર ચંદ્રના એકત્વને ગ્રહણ કરવા સમર્થ નથી.

નૈયાયિક – અરે ઓ વેદવિદ્ ! ચક્ષુનો તેવો વ્યાપાર ચંદ્રના એકત્વને ભલે ન ગ્રહણ કરે, પરંતુ (ચંદ્રના) દ્વિત્વના અનુભવનું જે સંવેદન છે તેને અમે ક્યાં છુપાવીએ ?

પ્રાભાકર – તે દ્વિત્વ ચક્ષુવ્યાપારમાં છે, ચક્ષુવ્યાપારગત દ્વિત્વનું ચક્ષુવ્યાપારગતરૂપે અગ્રહણ એ જ ભ્રમ છે.

નૈયાયિક – ના, એવું નથી, કારણ કે ચક્ષુનો વ્યાપાર તો સર્વત્ર પરોક્ષ છે. શું એક ચંદ્રનું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે પણ ચક્ષુવ્યાપારગત એકત્વ દેખાય છે ? આ ચક્ષુવ્યાપાર તો અગૃહીત રહીને જ [પોતાના વિષયને] પ્રકાશિત કરે છે – જાણે છે. આમ કહેવામાં આવતાં તો એક ચન્દ્રનું જ્ઞાન પણ અખ્યાતિ જ બની જાય કારણ કે તેમાં પણ ચક્ષુવ્યાપારગત એકત્વનું અગ્રહણ છે. વળી, સાકરની તિક્તતાના જ્ઞાન જેવાં જ્ઞાનોમાં અખ્યાતિ(=અગ્રહણ)નું સમર્થન કરવાની ખોટી આશાથી પિત્તમાં રહેલી તિક્તતાનું સંવેદન થતું હોવા છતાં તે તિક્તતાનું પિત્તગતરૂપે ગ્રહણ થતું નથી એમ તમે કહ્યું છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પણ તૃણને પકડી ડૂબતો બચવાની આશા કરે એના જેવું છે. મોહને કારણે તિક્તતા પિત્તગતરૂપે ગૃહીત ન થતી હોય તો ભલે ન થાઓ, પરંતુ સાકરમાં તિક્તતાનું જ્ઞાન શા કારણે થાય છે? [પિત્ત અને સાકર બંનેનું] અધિકરણ એક હોવાને કારણે [પિત્તધર્મ તિક્તતા સાકરમાં જણાય છે અને પરિણામે] 'તિક્ત સાકર' એ જાતની, સાકરમાં તિક્તતાની પ્રતીતિ જન્મે છે. [પિત્ત અને સાકરનું અધિકરણ એક કેવી રીતે? પિત્ત જિહ્વેન્દ્રિય ઉપર છે અને સાકર પણ જિહ્વા ઉપર છે. આમ બંનેનું અધિકરણ એક કહેવાય.] જેમ શરીરસ્થ [છૂપો ઝીણો] તાવ તિમિર રોગની માફક અજ્ઞાત રહેતો હોવા છતાં શિરોવેદના ઉત્પન્ન કરે છે તેમ ઇન્દ્રિયસ્થ પિત્ત પોતે અજ્ઞાત રહેતું હોવા છતાં ભ્રમ ઉત્પન્ન કરે છે. વિશેષ ચર્ચાનું પ્રયોજન નથી.

121. एवं सर्वत्र नाख्यातिर्निर्वहन्तीव लक्ष्यते ।
न चैतयापि परतःप्रामाण्यमपहन्यते ॥
रजतेऽनुभवः किं स्यादुत प्रमुषिता स्मृतिः ।
द्वैविध्यदर्शनादेवं भवेत्तत्रापि संशयः ॥
संशयानश्च संवादं नूनमन्वेषते जनः ।
तदपेक्षाकृतं तस्मात्प्रामाण्यं परतो ध्रुवम् ॥

121. આમ બધે અખ્યાતિ ઘટતી લાગતી નથી. વળી, આ અખ્યાતિ દ્વારા પણ પરતઃ પ્રામાણ્યને કંઈ હાનિ થતી નથી. [રજતાનુભવ કે રજતપ્રમુષિતસ્મૃતિ એમ] બે પ્રકારનું જ્ઞાન થતું હોઈ આ રજતવિષયક અનુભવ છે કે રજતવિષયક પ્રમુષિત સ્મૃતિ એવો સંશય તો અખ્યાતિવાદમાં પણ થશે. [પરિણામે] સંશયવાળો માણસ [પ્રસ્તુત જ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ એ નક્કી કરવા] ખરેખર [જ્ઞાન અને પ્રવૃત્તિ વચ્ચેના] સંવાદને શોધશે. આનો નિષ્કર્ષ એ છે કે સંવાદને આધારે નક્કી થતું જ્ઞાનનું પ્રામાણ્ય અવશ્યપણે પરતઃ જ છે.

122. न चैष शून्यवादस्य प्रतीकारक्रियाक्रमः ।
अनर्थजा हि निर्दग्धपित्रादौ भवति स्मृतिः ॥
दृष्टान्तीकृत्य तामेव शून्यवादी समुत्थितः ।
भ्रमापह्नवमात्रेण प्रतिहन्तुं न शक्यते ॥
अथास्ति काचित्परतः प्रामाण्यस्य निषेधिका ।
शून्यवादस्य या युक्तिः सैव वाच्या किमेतया ॥
तस्माद्यथार्थमस्याः संश्रयणं तन्न निषिद्धमख्यातेः ।
संविद्विरोध एव प्रकटित इति धिक् प्रमादित्वम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदुक्तम्—

कृतश्च शीलविध्वंसो न चानङ्गश्च सङ्गतः ।
आत्मा च लाघवं नीतस्तच्च कार्यं न साधितम् ॥ इति [ ]

122. વળી, શૂન્યવાદનો પ્રતિકાર કરવાની આ રીત નથી. [અર્થાત્ અખ્યાતિવાદનું પ્રતિપાદન કરીને શૂન્યવાદનો પ્રતિકાર કરી શકાશે નહિ.] ભસ્મીભૂત થઈ ગયેલા પિતા વગેરેની સ્મૃતિ અર્થજન્ય નથી, તેને જ દૃષ્ટાન્ત તરીકે લઈને શૂન્યવાદી [બાહ્ય વસ્તુનું કોઈ અસ્તિત્વ જ નથી એ દર્શાવવા] ખડો થયો છે. કેવળ ભ્રાન્ત જ્ઞાનોનો નકાર કરીને તેને હરાવવો શક્ય નથી. જો પરતઃ પ્રામાણ્યનો નિષેધ કરનારી અને શૂન્યવાદનો નિષેધ કરનારી કોઈ યુક્તિ હોય તો તે જ કહેવી જોઈએ, આ અખ્યાતિથી શું સધાવાનું ? તેથી, તે યુક્તિનો આશરો લેવો એ જ યોગ્ય છે. તે યુક્તિનો આશરો લેવાની અમે તમને ના પાડતા નથી. અખ્યાતિ દ્વારા તો અનુભવનો જ વિરોધ તમે પ્રકટપણે કર્યો છે. તેથી ધિક્કાર હો તમારા પ્રમાદીપણાને ! કહ્યું છે ને કે : 'શિયળનો નાશ કર્યો અને તેમ છતાં પ્રેમ અનુકૂળ ન થયો. આત્માને હીણો કર્યો અને છતાં તે કામ પાર ન પાડ્યું.' [તમારું પ્રાભાકરોનું આવું છે.]

123. यत्पुनर्विपरीतख्यातौ पक्षत्रयमाशङ्क्य दूषितं तदपि न युक्तम् । अस्तु तावदयमेव पक्षः 'रजतमालम्बनं, तदेव चास्यां प्रतीतौ परिस्फुरति' इति । नन्वत्र चोदितम् 'असत्ख्यातिरेव सा भवेत्' इति । नैतत्साधु, देशान्तरादौ रजतस्य विद्यमानत्वात् । असत्ख्यातिपक्षे हि एकान्तासतोऽर्थस्य प्रतिभानमङ्गीक्रियते, इह तु देशान्तरादौ विद्यमानस्येति महान् भेदः ।

123. ઉપરાંત, ત્રણ વિકલ્પોની આશંકા કરી વિપરીતખ્યાતિમાં જે દૂષણ બતાવવામાં આવ્યાં તે પણ બરાબર નથી. તો આ રહ્યો પ્રથમ વિકલ્પ – 'રજત એ વિષય છે, તે જ આ (ભ્રાન્ત) પ્રતીતિમાં ગૃહીત થાય છે.' આ વિકલ્પને અનુલક્ષી વિપરીતખ્યાતિમાં આપત્તિ આપવામાં આવી છે કે એમ હોય તો વિપરીતખ્યાતિ અસત્ખ્યાતિ જ બની જાય. વિપરીતખ્યાતિમાં આપવામાં આવેલી આ આપત્તિ યોગ્ય નથી, કારણ કે અન્ય દેશ કે અન્ય કાળમાં રજત વિદ્યમાન છે, સત્ છે. અસત્ખ્યાતિના પક્ષમાં અત્યન્ત અસત્ વસ્તુનું ગ્રહણ સ્વીકારવામાં આવ્યું છે, જ્યારે અહીં (=વિપરીતખ્યાતિમાં) તો દેશાન્તર કે કાલાન્તરમાં વિદ્યમાન (=સત્) વસ્તુનું ગ્રહણ સ્વીકારવામાં આવ્યું છે. આમ [વિપરીતખ્યાતિ અને અસત્ખ્યાતિ વચ્ચે] મોટો ભેદ છે.

124. ननु तत्रासतोऽर्थस्य किं देशान्तरचिन्तया ।
किं कुर्मस्तादृशस्यैव वस्तुनः ख्यातिदर्शनात् ॥
यस्तु देशान्तरेऽप्यर्थो नास्ति कालान्तरेऽपि वा ।
न तस्य ग्रहणं दृष्टं गगनेन्दीवरादिवत् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अयमेव च द्वयोरसत्त्वयोर्विशेषः यदेकस्य ग्रहणं दृष्टमितरस्य न दृष्टमिति ।

124. શંકાકાર પ્રાભાકર—વિપરીતખ્યાતિમાં ગૃહીત થતા અસત્ અર્થની બાબતમાં દેશાન્તર [કે કાલાન્તરનો] વિચાર કરવાથી શો લાભ ?

નૈયાયિક— એમાં અમે શું કરીએ ?, કારણ કે ભ્રાન્તિમાં તેવી જ વસ્તુનું દર્શન થાય છે. જે વસ્તુ દેશાન્તર કે કાલાન્તરમાં પણ અસ્તિત્વ ધરાવતી નથી તેનું ગ્રહણ થતું દેખાતું નથી, ઉદાહરણાર્થ આકાશકુસુમ. આ જ છે બે અસત્પણાનો ભેદ, એકનું ગ્રહણ દેખાય છે, બીજાનું ગ્રહણ દેખાતું નથી.

125. ननूक्तं तत्रासतोऽर्थस्य कथं ज्ञानजनकत्वमजनकस्य वा कथं प्रतिभासः ? उक्तमत्र सदृशपदार्थदर्शनोद्भूतस्मृत्युपस्थापितस्य रजतस्यात्र प्रतिभासनमिति । न चास्योपस्थापनं पशोरिव रज्ज्वा संयम्य ढौकनम्, अपि तु हृदये परिस्फुरतोऽर्थस्य बहिरवभासनम् । न चैतावतेयमात्मख्यातिरसत्ख्यातिर्वेति वक्तव्यं, विज्ञानाद्विच्छेदप्रतीतेः, अत्यन्तासदर्थप्रतिभासाभावाच्चेति । अथवा पिहितस्वाकारा परिगृहीतपराकारा शुक्तिकैवात्र प्रतिभातीति भवतु द्वितीयः पक्षः ।

125. શંકાકાર પ્રાભાકર — ત્યાં અમે પૂછ્યું જ છે કે [વિપરીતખ્યાતિમાં] અસત્ અર્થ જ્ઞાનનો જનક કેવી રીતે ઘટે ? અને અસત્ અર્થ જ્ઞાનનો જનક ન હોય તો જ્ઞાનથી તેનું ગ્રહણ કેમ થાય ?

નૈયાયિક – ત્યાં અમે ઉત્તર આપેલો જ છે કે રજતસદૃશ પદાર્થના દર્શનથી જાગેલ સ્મૃતિએ ઉપસ્થિત કરેલ રજતનું અહીં (=વિપરીતખ્યાતિમાં) જ્ઞાન થાય છે. વળી, પશુને જેમ દોરડે બાંધી નજીક લાવવામાં આવે છે તેમ આ અર્થને ઉપસ્થિત કરવામાં આવતો નથી, પરંતુ હૃદયમાં (=મનમાં) સ્ફુરેલા અર્થનો બહાર ભાસ થાય છે. પરંતુ આટલા માત્રથી જ આ વિપરીતખ્યાતિ આત્મખ્યાતિ કે અસત્ખ્યાતિ છે એમ કહેવું ન જોઈએ. [તે આત્મખ્યાતિ નથી] કારણ કે વિજ્ઞાનથી [વસ્તુના] વિખુટાપણાની, અલગપણાની પ્રતીતિ થાય છે. [અર્થાત્ વિજ્ઞાનથી અલગ બાહ્ય વિષયની પ્રતીતિ થાય છે.] [તે અસત્ખ્યાતિ નથી કારણ કે] અત્યન્ત અસત્ અર્થનું જ્ઞાન થતું જ નથી.

અથવા, પોતાના આકારને ઢાંકી બીજાનો આકાર ધારણ કરનારી છીપ જ અહીં [વિપરીતખ્યાતિમાં] ગૃહીત થાય છે, [તે જ ભ્રાન્તપ્રતીતિનો વિષય છે] એવો બીજો વિકલ્પ હો.

126. ननूक्तं कृत्यासीतावत् किमिदं वेशभाषापरिवर्तनम् ? कथं च रजतज्ञाने शुक्तिकाऽवभासितुमर्हतीति ? श्रुतमिदं नाटकं, न तु वयमत्रोपहासपात्रम् । शुक्तिकेति वस्तुस्थितिः, एषा कथ्यते पुरोऽवस्थितं धर्मिमात्रम् । भास्वररूपादिसादृश्योपजनितरजतविशेषस्मरणमत्र प्रतिभातीति ब्रूमः, यदेतत्पुरः किमपि वर्तते तद् रजतमित्यनुभवात् । वस्तुस्थित्या तु

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शुक्तिरेव सा, त्रिकोणत्वादिविशेषग्रहणाभावाच्च निगूहितनिजाकारेत्युच्यते, रजतविशेषस्मरणाच्च परिगृहीतरजताकारेति । एतच्च विषयेन्द्रियादिदोषप्रभवेषु शुक्तिकारजतावभासभास्करकिरणजलावगमजलदगन्धर्वनगरनिर्वर्णनरज्जुभुजगग्रहणरोहिणीरमणद्वयदर्शनशङ्खशर्करापीततिक्ततावसायकेशकूर्चकालोकनादिविभ्रमेष्वभ्युपगम्यते । मनोदोषनिबन्धनेषु तु मिथ्याप्रत्ययेषु निरालम्बनेषु स्मृत्युल्लिखित एवाऽऽकारः प्रकाशते इति ।

126. શંકાકાર પ્રાભાકર – [આ વિકલ્પને અનુલક્ષી આપત્તિ આપતાં અમે] જણાવ્યું છે કે 'નકલી સીતાની જેમ શું આ વેશભાષાનું પરિવર્તન છે ? કેવી રીતે રજતજ્ઞાનમાં છીપનું ભાસવું યોગ્ય છે ?'

નૈયાયિક – સાંભળ્યું છે કે આ નાટક છે પરંતુ એમાં અમે ઉપહાસપાત્ર નથી. 'છીપ' એ વસ્તુસ્થિતિ છે. એને જ 'સમક્ષ રહેલ ધર્મિમાત્ર' કહેવામાં આવી છે. ભાસ્વરરૂપ વગેરે સાદૃશ્યને લીધે સ્મરણમાં ઉપસ્થિત થયેલ રજતવિશેષનું અહીં જ્ઞાન થાય છે એમ અમે કહ્યું છે, કારણ કે 'આ જે કંઈ સમક્ષ રહેલ છે તે રજત છે' એવો અનુભવ થાય છે. વાસ્તવમાં તો તે છીપ જ છે. (છીપના) ત્રિકોણત્વ વગેરે વિશેષ ધર્મોનું ગ્રહણ ન થવાને કારણે છીપને પોતાનો આકાર ઢાંકનારી વર્ણવવામાં આવી છે, રજતના વિશેષ ધર્મોનું સ્મરણ થવાને કારણે છીપને રજતાકાર ધારણ કરનારી વર્ણવવામાં આવી છે. વિષય કે ઇન્દ્રિયના દોષથી જન્મતા ભ્રાન્ત જ્ઞાનોમાં આમ બને છે. વિષય કે ઇન્દ્રિયના દોષથી જન્મતાં ભ્રાન્તજ્ઞાનો છે – છીપમાં રજતનું જ્ઞાન, સૂર્યકિરણોમાં જળનું જ્ઞાન, વાદળોમાં ગંધર્વનગરનું જ્ઞાન, દોરડામાં સાપનું જ્ઞાન, [એક ચંદ્રમાં] દ્વિચંદ્રનું જ્ઞાન, [ધોળા] શંખમાં પીળા રંગનું જ્ઞાન, [ગળી] સાકરમાં તિક્તતાનું જ્ઞાન, વાળના ગુચ્છાનું જ્ઞાન, વગેરે. પરંતુ મનના દોષને કારણે જન્મતા વિષયરહિત ભ્રાન્ત જ્ઞાનોમાં સ્મૃતિગત આકાર જ ભાસે છે.

127. यस्तु तृतीयः पक्षः 'अन्यदालम्बनमन्यच्च प्रतिभाति'इति कश्चिदाश्रितः, तत्रापि न सन्निहितस्यालम्बनत्वमुच्यते येन भूप्रदेशस्यापि तथात्वमाशङ्क्येत । नापि जनकस्यालम्बनत्वम्, यच्चक्षुरादावपि प्रसज्येत । किन्त्विदमित्यङ्गुल्या निर्दिश्यमानं कर्मतया यज्ज्ञानस्य जनकं तदालम्बनमित्युच्यमाने न कश्चिद् दोषः ।

127. જે ત્રીજો વિકલ્પ છે તે આ છે – 'વિષય એક છે અને જ્ઞાન થાય છે બીજાનું.' આ પક્ષ કેટલાક સ્વીકાર્યો છે. આ વિકલ્પમાં સન્નિહિતને વિષય નથી ગણવામાં આવતો કે જેથી ભૂપ્રદેશને પણ વિષય માનવાની આપત્તિની કોઈ આશંકા કરે; જ્ઞાનજનક પણ વિષય નથી, જેથી ચક્ષુ વગેરેને વિષય માનવાની આપત્તિ આવે; પરંતુ આંગળી ચીંધી 'આ' એમ કર્મ તરીકે નિર્દેશાતું જે કંઈ જ્ઞાનનું જનક છે તે વિષય છે એમ કહેવામાં કોઈ દોષ નથી.

128. ननु [द्विचन्द्रज्ञाने] केशोण्डूकज्ञाने [च] किमालम्बनकारणम् । किञ्चित्तु तिमिरं रोमराजिरिव नयनधाम्नो मध्ये एवास्ते, तेन द्विधा कृता नयनवृत्तिः द्वित्वेन चन्द्र-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मसं गृह्णाति [इति तदेवालम्बनम्] । किञ्चित्तु तिमिरं तत्र ततविवरवदन्तराऽन्तरा तिष्ठति चक्षुषः, तेन विरलप्रसृता नयनरश्मयः सूक्ष्माः सूर्यांशुभिरभिहन्यमानाः केशकूर्चकाकारा भवन्तीति तदेवालम्बनम्, अनुदितेऽस्तमिते वा सवितरि केशोण्डुकप्रत्ययस्यानुत्पादात् ।

गन्धर्वनगरज्ञाने जलदाः पाण्डुरत्विषः ।
आलम्बनं गृहाट्टालप्राकाराकारधारिणः ॥
तस्माद्विपरीतख्यातौ पक्षत्रयमपि निरवद्यम् ।

**128.** પ્રાભાકર – દ્વિચન્દ્રજ્ઞાનમાં અને વાળના ગુચ્છાના જ્ઞાનમાં વિષય શો છે ?

નૈયાયિક – આંખના ડોળાના મધ્યમાં રોમરાજિ જેવું 'તિમિર' રહેલું હોય છે. તેનાથી બે ભાગમાં વિભક્ત થઈ ગયેલો ચક્ષુવ્યાપાર (=ચક્ષુમાંથી નીકળતાં કિરણો) એક ચંદ્રને બે ચંદ્રરૂપે દેખે છે. [એટલે દ્વિચન્દ્રજ્ઞાનમાં આલંબન અર્થાત્ વિષય છે આ તિમિર.] કોઈક 'તિમિર' ચાળણીના કાણાંઓની માફક આંખની (=આંખના કિરણોની) વચ્ચે વચ્ચે રહેલ છે. તેના લીધે આંખનાં કિરણો છૂટાં છૂટાં ફેલાય છે અને જ્યારે સૂર્યકિરણો સાથે અથડાય છે ત્યારે વાળના ગૂંચળાના આકારના બની જાય છે. તેથી [વાળના ગુચ્છાના જ્ઞાનમાં] તે તિમિર જ વિષય છે, કારણ કે જ્યારે સૂર્ય ઊગ્યો નથી હોતો કે અસ્ત પામી ગયો હોય છે ત્યારે વાળના ગુચ્છાનું દર્શન ઉત્પન્ન થતું નથી. ગંધર્વનગરમાં ગૃહ, અટ્ટાલ, પ્રાકારના આકારો ધારણ કરનાર સફેદ વાદળો વિષય છે નિષ્કર્ષ એ કે વિપરીતખ્યાતિમાં ઉપર્યુક્ત ત્રણેય પક્ષો નિર્દોષ છે.

**129.** यः पुनरितरेतरसङ्करः ख्यातीनामुदाहारि तत्रात्मख्यात्यसत्ख्याती अपवर्गाह्निके वयमपि विज्ञानाद्वैतमपाकरिष्यन्तः पराकरिष्याम इति किं तच्चिन्तया ? विपरीतख्यातौ तु तत्साङ्कर्यं परिहृतम् ।

**129.** વળી, [વિપરીતખ્યાતિ, આત્મખ્યાતિ અને અસત્ખ્યાતિ એ ત્રણ] ખ્યાતિઓનો પરસ્પર સંકર જે તમે પ્રાભાકરોએ કહ્યો તેની બાબતમાં કહેવાનું કે આત્મખ્યાતિ અને અસત્ખ્યાતિનો નિરાસ તો અમે પણ અપવર્ગાહ્નિકમાં વિજ્ઞાનાદ્વૈતનો નિરાસ કરતાં કરવાના છીએ એટલે અહીં તેની વિચારણા કરવાથી શો લાભ ? વિપરીતખ્યાતિમાં તો તેમના સાંકર્યના દોષનો અમે પરિહાર કર્યો છે.

**130** यत्पुनरवादि 'सर्ववादिभिः स्मृतिप्रमोषोऽभ्युपगत एव, प्राभाकरैस्तु यशः पीतम्' इति, तत्र वाद्यन्तराणि तावद्यथा भवन्ति तथा भवन्तु, वयं तु स्मृत्युपारूढरजताद्याकारप्रतिभासमभिवदन्तो बाढं स्मृतिप्रमोषमभ्युपगतवन्तः । किन्तु न तावत्येव विश्राम्यति मतिः, अपि तु रजताद्यनुभवोऽपि संवेद्यते इति न स्मृतिप्रमोषमात्र एव विरन्तव्यम् । अतो विपरीतख्यातिपक्ष एव निरवद्य इति स्थितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

130. વળી, તમે પ્રાભાકરોએ જે કહ્યું કે 'બધા દાર્શનિકો સ્મૃતિપ્રમોષ સ્વીકારે છે જ, પરંતુ યશ તો પ્રાભાકરોને મળે છે' એ બાબતમાં કહેવાનું કે બીજા દાર્શનિકોનું તો જે હો તે ખરું પણ અમે તો સ્મૃતિમાં આવેલ રજતાકારના પ્રતિભાસની વાત કરતાં સ્મૃતિપ્રમોષને ખરેખર સ્વીકારીએ છીએ. પરંતુ બુદ્ધિ ત્યાં જ અટકી જતી નથી પણ રજતાદિનો અનુભવ પણ સંવેદાય છે. એટલે, કેવળ સ્મૃતિપ્રમોષે જ અટકી ન જવું જોઈએ. નિષ્કર્ષ એ કે વિરીતખ્યાતિપક્ષ જ નિર્દોષ છે.

131. यस्तु बाधप्रकारः प्राग्विकल्पितः तत्र सहानवस्थानसंस्कारोच्छेदादिपक्षा अनभ्युपगमेनैव निरस्ता इत्यस्थाने कण्ठशोष आयुष्मताऽनुभूतः । विषयापहारस्तावदस्तु बाधः । विषयस्य च न प्रतिभातत्वमपह्रियते किन्तु प्रतिभातस्यासत्त्वं ख्याप्यते इत्यपहारार्थः । असत्त्वमपि नेदानीमुपनतस्य ख्याप्यते येन पूर्वदृष्टद्रुघणभग्नकुम्भाभावप्रतिभासवदबाधः स्यात् । न च तदानीमप्यभावग्रहणे वस्तुनो द्वयात्मकत्वमाशङ्कनीयं, पूर्वावगताकारोपमर्दद्वारेण बाधकप्रत्ययोत्पादात्, यन्मया तदा रजतमिति गृहीतं तद्रजतं न भवति, अन्यदेव तद्वस्त्विति ।

131. વિકલ્પો ઊભા કરી બાધપ્રકારનો તમે પ્રાભાકરોએ વિચાર કર્યો છે. તેમાં સહાનવસ્થાન, સંસ્કારોચ્છેદ વગેરે વિકલ્પો અસ્વીકાર્ય હોવાને કારણે નિરસ્ત થઈ જ ગયા છે, એટલે આપે નકામું ગળું સૂકવ્યું. બાધ એટલે વિષયાપહાર જ હો. વિષયની પ્રતિભાતતા દૂર થતી નથી પરંતુ જે વિષય પ્રતિભાત થયો હોય છે તેનું અસત્ત્વ જણાવાય છે—આ છે અપહારનો અર્થ. [પહેલાં ભ્રાન્તિકાળે] ઉપસ્થિત થયેલ વસ્તુનું અત્યારે (=બાધકાળે) અસત્ત્વ [છે એમ] જણાવાતું નથી, જેથી પૂર્વદૃષ્ટ દ્રુઘણભગ્ન કુંભના અસત્ત્વની જેમ તેનો બાધ ન થાય. પહેલાં (=ભ્રાન્તિકાળે) અનુભવેલ વસ્તુનું તે જ કાળે (=ભ્રાન્તિકાળે) અસત્ત્વ [હતું એમ] ગ્રહણ કરતાં એક વસ્તુમાં એક કાળે ભાવત્વ અને અભાવત્વ એ બે સ્વભાવો માનવા પડશે એવી આશંકા કરવી ન જોઈએ કારણ કે પૂર્વે જાણેલા (=અનુભવેલા) આકારને દબાવીને બાધક જ્ઞાન ઉત્પન્ન થાય છે, [જેમ કે] 'તે વખતે (=ભ્રાન્તિકાળે) જે વસ્તુને મેં રજત કહી ગૃહીત કરી હતી તે (તે વખતે) રજત ન હતી, કોઈ બીજી જ વસ્તુ હતી'.

132. ननु स्वकालनियतत्वात् ज्ञानानां कथमुत्तरस्य ज्ञानस्य पूर्वज्ञानोत्पादकालावच्छिन्नतद्विषयाभावग्रहणसामर्थ्यम् ? किं कुर्मः ? तथा प्रत्ययोत्पादात् । न भग्नघटवदिदानीं तन्नास्तिता गृह्यते, अपि तु तदैव तदसदिति प्रतीतिः । यथा च न वर्तमानैकनिष्ठा एव विषयप्रतीतयस्तथा क्षणभङ्गभङ्गे वक्ष्यामः ।

132. પ્રાભાકરની શંકા – જ્ઞાનો તો પોતપોતાના કાળમાં જ નિયત છે, તો પછી પૂર્વજ્ઞાનોત્પત્તિકાળથી વિશિષ્ટ પૂર્વજ્ઞાનવિષયના અભાવને ગ્રહણ કરવાનું સામર્થ્ય ઉત્તરજ્ઞાનમાં ક્યાંથી હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિક – અમે શું કરીએ ? કારણ કે એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. ભગ્ન ઘટની જેમ તેનું (=રજતનું) અત્યારે (=બાધજ્ઞાનકાળે) અસત્ત્વ ગૃહીત થતું નથી પરંતુ તે વખતે જ (=ભ્રાન્તિકાળે) તે અસત્ હતી એવી પ્રતીતિ થાય છે. વિષયપ્રતીતિઓ કેવળ વર્તમાન-નિષ્ઠ નથી એ વસ્તુ અમે ક્ષણભંગવાદનો નિરાસ કરતી વખતે કહીશું.

133. अथवा फलापहारो भवतु बाधः । प्रमाणफलत्वं च हानादिबुद्धीनां प्रत्यक्षलक्षणे वर्णितमिति तदपहरणात् प्रमाणं बाधितं भवत्येव । किं कुर्वता बाधकेन प्रमाणफलमपहृतमिति चेत् –

गायता नृत्यता वाऽपि जपता जुह्वताऽपि वा ।
तच्चेत्कार्यं कृतं तेन किमवान्तरकर्मणा ॥
तदभ्युपगमे वापि तत्किं विदधता कृतम् ।
तच्च किं कुर्वतेत्येवमवधिः को भविष्यति ॥

तदलममुनाऽवान्तरप्रश्नेन । सर्वथा बाधकप्रत्ययोपजनने सति हानादिरूपं पूर्वप्रमाणफलं निवर्तते इति तेन तद्बाधितमुच्यते ।

133. અથવા બાધ એટલે ફલાપહાર હો. પ્રમાણફળ એ હાનાદિબુદ્ધિ છે એ વાત અમે પ્રત્યક્ષના લક્ષણ વખતે કહી છે. તેના અપહારથી પ્રમાણ બાધિત થાય છે જ.

પ્રાભાકર – શું કરતું બાધક જ્ઞાન પ્રમાણફળનો અપહાર કરે છે ? [અર્થાત્ બાધક જ્ઞાન ફળનો અપહાર કરવા માટે વચ્ચે બીજું શું કરે છે ?]

નૈયાયિક – ગાતા કે નાચતા પણ, જપ કરતા કે હોમ કરતા પણ તે બાધક જ્ઞાન તે કાર્ય કરતું હોય તો પછી તે કાર્ય કરવા માટે અવાન્તર કાર્ય કરવાની જરૂર જ ક્યાં રહે છે ? જો અવાન્તર કાર્ય માનશો તો તે અવાન્તર કાર્ય કરવા માટે બીજું કયું અવાન્તર કાર્ય તેણે કર્યું અને તે બીજું અવાન્તર કાર્ય કરવા માટે વચ્ચે અન્ય કયું અવાન્તર કાર્ય કર્યું ? — એમ આ પ્રશ્નોની હારમાળાને કોઈ અન્ત આવશે ખરો ? માટે, આ અવાન્તર કાર્યના પ્રશ્નને રહેવા દો. જ્યારે બાધક જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે હાનાદિરૂપ પૂર્વપ્રમાણફળ દૂર થાય છે, એટલે બાધક જ્ઞાન વડે પૂર્વપ્રમાણફળ બાધિત થાય છે એમ કહેવાય છે.

134. समानासमानविषयविकल्पोऽपि न पेशलः, एकस्मिन्विषये विरुद्धाकारग्राहिणोर्ज्ञानयोर्बाध्यबाधकभावाभ्युपगमात् । चित्रादिप्रत्यये कथं न बाध इति चेत्, पूर्वज्ञानोपमर्देनोत्तरविज्ञानानुत्पादात् । अत एवैकत्रापि धर्मिणि बहूनां धर्माणामितरेतरानुपमर्देन वेद्यमानानामस्त्येव समावेशः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

134. તે બે જ્ઞાનોનો વિષય એક જ છે કે જુદો જુદો એ વિકલ્પ પણ ઉચિત નથી, કારણ કે એક જ વિષયમાં વિરુદ્ધ આકારોને ગ્રહણ કરનાર બે જ્ઞાનો વચ્ચે બાધ્ય-બાધકભાવ અમે સ્વીકાર્યો છે. ચિત્રરૂપના જ્ઞાનમાં બાધ કેમ થતો નથી એમ જો પૂછશો તો અમારો જવાબ એ છે કે બાધમાં તો પૂર્વજ્ઞાનને દબાવી દૂર કરી ઉત્તરજ્ઞાન ઉત્પન્ન થાય છે [જ્યારે ચિત્રજ્ઞાનની બાબતમાં એવું થતું નથી.] તેથી જ એક ધર્મીમાં એકબીજાને ન દબાવતા અનેક અનુભવાતા ધર્મોનો સમાવેશ એક સ્થાને થાય છે જ.

135 पूर्वोपमर्देनोत्तरविज्ञानजन्मतश्चैतदपि प्रत्युक्तं भवति यदुक्तं पूर्वस्मिन् प्रत्यये प्राप्तप्रतिष्ठे सत्यागन्तुज्ञानमुत्तरं बाध्यताम्' इति, यतः पूर्वोपमर्देनैव तदुत्तरं ज्ञानमुदेति। विषयसहायत्वात् प्रमाणान्तरानुगृह्यमाणत्वाच्च उत्तरमेव ज्ञानं बाधकमिति युक्तम्। तस्मा स्ति ज्ञानानां बाध्यबाधकभावः । स चायं बाधव्यवहारो विपरीतख्यातिपक्षे एव सामर्थ्यमस्खलितं दधातीति स एव ज्यायान् ।

135. પૂર્વજ્ઞાનનો ઉપમર્દ કરી ઉત્તરજ્ઞાન જન્મે છે એમ કહેવાથી પેલી તમે પ્રાભાકરોએ કરેલી દલીલનો પણ પ્રતિષેધ થઈ જાય છે કે 'પૂર્વજ્ઞાન પ્રતિષ્ઠા પામી ચૂક્યું હોઇ જો કોઈનો બાધ થઈ શકે એમ હોય તો તે ઉત્તરજ્ઞાન છે, પૂર્વજ્ઞાન નથી,' કારણ કે પૂર્વજ્ઞાનનો ઉપમર્દ કરીને જ ઉત્તરજ્ઞાન ઉત્પન્ન થાય છે. વિષયની સહાયને કારણે તેમ જ અન્ય પ્રમાણની સહાયને કારણે ઉત્તરજ્ઞાન જ બાધક છે એમ માનવું ઉચિત છે. નિષ્કર્ષ એ કે જ્ઞાનોમાં બાધ્યબાધકભાવ સંભવે છે અને આ બાધવ્યવહાર વિપરીતખ્યાતિપક્ષમાં જ સ્ખલનારહિત સામર્થ્ય ધરાવે છે, એટલે તે વિપરીતખ્યાતિપક્ષ જ શ્રેષ્ઠ છે.

136. अज्ञः कोऽपि नाम मीमांसकस्त्वाह — येयं शुक्तिकायां रजतप्रतीतिर्विपरीतख्यातिरिति तद्वादिनामभिमता सा तथा न भवतीति, सत्यरजतप्रतीतिवदत्राप्यवभास्यरजतसद्भावात् । लौकिकालौकिकत्वे तु विशेषः । रजतज्ञानावभास्यं हि रजतमुच्यते, तच्च किञ्चिद् व्यवहारप्रवर्तकं, किञ्चिन्नेति । तत्र व्यवहारप्रवर्तकं लौकिकमुच्यते, ततोऽन्यदलौकिकमिति । यच्च शुक्तिकाशकलमिति भवन्तो वदन्ति तदलौकिकं रजतम्। रजतज्ञानावभास्यत्वाद् रजतं, तद्व्यवहाराप्रवृत्तेरलौकिकमिति ।

136. કોઈક અજ્ઞાની મીમાંસક કહે છે – છીપમાં થતી રજતની જે પ્રતીતિને વાદી નૈયાયિકો વિપરીતખ્યાતિ કહે છે તે તેવી (અર્થાત્ વિપરીતખ્યાતિ) નથી, કારણ કે રજતની સાચી પ્રતીતિની જેમ અહીં પણ (=રજતની મિથ્યા પ્રતીતિમાં પણ) અવભાસ્ય રજતનો સદ્ભાવ છે. [રજતની સાચી પ્રતીતિમાં જેમ અવભાસ્ય રજતનો સદ્ભાવ છે તેમ આ ભ્રાન્ત પ્રતીતિમાં પણ અવભાસ્ય રજતનો સદ્ભાવ છે]—ભેદ માત્ર એટલો જ કે રજતની સાચી પ્રતીતિમાં રજત લૌકિક છે જ્યારે અહીં રજત અલૌકિક છે. રજતજ્ઞાનમાં જે ભાસે છે તેને રજત કહેવામાં આવે છે, તે રજત કોઇ વાર વ્યવહારપ્રવર્તક હોય છે, કોઈ વાર વ્યવહારપ્રવર્તક નથી હોતી. જે વ્યવહારપ્રવર્તક રજત છે તેને લૌકિક કહેવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે, તેનાથી જુદા પ્રકારની રજતને (અર્થાત્ જે વ્યવહારપ્રવર્તક નથી તે રજતને) અલૌકિક કહેવામાં આવે છે. જેને તમે નૈયાયિકો છીપનો ટુકડો કહો છો તે અલૌકિક રજત છે; તે રજતજ્ઞાનમાં ભાસે છે તેથી રજત છે, વ્યવહારપ્રવર્તક નથી તેથી અલૌકિક છે.

137. तदेतदपरामृष्टसंवेदनेतिवृत्तस्याभिनवपदार्थसर्गप्रजापतेरभिधानम् । बाधकप्रत्ययेन तत्र रजताभावस्य ख्यापनात् । नेदं रजतमिति हि रजतं प्रतिषेधत्येष प्रत्ययः, न विद्यमानरजतस्यालौकिकत्वमवद्योतयति इति ।

137. નૈયાયિક–આનો અર્થ તો એ કે અલૌકિક પદાર્થની સૃષ્ટિના સર્જક આ મીમાંસકો ભ્રાન્ત જ્ઞાનનો બાધ થાય છે ત્યારે શું થાય છે એ સાવ જાણતા જ નથી. ભ્રાન્ત જ્ઞાનમાં, બાધક જ્ઞાનથી રજતનો અભાવ જણાવાય છે; 'આ રજત નથી' એમ રજતનો પ્રતિષેધ આ બાધક જ્ઞાન કરે છે, અને નહિ કે વિદ્યમાન રજતના અલૌકિકત્વનું પ્રકાશન.

138. अथ नेदं लौकिकमिति व्याख्यायते । हन्त ! वाक्यशेषः क्रियतां 'सं यजत्रैरङ्गानि' [मै.सं. १.२.१५] इतिवत् सोऽयं श्रोत्रियः स्वशास्त्रवर्तनीमिहापि न तां त्यजति, न तु तस्या अयमवसरः । अगृह्यमाणे तु रजताख्येऽन्यधर्मिणि कथं तद्धर्मत्वेन लौकिकत्वं गृह्यते ? रजताभावग्रहणे त्वेष न दोषः, भावतदभावयोः धर्मधर्मिभावाभावात् । स्मर्यमाणप्रतियोग्यवच्छिन्नो हि अभावो गृह्यते एव । तस्मादत्र नास्त्येव रजतं, न पुनरलौकिकं तदस्ति । न च रजतज्ञानावभास्यत्वमात्रं रजतलक्षणम् अपि त्वबाधितरजतज्ञानगम्यत्वम् । अपि च लौकिकालौकिकप्रविभागः प्रतिभासनिबन्धनो वा स्याद्व्यवहारसदसद्भावनिबन्धनो वा ? न तावत् प्रतिभासनिबन्धनः, तथाप्रतीत्यभावात्, क्वचिद्धि रजतं, क्वचिच्च तदभावः प्रतीयते, न तु लौकिकत्वमलौकिकत्वं वा ।

138. મીમાંસક—બાધક જ્ઞાન જણાવે છે કે આ રજત લૌકિક નથી. 'આ રજત નથી' એ વાક્ય અધુરું છે અને તેથી 'લૌકિક' પદ ઉમેરી આ રીતે પૂર્ણ કરવાનું છે—'આ લૌકિક રજત નથી.' ઉદાહરણાર્થ, [सं ते वायुर्वातेन गच्छतां] सं यजत्रैरङ्गानि [समाशिषा यज्ञपतिः]. [આ મંત્રમાં 'यजत्रैरङ्गानि' સાથે એકવચન 'गच्छताम्' જઈ શકતું ન હોઈ જે અધુરાપણું વાક્યમાં છે તેને 'गच्छन्ताम्' પદ ઉમેરી દૂર કરવામાં આવે છે. આને વાક્યશેષ કહેવામાં આવે છે અર્થાત્ વાક્યમાં બાકીના ખૂટતાં પદ–પદોનું ઉમેરણ.]

નૈયાયિક – આ વેદવિશારદ પોતાના શાસ્ત્રમાં પ્રયુક્ત પદ્ધતિને અહીં પણ છોડતા નથી, પરંતુ તેને માટે અહીં અવસર નથી. રજત નામનો અન્ય ધર્મી ગૃહીત જ ન થતો હોય તો તેના ધર્મ તરીકે લૌકિકત્વનું ગ્રહણ હોય જ ક્યાંથી? [કે જેથી કહી શકાય કે રજતના લૌકિકત્વનો પ્રતિષેધ બાધક જ્ઞાન કરે છે.] રજતાભાવના ગ્રહણમાં આ દોષ નથી કારણ કે રજતના ભાવ અને અભાવ વચ્ચે ધર્મધર્મીભાવ સંબંધ નથી. સ્મરણમાં આવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિયોગીથી અવચ્છિન્ન અભાવ જ ગૃહીત થાય છે. [પ્રતિયોગી એટલે શું એ સમજીએ. રજતાભાવ લો. અભાવ કોનો? રજતનો. તેથી રજત એ પ્રતિયોગી છે અને તેનાથી અવચ્છિન્ન પ્રસ્તુત અભાવ છે. ન્યાય-વૈશેષિક મતે અભાવ પ્રત્યક્ષગ્રાહ્ય છે. પરંતુ અભાવનું પ્રત્યક્ષ થવામાં પ્રતિયોગીનું સ્મરણ આવશ્યક છે. જ્યાં સુધી પ્રતિયોગી રજતનું સ્મરણ ન થાય ત્યા સુધી રજતાભાવનું પ્રત્યક્ષ થતું નથી.] [ઉપર જે કહ્યું તેનો] નિષ્કર્ષ એ કે અહીં (= રજતના ભ્રાન્ત જ્ઞાનની બાબતમાં) 'રજત નથી જ' એવું બાધક જ્ઞાન થાય છે અને નહિ કે 'રજત અલૌકિક છે' એવું. વળી, રજતજ્ઞાનમાં ભાસવું તે રજતનું લક્ષણ નથી પરંતુ અબાધિત રજતજ્ઞાનનું જ્ઞેય હોવું તે રજતનું લક્ષણ છે. ઉપરાંત, અમે પૂછીએ છીએ કે વિષયોનો લૌકિક-અલૌકિક વિભાગ પ્રતિભાસને આધારે છે કે વ્યવહારના હોવા-ન હોવાને આધારે? તે પ્રતિભાસને આધારે ન હોઈ શકે કારણ કે તેવી પ્રતીતિ નથી, (અર્થાત્ 'આ રજત લૌકિક છે અને આ રજત અલૌકિક છે' એવી પ્રતીતિ નથી.) કોઈક વાર રજતની પ્રતીતિ થાય છે અને કોઈક વાર રજતાભાવની પ્રતીતિ થાય છે, પરંતુ રજતના લૌકિકત્વ કે અલૌકિકત્વની પ્રતીતિ તો થતી જ નથી.

139. अथ व्यवहारप्रवृत्त्यप्रवृत्तिभ्यां लौकिकालौकिकत्वे व्यवस्थाप्येते तद्वक्तव्यं कोऽयं व्यवहारो नामेति । ज्ञानाभिधानस्वभावो हि व्यवहारः । स तद्विषयो नास्तीत्युक्तम् । तदर्थक्रियानिर्वर्तनं व्यवहार इति चेत्, तर्हि स्वप्ने परिरभ्यमाणाया योषितः कूटकार्षापणस्य च लौकिकत्वं प्राप्नोति, उत्पद्य नष्टे घटे अर्थक्रियाया निवृत्तेरलौकिकत्वं स्यात् । अपि च यः शुक्तिकायां रजतव्यवहारं न करोति स रजताभावमेव बुद्ध्वा, न रजतस्य सतस्तस्यालौकिकताम् । यदि चेदमलौकिकं रजतं तत्किमर्थमिह तदर्थक्रियार्थं प्रवर्तते ? अलौकिकं लौकिकत्वेन गृहीत्वेति चेत्, सैवेयं तपस्विनी विपरीतख्यातिरायाता । तस्माद् विपरीतख्यातिद्वेषेण कृतमीदृशा । अत्रापि लोकसिद्धैव प्रतीतिरनुगम्यताम् ।

139. જો વ્યવહારપ્રવૃત્તિના હોવા-ન હોવાના આધારે લૌકિકત્વ-અલૌકિકત્વની વ્યવસ્થા હોય તો આ વ્યવહાર એ શું છે એ તમારે જણાવવું જોઈએ. જ્ઞાનને નામ આપવારૂપ વ્યવહાર પણ છે અને આ વ્યવહારનો વિષય લૌકિકત્વ-અલૌકિકત્વ નથી એ અમે કહ્યુ છે. અર્થક્રિયા કરવારૂપ વ્યવહાર અભિપ્રેત છે એમ જો કહેતા હો તો સ્વપ્નમાં આલિંગન કરાતી યુવતી અને ખોટા સિક્કા પણ લૌકિક બની જશે; વળી ઉત્પન્ન થઈ નાશ પામી ગયેલ ઘટમાંથી અર્થક્રિયા ચાલી જતી હોઈ તે અલૌકિકત્વ પ્રાપ્ત કરશે. ઉપરાંત, જે માણસ છીપમાં રજતનો વ્યવહાર કરતો નથી તે રજતાભાવ જાણીને જ તેમ કરે છે અને નહિ કે રજતના હોવા છતાં તેની અલૌકિકતાને જાણીને. અને જો આ અલૌકિક રજત હોય તો અહીં રજતની અર્થક્રિયા માટે પ્રમાતા પ્રવૃત્તિ કેમ કરે? અલૌકિક રજતને લૌકિક રજત જાણીને તે તેમ કરે છે એમ જો તમે કહેશો તો પેલી બિચારી વિપરીતખ્યાતિ વળી પાછી આવીને ઊભી રહેશે. માટે વિપરીતખ્યાતિ પ્રત્યે આવો દ્વેષ ન રાખો. અહીં પણ લોકસિદ્ધ પ્રતીતિને જ અનુસરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

140. न वा मीमांसका एते स्वभार्यामपि वेश्मतः ।
निःसारयितुमिच्छन्ति स्वतःप्रामाण्यतृष्णया ॥
न चैवमपि तत्सिद्धिः बुद्धिद्वैविध्यदर्शनात् ।
संशये सति संवादसापेक्षत्वं तथैव तत् ॥
क्लेशेन तदमुनाऽपि स्वार्थस्तेषां प्रसिद्ध्यति न कश्चित् ।
यद्भवति दैवगत्या राजपथेनैव तद्भवतु ॥

140. સ્વતઃપ્રમાણુતા માટેની તૃષ્ણાને લીધે આ મીમાંસકો ઘરમાંથી પોતાની પત્નીને પણ શું કાઢી મૂકવા ન ઈચ્છે ? (અર્થાત્ સ્વતઃપ્રમાણુતાને ખાતર મીમાંસકો પોતાની પત્નીને પણ ઘરમાંથી હાંકી કાઢે.) પરંતુ એમ કરે તો પણ સ્વતઃપ્રમાણુતા સિદ્ધ થવાની નથી કારણકે (યથાર્થ અને મિથ્યા એમ) બે પ્રકારનું જ્ઞાન દેખાય છે. જ્ઞાનની યથાર્થતા બાબત સંશય થતાં તેના યાથાર્થ્યની (=પ્રામાણ્યની) સંવાદસાપેક્ષતા એવી ને એવી જ રહે છે. આટલો બધો કલેશ (=શ્રમ) કરવા છતાં તેમનો (=મીમાંસકોનો) કોઈ સ્વાર્થ સધાયો નહિ. જે અનિવાર્યપણે બનવાનું જ છે તે [આડાઅવળા માર્ગે બનવા કરતાં] રાજમાર્ગે જ બનો. [અર્થાત્ જે અનિવાર્ય છે તેને ગલ્લાતલ્લાં કર્યા પછી સ્વીકારવા કરતાં સામી છાતીએ સ્વીકારવું જ વધુ સારું].

141. नात्मख्यातिर्बाह्यतयाऽर्थप्रतिभासात्
नासत्ख्यातिर्न ह्यसतां धीविषयत्वम् ।
उक्तोऽख्यातौ दूषणमार्गो विपरीत-
ख्यातिस्तस्मादाश्रयणीया मतिमद्भिः ॥

141. બુદ્ધિમાનોએ આત્મખ્યાતિ સ્વીકારવી જોઈએ નહિ કારણ કે અર્થ તો બાહ્યરૂપે દેખાય છે. તેમણે અસત્ખ્યાતિ પણ ન સ્વીકારવી જોઈએ કારણ કે જે અસત્ છે તે જ્ઞાનનો વિષય નથી. તેમણે અખ્યાતિ પણ ન સ્વીકારવી જોઈએ કારણ કે તેમાં આવતા દોષો અમે જણાવી ગયા છીએ. માટે, છેવટે વિપરીતખ્યાતિ જ તેમણે સ્વીકારવી જોઈએ.

142. स्थिते च तस्मिन् विपरीतवेदने
तदीयसाधर्म्यकृतोऽस्ति संशयः ।
तदा च संवादमुखप्रतीक्षणात्
भजन्ति बोधाः परतः प्रमाणताम् ॥

142. તથા વિપરીતખ્યાતિ પુરવાર થતાં, પ્રમાણજ્ઞાનનું તેની (=વિપરીતજ્ઞાનની) સાથે [જ્ઞાનત્વરૂપ] સાધર્મ્ય હોવાને કારણે જ્યારે સંશય જાગે કે 'આ વિપરીતજ્ઞાન હશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પ્રમાણુજ્ઞાન હશે' તે વખતે જ્ઞાનો (પોતાનું પ્રમાણ્ય સિદ્ધ કરવા) સંવાદની અપેક્ષા રાખતા હોઇ પરતઃ પ્રામાણ્ય પામે છે.

143. प्रत्यक्षादिप्रमाणानां तद्यथाऽस्तु तथाऽस्तु वा ।
शब्दस्य हि प्रमाणत्वं परतो मुक्तसंशयम् ॥

दृष्टे हि विषये प्रामाण्यनिश्चयमन्तरेणैव लघुपरिश्रमेषु कर्मसु प्रवृत्तिरिति तदुपयोगिप्रत्यक्षादिप्रमाणप्रामाण्यनिश्चये दुरुपपादे कोऽभिनिवेशः ? शब्दे पुनरदृष्टपुरुषार्थपथोपदेशिनि प्रामाण्यमनिश्चित्य महाप्रयत्ननिर्वर्त्यानि ज्योतिष्टोमादीनि न प्रेक्षापूर्वकारिणो यज्वानः प्रयुञ्जीरन् इत्यवश्यं निश्चेतव्यं तत्र प्रामाण्यम् । तच्च परत एवेति ब्रूमः ।

143. પ્રત્યક્ષ વગેરે પ્રમાણોનું પ્રામાણ્ય જે રીતે હો તે રીતે ખરું (અર્થાત્ એની ચર્ચામાં ન પડીએ). પરંતુ શબ્દનું પ્રામાણ્ય તો નિઃસંશયપણે પરતઃ જ છે.

જ્યારે વિષય દૃષ્ટ હોય ત્યારે પ્રામાણ્યના નિશ્ચય વિના જ લઘુશ્રમસાધ્ય કર્મોમાં લોકો પ્રવૃત્ત થાય છે, એટલે તેમાં ઉપયોગી પ્રત્યક્ષ વગેરે પ્રમાણોનું પ્રામાણ્ય નિશ્ચિતપણે જાણવું (પ્રવૃત્તિ પહેલાં) દુર્ઘટ હોઇ તેને નિશ્ચિતપણે જાણ્યા પછી જ પ્રવૃત્તિ કરવાની જક કરવાનો શો અર્થ ? પરંતુ શબ્દ તો અદૃષ્ટ પુરુષાર્થપથનો ઉપદેશ આપે છે, તેથી શબ્દના પ્રામાણ્યને નિશ્ચિતપણે જાણ્યા વિના મહાપ્રયત્નસાધ્ય જ્યોતિષ્ટોમ વગેરે કર્મો બુદ્ધિમાન યજમાનો કરે નહિ, એટલે અહીં શબ્દના પ્રામાણ્યનો નિશ્ચય [પ્રવૃત્તિ પહેલાં] અવશ્ય કરવો જોઈએ અને તે પ્રામાણ્યનિશ્ચય પરતઃ જ છે એમ અમે કહીએ છીએ.

144. शब्दस्य वृद्धव्यवहाराधिगतसम्बन्धोपकृतस्य सतः प्रतीतिजनकत्वं नाम रूपमवधृतम् । तत्तु नैसर्गिकशक्त्यात्मकसम्बन्धमहिम्ना वा पुरुषघटितसमयसम्बन्धबलेन वेति विचारयिष्यामः । प्रकाशकत्वमात्रं तु दीपादेरिव तस्य रूपम् । यथा हि दीपः प्रकाशमानः शुचिमशुचिं वा यथासन्निहितमर्थमवद्योतयति तथा शब्दोऽपि पुरुषेण प्रयोज्यमानः श्रवणपथमुपगतः सत्येऽनृते वा समन्वितेऽसमन्विते वा सफले निष्फले वा सिद्धेऽसिद्धे कार्येऽर्थे वा प्रमितिमुपजनयतीति तावदेवास्य रूपम् । अयं तु दीपाच्छब्दस्य विशेषो यदेष सम्बन्धव्युत्पत्तिमपेक्षमाणः प्रमामुत्पादयतीति, दीपस्तु तन्निरपेक्ष इति ।

144. વૃદ્ધવ્યવહાર દ્વારા જાણેલ સંબંધથી શબ્દ જ્યારે ઉપકૃત હોય છે ત્યારે તેનું પ્રતીતિજનકત્વ સ્વરૂપ હોય છે એમ નિશ્ચિત થયેલ છે. આ એનું સ્વરૂપ નૈસર્ગિક શક્ત્યાત્મકસંબંધના મહિમાને લીધે છે કે પુરુષે ઘડેલ સંકેતસંબંધના બળે છે એ આપણે (ચોથા આહ્નિકમાં) વિચારીશું. દીપ વગેરેની જેમ એનું સ્વરૂપ પણ પ્રકાશકત્વ માત્ર છે. જેમ પ્રકાશમાન દીવો શુદ્ધ કે અશુદ્ધ, જે કંઇ સમીપ હોય છે તેને પ્રકાશિત કરે છે તેમ શબ્દ પણ, પુરુષ વડે પ્રયોજાતો કાને પડતાં, સત્ય કે અસત્ય, સમન્વિત કે અસમન્વિત, સફલ કે નિષ્ફલ, સિદ્ધ કે અસિદ્ધ કાર્યની કે અર્થની પ્રતીતિ જન્માવે છે, એટલે એટલું જ એનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપ છે. આ છે દીપથી શબ્દનો ભેદ—આ (શબ્દ) સંબંધજ્ઞાનની અપેક્ષા રાખતો પ્રમાને ઉત્પન્ન કરે છે જ્યારે દીપ સંબંધજ્ઞાનની અપેક્ષા રાખ્યા વિના પ્રમાને ઉત્પન્ન કરે છે.

145. तस्याः शब्दजनितायाः प्रमितेर्यथार्थेतरत्वं पुरुषदर्शनाधीनम्, सम्यग्दर्शिनि शुचौ पुरुषे सति सत्यार्था सा भवति प्रतीतिः, इतरथा तु तद्विपरीतेति। तत्र यथा नैसर्गिकमर्थसंस्पर्शित्वं शब्दस्य रूपमिति समर्थितम्, एवमस्य स्वाभाविकं सत्यार्थत्वमपि न रूपम्। एवमभ्युपगम्यमाने विप्रलम्भकवचसि विसंवाददर्शनं न भवेत्। तस्मात् पुरुषगुणदोषाधीनावेव शाब्दे प्रत्यये संवादविसंवादौ।

145. શબ્દજનિત જ્ઞાનનું પ્રામાણ્ય કે અપ્રામાણ્ય વક્તા પુરુષના દર્શન ઉપર આધાર રાખે છે—સમ્યક્દર્શી, શુચિ (=ક્લેશરહિત) પુરુષ જ્યારે વક્તા હોય ત્યારે શબ્દજન્ય તે જ્ઞાન યથાર્થ (=સત્યાર્થ) હોય છે, અન્યથા અયથાર્થ (= અસત્યાર્થ). જેમ શબ્દનું અર્થસંસ્પર્શિત્વ રૂપ સ્વાભાવિક છે તેમ તેનું સત્યાર્થત્વ (= યથાર્થત્વ) રૂપ સ્વાભાવિક નથી. જો યથાર્થત્વ રૂપને સ્વાભાવિક માનવામાં આવે તો વંચક પુરુષના વચનમાં વિસંવાદ ન જણાય. નિષ્કર્ષ એ કે શાબ્દ જ્ઞાનમાં (= શબ્દજન્ય જ્ઞાનમાં) સંવાદ અને વિસંવાદ અનુક્રમે વક્તા પુરુષના ગુણ અને દોષને અધીન છે.

146. न चन्द्रियादाविव तत्र दुर्भणा गुणाः। रागादयो दोषाः करुणादयो गुणाः पुरुषाणामतिप्रसिद्धा एव। पुरुषगुणा एव शब्दस्य गुणाः, न स्वशरीरसंस्थाः चक्षुरादेरिवेति। तत्र यदि पुरुषगुणानां प्रामाण्यकारणता नेष्यते दोषाणामपि विप्लवहेतुता माभूत्। यत्तु दोषप्रशमनचरितार्था एव पुरुषगुणाः, प्रामाण्यहेतवस्तु न भवन्तीत्यत्र शपथशरणा एव श्रोत्रियाः। न च बाधानुत्पत्तिमात्रेण वैदिक्याः प्रतीतेः प्रामाण्यं भवितुमर्हति 'पक्ष्मलाक्षीलक्षमभिरमयेद् विद्याधरपदकामः' इत्यादावपि प्रामाण्यप्रसङ्गात्। उक्तं च केनचित्—

यथा हि स्वप्नदृष्टोऽर्थः कश्चिद् द्वीपान्तरादिषु।
असंभवद्विसंवादः श्रद्धातुं नैव शक्यते॥
तथा चोदनयाऽप्यर्थं बोध्यमानमतीन्द्रियम्।
असंभवद्विसंवादं न श्रद्दधति केचन॥ इति

146. જેમ ઇન્દ્રિય વગેરેના ગુણો કહેવા મુશ્કેલ છે તેમ પુરુષના ગુણો કહેવા મુશ્કેલ નથી. પુરુષોના રાગ વગેરે દોષો અને કરુણા વગેરે ગુણો ખૂબ પ્રસિદ્ધ છે જ. પુરુષના ગુણો એ જ શબ્દના ગુણો છે; જેમ ચક્ષુ વગેરેના ગુણો ચક્ષુ વગેરેમાં જ રહે છે તેમ શબ્દના ગુણો શબ્દમાં જ રહેતા નથી. જો તમે મીમાંસકો પુરુષના ગુણોને શબ્દના પ્રામાણ્યનું કારણ ન ઇચ્છતા હો, તો [તમારા માટે] પુરુષના દોષો પણ શબ્દના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રામાણ્યનું કારણ ન બને. 'પુરુષના ગુણો તો દોષોનું પ્રશમન કરવામાં જ ચરિતાર્થ છે, તેઓ પ્રામાણ્યનું કારણ બનતા નથી'—એમ કહેવામાં મીમાંસકો કેવળ શપથનું જ શરણુ લે છે, [તર્કનું નહિ]. બાધક જ્ઞાન ઉત્પન્ન નથી થયું એટલા માત્રથી જ વેદજન્ય (=વેદશબ્દજન્ય) પ્રતીતિ પ્રામાણ્ય ધરાવવાને લાયક ઠરતી નથી, કારણ કે તો તો પછી 'જેને વિદ્યાધરપદની કામના હોય તે લોલ લોચનવાળી લાખ યુવતીઓ સાથે રમણ કરે' વગેરે શબ્દોમાં પણ પ્રામાણ્યની આપત્તિ આવે. કોઈકે તો કહ્યું પણ છે કે ' જેમ સ્વપ્નમાં દેખેલ કોઈ વસ્તુનો અન્ય દ્વીપ વગેરેમાં બાધ સંભવતો ન હોવા છતાં તેમાં શ્રદ્ધા રાખવી શક્ય નથી તેમ વેદ દ્વારા જણાતા અતીન્દ્રિય અર્થનો બાધ સંભવતો ન હોવા છતાં કોઈ તેનો વિશ્વાસ કરતું નથી.'

147. तत्र स्वप्नज्ञाने हेतुः निद्रादिदोषोऽस्तीति दुष्टकारणज्ञानादप्रामाण्यमिति चेत् लोलाक्षीलक्षवाक्ये किं वक्ष्यसि ? प्रभवस्तस्य न ज्ञायते इति चेत् नतरामसौ वेदेऽपि त्वन्मते ज्ञायते इति को विशेषः ? महाजनादिपरिग्रहोऽस्य नास्तीति चेद् अन्वेषणीयं तर्हि प्रामाण्यकारणं, न बुद्ध्युत्पादकत्वादेवौत्सर्गिकं प्रामाण्यमिति युक्तम् ।

साक्षाद्द्रष्टृनरोक्तत्वं शब्दे यावन्न निश्चितम् ।
बाधानुत्पत्तिमात्रेण न तावत्तत्प्रमाणता ॥

यदपि वेदे कारणदोषनिराकरणाय कथ्यते 'यद्वा वक्तुरभावेन न स्युर्दोषा निराश्रयाः' इति [श्लो०वा० १.२.६३] तदपि न साम्प्रतम्, असति वक्तरि प्रामाण्यहेतूनां गुणानामप्यभावेन तत्प्रामाण्यस्याप्यभावात् । न च वेदे वक्तुरभावः सुवचः । तथा ह्येतदेव तावद्विचारयामः किं वेदे वक्ता विद्यते न वेति ।

147. મીમાંસક – સ્વપ્નજ્ઞાનનું કારણ નિદ્રા વગેરે દોષો છે એટલે દુષ્ટ કારણના જ્ઞાનને આધારે સ્વપ્નજ્ઞાનનું અપ્રામાણ્ય નક્કી થાય છે.

નૈયાયિક – 'જેને વિદ્યાધરપદની કામના હોય તે લોલ લોચનવાળી લાખ યુવતીઓ સાથે રમણ કરે' એ વાક્ય વિશે તમારે શું કહેવું છે?

મીમાંસક – આ વાક્યનું મૂળ ખબર નથી.

નૈયાયિક – વેદની બાબતમાં પણ, તમારા મતે, મૂળની કોઈને ખબર નથી, એટલે તે બેમાં શો ભેદ?

મીમાંસક – મહાજન વગેરે તેને ('લોલ લોચનવાળી...' એ વાક્યના પ્રમાણ્યને) સ્વીકારતા નથી.

નૈયાયિક – તો પ્રમાણ્યનું કારણ શોધી કાઢવું જોઈએ. બુદ્ધિને ઉત્પન્ન કરે છે એટલે તેનું પ્રામાણ્ય નિત્ય છે એમ કહેવું યોગ્ય નથી. શબ્દો સાક્ષાત્ દ્રષ્ટા પુરુષે કહ્યા છે એમ જ્યાં સુધી નિશ્ચિત ન થાય ત્યાં સુધી કેવળ બાધકજ્ઞાનની અનુત્પત્તિને આધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું પ્રામાણ્ય ન સ્વીકારાય. વળી, વેદની બાબતમાં કારણદોષના નિરાકરણ માટે તમે જે કહ્યું છે કે 'વક્તાનો અભાવ હોવાને કારણે દોષો નથી કારણ કે દોષોને રહેવાનો આધાર [વક્તા] પોતે જ નથી' તે અનુચિત છે, કારણ કે વક્તા ન હોય તો પ્રામાણ્યના કારણભૂત ગુણોનો પણ અભાવ થાય, જેને પરિણામે તે વેદના પ્રામાણ્યનો પણ અભાવ થાય. વેદની બાબતમાં તેના વક્તાનો અભાવ છે એમ કહેવું સારું નથી. એટલે આપણે એનો જ વિચાર કરીએ કે વેદનો વક્તા છે કે નહિ ?

148. ननु च वेदे प्रमाणान्तरसंस्पर्शरहितविचित्रकर्मफलगतसाध्यसाधनभावोपदेशिनि कथं तदर्थसाक्षाद्दर्शी पुरुष उपदेष्टा भवेत् ? उच्यते—

148. મીમાંસક–વિવિધ કર્મો અને તેમનાં ફળો વચ્ચેનો કાર્યકારણભાવ – જે બીજા કોઈ પ્રમાણનો વિષય નથી તેનો ઉપદેશ વેદ આપે છે. આવા વેદમાં રહેલા અર્થનું પહેલાં સાક્ષાત્ દર્શન કરી પછી તેનો [વેદરૂપે] ઉપદેશ દેનાર પુરુષ કયાંથી સંભવે ?

149. वेदस्य पुरुषः कर्ता न हि यादृशतादृशः ।
किन्तु त्रैलोक्यनिर्माणनिपुणः परमेश्वरः ॥
स देवः परमो ज्ञाता नित्यानन्दः कृपान्वितः ।
क्लेशकर्मविपाकादिपरामर्शविवर्जितः ॥

149. નૈયાયિક—વેદનો રચયિતા પુરુષ જેવો તેવો નથી પરંતુ ત્રણેય લોકનું સર્જન કરવામાં નિપુણ એવો પરમેશ્વર છે. તે દેવ પરમ જ્ઞાતા (=સર્વજ્ઞ) છે, નિત્ય આનંદસ્વરૂપ છે, કરુણાયુક્ત છે, ક્લેશ–કર્મ–વિપાક આદિના સંપર્કથી રહિત છે.

150. अत्राह किं ब्रूषे ? त्रैलोक्यनिर्माणनिपुणमतिरिति ! अहो तव सरलमतित्वम् ! न हि तथाविधपुरुषसद्भावे किञ्चन प्रमाणमस्ति ।

तथा हीश्वरसद्भावो न प्रत्यक्षप्रमाणकः ।
न ह्यसावक्षविज्ञाने रूपादिरिव भासते ॥
न च मानसविज्ञानसंवेद्योऽयं सुखादिवत् ।
योगिनामप्रसिद्धत्वान्न तत्प्रत्यक्षगोचरः ॥
प्रत्यक्षप्रतिषेधेन तत्पूर्वकमपाकृतम् ।
अनुमानमविज्ञाते तस्मिन् व्याप्त्यनुपग्रहात् ॥

150. મીમાંસક–શું કહો છો ? 'ત્રણ લોકનું સર્જન કરવામાં નિપુણ બુદ્ધિવાળો' એમ ! અહો ! તમારી સરળ બુદ્ધિ ! એવા પુરુષના અસ્તિત્વમાં કોઈ પ્રમાણ નથી. ઈશ્વરનું અસ્તિત્વ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થતું નથી. જેમ રૂપ વગેરે પ્રત્યક્ષજ્ઞાનોથી ગૃહીત થાય છે તેમ તે પ્રત્યક્ષજ્ઞાનોથી ગૃહીત થતો નથી. જેમ સુખ વગેરે [આંતર વિષયો] માનસ પ્રત્યક્ષથી ગૃહીત થાય છે તેમ તે માનસ પ્રત્યક્ષથી ગૃહીત થતો નથી. અને યોગીઓ



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

પ્રસિદ્ધ ન હોવાથી–પુરવાર થયેલ ન હોવાથી તે યોગિપ્રત્યક્ષનો વિષય નથી. તેથી નિષ્કર્ષ એ કે ઈશ્વર પ્રત્યક્ષનો વિષય નથી. ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરવામાં પ્રત્યક્ષપ્રમાણનો પ્રતિષેધ થવાથી પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો પણ પ્રતિષેધ થઇ ગયો કારણ કે ઈશ્વર કદી પ્રત્યક્ષ થયો જ ન હોય તો ઈશ્વર અને તેના લિંગ (=હેતુ) વચ્ચેની વ્યાપ્તિનું ગ્રહણ જ ન સંભવે.

151. न च सामान्यतोदृष्टं लिङ्गमस्यास्ति किञ्चन ।
क्षित्यादीनां तु कार्यत्वमसिद्धं सुधियः प्रति ।
शैलादिसन्निवेशोऽपि नैष कर्त्रनुमापकः ।
कर्तृपूर्वककुम्भादिसन्निवेशविलक्षणः ॥
दृष्टः कर्त्रविनाभावी सन्निवेशो हि यादृशः ॥
तादृङ्नगादौ नास्तीति कार्यत्ववदसिद्धता ।

151. ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરતું સામાન્યતોદૃષ્ટ લિંગ પણ કોઇ નથી. બુદ્ધિમાનો [તેના હેતુ તરીકે આપવામાં આવેલ] પૃથ્વી વગેરેના કાર્યત્વને પણ અસિદ્ધ ગણે છે. પર્વત વગેરેનો સન્નિવેશ (= રચના) પણ તેના કર્તાનો અનુમાપક નથી કારણ કે તે સન્નિવેશ કર્તાએ બનાવેલા કુંભ વગેરેના સન્નિવેશથી વિલક્ષણ છે. કર્તા સાથે અવિનાભાવસંબંધ ધરાવતો સન્નિવેશ જેવો હોય છે તેવો સન્નિવેશ પર્વત વગેરેનો નથી, એટલે જેમ કાર્યત્વ હેતુ અસિદ્ધ છે તેમ આ સન્નિવેશ હેતુ પણ અસિદ્ધ છે.

151. सिद्धत्वेऽपि न हेतुत्वमनैकान्त्यात्तृणादिभिः ॥
अकृष्टजातैः कर्तारमन्तरेणाप्तजन्मभिः ।
तेषामुत्पत्तिसमयप्रत्यक्षत्वेन लभ्यते ॥
कर्तुर्दृश्यत्वमप्येवमभावोऽनुपलब्धितः ।
न च क्षितिजलप्रायदृष्टहेत्वतिरेकिणः ॥
कस्यापि कल्पनं तेषु युज्यतेऽतिप्रसङ्गतः ॥
तेन कर्तुरभावेऽपि सन्निवेशादिदर्शनात् ।
अनैकान्तिकता हेतोर्विप्रत्वे पुरुषत्ववत् ।

152. આ હેતુઓ સિદ્ધ હોય તો પણ સદ્ હેતુઓ નહિ ઘટે, કારણ કે તેઓ કેવળ પક્ષ–સપક્ષમાં જ નહિ પણ વિપક્ષમાંય રહે છે, જેમને ઉત્પન્ન કરનાર કોઇ કર્તા નથી એવાં ખેડયા વિના ઊગી નીકળેલાં ઘાસ વગેરેમાં પણ તે હેતુઓ રહે છે. સકર્તૃક કુંભ વગેરેની ઉત્પત્તિ વખતે થતા પ્રત્યક્ષ વડે જ તેના કર્તાનુ દૃશ્યત્વ પણ જ્ઞાત થાય છે; એ જ રીતે કર્તાનો અભાવ પણ અનુપલબ્ધિ વડે જ્ઞાત થાય છે. [ખેડયા વિના ઊગી નીકળેલ ઘાસની બાબતમાં] માટી, પાણી, વગેરે દૃષ્ટ જનક હેતુઓથી અતિરિક્ત બીજા કોઈની (અર્થાત્ અદૃષ્ટ કર્તાની) કલ્પના કરવી યોગ્ય નથી, કારણ કે તેમ કરતાં અતિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગદોષ આવે છે. આમ કર્તાના અભાવમાં (=સાધ્યાભાવમાં) પણ સન્નિવેશ વગેરે [હેતુઓ] દેખાતા હોઈ તે હેતુઓમાં અનૈકાન્તિક દોષ છે. વિપ્રત્વ સિદ્ધ કરવા આપેલો 'પુરુષત્વ' હેતુ જેમ અનૈકાન્તિક દોષથી દૂષિત છે તેમ આ હેતુઓ પણ અનૈકાન્તિક દોષથી દૂષિત છે.

153. किञ्च व्याप्त्यनुसारेण कल्प्यमानः प्रसिद्ध्यति ॥
कुलालतुल्यः कर्तेति स्याद्विशेषविरुद्धता ।
व्यापारवानसर्वज्ञः शरीरी क्लेशसंकुलः ।
घटस्य यादृशः कर्ता तादृगेव भवेद् भुवः ।
विशेषसाध्यतायां वा साध्यहीनं निदर्शनम् ॥
कर्तृसामान्यसिद्धौ तु विशेषावगतिः कुतः ।

153. વળી, જો ['જ્યાં જ્યાં કાર્ય છે ત્યાં ત્યાં કર્તા છે' એ] વ્યાપ્તિને આધારે [જગતકર્તા] કલ્પવામાં આવે તો કુલાલતુલ્ય તે કર્તા છે એમ સિદ્ધ થાય. પણ આમાં તો વિશેષવિરુદ્ધતાનો દોષ આવે. અર્થાત્ વ્યાપારવાન્, અસર્વજ્ઞ, શરીરી, ક્લેશયુક્ત જેવો ઘટનો કર્તા તેવો જ જગતનો કર્તા બની જાય. તમે વિશેષપ્રકારનો કર્તા પુરવાર કરવા માગતા હો તો આ દૃષ્ટાન્ત સાધ્યહીન બને કારણ કે કર્તામાત્રની સિદ્ધિ થતાં વિશિષ્ટ પ્રકારના કર્તાની સિદ્ધિ કેવી રીતે થાય ?

154. अपि च सशरीरो वा जगन्ति रचयेदीश्वरः शरीररहितो वा ? शरीरमपि च तदीयं कार्यं नित्यं वा भवेत् । सर्वथाऽनुपपत्तिः—

अशरीरस्य कर्तृत्वं दृश्यते न हि कस्यचित् ।
देहोऽप्युत्पत्तिमानस्य देहत्वाच्चैत्रदेहवत् ॥

कार्यमपीश्वरशरीरं तत्कर्तृकं वा स्यादीश्वरान्तरकर्तृकं वा ? तत्र—

स्वयं निजशरीरस्य निर्माणमिति साहसम् ।
कर्त्रन्तरकृते तस्मिन्नीश्वरानन्त्यमापतेत् ॥

भवतु को दोष इति चेत्, प्रमाणाभाव एव दोषः । एकस्यापि तावदीश्वरस्य साधने पर्याकुलतां गताः, किं पुनरनन्तानाम् ?

154. ઉપરાંત, શરીરવાળો ઈશ્વર જગત રચે છે કે અશરીરી ઈશ્વર જગત રચે છે? [જો શરીરવાળો ઈશ્વર જગત રચતો હોય તો] તેનું શરીર પણ કાં તો કાર્ય હોય કાં તો નિત્ય હોય. ગમે તે માનો, કોઈ પણ રીતે ઈશ્વર ઘટતો નથી. કોઈ અશરીરી કર્તાને દેખ્યો નથી. [ઈશ્વર સશરીરી છે એમ માનો તો] તેનો દેહ પણ ઉત્પત્તિમાન માનવો પડે કારણ કે તે દેહ છે, ચૈત્રના દેહની જેમ તેનો દેહ ઉત્પત્તિમાન હોય તો તેનો કર્તા તે ઈશ્વર પોતે છે કે તે ઈશ્વરથી અન્ય બીજો કોઈ ઈશ્વર ? તેમાં પોતાના શરીરનો નિર્માતા ઈશ્વર પોતે જ છે એમ કહેવું સાહસ છે. તે શરીરનો કર્તા બીજો ઈશ્વર છે એમ કહેતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત ઈશ્વરો માનવાની આપત્તિ આવે. જો કોઇ કહે કે અનંત ઈશ્વરો માનવામાં શો દોષ છે, તો કહેવું જોઈએ કે પ્રમાણાભાવ એ જ દોષ છે. એક ઈશ્વરને પુરવાર કરવામાં આટલો ક્લેશ થાય છે તો અનન્ત ઈશ્વરોની તો વાત જ શી કરવી ?

155. किञ्च व्यापारेण वा कुलालादिरिव कार्याणि सृजेदीश्वर इच्छामात्रेण वा ? द्वयमपि दुर्घटम् ।

व्यापारेण जगत्सृष्टिः कुतो युगशतैरपि ।
तदिच्छां चानुवर्तन्ते न जडाः परमाणवः ।।

अपि च किं किमपि प्रयोजनमनुसंधाय जगत्सर्गे प्रवर्तते प्रजापतिः एवमेव वा ? निष्प्रयोजनायां प्रवृत्तावप्रेक्षापूर्वकारित्वादुन्मत्ततुल्योऽसौ भवेत् । पूर्वोऽपि नास्ति पक्षः ।

अवाप्तसर्वानन्दस्य रागादिरहितात्मनः ।
जगदारभमाणस्य न विद्मः किं प्रयोजनम् ।।

अनुकम्पया प्रवर्तत इति चेद् मैवम्—

सर्गात् पूर्वं हि निःशेषक्लेशसंस्पर्शवर्जिताः ।
नास्य मुक्ता इवात्मानो भवन्ति करुणास्पदम् ।।

परमकारुणिकानामपि दुःसहदुःखदहनदन्दह्यमानमनसो जन्तूनवलोकयतामुदेति दया, न पुनरपवर्गदशावदशेषदुःखशून्यानिति ।

करुणामृतसंसिक्तहृदयो वा जगत्सृजन् ।
कथं सृजति दुर्वारदुःखप्राग्भारदारुणम् ।।

अथ केवलं सुखोपभोगप्रायं जगत् स्रष्टुमेव न जानाति, सृष्टमपि वा न चिरमवतिष्ठते इत्युच्यते तदप्यचारु, निरतिशयस्वातन्त्र्यसीमनि वर्तमानस्य स्वेच्छानुवर्तिसकलपदार्थसार्थस्थितेः परमेश्वरस्य किमसाध्यं नाम भवेत् ?

**155.** વળી, તે કુંભારની જેમ વ્યાપાર દ્વારા કાર્યો સર્જે છે કે કેવળ ઇચ્છા દ્વારા ? બંને (વિકલ્પો) દુર્ઘટ છે. વ્યાપાર દ્વારા તો જગતની સૃષ્ટિ સેંકડો યુગોમાં પણ ન થાય; અને તેની ઇચ્છા મુજબ જડ પરમાણુઓ વર્તવા સમર્થ નથી. વળી, કયા પ્રયોજનને કારણે ઈશ્વર જગત સર્જવા માટે પ્રવૃત્ત થાય છે ? કે પછી એમ જ જગતનું સર્જન કરે છે ? પ્રયોજન વિના જગત સર્જવા પ્રવૃત્ત થાય છે એમ માનતાં તે વગર વિચાર્યે પ્રવૃત્તિ કરનારો બની જાય અને પરિણામે ઉન્મત્તતુલ્ય બની જાય. પ્રથમ પક્ષ પણ ઘટતો નથી. જે સંપૂર્ણ આનંદમય છે, જેનો આત્મા રાગ આદિથી રહિત છે, તેને જગતને સર્જવાનું શું પ્રયોજન હોઈ શકે એ અમને સમજાતું નથી. કરુણાથી પ્રેરાઇને તે જગતને સર્જે છે એમ કહેતા હો તો એવું ઘટતું નથી, કારણ કે જગતના સર્જન પહેલાં બધા આત્માઓ મુક્તની જેમ સર્વ ક્લેશોથી રહિત હોઇ કરુણાને પાત્ર નથી. પરમ કારુણિકોનેય દયા તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસહ્ય દુ:ખદાહથી પીડાતા મનવાળાને દેખીને ઉપજે છે, અને નહિ કે મુક્ત આત્મા જેવા સર્વથા દુ:ખરહિત જીવોને દેખીને. વળી, જો કરુણામૃતથી સીંચાયેલ હૃદયવાળો હોવાને લીધે તે જગતનું સર્જન કરતો હોય તો પછી દુર્વાર દુ:ખથી ખીચોખીચ ભરેલ દારુણ જગતનું સર્જન તે શા સારુ કરે છે ? જો કહો કે કેવળ સુખોપભોગયોગ્ય જગતનું સર્જન કેમ કરવું એ તે જાણતા નથી તો તેમ કહેવું ઉચિત નથી; અથવા એવું જગત તે સર્જે છે પણ પછી લાંબો સમય એવું તે રહેતું નથી એમ કહો તો એ પણ બરાબર નથી. જેના સ્વાતન્ત્ર્યને કોઈ સીમા નથી અને બધા પદાર્થોની સ્થિતિ (=દશા) જેની ઈચ્છા મુજબ થાય છે એવા પરમેશ્વરને શું અસાધ્ય હોય ?

156. नानात्मगतशुभाशुभकर्मकलापापेक्षः स्रष्टा प्रजापतिरिति चेत् ; कर्माण्येव हि तर्हि सृजन्तु जगन्ति, किं प्रजापतिना ? अथाचेतनानां चेतनानधिष्ठितानां स्रष्टृत्वमघटमानमिति तेषामधिष्ठाता चेतनः कल्प्यते इति चेत्, न, तदाश्रयाणामात्मनामेव चेतनत्वात् त एवाधिष्ठातारो भविष्यन्ति, किमधिष्ठात्रन्तरेणेश्वरेण ? तस्यापि तादृशा परकीयकर्मान्तरापेक्षासङ्कोचितस्वातन्त्र्येण किमैश्वर्येण कार्यम्, राज्यमिव मन्त्रिपरवशमैश्वर्यं कोपयुज्यते तादृक् यत्रापरनिरपेक्षं रुच्यैव न रच्यतेऽभिमतम् ? अन्येनाप्युक्तम्—

किमीश्वरतयेश्वरो यदि न वर्तते स्वेच्छया ।
न हि प्रभवतां क्रियाविधिषु हेतुरन्विष्यते ।। इति ।

156. નૈયાયિક-જુદા જુદા આત્માઓના શુભ અને અશુભ કર્મોની અપેક્ષા રાખીને ઈશ્વર જગત સર્જે છે.

શંકા—તો પછી કર્મો જ જગતનું સર્જન કરે, ઈશ્વરની શી જરૂર છે ?

નૈયાયિક—ચેતનથી પ્રેરિત અચેતનમાં (=કર્મોમાં) સર્જનનું સામર્થ્ય ઘટે છે એટલે તેમનો પ્રેરક એક ચેતન (=ઈશ્વર) કલ્પવામાં આવે છે.

શંકા—ના, કર્મોના આશ્રયરૂપ જીવાત્માઓ ચેતન હોઈ તેઓ જ કર્મોના પ્રેરક બનશે, બીજા અધિષ્ઠાતા ઈશ્વરને માનવાની શી જરૂર છે ? બીજાનાં કર્મોની અપેક્ષા રાખવાને કારણે મર્યાદિત થઈ ગયેલ આવા સ્વાતંત્ર્યરૂપ ઐશ્વર્યનું શું પ્રયોજન ? કેવળ મંત્રીના ઉપર જ આધાર રાખતું હોય એવું રાજાનું ઐશ્વર્ય શા કામનું ? જ્યાં રાજા બીજા ઉપર આધાર રાખ્યા વિના પોતાની મરજી પ્રમાણે પોતાને અભિમત કંઈ કરી શકતો ન હોય? એટલે જ બીજાઓએ કહ્યું છે કે 'જો ઈશ્વર પોતાની ઈચ્છા પ્રમાણે ન વર્તી શકતો હોય તો એવા ઈશ્વરના ઐશ્વર્યને શું કરવાનું ? કારણ કે જે પ્રભુઓ છે તેઓ તો પોતે જે કંઈ જે રીતે કરવું હોય છે તેને (યોગ્ય ઠરાવવા) હેતુઓ ખોળતા નથી. [તેઓ તો પોતાને જે ઈચ્છા થાય તે ઈચ્છા પ્રમાણે જ કરે છે. અર્થાત્ તેમની ઈચ્છા યોગ્ય જ હોય છે.]

157. अथ क्रीडार्था जगत्सर्गे भगवतः प्रवृत्तिः, ईदृशा च शुभाशुभरूपेण जगता सृष्टेन क्रीडति परमेश्वर इत्युच्यते तर्हि क्रीडासाध्यसुखरहितत्वेन सृष्टेः पूर्वमवाप्तसकलानन्दत्वं नाम तस्य रूपमवहीयते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न च क्रीडापि निःशेषजनताऽऽतङ्ककारिणी ।
आयासबहुला चेयं कर्तुं युक्ता महात्मनः ॥

तस्मान्न जगतां नाथ ईश्वरः स्रष्टा संहर्ताऽपि भवति ।

न ह्यस्य ध्रियमाणेषु पूर्यन्ते जन्तुकर्मसु ।
सकृत् समस्तत्रैलोक्यनिर्मूलनमनोरथाः ॥
कर्मोपरतपक्षे तु पुनः सृष्टिर्न युज्यते ।
न कर्मनिरपेक्षो हि सर्गवैचित्र्यसंभवः ॥

157. નૈયાયિક—ક્રીડાર્થે જ ઈશ્વર જગતનું નિર્માણ કરે છે; આવા શુભ-અશુભ રૂપવાળા (=કર્મવાળા) જગતને સર્જીને ઈશ્વર ક્રીડા કરે છે એમ અમે કહીએ છીએ.

શંકા—તો સૃષ્ટિ પહેલાં ક્રીડાજન્ય સુખથી વંચિત હોવાને કારણે ઈશ્વરના અવાપ્ત-સકલાનંદ રૂપની હાનિ થાય. સર્વ જીવોને દુઃખ દેનારી અને ઘણા શ્રમથી સાધ્ય ક્રીડા મહાત્માઓ કરે એ યોગ્ય નથી. તેથી, જગતનો નાથ ઈશ્વર જગતનો સર્જક નથી. તે જગતનો સંહારક પણ નથી કારણ કે જીવોનાં કર્મો જ્યાં સુધી ભોગવાઈ ન જાય ત્યાં સુધી એક સાથે ત્રણેય લોકનો સંહાર કરવાનો તેનો મનોરથ પૂર્ણ ન થાય. [એક સમય એવો આવે છે કે જ્યારે] બધાં કર્મો ભોગવાઈ જાય છે એ પક્ષ સ્વીકારતાં પુનઃ સૃષ્ટિ ઘટે નહિ કારણ કે કર્મ નિરપેક્ષ સર્ગની વિચિત્રતા અસંભવ છે.

158. अथ ब्राह्मेण मानेन संवत्सरशतनिष्ठामधितिष्ठति परमेष्ठिनि महेश्वरस्य संजिहीर्षा जायते, तया तिरोहितस्वफलारम्भशक्तीनि कर्माणि संभवन्तीति संपद्यते सकलभुवनप्रलयः । पुनश्च तावत्येव रात्रिप्राये काले व्यतीते सिसृक्षा भवति भगवतः, तयाऽभिव्यक्तशक्तीनि कर्माणि कार्यमारभन्ते इति तदप्ययुक्तम्--

उद्भवाभिभवौ तेषां स्यातां चेदीश्वरेच्छया ।
तर्हि सैवास्तु जगतां सर्गसंहारकारणम् ॥

किं कर्मभिः ?

158. નૈયાયિક—બ્રહ્માનાં [રાત-દિનની લંબાઈના] પ્રમાણ પ્રમાણે સો વરસ સુધી પરમેષ્ઠી શાસન પૂરું કરી રહે છે ત્યારે મહેશ્વરને સંહાર કરવાની ઇચ્છા જાગે છે. તેને લીધે કર્મોની પોતપોતાનાં ફળ આપવાની શક્તિ કુંઠિત થઈ જાય છે, પરિણામે સકલ લોકનો પ્રલય થાય છે. ફરી લગભગ તેટલો જ રાત્રિ જેવો કાળ પસાર થતાં ઇશ્વરને સર્જન કરવાની ઇચ્છા થાય છે. તેને લીધે કર્મોની [કુંઠિત થઈ ગયેલી] શક્તિ અભિવ્યક્ત થાય છે અને પોતપોતાનાં કાર્યોને આરંભે છે.

શંકા—આમ કહેવું પણ યોગ્ય નથી. જો ઈશ્વરની ઇચ્છાથી જ કર્મોની શક્તિનો ઉદ્ભવ-અભિભવ થતો હોય તો પછી તે ઈશ્વરેચ્છા જ જગતની સૃષ્ટિ અને પ્રલયનું કારણ હો, વચ્ચે કર્મની શી જરૂર છે? [-વચ્ચે કર્મોની શક્તિના ઉદ્ભવ-અભિભવને લાવવાની શી જરૂર છે?]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

159. एवमस्त्विति चेत्, न, ईश्वरेच्छावशित्वपक्षे हि त्रयो दुरतिक्रमाः दोषाः । तस्यैव तावन्महात्मनो निष्करुणत्वमकारणमेव दारुणसर्गकारिणः, तथा वैदिकीनां विधिनिषेधचोदनानामानर्थक्यम् ईश्वरेच्छात एव शुभाशुभफलोपभोगसंभवात्, अनिर्मोक्षप्रसङ्गश्च मुक्ता अपि प्रलयसमये इव जीवाः पुनरीश्वरेच्छया संसरेयुः । तस्मान्नेश्वराधीनो जगतां सर्गः संहारो वा ।

159. નૈયાયિક—ભલે, એમ હો.

શંકાકાર ના, [એમ તમે ન માની શકો] કારણ કે કેવળ ઈશ્વરેચ્છાવશ જગતના સર્ગ અને સંહાર માનતાં ત્રણ દુરતિક્રમ દોષો આવી પડે છે—(૧) અકારણ જ દારુણ સર્ગ સર્જનાર તે મહાત્મામાં નિષ્કારુણ્ય માનવાનો દોષ આવે. (૨) ઈશ્વરેચ્છાથી જ શુભ-અશુભ ફલોપભોગ સંભવતો હોઈ વૈદિકી વિધિ-નિષેધના આદેશો નિરર્થક બની જાય. (૩) પ્રલય સમયના જીવોની જેમ મુક્ત જીવો પણ ઈશ્વરેચ્છાથી ફરી સંસારમાં આવે અને પરિણામે મોક્ષની અસંભવતાની આપત્તિ આવે. તેથી જગતની સૃષ્ટિ કે સંહાર ઈશ્વરાધીન નથી.

160. इत्यनन्तरगीतेन नयेनेश्वरसाधने ।
नानुमानस्य सामर्थ्यमुपमाने तु का कथा ? ॥
आगमस्यापि नित्यस्य तत्परत्वमसांप्रतम् ।
तत्प्रणीते तु विस्रम्भः कथं भवतु मादृशाम् ? ॥
किञ्चागमस्य प्रामाण्यं तत्प्रणीतत्वहेतुकम् ।
तत्प्रामाण्याच्च तत्सिद्धिरित्यन्योन्याश्रयं भवेत् ॥
अन्यथाऽनुपपत्त्या तु न शक्यो लब्धुमीश्वरः ।
न हि तद् दृश्यते कार्यं तं विना यन्न सिद्ध्यति ॥

तस्मात् सर्वसद्विषयप्रमाणानवगम्यमानस्वरूपत्वादभाव एवेश्वरस्येति सिद्धम् ।

न च प्रसिद्धिमात्रेण युक्तमेतस्य कल्पनम् ।
निर्मूलत्वात्तथा चोक्तं प्रसिद्धिर्वटयक्षवत् ॥
अत एव निरीक्ष्य दुर्घटं
जगतो जन्मविनाशडम्बरम् ।
न कदाचिदनीदृशं जगत्
कथितं नीतिरहस्यवेदिभिः ॥

160. હમણા જ જણાવી ગયા એ રીતે જો ઈશ્વરને પુરવાર કરવા અનુમાનનું સામર્થ્ય નથી તો પછી ઉપમાનની તો વાત જ ક્યાં કરવી ? નિત્ય આગમ પણ ઈશ્વર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રણીત છે એમ કહેવું યોગ્ય નથી. તે ઈશ્વરપ્રણીત હોય તો પણ મારા જેવાઓને (=ઈશ્વરમાં ન માનનારાઓને) તેમાં વિશ્વાસ કેમ બેસશે? વળી, આગમ ઈશ્વરપ્રણીત હોવાને કારણે આગમનું પ્રામાણ્ય છે, અને આગમ પ્રમાણ હોવાને કારણે ઈશ્વર [આગમ દ્વારા] પુરવાર થાય છે–આમ અન્યોન્યાશ્રયદોષ આવે છે. અન્યથાનુપપત્તિ દ્વારા પણ ઈશ્વર પુરવાર થવો શક્ય નથી, કારણ કે એવું કોઈ કાર્ય દેખાતું નથી જે ઈશ્વર વિના ઘટતું ન હોય. નિષ્કર્ષ એ કે સદ્ વિષયને ગ્રહણ કરનાર કોઈ પણ પ્રમાણ વડે ઈશ્વરનું સ્વરૂપ ગ્રહણ થતું ન હોઈ ઈશ્વર નથી એ પુરવાર થયું. કેવળ પ્રસિદ્ધિ(=લોકવાયકા)ને આધારે ઈશ્વરની કલ્પના કરવી યોગ્ય નથી કારણ કે તે નિર્મૂલ છે, એટલે જ કહ્યું છે કે 'વડ ઉપર યક્ષ રહે છે' એવી લોકવાયકા જેવી આ લોકવાયકા છે. જગતની ઉત્પત્તિ અને નાશ દુર્ઘટ જાણીને નીતિરહસ્યના જાણકારોએ કહ્યું છે કે કદી પણ આવું જગત નહિ હોય એમ નહિ [અર્થાત્ જગત સદાકાળ આવું ને આવું જ છે એની ઉત્પત્તિ કે નાશ છે જ નહિ.]

161. अत्र वदामः । यत्तावदिदमगादि नगादिनिर्माणनिपुणपुरुषपरिच्छेददक्षं प्रत्यक्षं न भवतीति तदेवमेव; प्रत्यक्षपूर्वकमनुमानमपि तेनैव पथा प्रतिष्ठितमिति तदप्यास्ताम् । सामान्यतोदृष्टं तु लिङ्गमीश्वरसत्तायामिदं ब्रूमहे — पृथिव्यादि कार्यं धर्मि, तदुत्पत्तिप्रकारप्रयोजनाद्यभिज्ञकर्तृपूर्वकमिति साध्यो धर्मः, कार्यत्वाद् घटादिवत् ।

161. અહીં અમે નૈયાયિકો કહીએ છીએ–પર્વત વગેરેનું નિર્માણ કરવામાં નિપુણ પુરુષને જાણવા પ્રત્યક્ષ સમર્થ નથી એમ તમે કહો છો, ખરેખર એમ જ છે. પ્રત્યક્ષપૂર્વક અનુમાનની પણ આ જ દશા છે એમ તમે કહો છો, તે પણ ભલે હો. પરંતુ ઈશ્વરના અસ્તિત્વને પુરવાર કરનારું આ રહ્યું સામાન્યતોદૃષ્ટ લિંગ (=અનુમાન) - પૃથ્વી વગેરે કાર્યો ધર્મી છે; તેમની ઉત્પત્તિનો પ્રકાર, તેમની ઉત્પત્તિનું પ્રયોજન વગેરેને જાણનાર કર્તાપૂર્વક તે કાર્યો છે એ સાધ્યધર્મ છે; કારણ કે તેઓ ઘટ વગેરેની જેમ કાર્યો છે એ હેતુ છે.

162. ननु कार्यत्वमसिद्धमित्युक्तम् । क एवमाचष्टे चार्वाकः शाक्यो मीमांसको वा ? चार्वाकस्तावद् वेदरचनाया रचनान्तरविलक्षणाया अपि कार्यत्वमभ्युपगच्छति यः स कथं पृथ्व्यादिरचनायाः कार्यत्वमपह्नुवीत । मीमांसकोऽपि न कार्यत्वमपह्नोतुमर्हति यत एवमाह 'येषामप्यनवगतोत्पत्तीनां रूपमुपलभ्यते, तन्तुव्यतिषक्तजनितोऽयं पटस्तद्व्यतिषङ्गविमोचनात् तन्तुविनाशाद्वा नङ्क्ष्यतीति कल्प्यते' इति । एवमवयवसंयोगनिर्वर्त्यमानवपुषः क्षितिधरादेरपि नाशसम्प्रत्ययः सम्भवत्येव । दृश्यते च क्वचिद् विनाशप्रतीतिः, प्रावृषेण्यजलधरधारासारनिर्लुठित एव पर्वतैकदेशे 'पर्वतस्य खण्डः पतितः' इति । वस्तुगतयोश्च कार्यत्वविनाशित्वयोः समव्याप्तिकता वार्तिककृताऽप्युक्तैव—

तेन यत्राप्युभौ धर्मौ व्याप्यव्यापकसम्मतौ ।

तत्रापि व्याप्यतैव स्याद्‌ङ्गं न व्यापितामतिः ।। [श्लो० वा० १.१.५]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति वदता । तस्माद्विनाशित्वेनापि कार्यत्वानुमानात् तन्मतेऽपि न कार्यत्वमसिद्धम् ।

162. શંકાકાર—પૃથ્વી વગેરેનું કાર્યત્વ અસિદ્ધ છે એમ કહેવામાં આવ્યું છે.

નૈયાયિક—કોણ એમ કહે છે?—ચાર્વાક, બૌદ્ધ કે મીમાંસક? જે ચાર્વાક બીજી રચનાઓથી વિલક્ષણ વેદની રચનાનું ય કાર્યત્વ સ્વીકારે છે તે પૃથ્વી વગેરેની રચનાનું કાર્યત્વ કેમ કરીને નકારે? મીમાંસકે પણ પૃથ્વી વગેરેના કાર્યત્વનો નિષેધ કરવો યોગ્ય નથી કારણ કે તે પોતે જ તો આમ કહે છે કે 'જે અજ્ઞાત ઉત્પત્તિવાળી ચીજો છે તેમાંય [એવું] રૂપ જણાય છે [જેના ઉપરથી તેમના વિનાશનું અનુમાન થઈ શકે. ઉદાહરણાર્થ, જેને ઉત્પન્ન થતો આપણે દેખ્યો નથી તે પટ.] તંતુઓના જોડાવાથી આ પટ ઉત્પન્ન થયો છે [એમ જણાય છે], એટલે તંતુઓ છૂટા પડવાથી કે તંતુઓ નાશ પામવાથી તે નાશ પામશે એમ આપણે કલ્પીએ છીએ. એ જ રીતે અવયવોના સંયોગોથી બનેલી રચનાવાળા પર્વત વગેરેના નાશનું જ્ઞાન પણ સંભવે છે. કયારેક વિનાશની પ્રતીતિ થતી દેખાય પણ છે, જેમકે વર્ષાઋતુના વાદળામાંથી વરસતી ધારાઓથી તૂટી પડેલા પર્વતના એક ભાગની બાબતમાં આપણે કહીએ છીએ કે 'પર્વતનો ટુકડો [તૂટી] પડયો.' વળી, 'તેથી જ્યાં બંને ધર્મો (= સાધ્ય ધર્મ અને સાધક ધર્મ) વ્યાપ્ય તેમ જ વ્યાપક તરીકે સ્વીકૃત હોય ત્યાં પણ જ્ઞાનનું અંગ (=કારણ) વ્યાપ્યતા જ બને, નહિ કે વ્યાપિતા અર્થાત્ વ્યાપ્યત્વરૂપે જ ધર્મ ગમક બને, વ્યાપકત્વરૂપે નહિ' એમ કહીને શ્લોકવાર્તિકકારે પણ વસ્તુના (=ભાવના, અભાવના નહિ) ધર્મો કાર્યત્વ અને વિનાશિત્વની સમવ્યાપ્તિકતા જણાવી છે જ. તેથી, વિનાશિત્વ ઉપરથી કાર્યત્વનું અનુમાન થતું હોઈ, તેમના મતે પણ પૃથ્વી વગેરેનું કાર્યત્વ અસિદ્ધ નથી.

163. शाक्योऽपि कार्यत्वस्य कथमसिद्धतामभिदधीत येन नित्यो नाम पदार्थः प्रणयकेलिष्वपि न विषह्यते । तस्मात् सर्ववादिभिरप्रणोद्यं पृथिव्यादेः कार्यत्वम् । अथवा सन्निवेशविशिष्टत्वमेव हेतुमभिदध्महे यस्मिन् प्रत्यक्षत उपलभ्यमाने सर्वापलापलम्पटा अपि न केचन विप्रतिपत्तुमुत्सहन्ते । तस्मान्नासिद्धो हेतुः ।

163. જે બૌદ્ધ પ્રણયકેલિમાં પણ નિત્ય પદાર્થને સહન કરી શકતો નથી તે પૃથ્વી આદિના કાર્યત્વને કેમ અસિદ્ધ કહી શકે. નિષ્કર્ષ એ કે બધા જ દાર્શનિકો પૃથ્વી વગેરેનું કાર્યત્વ નિઃશંકપણે સ્વીકારે છે.

અથવા સન્નિવેશની (=રચનાની) વિશેષતાને જ અમે હેતુ તરીકે આપીએ છીએ. તે હેતુ પ્રત્યક્ષ દ્વારા જ્ઞાત થતો હોઈ, અપલાપ કરવામાં રાચનારાઓમાંનો કોઈ પણ તે હેતુ વિશે આપત્તિ આપવા માટે ઉત્સાહ બતાવતો નથી. તેથી, તે હેતુ અસિદ્ધ નથી.

164. ननु कर्त्रविनाभावितया यथाविधस्य सन्निवेशस्य शरावादिषु दर्शनं तादृशमेव सन्निवेशमुपलभ्य क्वचिदनुपलभ्यमानकर्तृके कलशादौ कर्त्रनुमानमिति युक्तम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अयं त्वन्य एव कलशादिसन्निवेशात् पर्वतादिसन्निवेशः । नात्र सन्निवेशसामान्यं किञ्चिदुपलभन्ते लौकिकाः । सन्निवेशशब्दमेव साधारणं प्रयुञ्जते । न च वस्तुनोरत्यन्तभेदे सति शब्दसाधारणतामात्रेण तदनुमानमुपपद्यते । न हि पाण्डुतामात्रसाधारणत्वेन धूमादिव कक्कोलरजोराशेरपि कृशानुरनुमातुं शक्यते इति । तदुक्तम्—

सिद्धं यादृगधिष्ठातृभावाभावानुवृत्तिमत् ।
सन्निवेशादि तत्तस्माद् युक्तं यदनुमीयते ॥
वस्तुभेदप्रसिद्धस्य शब्दसाम्यादभेदिनः ।
न युक्ताऽनुमितिः पाण्डुद्रव्यादिव हुताशने ॥ इति । [प्र०वा २. ११-१२]

164. શંકાકાર (બૌદ્ધ)—શકોરા વગેરેમાં જે પ્રકારનો સન્નિવેશ કર્તા સાથે અવિનાભાવ સંબંધ ધરાવતો દેખાય છે તેવો સન્નિવેશ જોઈને કોઈક વાર જેનો કર્તા દેખાતો નથી તે કલશ વગેરેની બાબતમાં તેમના કર્તાનું અનુમાન કરવું યોગ્ય છે. પરંતુ આ પર્વત વગેરેનો સન્નિવેશ તો કલશ આદિના સન્નિવેશથી ભિન્ન પ્રકારનો છે. અહીં [પર્વત આદિ અને કલશ આદિમાં] સન્નિવેશ સામાન્ય કંઈ દેખાતું નથી, કેવળ 'સન્નિવેશ'–શબ્દ જ સમાનપણે બંનેમાં વાપરવામાં આવે છે એટલું જ. જ્યારે બે વસ્તુઓ (અહીં શરાવાદિગત સન્નિવેશ અને પર્વતાદિગત સન્નિવેશ) અત્યન્ત ભિન્ન હોય ત્યારે તેમને અનુલક્ષી વપરાતો ['સન્નિવેશ'–]શબ્દ એક છે [અર્થાત્ તે શબ્દ બંનેમાં સમાન છે] એટલા જ કારણે [શરાવગત સન્નિવેશની જેમ પર્વતગત સન્નિવેશ ઉપરથી] પર્વતાદિના કર્તાનું અનુમાન ઘટી શકે નહિ. પાંડુતા ધૂમની જેમ કક્કોલરાશિમાં પણ છે પરંતુ તેથી કંઈ ધૂમની જેમ કક્કોલરાશિ ઉપરથી અગ્નિનું અનુમાન શક્ય બનતું નથી. એટલે (ધર્મકીર્તિએ) કહ્યું છે કે 'જેવો સન્નિવેશ કર્તા સાથે અન્વયવ્યતિરેક સંબંધ ધરાવતો સિદ્ધ હોય તેવા સઘળા સન્નિવેશો ઉપરથી બધે સ્થળે કર્તાનું અનુમાન કરવું યોગ્ય છે. જેમ (ધૂમ અને કક્કોલરાશિ બે પાંડુદ્રવ્યો ભિન્ન હોવાથી પાંડુદ્રવ્યરૂપ સામ્ય ઉપરથી અગ્નિનું અનુમાન કરવું યોગ્ય નથી તેમ (શરાવગત સન્નિવેશ અને પર્વતાદિગત સન્નિવેશ) બે ભિન્ન વસ્તુઓ હોય ત્યારે અભેદકારી ('સન્નિવેશ'–શબ્દસામ્ય ઉપરથી (પર્વતગત સન્નિવેશની બાબતમાં) પ્રસિદ્ધ (કર્તાનું) અનુમાન કરવું યોગ્ય નથી.

165. उच्यते । यादृगिति न बुद्ध्यामहे । धूमो हि महानसे कुम्भदासीफूत्कारमारुतसन्धुक्ष्यमाणमन्दज्वलनजन्मा कृशप्रायप्रकृतिरुपलब्धः । स यदि पर्वते प्रबलसमीरणोल्लसितहुतवहप्लुष्यमाणमहामहीरुहस्कन्धेन्धनप्रभवो बहुलबहुलः खमण्डलमखिलमाक्रामन्नुपलभ्यते तत्किमिदानीमनलप्रमितिं मा कार्षीत् ।

165. નૈયાયિક—'જેવો (સન્નિવેશ' ઇત્યાદિ) એ જે તમે કહ્યું તે અમે સમજ્યા નહિ. રસોડામાં નીચ નોકરડીની ફુંકથી સળગાવાયેલ મંદ અગ્નિમાંથી પેદા થયેલો ધુમાડો લગભગ કૃશકાય દેખાય છે. તે ધુમાડો જો પર્વત ઉપર પ્રબળ પવનથી પ્રગટી ઊઠેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્નિમાં સળગતાં મોટાં મોટાં વૃક્ષનાં થડિયાંના ઇન્ધનમાંથી પેદા થાય તો પુષ્કળ જથ્થામાં આકાશમાં ફેલાતો દેખાય છે. તેથી શું તે ધુમાડો હવે (પર્વત ઉપર) અગ્નિની અનુમિતિ નહિ જન્માવે ?

166. अथ विशेषरहितं धूममात्रमग्निमात्रेण व्याप्तमवगतमिति ततस्तदनुमानम् इहापि सन्निवेशमात्रं कर्तृमात्रेण व्याप्तमिति ततोऽपि तदनुमीयताम् । ननु सन्निवेशशब्दसाधारण्यमात्रमत्र, न वस्तुसामान्यं किञ्चिदस्ति । भिक्षो ! धूमोऽपि भवद्दर्शने किं वस्तुसामान्यमस्ति । मा भूद्वस्तुसामान्यम्, आकाशकालादिव्यावृत्तिरूपं तु संव्यवहारकारणमस्त्येव । हन्त! तर्हि प्रकृतेऽपि असन्निवेशव्यावृत्तिरूपं भवतु सामान्यमाकाशकालादिविलक्षणरूपत्वात् पृथिव्यादेः ।

166. બૌદ્ધ—વિશેષરહિત ધૂમમાત્ર (=ધૂમસામાન્ય) અગ્નિમાત્ર (=અગ્નિસામાન્ય) સાથે વ્યાપ્તિસંબંધ ધરાવતો જણાય છે, એટલે ધૂમમાત્ર (=ધૂમસામાન્ય) ઉપરથી અગ્નિમાત્રનું (=અગ્નિસામાન્યનું) અનુમાન થાય છે.

નૈયાયિક—અહીં પણ સન્નિવેશસામાન્ય કર્તૃસામાન્ય સાથે વ્યાપ્તિસંબંધ ધરાવે છે, એટલે સન્નિવેશસામાન્ય ઉપરથી કર્તૃસામાન્યનું અનુમાન થાય છે.

બૌદ્ધ—અહીં (શરાવાદિસન્નિવેશ અને પર્વતાદિસન્નિવેશમાં) 'સન્નિવેશ' શબ્દ જ સમાન છે, કોઈ વસ્તુસામાન્ય નથી.

નૈયાયિક—હે બૌદ્ધ તારા દર્શનમાં ધુમાડો (=ધૂમત્વ) પણ શું વસ્તુસામાન્ય છે ?

બૌદ્ધ—ભલે તે વસ્તુસામાન્ય ન હોય પરંતુ આકાશ, કાલ, વગેરેની વ્યાવૃત્તિરૂપ વ્યવહારનું કારણ તો તે છે જ.

નૈયાયિક—અરે ! તો તો પ્રસ્તુત બાબતમાં પણ અસન્નિવેશવ્યાવૃત્તિરૂપ સામાન્ય હો, કારણ કે પૃથ્વી વગેરે આકાશ, કાલ, વગેરેથી વિલક્ષણ રૂપ ધરાવે છે.

167. ननु तत्र धूमो धूम इत्यनुवृत्तविकल्पबलेन कल्पितमपोहस्वभावं सामान्यमभ्युपगतम् । इहापि सन्निवेशविकल्पानुवृत्तेः त्वत्कल्पितमपोहरूपमेव सामान्यमिष्यताम् । अपि च सकर्तृकत्वाभिमतेष्वपि संस्थानेषु न सर्वात्मना तुल्यत्वं प्रतीयते । न हि घटसंस्थानं चतुःशालसंस्थानं च सुसदृशमिति । संस्थानसामान्यं तु पर्वतादावपि विद्यते एवेति सर्वथा यादृगित्यवाचको ग्रन्थः ।

167. બૌદ્ધ– ત્યાં (ધૂમત્વની બાબતમાં તો) ધૂમ' 'ધૂમ' એવાં સમાન નિશ્ચયજ્ઞાનોના બળે કલ્પિત અપોહરૂપ સામાન્ય સ્વીકારવામાં આવ્યું છે.

નૈયાયિક—તેમ અહીં પણ 'સન્નિવેશ' 'સન્નિવેશ' એવાં સમાન નિશ્ચયજ્ઞાનોના બળે અપોહરૂપ જ સામાન્ય માનો. વળી, સકર્તૃક તરીકે સ્વીકૃત સન્નિવેશો પણ એકબીજા સાથે સર્વથા તુલ્ય હોતા નથી. ઘટસન્નિવેશ અને ચતુઃશાલસન્નિવેશ એકબીજા સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત સામ્ય ધરાવતા નથી, અને સન્નિવેશસામાન્ય તો પર્વત વગેરેમાં પણ છે જ. એટલે 'જેવો [સન્નિવેશ]' વગેરે કહેનાર બૌદ્ધ ગ્રન્થ સર્વથા અર્થહીન છે.

168. यदपि व्यभिचारोद्भावनमकृष्टजातैः स्थावरादिभिरकारि तदपि न चारु, तेषां पक्षीकृतत्वात् । पक्षेण च व्यभिचारचोदनायां सर्वानुमानोच्छेदप्रसङ्गः ।

168. ખેડયા વિના ઊગી નીકળેલ ઘાસ, વગેરેના વિરોધી દૃષ્ટાન્તો દ્વારા વ્યભિચાર દોષ જણાવવામાં આવ્યો એ પણ યોગ્ય નથી, કારણ કે આ દૃષ્ટાંતો પણ પક્ષાન્તર્ગત છે. જો પક્ષને જ વિરોધી દૃષ્ટાંત તરીકે જણાવી વ્યભિચારદોષ દર્શાવવામાં આવે તો બધાં જ અનુમાનોનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે [અર્થાત્ કોઇ અનુમાન જ સંભવે નહિ.]

169. ननु च पृथिव्यादेरुत्पत्तिकालस्य परोक्षत्वात् कर्ता न दृश्यते इति तदनुपलब्ध्या तदसत्त्वनिश्चयानुपपत्तेः कामं संशयोऽस्तु । वनस्पतिप्रभृतीनां तु प्रसवकालमध्यत्वेन वयमेव पश्यामः । न च यत्नतोऽप्यन्वेषमाणाः कर्तारमेषामुपलभामहे । तस्मादसौ दृश्यानुपलब्धेर्नास्त्येवेत्यवगच्छामः । अपि च येन येन वयं व्यभिचारमुद्भावयिष्यामः तं तं चेत्पक्षीकरिष्यति भवान् सुतरामनुमानोच्छेदः, सव्यभिचाराणामप्येवमनुमानत्वानपायात् ।

169. બૌદ્ધ—પૃથ્વી વગેરેની ઉત્પત્તિનો કાળ પરોક્ષ હોઈ પૃથ્વી વગેરેનો કર્તા દેખાતો નથી. એટલે તેના ન દેખાવા ઉપરથી પૃથ્વી વગેરેનો કર્તા નથી એવો નિશ્ચય કરવો ઘટતો નથી. તેથી, પૃથ્વી વગેરેના કર્તાના હોવા બાબત સંશય જ ભલો. વનસ્પતિ વગેરેની ઉત્પત્તિના કાળને તો વર્તમાનરૂપે—આજરૂપે—આપણે પોતે જ દેખીએ છીએ, અને તેમ છતાં પ્રયત્ન કરી શોધવા છતાં તેમના કર્તાને આપણે દેખતા નથી. તેથી, તેના દર્શન માટેની બધી સામગ્રી મોજુદ હોવા છતાં તે દેખાતો ન હોવાથી તે નથી એમ આપણને નિશ્ચય થાય છે. વળી, જે જે વિરોધી ઉદાહરણ આપી અમે વ્યભિચારદોષ બતાવીએ તે તે ઉદાહરણને તમે પક્ષાન્તર્ગત બનાવી દેશો તો સર્વ અનુમાનનો ઉચ્છેદ તમે જ સહેલાઈથી કરી નાખશો, કારણ કે આ રીતે તો સવ્યભિચાર અનુમાનોમાંથી પણ પ્રમાણતા દૂર નહિ થાય.

170. उच्यते । स्थावराणामुत्पत्तिकालप्रत्यक्षत्वेऽपि कर्तुरदृश्यत्वमेवाशरीरत्वनिश्चयात् । अशरीरस्य तर्हि तदुत्पत्तावव्याप्रियमाणत्वात् कर्तृत्वमपि कथमिति चेद् एतदग्रतो निर्णेष्यते । अदृश्यस्य च कर्तुरनुपलब्धितो नास्तित्वनिश्चयानुपपत्तेः नाकृष्टजातवनस्पतीनामकर्तृकत्वमिति न विपक्षता । यत्तूक्तं परिदृश्यमानक्षितिसलिलादिकारणकार्यत्वात् स्थावराणां किमदृश्यमानकर्तृकल्पनयेति चेत् तदपेशलम्, परलोकवादिभिरदृश्यमानानां कर्मणामपि कारणत्वाभ्युपगमात् । बार्हस्पत्यानां तु तत्समर्थनमेव समाधिः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

170. નૈયાયિક–આનો ઉત્તર અમે આપીએ છીએ. વૃક્ષોનો ઉત્પત્તિકાલ પ્રત્યક્ષ હોવા છતાં તેમનો કર્તા તો અદૃશ્ય જ રહે છે કારણ કે તેને શરીર નથી એવો નિશ્ચય કરવામાં આવ્યો છે. શરીર વિનાનો તે તેમને ઉત્પન્ન કરવામાં વ્યાપાર કરી શકે જ નહિ, તો પછી તે તેમનો કર્તા કેમ ગણાય ?–એવો પ્રશ્ન પૂછો તો એનો ઉત્તર અમે આગળ ઉપર આપીશું. અદૃશ્ય કર્તાના નાસ્તિત્વનો નિશ્ચય તેના અદર્શન ઉપરથી કરવો ઘટતો ન હોઈ, અકૃષ્ટજાત વનસ્પતિનો કોઈ કર્તા નથી એમ ન કહેવાય અને તેથી અકૃષ્ટજાત વનસ્પતિ વિરોધી દૃષ્ટાંત બનતું નથી. દૃશ્યમાન ક્ષિતિ, જલ, વગેરે કારણોનું કાર્ય હોઈ ઘાસના અદૃશ્યમાન કર્તાની કલ્પના કરવાનું પ્રયોજન શું એમ જે કહેવામાં આવ્યું છે તે પણ યોગ્ય નથી, કારણ કે પરલોકવાદીઓ અદૃશ્યમાન કર્મોને પણ કારણ તરીકે સ્વીકારે છે. બૃહસ્પતિના અનુયાયી ચાર્વાકોને તો પરલોકનું સમર્થન કરવું એ જ માનસી વ્યથા છે.

171. अथ जगद्वैचित्र्यं कर्मव्यतिरेकेण न घटते इति कर्मणामदृश्यमानानामपि कारणत्वं कल्प्यते तत्र, यद्येवमचेतनेभ्यः कारकेभ्यश्चेतनानधिष्ठितेभ्यः कार्योत्पादानुपपत्तेः कर्ताऽपि चेतनस्तेषामधिष्ठाता कल्प्यताम्। तस्मात् स्थावराणामकर्तृकत्वाभावान्न विपक्षता इति न तैर्व्यभिचारः ।

171. જો કર્મ વિના જગતનું વૈચિત્ર્ય ઘટતું નથી માટે કર્મો અદૃશ્ય હોવા છતાં તેમને [વૈચિત્ર્યના] કારણ તરીકે સ્વીકારતા હો તો અચેતન કારકો ચેતનથી પ્રેરાયા વિના કાર્યની ઉત્પત્તિ કરે એ ઘટતું નથી માટે તેમના પ્રેરક તરીકે ચેતન કર્તાની કલ્પના પણ તમે કરો. નિષ્કર્ષ એ કે ઘાસ વગેરેના કર્તાનો અભાવ ન હોઈ ઘાસ વગેરે વિરોધી દૃષ્ટાંત બનતા નથી અને તેથી તેઓને લીધે વ્યભિચારદોષ આવતો નથી.

172. यदप्युक्तम् येन येन व्यभिचार उद्भाव्यते स चेत्पक्षेऽन्तर्भावयिष्यते, क इदानीमनुमानस्य नियम इत्येतदपि न साधु । यदि हि भवान्निश्चिते विपक्षे वृत्तिमुपदर्शयेत्कस्तं पक्षेऽन्तर्भावयेत् । न हि विप्रत्वे पुंस्त्वस्य, नित्यतायां वा प्रमेयत्वस्य व्यभिचारे चोद्यमाने वेधसाऽपि विपक्षः पक्षीकर्तुं शक्यः, वादीच्छया वस्तुव्यवस्थाया अभावात् । इह तु स्थावरादौ कर्त्रभावनिश्चयो नास्तीत्युक्तम् ।

172. જે વિરોધી દૃષ્ટાન્તથી વ્યભિચારદોષ આવે તેનો જો પક્ષમાં અન્તર્ભાવ કરવામાં આવે તો પછી અનુમાનનો નિયમ જ ક્યાં રહ્યો ? [–અર્થાત્ આ અનુમાન છે અને આ અનુમાનાભાસ છે એવો નિયમ જ ક્યાં રહ્યો ?–] એમ જે કહેવામાં આવ્યું તે પણ યોગ્ય નથી. જો આપ નિશ્ચિત વિપક્ષમાં એનું અસ્તિત્વ દર્શાવો તો પછી કોણ તેનો પક્ષમાં અંતર્ભાવ કરે ? બ્રાહ્મણત્વ પુરવાર કરવા આપવામાં આવેલ વિપ્રત્વ હેતુનો અને નિત્યતા પુરવાર કરવા આપવામાં આવેલ પ્રમેયત્વ હેતુનો વ્યભિચારદોષ દર્શાવવામાં આવે ત્યારે બ્રહ્મા પણ વિપક્ષને પક્ષ બનાવવા સમર્થ નથી, કારણ કે વાદીની ઇચ્છા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે વસ્તુવ્યવસ્થા નથી. અહીં તો ઘાસ વગેરેમાં કર્તાના અભાવનો નિશ્ચય જ નથી એ અમે કહી ગયા છીએ.

173 ननु स्थावरेषु पक्षीकृतेष्वपि व्यभिचारो न निवर्तते एव । न हि सपक्ष-विपक्षव्यतिरेकण तात्त्विकः पक्षो नाम कश्चिदस्ति, वस्तुनो द्वैरूप्यानुपपत्तेः । वस्तुस्थित्या सकर्तृकाश्चेद्वनस्पतिप्रभृतयः सपक्षा एव ते, नो चेत्तर्हि विपक्षा एव, न राश्यन्तरं समस्तीति ।

173. બૌદ્ધ–ઘાસ વગેરે વનસ્પતિને પક્ષમાં સમાવિષ્ટ કરવામાં આવે તો પણ વ્યભિચારદોષ દૂર થતો નથી. એનું કારણ આપીએ છીએ. સપક્ષ અને વિપક્ષથી અતિરિક્ત કોઈ તાત્ત્વિક પક્ષ છે જ નહિ, કારણ કે એક વસ્તુનાં બે રૂપો (=સ્વભાવો) ઘટતાં નથી. હકીકતમાં જો ઘાસ વગેરે સકર્તૃક હોય તો તે સપક્ષો જ છે; અન્યથા વિપક્ષો જ છે. સપક્ષ અને વિપક્ષથી અન્ય ત્રીજી રાશિ ઘટતી નથી.

174 उच्यते पक्षाभावे सपक्षविपक्षवाचोयुक्तिरेव तावत्किमपेक्षा ? पक्षानुकूलो हि सपक्ष उच्यते तत्प्रतिकूलश्च विपक्ष इति । यद्येवं तर्हि कोऽयं पक्षो नामेति—

174. નૈયાયિક – પક્ષના અભાવમાં કોની અપેક્ષાએ 'સપક્ષ'–'વિપક્ષ' એવા શબ્દોનો પ્રયોગ થાય છે? પક્ષને અનુકૂળ હોય તેને સપક્ષ કહેવામાં આવે છે. પક્ષને પ્રતિકૂળ હોય તેને વિપક્ષ કહેવામાં આવે છે.

બૌદ્ધ–જો એમ હોય તો જણાવો કે આ પક્ષ એ શું છે?

175. साध्यधर्मान्वितत्वेन द्वाभ्यामप्यवधारितः ।
सपक्षस्तदभावेन निश्चितस्य विपक्षता ॥
विमतो यत्र तु तयोस्तं पक्षं सम्प्रचक्ष्महे ।
वस्तुनो द्व्यात्मकत्वं तु नानुमन्यामहे वयम् ॥
वादिबुद्ध्यनुसारेण स्थितिः पक्षस्य यद्यपि ।
तथाऽपि व्यवहारोऽस्ति वस्तुतस्तन्निबन्धनः ॥

संदिग्धे हि न्यायः प्रवर्तते, नानुपलब्धे न निर्णीते इत्युक्तमेतत् । संदिह्यमान एव चार्थः पक्ष उच्यते । किञ्चित्कालं तस्य पक्षत्वं यावन्निर्णयो नोत्पन्नः । तदुत्पादे तु नूनं सपक्षविपक्षयोरन्यतरत्रानुप्रवेक्ष्यत्यसौ । अतश्च पक्षावस्थायां तेन व्यभिचारोद्भावनमसमीचीनम् ।

175. નૈયાયિક–વાદી અને પ્રતિવાદી બંને જેને સાધ્ય ધર્મથી અન્વિત નિશ્ચિતપણે સમજતા હોય તે સપક્ષ. વાદી અને પ્રતિવાદી બંને જેને સાધ્ય ધર્મના અભાવથી યુક્ત નિશ્ચિતપણે જાણતા હોય તે વિપક્ષ. જેની બાબતમાં વાદી અને પ્રતિવાદીનો મતભેદ હોય તેને અમે પક્ષ કહીએ છીએ. વસ્તુ બે રૂપો–સ્વભાવો ધરાવે છે એમ અમે માનતા નથી. જો કે વાદીની બુદ્ધિ અનુસાર પક્ષની સ્થિતિ – સ્થાપના – હોય છે છતાં વ્યવહાર (=પક્ષનો વ્યવહાર) તો વસ્તુતઃ વાદી–પ્રતિવાદીના મતભેદને આધારે હોય છે. સંદિગ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મમાં જ અનુમાન પ્રવૃત્ત થાય છે, અનુપલબ્ધ (=તદ્દન અજ્ઞાત) કે નિર્ણીત ધર્મમાં તે પ્રવૃત્ત થતું નથી એ તો અમે કહી ગયા છીએ. જે વસ્તુમાં [સાધ્ય] ધર્મના હોવા-ન-હોવાનો સંદેહ જાગ્યો હોય તે વસ્તુને પક્ષ કહેવામાં આવે છે. કેટલોક વખત સુધી અર્થાત્ જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી તેનું પક્ષત્વ છે. નિર્ણય થતાં જ સપક્ષ અને વિપક્ષ બેમાંથી એકમાં તે પ્રવેશી જાય છે. તેથી તે જ્યાં સુધી પક્ષાવસ્થામાં હોય ત્યાં સુધી તેની અંદર વ્યભિચારદોષ બતાવવો યોગ્ય નથી.

176. ननु निश्चितविपक्षवृत्तिरिव संदिग्धविपक्षवृत्तिरपि न हेतुरेव । तदेवं वीरुधादिषु संदिग्धेऽपि कर्तरि सन्निवेशस्य दर्शनाद् अहेतुत्वम् । नैतत्सारम्, सदसत्पावकतया पर्वते संदिग्धे विपक्षे वर्तमानस्य धूमस्याहेतुत्वप्रसङ्गात् । सर्वे एव च साध्यांशसंशयाद्विपक्षा एव जाता इति पक्षवृत्तयो हेतव इदानीं विपक्षगामिनो भवेयुरित्यनुमानोच्छेदः । अथ पक्षीकृतेऽपि धर्मिणि सदसत्साध्यधर्मतया सन्दिग्धे वर्तमानो धूमादिरन्यत्र व्याप्तिनिश्चयाद् गमक इष्यते, तर्हि सदसत्कर्तृकतया संदिग्धेऽपि वसुंधरावनस्पत्यादौ वर्तमानं कार्यत्वमन्यत्र व्याप्तिनिश्चयाद् गमकमिष्यताम्, विशेषो वा वक्तव्यः ।

176. બૌદ્ધ–નિશ્ચિત વિપક્ષમાં જે રહેતો હોય તે જેમ હેતુ નથી તેમ સંદિગ્ધ વિપક્ષમાં જે રહેતો હોય તે પણ હેતુ નથી જ. તે આ પ્રમાણે – કર્તાનું હોવું જ્યાં સંદિગ્ધ છે તે વેલડી વગેરેમાં સન્નિવેશ તો દેખાય છે, એટલે સન્નિવેશ હેતુ નથી.

નૈયાયિક-આ વાત સારહીન છે કારણ કે એમ માનીએ તો પાવકનું હોવું-ન હોવું પર્વત ઉપર સંદિગ્ધ હોઈ તે સંદિગ્ધ વિપક્ષમાં (=પર્વતમાં) રહેલ ધૂમ અહેતુ બની જવાની આપત્તિ આવે. વળી, સાધ્ય ધર્મ વિશેનો સંશય જાગવાથી તે બધાંય [પક્ષો] વિપક્ષ જ બની ગયા હોઈ પક્ષમાં રહેનાર હેતુઓ હવે વિપક્ષમાં રહેતા બની જશે, પરિણામે અનુમાનનો જ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. [અહીં] સાધ્ય ધર્મ રહે છે કે નહિ એવો જેની બાબતમાં સંશય છે એવા પક્ષ તરીકે સ્વીકારેલ ધર્મીમાં રહેતો ધૂમ વગેરે હેતુ, બીજે સ્થાને અગ્નિ વગેરે સાથે તેમનો વ્યાપ્તિનિશ્ચય થયો હોઈ, અગ્નિ વગેરેનો ગમક બને છે એમ તમે બૌદ્ધો ઈચ્છતા હો તો જેમનામાં કર્તૃકતા ધર્મ સંદિગ્ધ છે એ વસુંધરા, વનસ્પતિ, વગેરેમાં રહેનાર કાર્યત્વ હેતુ, બીજે સ્થાને તેનો કર્તૃત્વ સાથે વ્યાપ્તિનિશ્ચય થયો હોઈ, કર્તૃકત્વનો ગમક બને છે એમ તમે સ્વીકારો; અથવા એ બેમાં શો ભેદ છે એ તમારે જણાવવું જોઈએ.

177. अन्ये मन्यन्ते - किमकृष्टजातस्थावरादिव्यभिचारस्थानान्वेषणेन, पृथिव्यादिभिरेवात्र व्यभिचारः, अस्य व्याप्तिग्रहणस्य प्रतीघातात् । व्याप्तिर्हि गृह्यमाणा सकलसपक्षविपक्षक्रोडीकारेण गृह्यते । इत्थं च तस्यां गृह्यमाणायामेव यद्यत् सन्निवेशविशिष्टं तत् तद्बुद्धिमत्कर्तृकमित्यस्मिन्नेवावसरे सन्निवेशवन्तोऽपि कर्तृशून्यतया शैलादयश्चेतसि स्फुरन्ति, यथा कृतकत्वेन वह्नेरनुष्णताऽनुमाने यद्यत्कृतकं तत्तदनुष्णमिति व्याप्ति-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिच्छेदवेलायामेव वह्निरुष्णोऽपि कृतक इति हृदयपथमवतरति, तद्वर्जं तु व्याप्तौ गृह्यमाणायां ततो हेतोः षण्ढादिव पुत्रजननमघटमानमेव साध्यानुमानमिति ।

177. બીજા કેટલાક (અર્થાત્ મીમાંસકો) માને છે કે અકૃષ્ટજાત સ્થાવર વગેરે વ્યભિચાર સ્થાનોને શોધવાની શી જરૂર છે? પૃથ્વી વગેરે સાથે જ અહીં વ્યભિચાર થાય છે, કારણ કે તેની (=સન્નિવેશવિશિષ્ટત્વહેતુની) [કૃતકત્વ સાથેની] વ્યાપ્તિનું ગ્રહણ જ ફટકો પામે છે. જ્યારે વ્યાપ્તિ ગ્રહાય છે ત્યારે બધા સપક્ષો અને વિપક્ષોને વિચારણામાં લઈને પછી ગ્રહાય છે. ત્યારે જ 'જે જે સન્નિવેશવિશિષ્ટ છે તે તે બુદ્ધિમત્કર્તૃક છે' એ પ્રમાણે ગ્રહાય છે અને તેથી તેના ગ્રહણ વખતે જ સન્નિવેશવાળા છતાં કર્તૃશૂન્ય એવાં શૈલ વગેરે મનમાં આવે છે. ઉદાહરણાર્થે, કૃતકત્વહેતુથી વહ્નિની અનુષ્ણતાનું અનુમાન કરતી વખતે 'જે જે કૃતક છે તે તે અનુષ્ણ છે' એવી વ્યાપ્તિનું ગ્રહણ જ્યારે કરીએ છીએ ત્યારે જ વહ્નિ ઉષ્ણ હોવા છતાં કૃતક છે એ હકીકત મનમાં આવે છે. [વ્યાપ્તિનો ઘાત કરનાર આ જે હકીકત મનમાં સ્ફુરે છે] તેને અવગણીને વ્યાપ્તિનું ગ્રહણ કરવામાં આવે તો જેટલું નપુંસક દ્વારા પુત્રોત્પાદન અઘટમાન છે તેટલું તે હેતુ (=સન્નિવેશવિશિષ્ટત્વહેતુ) દ્વારા સાધ્યનું (=કર્તૃકત્વનું) અનમાન કરવું અઘટમાન બની રહે છે.

178. तदेतदनुपपन्नम् विशेषोल्लेखरहितसामान्यमात्रप्रतिष्ठितस्य व्याप्तिपरिच्छेदस्यानुमानलक्षणे निर्णीतत्वात् । अग्न्यनुष्णताऽनुमाने हि न व्याप्तिग्रहणप्रतिघातादप्रामाण्यमपि तु प्रत्यक्षविरोधादित्युक्तमेतत्। अपि चायं पृथिव्यादौ कर्त्रनुमाननिरासप्रकारः 'शब्दाद्युपलब्धयः करणपूर्विकाः,क्रियात्वात् , छिदिक्रियावत्' इत्यत्र श्रोत्रादिकरणानुमानेऽपि समानः । प्रतिबन्धावधारणवेलायामेव करणशून्यानां शब्दाद्युपलब्धिक्रियाणामवधारणात् ताभिरेव व्यभिचारात् । पक्षेण च पृथिव्यादिना व्यभिचारचोदनमत्यन्तमलौकिकम् ।

178. નૈયાયિક–આ આપત્તિ ઘટતી નથી કારણ કે અનુમાનના લક્ષણ વખતે એ નિર્ણય કરવામાં આવ્યો છે કે કોઈ પણ વિશેષ દૃષ્ટાંતના ઉલ્લેખ વિના કેવળ સામાન્યો વચ્ચે જ વ્યાપ્તિનું જ્ઞાન થાય છે. અગ્નિની અનુષ્ણતાના અનુમાનમાં, વ્યાપ્તિગ્રહણમાં પ્રતિઘાત આવવાથી અપ્રામાણ્ય નથી આવતું પરંતુ પ્રત્યક્ષના વિરોધથી અપ્રામાણ્ય આવે છે એ અમે જણાવી ગયા છીએ.

વળી, પૃથ્વી વગેરેના કર્તાના અનુમાનનો નિરાસ કરવાનો પ્રકાર શ્રોત્ર વગેરેના કરણ હોવાના આ અનુમાનને—'શબ્દ વગેરેનું જ્ઞાન કરણપૂર્વક છે, કારણ કે જ્ઞાન ક્રિયા છે, છેદનક્રિયાની જેમ'—પણ સમાનપણે લાગુ પડે છે કારણ કે ['જે જે ક્રિયા છે તે કરણપૂર્વક છે' એવી] વ્યાપ્તિના ગ્રહણ વખતે જ, કરણ વિના થતી શબ્દના જ્ઞાનની ક્રિયાઓ મનમાં નિશ્ચિતપણે આવતી હોઈ તેમના વડે જ વ્યભિચાર થશે. પૃથ્વી વગેરે પક્ષને અનુલક્ષીને વ્યભિચારદોષની આપત્તિ આપવી અત્યંત લોકવિરુદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

179. ननु वस्तुस्थित्या पर्वतादयोऽपि विपक्षा एव, त्वया तु तेषां पक्ष इति नाम कृतं, न च त्वदिच्छया वस्तुस्थितिर्विपरिवर्तते । नन्वेवं शब्दाद्युपलब्धयोऽपि वस्तुस्थित्या विपक्षा एव, तासामपि पक्ष इति नामकरणमेव स्यात् । न, तासां करणाभावनिश्चयानुत्पादान्न विपक्षत्वम् । पर्वतादावपि कर्त्रभावनिश्चयानुत्पादान्न विपक्षत्वम् । तेषु कर्त्ता नोपलभ्यते इति चेत्, शब्दाद्युपलब्धिकरणमपि नोपलभ्यते एव । करणमदृश्यमानत्वादेव नोपलभ्यते न नास्तित्वादिति चेत, कर्ताऽप्यदृश्यत्वादेव नोपलभ्यते न नास्तित्वात् ।

179. મીમાંસક–વસ્તુસ્થિતિ તો એ છે કે પર્વત વગેરે પણ વિપક્ષ જ છે, તમે તેમને પક્ષ એ નામ આપ્યું છે, અને તમારી ઇચ્છા મુજબ વસ્તુસ્થિતિ બદલાઈ જતી નથી.

નૈયાયિક–એમ હોય તો વસ્તુતઃ શબ્દ આદિનાં જ્ઞાનો વિપક્ષો જ છે, તમે તેમને પક્ષ એવું કેવળ નામ આપ્યું છે એવું થશે.

મીમાંસક–ના, એમ નથી કારણ કે તેમની બાબતમાં કરણનો અભાવ છે એવો નિશ્ચય જન્મતો ન હોવાથી તેઓ વિપક્ષ નથી.

નૈયાયિક–એમ તો પર્વત વગેરેની બાબતમાં કર્તાનો અભાવ છે એવો નિશ્ચય જન્મતો ન હોવાથી તેઓ પણ વિપક્ષ નથી.

મીમાંસક–પર્વત વગેરેની બાબતમાં તો તેમના કર્તાનું ગ્રહણ થતું નથી [એટલે કર્તાના અભાવનો નિશ્ચય છે જ.]

નૈયાયિક–શબ્દ વગેરેનાં જ્ઞાનોની બાબતમાં પણ તેમના કરણનું ગ્રહણ થતું નથી [એટલે કરણના અભાવનો નિશ્ચય પણ છે જ.]

મીમાંસક–કરણ અદૃશ્ય હોઈ તેનું ગ્રહણ થતું નથી, અને નહિ કે તેનું અસ્તિત્વ નથી માટે. [તેથી કરણના અભાવનો નિશ્ચય નથી ]

નૈયાયિક–કર્તા પણ અદૃશ્ય હોવાને કારણે ગૃહીત થતો નથી અને નહિ કે તે છે નહિ એ કારણે.

180. अनुमानात् करणमुपलभ्यते तद्व्यतिरेकेण क्रियाऽनुपपत्तेरिति चेत्, कर्ताऽप्यनुमानादुपलप्स्यते कर्तारमन्तरेण कार्यानुपपत्तेः ।

तेनानुमानगम्यत्वान्न कर्तुर्नास्तिताग्रहः ।
तदभावाद्विपक्षत्वं क्षित्यादेरपि दुर्भणम् ।।
लिङ्गात्पूर्वं तु सन्देहो दहनेऽपि न वार्यते ।
तथा सति प्रपद्येत धूमोऽप्यननुमानताम् ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथास्य लिङ्गाभासत्वं क्षित्यादौ कर्त्रदर्शनात् ।
धूमेऽपि लिङ्गाभासत्वं तत्र देशेऽग्न्यदर्शनात् ॥
ननु तं देशमासाद्य गृह्यते धूमलाञ्छनः ।
अनयैव धिया साधो वर्धस्व शरदां शतम् ॥
यत्पश्चाद्दर्शनं तेन किं लिङ्गस्य प्रमाणता ।
अनर्थित्वाददृष्टे वा कृशानौ किं करिष्यसि ॥
तस्मात्सर्वथा नायमनैकान्तिको हेतुः ।

180. મીમાંસક–અનુમાન દ્વારા કરણનું જ્ઞાન થાય છે કારણ કે તેના સિવાય ક્રિયા ઘટતી નથી.

નૈયાયિક–કર્તા પણ અનુમાન દ્વારા જ્ઞાત થાય છે કારણ કે કર્તા સિવાય કાર્ય ઘટતું નથી. અનુમાનથી ગ્રાહ્ય હોઈ કર્તાના નાસ્તિત્વનું ગ્રહણ થતું નથી. કર્તાના નાસ્તિત્વના અભાવને કારણે પૃથ્વી વગેરેનું વિપક્ષ હોવું અશક્ય – દુર્લભ–છે. અનુમાન પહેલાં તો અગ્નિની બાબતમાં પણ સંદેહ થતો નિવારી શકાતો નથી. જો અનુમાન પહેલાં અગ્નિની બાબતમાં સંદેહ થતો ન હોય તો ધૂમ પણ અનનુમાનતા અર્થાત્ અલિંગતા પામે.

મીમાંસા–આનું (= સન્નિવેશહેતુનું) હેત્વાભાસપણું છે કારણ કે ક્ષિતિ વગેરેમાં [સન્નિવેશહેતુ દેખાતો હોવા છતાં સાધ્ય] કર્તા દેખાતો નથી.

નૈયાયિક–એમ તો ધૂમ હેતુનું પણ હેત્વાભાસપણું થાય કારણ કે દૂર પર્વતદેશે [ધૂમ હેતુ દેખાતો હોવા છતાં સાધ્ય] અગ્નિ દેખાતો નથી.

મીમાંસા–[દૂરથી પર્વતદેશે અગ્નિ દેખાતો નથી એ ખરું પરંતુ] તે પર્વતદેશે પહોંચ્યા પછી તો અગ્નિ દેખાય છે

નૈયાયિક–આ જ બુદ્ધિ સાથે હે સાધુ પુરુષ ! આપ સો વરસ જીવો. પછીથી અગ્નિનું દર્શન થયું એટલે જ શું લિંગ (= ધૂમ) પ્રમાણ (= સદ્ હેતુ) બની ગયું ? અગ્નિનું જેને પ્રયોજન નથી તેને તો અગ્નિનું દર્શન થવાનું નથી [કારણ કે તે પછીથી પર્વતદેશે જવાનો જ નહિ], તેની બાબતમાં (= તેણે કરેલ અનુમાન બાબત) તમે શું કરશો ? તેથી આ (સાન્નિવેશ હેતુ) સર્વથા અનૈકાન્તિક નથી.

181. यदपि विशेषविरुद्धत्वमस्य प्रतिपादितं तदप्यसमीक्षिताभिधानम्, विशेषविरुद्धस्य हेत्वाभासस्याभावात् । अभ्युपगमे वा सर्वानुमानोच्छेदप्रसङ्गात् । श्रोत्राद्यनुमानेऽपि यथोदाहृते शक्यमेवमभिधातुम् । यादृगेव लवनक्रियायां दात्रादिकरणं काठिन्यादिधर्मकमवगतं तादृगेव श्रोत्रादि स्यात् । तद्विलक्षणकरणसाध्यतायां तु साध्यविकलो दृष्टान्तः, छेदनादिक्रियाणामतीन्द्रियकरणकार्यत्वादर्शनादिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

181. વળી, તમે આનું (= સન્નિવેશહેતુનું) વિશેષવિરુદ્ધત્વ જે દર્શાવ્યું તે પણ તમારું અવિચારી વિધાન છે, કારણ કે વિશેષવિરુદ્ધ હેત્વાભાસનો અભાવ છે. તેને સ્વીકારો તો બધા અનુમાનના ઉચ્છેદની આપત્તિ આવે. તમે જેનું ઉદાહરણ આપ્યું છે તે શ્રોત્રાદિના અનુમાનની બાબતમાં પણ આમ કહેવું શક્ય છે. લણવાની ક્રિયામાં જેવું કાઠિન્ય વગેરે ધર્મો ધરાવતું દાતરડારૂપ કરણ જણાય છે તેવું જ (= અર્થાત્ કાઠિન્ય આદિ ધર્મો ધરાવતું) શ્રોત્ર આદિ કરણ [શબ્દ આદિની જ્ઞાનક્રિયામાં] માનવાની આપત્તિ આવે. તેનાથી વિલક્ષણ કરણને સાધ્ય માનતાં દૃષ્ટાંત સાધ્યવિકલ બની જાય, કારણ કે છેદન વગેરે ક્રિયાઓ અતીન્દ્રિય કરણોનું કાર્ય જણાતી નથી.

182. अथ क्रियामात्रं करणमात्रेण व्याप्तमवगतमिति तावन्मात्रमनुमापयति, तदिहापि सन्निवेशमात्रमधिष्ठातृमात्रेण व्याप्तमुपलब्धमिति तावन्मात्रमेवानुमापयतु । विशेषाणां तु न तल्लिङ्गम् अस्ति यत्र बाधकम् । अनित्यः शब्दः कृतकत्वादित्ययमपि श्रावणत्वादि शब्दस्य विशेषजातं बाधत एव । धूमोऽपि पर्वताग्निविशेषान् कांश्चिन्महानसाग्नावदृष्टानपह्नुत्येव । तस्माद्यथानिर्दिष्टसाध्यविपर्ययसाधनमेव विरुद्धो हेतुर्न हि विशेषविपर्ययावहः । प्रकृतहेतुश्च साध्यविपर्ययस्याकर्तृपूर्वकत्वस्य न साधकः, अश्वोऽयं विषाणित्वादितिवत्, तस्मान्न विरुद्धः ।

182. જો કહો કે કરણસામાન્યથી ક્રિયાસામાન્ય વ્યાપ્ત જણાય છે એટલે ક્રિયાસામાન્ય કરણસામાન્યનું જ અનુમાન કરાવે છે, તો અહીં પણ સન્નિવેશસામાન્ય કર્તૃસામાન્યથી વ્યાપ્ત જણાતું હોઈ, સન્નિવેશસામાન્ય કર્તૃસામાન્યનું અનુમાન કરાવો. [ક્રિયાસામાન્ય કે સન્નિવેશસામાન્ય] કરણના વિશેષધર્મોનું કે કર્તાનાં વિશેષધર્મોનું લિંગ નથી કારણ કે ત્યાં બાધક સંભવે છે. 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે' આમાં જે કૃતકત્વહેતુ છે તે પણ શબ્દના શ્રાવણત્વ આદિ સઘળા વિશેષોનો બાધ કરે છે જ. [પર્વત ઉપર અગ્નિ પુરવાર કરતો] ધૂમ હેતુ પણ મહાનસાગ્નિમાં જે કેટલાક વિશેષોને દેખ્યા નથી તે વિશેષોનો બાધ કરે છે જ. તેથી, નિર્દિષ્ટ સાધ્યથી વિપરીતને પુરવાર કરનાર હેતુ વિરુદ્ધહેત્વાભાસ છે અને નહિ કે સાધ્યગત વિશેષ ધર્મથી વિપરીત વિશેષ ધર્મવાળા ધર્મીને પુરવાર કરનાર હેતુ. જેમ 'આ અશ્વ છે કારણ કે તેને શિંગડાં છે' માંનો 'કારણ કે તેને શિંગડાં છે' હેતુ [અશ્વ સાધ્યથી વિપરીત બળદનો સાધક હોઈ] વિરુદ્ધહેત્વાભાસ છે તેમ પ્રકૃત હેતુ (= સન્નિવેશહેતુ) સાધ્યથી (= કર્તૃપૂર્વકત્વથી) વિપરીત અકર્તૃપૂર્વકત્વનો સાધક નથી. તેથી, તે વિરુદ્ધહેત્વાભાસ નથી.

183. नापि कालात्ययापदिष्टः प्रत्यक्षागमयोर्बाधकयोरदर्शनात्, प्रत्युतागममनुग्राहकमिहोदाहरिष्यामः । नापि सत्प्रतिपक्षोऽयं हेतुः, संशयबीजस्य विशेषाग्रहणादेरिह हेतुत्वेनानुपादानात् । नाप्ययमप्रयोजको हेतुः, यथा परमाणूनामनित्यत्वे साध्ये मूर्तत्वमभिधास्यते । न हि मूर्तत्वप्रयुक्तमनित्यत्वम् । इह तु कार्यत्वप्रयुक्तमेव सकर्तृकत्वं तत्र तत्रोप-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लब्धमिति । अत एवानुमानविरोधस्येष्टविघातकृतश्च न कश्चिदिहावसरः । प्रयोजके हेतौ प्रयुक्ते तथाविधपांसुप्रक्षेपप्रयोगानवकाशात् । तस्मात्परोदीरिताशेषदोषविकलकार्यानुमान-महिम्ना नूनमीश्वरः कल्पनीयः । सकललोकसाक्षिकमनुमानप्रामाण्यमपेक्षणीयम् । अनुमान-प्रामाण्यरक्षणे च कृत एव परिकरबन्धः प्रागिति सिद्ध एवेश्वरः ।

**183.** તે કાલાત્યયાપદિષ્ટ હેત્વાભાસ પણ નથી, કારણ કે પ્રત્યક્ષ કે આગમ બાધક જણાતા નથી, ઊલટું આગમ તો એનું અનુગ્રાહક (= સમર્થક) છે એ હકીકત હમણા અમે ઉદાહરણોથી દર્શાવીશું.

આ હેતુ સત્પ્રતિપક્ષ હેત્વાભાસ પણ નથી, કારણ કે સંશયના બીજરૂપ વિશેષા-ગ્રહણ વગેરેને અહીં હેતુ તરીકે સ્વીકારેલ નથી.

પરમાણુનું અનિત્યત્વ પુરવાર કરવા આપવામાં આવેલ હેતુ મૂર્તત્વની જેમ આ હેતુ અપ્રયોજક પણ નથી. [પરમાણુનું અનિત્યત્વ પુરવાર કરવા આપવામાં આવેલો મૂર્તત્વ હેતુ અપ્રયોજક છે] કારણ કે મૂર્તત્વનો અનિત્યત્વ સાથે અવિનાભાવસંબંધ નથી. પરંતુ અહીં કાર્યત્વનો સકર્તૃકત્વ સાથે અવિનાભાવસંબંધ બધે જણાય છે. તેથી જ અનુમાન-વિરોધનો કે ઇષ્ટવિઘાતકૃત્‌નો અહીં કોઈ અવકાશ જ નથી, કારણ કે પ્રયોજક હેતુનો પ્રયોગ કરવામાં આવતાં તે પ્રકારની ધૂળ ઉડાડવાને કોઈ અવકાશ જ રહેતો નથી. નિષ્કર્ષ એ કે અન્ય ચિંતકોએ (= મીમાંસકોએ અને બૌદ્ધોએ) દર્શાવેલ બધા દોષોથી રહિત કાર્યાનુમાનના પ્રભાવે (= બળે) કર્તા ઈશ્વરની કલ્પના કરવી જોઈએ.

જગતમાં બધાં અનુમાનનું પ્રામાણ્ય સ્વીકારતા હોઈ આપણે પણ સ્વીકારવું જોઈએ. અનુમાનના પ્રામાણ્યની રક્ષા કાજે અમે પહેલેથી કટિબદ્ધ છીએ જ. આમ અમે [અનુમાન દ્વારા] ઈશ્વરને સિદ્ધ કર્યો.

**184.** अन्यदपि तदनुमानमन्यैरुक्तम्—महाभूतादि व्यक्तं चेतनाधिष्ठितं सत् सुखदुःखे जनयति, रूपादिमत्त्वात् तूर्यादिवत्, तथा पृथिव्यादीनि भूतानि चेतनाधिष्ठितानि सन्ति धारणादिक्रियां कुर्वन्ति, युग्यादिवदिति । अत्रापि दोषाः पूर्ववदेव परिहर्तव्याः ।

**184.** બીજાઓએ (= સેશ્વર સાંખ્યકારોએ) તે અનુમાનને બીજી રીતે કહ્યું છે—'ચેતનથી અધિષ્ઠિત (= પ્રેરિત) હોઈ મહાભૂત વગેરે વ્યક્ત (= વ્યક્ત પ્રકૃતિ) સુખ-દુઃખ જન્માવે છે, કારણ કે તેઓ તુરી વગેરેની જેમ રૂપાદિમત્ છે. તેવી જ રીતે, ચેતનથી અધિષ્ઠિત (= પ્રેરિત) હોઈ પૃથ્વી વગેરે ભૂતો રથ વગેરેની જેમ ધારણ વગેરે ક્રિયાઓ કરે છે.' અહીં પણ પહેલાંની જેમ દોષોનો પરિહાર કરવો જોઈએ.

**185.** यत्पुनरवादि 'कर्तृसामान्यसिद्धौ वा विशेषावगतिः कुतः' इति तत्र केचिदागमाद्विशेषप्रतिपत्तिमाहुः—

विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो बाहुरुत विश्वतस्पात् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सं बाहुभ्यां धमति सं पतत्रैर्द्यावापृथिवी जनयन् देव एकः ॥ इति [नारायणोप० ३.२] । तथा

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।

स वेत्ति सर्वं न हि तस्य वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥ इति [श्वेता० उप ३.१९]

श्रुतौ पठ्यते । ततः सर्वस्य कर्ता सर्वज्ञ ईश्वरो ज्ञाप्यते । न च कार्ये एवार्थे वेदः प्रमाणमिति मन्त्रार्थवादानामतत्परत्वमभिधातुमुचितं, कार्ये इव सिद्धेऽप्यर्थे वेदप्रामाण्यस्य वक्ष्यमाणत्वात् । न चेतरेतराश्रयम् आगमैकशरणत्वाभावादीश्वरसिद्धेः ।

185. વળી, તમે જે પૂછ્યું છે કે '[પર્વત આદિના] કર્તૃસામાન્યની સિદ્ધિ થતાં તે કર્તાના વિશેષ ધર્મોનું (અર્થાત્ નિત્યત્વ, સર્વજ્ઞત્વ આદિનું) જ્ઞાન કેવી રીતે થાય ?' એના ઉત્તરમાં તેઓ જણાવે છે કે કેટલાક આગમોમાંથી તે કર્તાના વિશેષ ધર્મોનું જ્ઞાન થાય છે. 'એની આંખો સર્વત્ર છે, એનું મુખ સર્વત્ર છે, એના હાથ સર્વત્ર છે અને એના પગ સર્વત્ર છે. તે અદ્વિતીય દેવ આકાશ અને પૃથ્વીનું સર્જન કરીને બે પગવાળાને (=મનુષ્યને) બે બાહુ સાથે (=બાહુસાધ્ય વ્યાપાર સાથે) જોડે છે [અને] પક્ષીઓને પાંખો સાથે (=પક્ષસાધ્ય વ્યાપાર સાથે) જોડે છે.' તથા 'પગ વિનાનો તે દોડે છે, હાથ વિનાનો તે ગ્રહણ કરે છે, ચક્ષુ વિનાનો તે દેખે છે અને કાન વિનાનો તે સાંભળે છે. તે બધું જાણે છે પણ તેને જાણનાર કોઈ નથી. તેને ઋષિઓ અગ્ર્ય મહાન પુરુષ કહે છે.' આ પ્રમાણે શ્રુતિમાં આપણે વાંચીએ છીએ. તેમાંથી સર્વનો કર્તા, સર્વજ્ઞ ઈશ્વર જ્ઞાત થાય છે. કાર્યાર્થમાં જ વેદો પ્રમાણ છે એવું નથી એટલે મન્ત્રો અને અર્થવાદો કાર્યેતરપરક છે એમ કહેવું ઉચિત છે, કારણ કે કાર્યની જેમ સિદ્ધ અર્થમાં પણ વેદ પ્રમાણ છે એ અમે [ચોથા આહ્નિકમાં] કહેવાના છીએ. [તેથી વેદો સિદ્ધ અર્થ ઈશ્વરમાં પણ પ્રમાણ છે એ ફલિત થાય છે.] વળી, [આગમથી ઈશ્વરનું જ્ઞાન થાય છે એમ માનતાં] ઈતરેતરાશ્રયદોષ આવતો નથી, કારણ કે ઈશ્વરસિદ્ધિ કેવળ આગમપ્રમાણ પર જ આધાર રાખતી નથી.

186 अन्ये त्वन्वयव्यतिरेकिहेतुमूलकेवलव्यतिरेकिबलेन विशेषसिद्धिमभिदधति । देहादिव्यतिरिक्तात्मकल्पनमिव सुखदुःखादिगतेन कार्यत्वेन वर्णयिष्यते; पृथिव्यादिकार्यमस्मदादिविलक्षणसर्वज्ञैककर्तृकम्, अस्मदादिषु बाधकोत्पत्तौ सत्यां कार्यत्वादिति ।

186. બીજા કેટલાક કહે છે કે અન્વયવ્યતિરેકી હેતુમૂલક કેવલવ્યતિરેકી હેતુના બળે [કર્તાના] વિશેષધર્મોની સિદ્ધિ થાય છે. જેમ સુખ, દુઃખ આદિનું કાર્યત્વ દેહાદિથી અતિરિક્ત આત્માને સૂચવે છે તેમ પૃથ્વી વગેરેનું કાર્યત્વ આપણાથી વિલક્ષણ એક સર્વજ્ઞ કર્તાને સૂચવે છે, કારણ કે પૃથ્વી વગેરે કાર્ય છે અને આપણા જેવો તેનો કર્તા માનતાં બાધક જ્ઞાનો ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

187. अपरे पक्षधर्मताबलादेव विशेषलाभमभ्युपगच्छन्ति । न हीदृशं परिदृश्यमानमनेकरूपमपरिमितमनन्तप्राणिगतविचित्रसुखदुःखसाधनं भुवनादिकार्यमनतिशयेन पुंसा कर्तुं शक्यमिति । यथा चन्दनधूममितरधूमविसदृशमवलोक्य चान्दन एव वह्निरनुमीयते तथा विलक्षणात् कार्याद्विलक्षण एव कर्ताऽनुमास्यते । यथा स्तवरकेभ्य इव तत्कुशलः कुविन्दः । यथा च कुलालः सकलकलशादिकार्यकलापोत्पत्तिसंविधानप्रयोजनाद्यभिज्ञो भवंस्तस्य कार्यचक्रस्य कर्ता, तथेयतस्त्रैलोक्यस्य निरवधिप्राणिसुखदुःखसाधनस्य सृष्टिसंहारसंविधानं सप्रयोजनं बहुशाखं जानन्नेव स्रष्टा भवितुमर्हति महेश्वरः । तस्मात्सर्वज्ञः ।

187 વળી, બીજા પક્ષધર્મતાના બળે જ કર્તાના વિશેષ ધર્મોનું જ્ઞાન સ્વીકારે છે. અપરિમિત અનન્ત પ્રાણીઓના વિચિત્ર સુખદુઃખનાં સાધનરૂપ ભુવન વગેરે અનેક જાતનાં જણાતાં કાર્યો અતિશયરહિત પુરુષ ઉત્પન્ન કરે એ શકય નથી. જેમ બીજા ધૂમોથી ચંદનજન્ય ધૂમની વિલક્ષણતા પ્રત્યક્ષ કરી તે ઉપરથી આ ચંદનનો જ અગ્નિ છે એવું અનુમાન કરી શકાય છે તેમ વિલક્ષણ કાર્ય ઉપરથી તેના વિલક્ષણ કર્તાનું અનુમાન કરી શકાય છે. જેમ ચિત્રરૂપ પટ દેખી તેનો વણકર કુશળ હોવાનું અનુમાન થાય [તેમ પર્વત આદિ વિશિષ્ટ કાર્ય દેખી તેનો કર્તા વિશિષ્ટ હોવાનું અનુમાન થાય.] અને જેમ કલશ આદિ કાર્યોની ઉત્પત્તિ કેમ કરવી અને એ ઉત્પત્તિનું પ્રયોજન શું છે એ જાણતો હોવાને લીધે જ કુંભાર તે બધાં કાર્યોનો કર્તા બની શકે છે તેમ ત્રણેય લોકના નિરવધિ પ્રાણીઓનાં સુખદુઃખનાં સાધનો કેવી રીતે ઉત્પન્ન કરવાં એની અનેક પદ્ધતિઓને, તેમનો કેવી રીતે નાશ કરવો એની અનેક પદ્ધતિઓને, તેમની ઉત્પત્તિ અને નાશનાં પ્રયોજનો શાં છે એને-આ બધાને જાણતો હોવાને લીધે જ મહેશ્વર તેમને ઉત્પન્ન કરી શકે. તેથી પુરવાર થાય છે કે તે સર્વજ્ઞ છે.

188. अपि च यथा नियतविषयवृत्तीनां चक्षुरादीन्द्रियाणामधिष्ठाता क्षेत्रज्ञस्तदपेक्षया सर्वज्ञः, एवं सकलक्षेत्रज्ञकर्मविनियोगेषु प्रभवन्नीश्वरस्तदपेक्षया सर्वज्ञः । तथा चाह व्यासः—

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ [भगवद्गीता १५.१६-१७]

मन्त्रश्च तदर्थानुवादी पठ्यते ।

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरेकः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥ इति [मुण्डक ३.१]॥

अतश्च सर्वज्ञ ईश्वरः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

188. વળી જેવી રીતે નિયત વિષયને ગ્રહણ કરનારી ચક્ષુ વગેરે ઇન્દ્રિયોની અપેક્ષાએ ઇન્દ્રિયોનો પ્રેરક જીવ (=ક્ષેત્રજ્ઞ) સર્વજ્ઞ છે તેવી રીતે સર્વ જીવોનાં કર્મોને અનુરૂપ ફળ સાથે જોડવા શક્તિમાન ઈશ્વર તેમ કરવાને અશક્ત જીવોની અપેક્ષાએ સર્વજ્ઞ છે. અને વ્યાસે કહ્યું છે કે "આ લોકમાં 'ક્ષર' અને 'અક્ષર' એ બે પુરુષો જ છે. સર્વ ભૂતોને ક્ષર (=નાશવંત) કહેવામાં આવે છે અને કૂટસ્થને અક્ષર (=અવિનાશી) કહેવામાં આવે છે. પરંતુ જે ત્રણેય લોકમાં પ્રવેશી ભરણપોષણ કરે છે તે ઉત્તમ પુરુષ તો [તે બંનેથી] જુદો છે, તેને અવ્યય પરમાત્મા કહેવામાં આવે છે." આ અર્થને જ જણાવતો મંત્ર આ પ્રમાણે છે—"સુંદર પાંખવાળા બે પક્ષીઓ સર્વદા સાથે રહેનારાં છે, સમાન પ્રસિદ્ધિ ધરાવનારાં છે અને એક જ વૃક્ષને આશ્રીને રહેનારાં છે. તેમાંનું એક સ્વાદુ પિપ્પલફલ ખાય છે અને બીજું તેને ન ખાતાં માત્ર જોયા કરે છે." તેથી ઈશ્વર સર્વજ્ઞ છે.

189. पुंसामसर्ववित्त्वं हि रागादिमलबन्धनम् ।
न च रागादिभिः स्पृष्टो भगवानिति सर्ववित् ॥
इष्टानिष्टार्थसंयोगप्रभवाः खलु देहिनाम् ।
रागादयः कथं ते स्युर्नित्यानन्दात्मके शिवे ॥

मिथ्याज्ञानमूलाश्च रागादयो दोषाः, ते कथं नित्यनिर्मलज्ञानवतीश्वरे भवेयुः ।

189. રાગ આદિ મળને કારણે સામાન્ય પુરુષો અસર્વજ્ઞ છે. પરંતુ ભગવાન રાગ આદિ દોષોથી રહિત છે એટલે તે સર્વજ્ઞ છે. દેહધારીઓના રાગ આદિ ખરેખર તો ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સંગને કારણે જન્મે છે, તેથી નિત્યાનંદમય શિવમાં તો તે ક્યાંથી હોય ? રાગ આદિ દોષ મિથ્યાજ્ઞાનમૂલક છે, તેથી નિત્ય નિર્મળ જ્ઞાન ધરાવનાર ઈશ્વરમાં તે ક્યાંથી હોય ?

190 नित्यं तज्ज्ञानं कथमिति चेत् तस्मिन् क्षणमप्यज्ञातरि सति तदिच्छाप्रेर्यमाणकर्माधीननानाप्रकारव्यवहारविरामप्रसङ्गात् । प्रलयवेलायां तर्हि कुतस्तन्नित्यत्वकल्पना इति चेन्मैवम्, आप्रलयात्सिद्धे नित्यत्वे तदा विनाशकारणाभावादस्यात्मन इव तज्ज्ञानस्य नित्यत्वं सेत्स्यति । पुनश्च सर्गकाले तदुत्पत्तिकारणाभावादपि नित्यं तज्ज्ञानम् ।

190. તેનું જ્ઞાન નિત્ય કેમ ? [સૃષ્ટિની સ્થિતિ દરમ્યાન] જો એક ક્ષણ પણ તે જ્ઞાનરહિત બની જાય તો કર્માધીન વિવિધ પ્રકારના વ્યવહાર જ જગતમાં અટકી જાય કારણ કે કર્મો ઈશ્વરપ્રેરણાથી જ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. પ્રલય દરમ્યાન તો પછી તેના નિત્યત્વની કલ્પના કેમ ઘટે ? ના, એવું નથી. પ્રલય સુધી તેનું નિત્યત્વ સિદ્ધ થતાં પ્રલયકાળે તેના નાશનું કોઈ કારણ ન હોઈ, એ આત્માની જેમ એ આત્માના જ્ઞાનનું પણ નિત્યત્વ પુરવાર થશે જ. સર્ગકાળે તેની ઉત્પત્તિનું કોઈ કારણ ન હોઈ [તેનો ઉત્પાદ થતો નથી એટલે] તે જ્ઞાન નિત્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

191. एवं च तदतीतानागतसूक्ष्मव्यवहितादिसमस्तवस्तुविषयं न भिन्नं, क्रमयौगपद्यविकल्पानुपपत्तेः । क्रमाश्रयणे क्वचिदज्ञातृत्वं स्यादिति व्यवहारलोपः । यौगपद्येन सर्वज्ञातृत्वे कुतस्त्यो ज्ञानभेदः । प्रत्यक्षसाधर्म्याच्च तज्ज्ञानं प्रत्यक्षमुच्यते, न पुनरिन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्वमस्यास्ति, अजनकानामेवार्थानां सवितृप्रकाशेनेव तेन ग्रहणात् ।

191. તેના જ્ઞાનમાં ભેદ અર્થાત્ વધઘટ નથી કારણ કે તેનું જ્ઞાન અતીત, અનાગત, સૂક્ષ્મ, વ્યવહિત બધી વસ્તુઓને જાણે છે. [જ્ઞાનમાં ભેદ નથી] કારણ કે ભેદ ક્રમ કે યૌગપદ્યના વિકલ્પથી ઘટતો નથી. તે બધી વસ્તુઓને ક્રમથી જાણે છે એમ માનતાં અમુક અમુક વખતે [કેટલીક વસ્તુઓનું] તેનામાં અજ્ઞાન આવી પડે અને પરિણામે [કર્માધીન] વ્યવહારનો લોપ થઈ જાય. બધા વિષયોને તે યુગપદ્ જાણે છે એમ માનતાં જ્ઞાનભેદ ક્યાંથી થશે ?

ઈશ્વરનું જ્ઞાન પ્રત્યક્ષ જેવું હોઈ પ્રત્યક્ષ કહેવાય છે. પરંતુ તે ઈન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થતું નથી, કારણ કે સૂર્યના પ્રકાશની જેમ તે પોતાના અજનક અર્થોને જ ગ્રહણ કરે છે.

192. ज्ञानवदन्येऽप्यात्मगुणा येऽस्य सन्ति ते नित्या एव, मनःसंयोगानपेक्षजन्मत्वात् । दुःखद्वेषास्तस्य तावन्न सन्त्येव । भावनाख्येन संस्कारेणापि न प्रयोजनम्, सर्वदा सर्वार्थदर्शित्वेन स्मृत्यभावात् । अत एव न तस्यानुमानिकं ज्ञानमिष्यते । धर्मस्तु भूतानुग्रहवतो वस्तुस्वाभाव्याद् भवन्न वार्यते । तस्य च फलं परार्थनिष्पत्तिरेव । सुखं त्वस्य नित्यमेव नित्यानन्दत्वेनागमात् प्रतीतेः, असुखितस्य चैवंविधकार्यारम्भयोग्यताऽभावात् ।

192. જેટલા આત્મગુણો ઈશ્વરમાં છે તે બધા જ્ઞાનની જેમ નિત્ય જ છે, કારણ કે તે ગુણો મનના સંયોગથી ઉત્પન્ન થતા નથી. દુઃખ અને દ્વેષ તો તેને છે જ નહિ. ભાવના નામના સંસ્કારનું પણ તેને કોઈ પ્રયોજન નથી, કારણ કે તે સર્વદા સર્વાર્થદર્શી હોઈ તેને સ્મૃતિ જ નથી. એટલે જ તેને આનુમાનિક યા પરોક્ષ જ્ઞાન છે જ નહિ. તે ભૂતાનુગ્રહવાળો હોવાથી તેનામાં ધર્મનું સ્વાભાવિક રીતે હોવું કોઈ રોકી શકે નહિ. તે ધર્મનું ફળ પરાર્થ જગન્નિર્માણ જ છે. તેનામાં નિત્ય સુખ છે, કારણ કે આગમમાંથી તેનું નિત્યાનંદરૂપે જ્ઞાન થાય છે; વળી, જે સુખી ન હોય તે આવાં કાર્યો કરવાની યોગ્યતા ન ધરાવી શકે.

193. ननु ज्ञानानन्दवदिच्छाऽपि नित्या चेदीश्वरस्य तर्हि सर्वदा तदिच्छासम्भवात् सर्वदा जगदुत्पत्तिरिति जगदानन्त्यप्रसङ्गः । सर्गेच्छानित्यत्वाच्च संहारो न प्राप्नोति । संहारेच्छाया अपि नित्यत्वाभ्युपगमेन नक्तंदिनं प्रलयप्रबन्धो न विरमेदेव जगतामिति । नैष दोषः, अनात्ममनःसंयोगजत्वादिच्छा स्वरूपमात्रेण नित्याऽपि कदाचित् सर्गेण कदाचित् संहारेण वा विषयेणानुरज्यते, सर्गसंहारयोरन्तराले तु जगतः स्थित्यवस्थायामस्मात्कर्मण इदमस्य सम्पद्यतामितीच्छा भवति प्रजापतेः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

193. [ઈશ્વરની ઇચ્છા પણ નિત્ય છે.] અહીં કોઈ શંકા કરે છે કે જ્ઞાન–આનંદની જેમ ઇચ્છાને નિત્ય માનતાં સર્વદા તે ઇચ્છાનો સંભવ રહેશે અને પરિણામે સર્વદા જગતની ઉત્પત્તિ થતી જ રહેશે અને તેનો ક્યારેય અંત નહિ આવે. સર્ગેચ્છા નિત્ય હોઈ સંહાર થશે જ નહિ. સંહારેચ્છાને પણ નિત્ય માનતાં રાતદિવસ જગતના પ્રલયની ધારા અટકશે જ નહિ. આ દોષ નથી આવતો. ઈશ્વરેચ્છા આત્મમનઃસંયોગથી ઉત્પાદ્ય ન હોવાથી સ્વરૂપથી નિત્ય હોવા છતાં તેનો વિષય ક્યારેક સર્ગ હોય છે, ક્યારેક સંહાર હોય છે. સર્ગ–સંહારની મધ્યમાં અર્થાત્ જગતની સ્થિતિની અવસ્થામાં 'આ કર્મનું આ ફળ આને મળો' એવી ઇચ્છા ઈશ્વરને હોય છે.

194. प्रयत्नस्तस्य सङ्कल्पविशेषात्मक एव । तथा चागमः—'सत्यकामः सत्यसङ्कल्पः' इति [छान्दो० ८.२४] । काम इतीच्छा उच्यते, सङ्कल्प इति प्रयत्नः । तदेवं नवभ्य आत्मगुणेभ्यः पञ्च ज्ञानसुखेच्छाप्रयत्नधर्माः सन्तीश्वरे, चत्वारस्तु दुःखद्वेषाधर्मसंस्कारा न सन्तीत्यात्मविशेष एवेश्वरो न द्रव्यान्तरम् । आह च पतञ्जलिः—'क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः' इति [योगसूत्र १.२४] । सोऽयमागमाद् अनुमानात् पक्षधर्मतो वा विशेषलाभ इति स्थितम् ।

194 તેનો પ્રયત્ન વિશેષ પ્રકારનો સંકલ્પ જ છે. અને આગમ પણ કહે છે કે 'તે સત્યકામ છે, સત્યસંકલ્પ છે.' કામ એટલે ઇચ્છા [અને] સંકલ્પ એટલે પ્રયત્ન એમ કહેવાય છે.

આમ નવ આત્મવિશેષગુણોમાંથી ઈશ્વરમાં પાંચ છે—જ્ઞાન, સુખ, ઇચ્છા, પ્રયત્ન અને ધર્મ. તેનામાં દુઃખ, દ્વેષ, અધર્મ અને સંસ્કાર આ ચાર આત્મવિશેષગુણો નથી. તેથી તે એક વિશિષ્ટ પ્રકારનો આત્મા જ છે. આત્માથી જુદું દ્રવ્ય નથી. અને પતંજલિ કહે છે કે 'ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી (=સંસ્કારથી) રહિત પુરુષવિશેષ ઈશ્વર છે.' (આમ) આગમ દ્વારા, અનુમાન દ્વારા કે પક્ષધર્મતા દ્વારા પેલું કર્તાના વિશેષ ધર્મોનું જ્ઞાન થાય છે એ સ્થાપિત થયું.

195. यत्पुनर्विकल्पितं सशरीर ईश्वरः सृजति जगद् अशरीरो वेति, तत्राशरीरस्यैव स्रष्टृत्वमस्याभ्युपच्छामः । ननु क्रियावेशनिबन्धनं कर्तृत्वं, न पारिभाषिकम्, तदशरीरस्य क्रियाविरहात् कथं भवेत् ? कस्य च कुत्राशरीरस्य कर्तृत्वं दृष्टमिति । उच्यते । ज्ञानचिकीर्षाप्रयत्नयोगित्वं कर्तृत्वमाचक्षते । तच्चेश्वरे विद्यते एवेत्युक्तमेतत् । स्वशरीरप्रेरणे च दृष्टमशरीरस्याप्यात्मनः कर्तृत्वम् । इच्छामात्रेण च तस्य कर्तृत्वादनेकव्यापारनिर्वर्तनोपात्तदुर्वहक्लेशकालुष्यविकल्पोऽपि प्रत्युक्तः ।

195. સશરીર ઈશ્વર જગતનું સર્જન કરે છે કે અશરીર ઈશ્વર?–એવા જે બે વિકલ્પો કરવામાં આવ્યા છે તેમની બાબતમાં કહેવાનું કે અમે નૈયાયિકો તો અશરીર [ઈશ્વરમાં] જ સ્રષ્ટાપણું માનીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા—કર્તૃત્વને ક્રિયાની અપેક્ષા છે, તે પારિભાષિક નથી. તેથી કર્તૃત્વ અશરીર [ઈશ્વરમાં] ક્યાંથી હોય કારણ કે જેને શરીર નથી હોતું તેનામાં ક્રિયા નથી હોતી. કઈ અશરીર વ્યક્તિનું કર્તૃત્વ કોણે ક્યાં જોયું છે [એ તો કહો.]

નૈયાયિક—આનો ઉત્તર આપીએ છીએ. કર્તૃત્વનો અર્થ છે જ્ઞાન, ચિકીર્ષા અને પ્રયત્નનો યોગ (= સંબંધ) હોવો તે એમ વિદ્વાનો કહે છે. તે ઈશ્વરમાં છે જ એ તો અમે કહ્યું છે. પોતાના શરીરને પ્રેરણા કરવામાં અશરીર આત્માનું કર્તૃત્વ તો આપણે દેખીએ છીએ. [એટલે પ્રેરણા કરવા રૂપ કર્તૃત્વ માટે શરીર હોવું આવશ્યક નથી.]

ઇચ્છામાત્રથી જ [બધાં કાર્યોને ઉત્પન્ન કરવું] તેનું કર્તૃત્વ હોવાથી, [ઇચ્છામાત્રથી નહિ પણ] અનેક વ્યાપારોથી [વિવિધ કાર્યોની] ઉત્પત્તિ માનતાં આવી પડતા અસહ્ય ક્લેશની કલુષતાના વિકલ્પનો પણ પ્રતિષેધ થઈ ગયો.

196. नन्वत्रोक्तम्—

कुलालवच्च नैतस्य व्यापारो यदि कल्प्यते ।
अचेतनः कथं भावस्तदिच्छामनुवर्तते ॥ इति ।

अस्माभिरप्युक्तमेव—

यथा ह्यचेतनः काय आत्मेच्छामनुवर्तते ।
तदिच्छामनुवर्त्स्यन्ते तथैव परमाणवः ॥

196. શંકા—અહીં વિરોધી કહે છે કે 'જેમ કુંભારમાં વ્યાપાર (= ક્રિયા) છે તેમ ઈશ્વરમાં પણ વ્યાપાર છે એમ જો માનવામાં ન આવે તો [પ્રશ્ન ઊઠે કે] અચેતન વસ્તુ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે કેવી રીતે પ્રવૃત્તિ કરે?' [જડ વસ્તુ ઈશ્વરની ઇચ્છા જાણી શકે નહિ અને ઇચ્છા જાણ્યા વિના ઇચ્છાનુસાર પ્રવૃત્તિ કેવી રીતે કરી શકે?]

નૈયાયિક-અમે પણ કહ્યું છે કે જેમ જીવનું અચેતન શરીર જીવની ઇચ્છા પ્રમાણે વર્તે છે તેમ પરમાણુઓ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરશે.

197. यस्तु प्रयोजनविकल्पः किमर्थं सृजति जगन्ति भगवानिति सोऽपि न पेशलः । स्वभाव एवैष भगवतो यत् कदाचित् सृजति कदाचिच्च संहरति विश्वमिति । कथं पुनर्नियतकाल एषोऽस्य स्वभाव इति चेद् आदित्यं पश्यतु देवानांप्रियः यो नियतकालमुदेत्यस्तमेति च । प्राणिकर्मसापेक्षमेतद्विवस्वतो रूपमिति चेद् ईश्वरेऽपि तुल्यः समाधिः ।

क्रीडार्थेऽपि जगत्सर्गे न हीयेत कृतार्थता ।
प्रवर्तमाना दृश्यन्ते न हि क्रीडासु दुःखिताः ॥

अथ वा अनुकम्पयैव सर्गसंहारावारभतामीश्वरः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

197. શા માટે ઈશ્વર જગતનું સર્જન કરે છે એવો જે પ્રયોજનવિકલ્પ કરવામાં આવ્યો છે તે પણ ઉચિત નથી. એવો ઈશ્વરનો સ્વભાવ જ છે કે કયારેક તે વિશ્વનું સર્જન કરે છે અને કયારેક તેનો સંહાર કરે છે.

શંકાકાર–પરંતુ અમુક નિયત કાળે જ સૃષ્ટિ કરવાનો અને અમુક નિયત કાળે જ સંહાર કરવાનો તેનો સ્વભાવ કેમ છે ?

નૈયાયિક–ભલા માણસ ! સૂર્યને જ જોને જે નિયત કાળે ઊગે છે અને આથમે છે.

શંકાકાર–સૂર્યનો એવો સ્વભાવ પ્રાણીકર્મસાપેક્ષ છે.

નૈયાયિક-ઈશ્વરની બાબતમાં પણ એમ જ છે.

ક્રીડાર્થે જગતનું સર્જન માનવામાં [ઈશ્વરની] કૃતાર્થતાની હાનિ થતી નથી, કારણ કે જેઓ દુઃખી છે તેઓ ક્રીડાઓમાં પ્રવૃત્ત થતા દેખાતા નથી

અથવા, અનુકંપાથી જ ઈશ્વર સર્ગ–સંહાર આરંભે.

198. नन्वत्र चोदितम् न तथाविधाः प्राणिनोऽनुकम्प्या भवन्ति । केवलसुखस्वभावा वा सृष्टिरनुकम्पावता क्रियेतेति । सत्यं चोदितम् अनुपपन्नं तु, अनादित्वात्संसारस्य । शुभाशुभसंस्कारानुविद्धा एवात्मानः । ते च धर्माधर्मनिगडसंयतत्वादपवर्गपुरद्वारप्रवेशमलभमानाः कथं नानुकम्प्याः ? अनुपभुक्तफलानां कर्मणां न प्रक्षयः । सर्गमन्तरेण च तत्फलभोगासंभव इति शुभफलोपभोगाय स्वर्गादिसर्गम् अशुभफलोपभोगाय नरकादिसृष्टिमारभते दयालुरेव भगवान् । उपभोगप्रबन्धेन परिश्रान्तानामन्तरान्तरा विश्रान्तये जन्तूनां भुवनोपसंहारमपि करोतीति सर्वमेतत्कृपानिबन्धनमेव ।

198. અહીં વિરોધીએ શંકા કરી છે–તેવા (=મુક્ત આત્માની જેમ સર્વ કલેશોથી રહિત) પ્રાણીઓ અનુકંપાને પાત્ર નથી. વળી, અનુકંપાવાળો તે કેવળ સુખસ્વભાવ જગતનું સર્જન કરે. [જો તે અનુકંપાવાળો હોય તો દુર્વાર દુઃખથી ખીચોખીચ ભરેલ દારુણ જગતનું સર્જન તે શા સારુ કરે ?]

નૈયાયિક–તમારી શંકા સાચી છે પણ તે ઘટતી નથી કારણ કે સંસાર તો અનાદિ છે. [સંસાર અનાદિ હોવાથી કર્મો અનાદિ છે અને ઈશ્વર તો જગતના સર્જનમાં કર્મોની અપેક્ષા રાખે છે. એટલે જે જગતનું સર્જન ઈશ્વર કરે તે કેવળ સુખસ્વભાવ કેવી રીતે હોઈ શકે ?] [પ્રલયમાંય] જીવો ધર્માધર્મસંસ્કારોથી અનુવિદ્ધ હોય છે. ધર્માધર્મની જંજીરમાં જકડાયેલા હોવાથી મોક્ષપુરમાં ન પ્રવેશી શકતા તે જીવો શું અનુકંપાને પાત્ર નથી ? જ્યાં સુધી કર્મોનાં ફળ ન ભોગવાઈ જાય ત્યાં સુધી કર્મોનો સંપૂર્ણ ક્ષય શકય નથી. સર્ગ વિના કર્મોનાં ફળોનો ભોગ અશક્ય છે. તેથી ધર્મના શુભ ફળોના ભોગ માટે દયાળુ ઈશ્વર સ્વર્ગ વગેરે સર્જે છે અને અધર્મના અશુભ ફળોના ભોગ માટે તે નરક વગેરે સર્જે છે. કર્મોને ભોગવી થાકી ગયેલા જીવો વચ્ચે વચ્ચે આરામ લઈ શકે એ માટે ભુવનોનો સંહાર પણ ઈશ્વર કરે છે. આમ આ બધું ઈશ્વરની કૃપાનું પરિણામ છે.

199. ननु च युगपदेव सकलजगत्प्रलयकरणमनुपपन्नम् अविनाशिनां कर्मणां फलोपभोगप्रतिबन्धासम्भवादिति चोदितम्, न युक्तमेतत्, ईश्वरेच्छाप्रतिबद्धानां कर्मणां स्तिमितशक्तीनामवस्थानात् । तदिच्छाप्रेरितानि कर्माणि फलमादधति, तदिच्छाप्रतिबद्धानि च तत्रोदासते । कस्मादेवमिति चेत्, अचेतनानां चेतनानधिष्ठितानां स्वकार्यकरणानुपलब्धेः ।

199. શંકા–ઈશ્વર જગતનાં બધાં કાર્યોનો સંહાર એક સાથે કરે એ ઘટતું નથી, કારણ કે ક્ષય ન પામેલાં કર્મોનાં ફળોના ઉપભોગમાં કોઈ પ્રતિબંધ સંભવતો નથી.

નૈયાયિક–આ શંકા બરાબર નથી કારણ કે ઈશ્વરેચ્છાથી રુકાવટ પામેલાં કર્મો પોતાની કુંઠિત વિપાકશક્તિ સાથે [પ્રલય દરમ્યાન] પડી રહે છે. ઈશ્વરેચ્છાથી પ્રેરાયેલાં કર્મો ફળ આપે છે. ઈશ્વરેચ્છાથી રુકાવટ પામેલાં કર્મો ફળો આપતાં અટકી જાય છે. આમ કેમ ? એનું કારણ એ છે કે ચેતનથી પ્રેરાયા વિના અચેતન [કર્મો] પોતાનું કાર્ય કરવામાં પ્રવૃત્ત થતાં જણાતાં નથી.

200. ननु तेषामेव कर्मणां कर्तार आत्मानश्चेतना अधिष्ठातारो भविष्यन्ति । यथाऽऽह भट्टः 'कर्मभिः सर्वजीवानां तत्सिद्धेः सिद्धसाधनम्' इति [श्लो० वा० सम्बन्ध ७५] । नैतदेवम्, नैते अधिष्ठातारो भवितुमर्हन्ति, बहुत्वाद्विरुद्धाभिप्रायत्वाच्च । तथा ह्येक एव कश्चित्स्थावरादिविशेषो राजादिविशेषो वा प्राणिकोटीनामनेकविधसुखदुःखोपभोगस्य हेतुः स तैर्बहुभिरव्यवस्थिताभिप्रायैः कथमारभेत ? तेषामेकत्र संमानाभावात् । मठपरिषदोऽपि क्वचिदेव सकलसाधारणोपकारिणि कार्ये भवत्यैकमत्यम्, न सर्वत्र । महाप्रासादाद्यारम्भे बहूनां तक्षादीनामेकस्थपत्याशयानुवर्तित्वं दृश्यते । पिपीलिकानामपि मृत्कूटकरणे तुल्यः कश्चिदुपकारः प्रवर्तकः, स्थपतिवदेकाशयानुवर्तित्वं वा कल्प्यम् । इह तु तत्स्थावरं शरीरं केषाञ्चिदुपकारकारणमितरेषामपि भूयसामपकारकारणमिति कथं तैः संभूय सृज्यते ? अनधिष्ठितानां त्वचेतनानामारम्भकत्वमयुक्तमेव । तस्मादवश्यमेकस्तेषां कर्मणामधिष्ठाता कल्पनीयः, यदिच्छामन्तरेण भवन्त्यपि कर्माणि न फलजन्मने प्रभवन्ति ।

200. શંકા–તે જ કર્મોના કર્તા ચેતન આત્માઓ [અચેતન] કર્મોનાં પ્રેરકો (=અધિષ્ઠાતાઓ) બનશે, [ઈશ્વરને માનવાની જરૂર નથી.] કુમારિલ ભટ્ટે કહ્યું છે કે : સર્વ ચેતન જીવોનાં કર્મોથી જગતની (= સર્વ કાર્યોની) સૃષ્ટિ સિદ્ધ હોઈ, [કર્મ દ્વારા ચેતન જીવો જ સર્વ કાર્યોના પ્રેરકો (=અધિષ્ઠતાઓ) છે; એટલે આમ અચેતનનું પ્રેરક ચેતન છે એ વસ્તુ સિદ્ધ હોઈ] તેને સિદ્ધ કરવાની તમારી દલીલો વ્યર્થ છે.

નૈયાયિક—ચેતન જીવો પ્રેરકો બનવાને લાયક નથી કારણ કે તેઓ અનેક છે અને તેમના અભિપ્રાયો પરસ્પર વિરુદ્ધ હોય છે. ઉદાહરણાર્થ, કરોડો પ્રાણીઓના અનેકવિધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખદુઃખના ઉપભોગના હેતુભૂત કોઈ એક જ સ્થાવરાદિવિશેષને કે રાજાદિવિશેષને અવ્યવસ્થિત અભિપ્રાયવાળા તે અનેક જીવો કેવી રીતે આરંભી–સર્જી શકે ? [ન જ સર્જી શકે] કારણ કે તે બધાનું તે બાબતમાં ઐકમત્ય હોતું નથી. છાત્રાલયના છાત્રો પણ બધાને ઉપકારક એવા કોઈ એક કાર્યમાં જ ઐકમત્ય ધરાવે છે, બધાં કાર્યોમાં ઐકમત્ય ધરાવતા નથી. મહાપ્રાસાદને બનાવવામાં કડિયા વગેરે અનેક પુરુષો એક સ્થપતિની ઇચ્છા મુજબ વર્તતા જણાય છે. અનેક કીડીઓ સાથે મળી માટીનો એક રાફડો બનાવે છે. એમાં પણ તેમનો કોઈ એક તુલ્ય ઉપકાર (=લાભ) તેમનો પ્રવર્તક છે, અથવા તો સ્થપતિની જેમ કોઈ એકની ઇચ્છા મુજબનું તેમનું વર્તન કલ્પવું જોઈએ. પરંતુ અહીં તે સ્થાવર શરીર કેટલાક જીવોને ઉપકારનું કારણ છે, બાકીના ઘણા બધાને અપકારનું કારણ છે, એટલે બધા જીવો સાથે મળી તેનું સર્જન કેમ કરે ? અને અનધિષ્ઠિત (અપ્રેરિત) અચેતનો (=પરમાણુઓ) તેને બનાવે છે એમ માનવું તો ઉચિત નથી. તેથી અવશ્યપણે તે કર્મોનો એક અધિષ્ઠાતા માનવો જોઈએ જેની ઇચ્છા વિના કર્મો, ક્ષય ન પામ્યા હોવા છતાં, પોતાનાં ફળોની ઉત્પત્તિ કરવા સમર્થ નથી.

201. अत एवैक ईश्वर इष्यते, न द्वौ बहवो वा, भिन्नाभिप्रायतया लोकानुग्रहोपघातवैशसप्रसङ्गात् । इच्छाविसंवादसंभवेन च ततः कस्यचित् सङ्कल्पविघातद्वारकानैश्वर्यप्रसङ्गाद् इत्येक एवेश्वरः । तदिच्छया कर्माणि कार्येषु प्रवर्त्तन्ते इत्युपपन्नः सर्गः । तदिच्छाप्रतिबन्धात् स्तिमितशक्तीनि कर्माण्युदासते इत्युपपन्नः प्रलयः । एवं च यदुक्तम्——

तस्मादद्यवदेवात्र सर्गप्रलयकल्पना ।
समस्तक्षयजन्मभ्यां न सिद्धयत्यप्रमाणिका ॥[श्लो०वा० सम्बन्ध० ११३]

इत्येतदपि न सांप्रतम् ।

201. એટલે જ એક ઈશ્વર ઇચ્છવામાં આવ્યો છે, બે કે વધુ ઈશ્વરો ઇચ્છવામાં આવ્યા નથી કારણ કે [બે કે વધુ ઈશ્વરો માનતાં] તેમના ભિન્ન ભિન્ન અભિપ્રાયોને લીધે લોકાનુગ્રહની હાનિનો દોષ આવી પડે. વળી, એકબીજાની ઇચ્છાઓમાં વિસંવાદ સંભવતો હોઈ વિસંવાદને કારણે કોઈકની ઇચ્છાનો વિઘાત થાય અને પરિણામે તે સંકલ્પવિઘાત દ્વારા અનૈશ્વર્યની આપત્તિ આવે. તેથી, ઈશ્વર એક જ છે. તેની ઇચ્છાથી કર્મો કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. એટલે આ રીતે સર્ગ ઘટે છે. તેની ઇચ્છારૂપ રુકાવટથી કુંઠિત થઈ ગયેલી શક્તિવાળાં કર્મો કાર્યો કરવામાંથી વિરમે છે એટલે આ રીતે પ્રલય ઘટે છે.

વળી કુમારિલે કહ્યું છે કે 'તેથી આજે અને અહીં જ ચાલી રહેલી ઉત્પત્તિ–નાશની પ્રક્રિયા જેવી જ સર્ગ અને પ્રલયની [અમારી] કલ્પના છે. બધાં જ કાર્યોનો નાશ અને બધાં જ કાર્યોની ઉત્પત્તિ દ્વારા કલ્પવામાં આવેલ સર્ગપ્રલય તર્કસંગત નથી અને એટલે તે ઘટતા નથી.' તેમની આ વાત બરાબર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

202 तिष्ठतु वा सर्गप्रलयकालः, अद्यत्वेऽपि यथोक्तनयेन तदिच्छामन्तरेण प्राणिनां कर्मविपाकानुपपत्तेरवश्यमीश्वरोऽभ्युपगन्तव्यः, इतरथा सर्वव्यवहारविप्रलोपः। तदुक्तम्—

अज्ञो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ।
ईश्वरप्रेरितो गच्छेत्स्वर्गं वा श्वभ्रमेव वेति ।। [महाभा० वन० ३०–२८]

202. સર્ગપ્રલયની વાત બાજુએ રહો. અત્યારે પણ ઉક્તપ્રકારે તેની (=ઈશ્વરની) ઇચ્છા વિના પ્રાણીઓનાં કર્મોનો વિપાક ઘટતો ન હોઈ ઈશ્વર માનવો જોઈએ, અન્યથા બધા વ્યવહારનો લોપ થશે. એટલે જ કહ્યું છે કે 'અજ્ઞાની જીવ પોતે પોતાને સુખ કે દુઃખ દેવા સમર્થ નથી. ઈશ્વરથી પ્રેરાયેલો તે સ્વર્ગે કે નરકે જાય.'

203 नन्वेवं तर्हि ईश्वरेच्छैव भवतु कर्त्री संहर्त्री च, किं कर्मभिः ? मैवम्, कर्मभिर्विना जगद्वैचित्र्यानुपपत्तेः । कर्मनैरपेक्ष्यपक्षेऽपि त्रयो दोषा दर्शिता एव—ईश्वरस्य निर्दयत्वं कर्मचोदनानर्थक्यमनिर्मोक्षप्रसङ्गश्चेति । तस्मात् कर्मणामेव नियोजने स्वातन्त्र्यमीश्वरस्य, न तन्निरपेक्षम् । किं तादृशैश्वर्येण प्रयोजनमिति चेत्, न, न प्रयोजनानुवर्ति प्रमाणं भवितुमर्हति। किं वा भगवतः कर्मापेक्षिणोऽपि न प्रभुत्वमित्यलं कुतर्कलवलिप्तमुखनास्तिकालापपरिमर्देन ।

तस्मात्कुतार्किकोद्गीतदूषणाभासवारणात् ।
सिद्धस्त्रैलोक्यनिर्माणनिपुणः परमेश्वरः ।।
ये त्वीश्वरं निरपवाददृढप्रमाण-
सिद्धस्वरूपमपि नाभ्युपयन्ति मूढाः ।
पापाय तैः सह कथाऽपि वितन्यमाना
जायेत नूनमिति युक्तमतो विरन्तुम् ।
यस्येच्छयैव भुवनानि समुद्भवन्ति
तिष्ठन्ति यान्ति च पुनर्विलयं युगान्ते ।
तस्मै समस्तफलभोगनिबन्धनाय ।
नित्यप्रबुद्धमुदिताय नमः शिवाय ।।

203 શંકા—જો એમ હોય તો ઈશ્વરેચ્છા જ સૃષ્ટિ ને પ્રલયનું કારણ બને છે; કર્મની તો પછી શી જરૂર રહે છે ?

નૈયાયિક—ના એવું નથી, કારણ કે કર્મો વિના જગતના વૈચિત્ર્યનો ખુલાસો થતો નથી. કર્મનિરપેક્ષ ઈશ્વરેચ્છાને જ સર્ગ આદિનું કારણ માનનારના પક્ષમાં આવતા ત્રણ દોષો અમે દર્શાવેલા છે જ. [આ ત્રણ દોષો છે—] (૧) ઈશ્વરની નિર્દયતા. [વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કારુણ્ય સર્ગ કરનારો ઈશ્વર નિર્દય જ ગણાય.] (૨) વેદની કર્મ કરવાની આજ્ઞાઓનું આનર્થક્ય. [ઈશ્વરની ઇચ્છાથી જ—કર્મ કર્યા વિના—શુભાશુભફલભોગ સંભવતો હોય તો વેદની કર્માનુષ્ઠાન માટેની આજ્ઞાઓનો કોઈ અર્થ રહે નહિ.] (૩) મોક્ષ જેવું કંઈ રહે નહિ. [મુક્તોને પણ ઈશ્વરેચ્છાથી પુનઃ સંસારમાં પ્રવેશવું પડે, એટલે મોક્ષ અસંભવ બની જાય.] તેથી, કર્મોને પોતાનાં ફળ સાથે જોડવામાં જ ઈશ્વરનું સ્વાતંત્ર્ય છે, કર્મ-નિરપેક્ષ [ફળ આપવા રૂપ] એ સ્વાતંત્ર્ય નથી.

શંકા—એવા ઐશ્વર્યનું પ્રયોજન શું ?

નૈયાયિક—[આ પ્રશ્ન ઉચિત નથી] કારણ કે પ્રયોજનોને અનુસરી વર્તવું [પ્રયોજનોને અનુસરી વસ્તુના અસ્તિત્વની સ્થાપના કરવી] પ્રમાણને ઘટતું નથી. [વસ્તુનું અસ્તિત્વ હોય તો પછી તેનું પ્રયોજન હોય કે ન હોય પ્રમાણ તો તેના અસ્તિત્વને સ્થાપે છે જ. પ્રમાણ પ્રયોજનને અધીન રહી વર્તતું નથી.] અથવા, કર્મોની અપેક્ષા રાખનાર ઈશ્વરનું પ્રભુત્વ નથી શું ? (છે જ.) એટલે તુચ્છ કુતર્કથી ખરડાયેલા મુખવાળા નાસ્તિકોના બડબડાટનો પ્રતિષેધ કરવાની કોઈ જરૂર નથી. નિષ્કર્ષ એ કે કુતાર્કિકોએ જણાવેલા દૂષણાભાસોને દૂર કરવાથી ત્રણેય લોકના નિર્માણમાં નિપુણ પરમેશ્વર સિદ્ધ થયો. નિર્દોષ સબળ પ્રમાણથી સિદ્ધ સ્વરૂપવાળા ઈશ્વરને જે મૂઢો સ્વીકારતા નથી તેમની સાથે ચર્ચા કરવી એય ખરેખર પાપ છે, એટલે તેમાંથી વિરમવું ઉચિત છે. જેની ઇચ્છાથી જ ભુવનો સમ્યક્પણે ઉત્પન્ન થાય છે, સ્થિતિ પામે છે અને યુગાન્તે વળી પાછા લય પામે છે તે, સમસ્ત ફલભોગના હેતુભૂત, નિત્ય પ્રબુદ્ધ તેમ જ નિત્ય આનંદિત શિવને નમસ્કાર.

204. ननु त्रैलोक्यनिर्माणनिपुणे परमेश्वरे ।
सिद्धेऽपि तत्प्रणीतत्वं न वेदस्यावकल्पते ॥
पदे शब्दार्थसम्बन्धे वेदस्य रचनासु वा ।
कर्तृत्वमस्याशङ्क्येत तच्च सर्वत्र दुर्वचम् ।
वर्णराशिः क्रमव्यक्तः पदमित्यभिधीयते ॥
वर्णानां चाविनाशित्वात्कथमीश्वरकार्यता ।
सम्बन्धोऽपि न तत्कार्यः स हि शक्तिस्वभावकः ॥
शब्दे वाचकशक्तिश्च नित्यैवाग्नाविवोष्णता ।
रचना अपि वैदिक्यो नैताः पुरुषनिर्मिताः ॥
कविप्रणीतकाव्यादिरचनाभ्यो विलक्षणाः ।
एवं च वेदे स्वातन्त्र्यमीश्वरस्य न कुत्रचित् ॥
कामं तु पर्वतानेष विदधातु भिनत्तु वा ।
स्वतःप्रामाण्यसिद्धौ तु वेदे वक्त्रनपेक्षताम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वदामो न तु सर्वत्र पुरुषद्वेषिणो वयम् ।
अनपेक्षत्वमेवातो वेदप्रामाण्यकारणम् ॥
युक्तं वक्तापि वेदस्य कुर्वन्नपि करोतु किम् ।

**204.** મીમાંસક—ત્રણેય લોકના નિર્માણમાં નિપુણ પરમેશ્વર સિદ્ધ થવા છતાંય તેનું વેદકર્તૃત્વ ઘટતું નથી. વેદના પદમાં, શબ્દ-અર્થસંબંધમાં કે રચનાઓમાં તેના જે કર્તૃત્વની સંભાવના માનવામાં આવે છે તે કર્તૃત્વ [કેવળ વેદના પદ, શબ્દ-અર્થસંબંધ કે રચના બાબત જ નહિ પણ) સર્વત્ર (= બધાં જ પદ, શબ્દ-અર્થસંબંધ કે રચનાની બાબતમાં] દુર્વચ છે. ક્રમથી વ્યક્ત થતી વર્ણરાશિ પદ છે એમ કહેવાય છે. અને વર્ણો અવિનાશી હોઈને તેઓ ઈશ્વરજન્ય ક્યાંથી હોય ? શબ્દ-અર્થસંબંધ પણ ઈશ્વરજન્ય નથી કારણ કે શબ્દ-અર્થસંબંધ શકિતસ્વભાવ છે અને જેમ અગ્નિમાં ઉષ્ણતા નિત્ય છે તેમ શબ્દમાં વાચકશકિત નિત્ય છે. આ વૈદિકી રચનાઓ પણ ઈશ્વરનિર્મિત નથી, (કારણ કે) તેઓ કવિપ્રણીત કાવ્ય આદિ રચનાઓથી વિલક્ષણ છે. આમ વેદની બાબતમાં ઈશ્વરનું કંઈ જ સ્વાતંત્ર્ય નથી (અર્થાત્ તે વેદનો કર્તા નથી), ભલે એ પર્વતોનું સર્જન કરે કે વિનાશ કરે. જ્ઞાનનું પ્રમાણ્ય સ્વતઃ છે એ પુરવાર કરતી વખતે અમે કહીએ છીએ કે વેદને કોઈ વક્તાની અપેક્ષા નથી (અર્થાત્ વેદનો કોઈ કર્તા નથી, વેદ અપૌરુષેય છે); એનો અર્થ એ નથી કે અમે સર્વત્ર ઈશ્વરનો દ્વેષ કરીએ છીએ. એટલે વેદના પ્રામાણ્યનું કારણ વક્તૃનિરપેક્ષતા (=અપૌરુષેયતા) ઉચિત છે. વક્તા (=ઈશ્વર) પણ વેદને કરતો છતો શું કરે ? [કંઈ નહિ, કારણ કે જેઓ વેદના કર્તા (=વક્તા) તરીકે ઈશ્વરને સ્વીકારે છે તેઓ વેદના પ્રામાણ્યને સ્થાપવા તેમ કરે છે જ્યારે અમે તો વેદનું પ્રામાણ્ય સ્વતઃ છે એમ પુરવાર કર્યું છે, એટલે હવે વેદના વક્તાની (=કર્તાની) કોઈ જરૂર જ ક્યાં રહે છે.]

**205.** कथं पुनरमी वर्णाः श्रुतमात्रतिरोहिताः ॥
नित्या भवन्तु कोऽयं वा शब्दस्वातन्त्र्यदोहदः ॥

उच्यते —

शब्दस्य न ह्यनित्यत्वे युक्तिः स्फुरति काचन ।
प्रत्यक्षमर्थापत्तिश्च नित्यतां त्वधिगच्छतः ॥

**205.** નૈયાયિક-વળી, સાંભળતાં જ તિરોહિત થઈ જતા આ વર્ણો નિત્ય કેમ હોય ? અથવા, શબ્દના સ્વાતંત્ર્ય માટેની (અર્થાત્ વેદની વક્તૃનિરપેક્ષતા માટેની યા શબ્દની નિત્યતા માટેની) આ કામના તે કેવી ?

મીમાંસક—આનો જવાબ આપીએ છીએ. શબ્દના અનિત્યત્વને સિદ્ધ કરવા માટેની કોઈ યુક્તિ (=તર્ક) સ્ફુરતી નથી. પ્રત્યક્ષ અને અર્થાપત્તિ તેની નિત્યતાને ગ્રહણ કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

206 तथाहि—अनित्यत्वहेतव इमे किल कथ्यन्ते (१) प्रयत्नानन्तरमुपलब्धेः कार्यः शब्द इति । कार्यत्वानित्यत्वयोः परस्पराविनाभावादेकतरसिद्धावन्यतरसिद्धिर्भवत्येवेति कचित्किञ्चित्साधनमुच्यते — प्रयत्नप्रेरितकौष्ठ्यमारुतसंयोगविभागानन्तरमुपलभ्यमानः शब्दस्तत्कार्यः एवेति गम्यते । (२) उच्चारणादूर्ध्वमनुपलब्धेः अनित्यः शब्दः । न ह्येनमुच्चरितं मुहूर्तमप्युपलभामहे । तस्माद्विनष्ट इत्यवगच्छामः । (३) करोतिशब्दव्यपदेशाच्च कार्यः शब्दः । शब्दं कुरु शब्दं मा कार्षीरिति व्यवहर्तारः प्रयुञ्जते । ते नूनमवगच्छन्ति कार्यः शब्द इति । (४) नानादेशेषु च युगपदुपलम्भात्, तेषु तेषु देशेषु शब्देन व्यवहारात् सर्वत्र युगपदुपलभ्यते शब्दः । तदेकस्य नित्यस्य सतोऽनुपपन्नम् । कार्यत्वे तु बहूनां नानादेशेषु क्रियमाणानामुपपद्यतेऽनेकदेशसम्बन्ध इति । (५) शब्दान्तरविकार्यत्वाच्च अनित्यः शब्दः । दध्यत्रेति इकार एव यकारीभवतीति सादृश्यात् स्मृतेश्चावगम्यते । विकार्यत्वाच्च द्राक्षेक्षुरसादिवदनित्यत्वमस्येति । (६) कारणवृद्ध्या च वर्धमानत्वात । बहुभिर्महाप्रयत्नैरुच्चार्यमाणो महान् गोशब्द उपलभ्यते, अल्पैरल्पप्रयत्नैरुच्चार्यमाणोऽल्प इत्येतच्च तन्तुवृद्ध्या वर्धमानः पटः इव शब्दोऽपि हेतुवृद्ध्या वर्धमानः कार्यो भवितुमर्हतीति ।

206. શબ્દાનિત્યતાના સાધક હેતુઓ આ કહેવાય છે : (૧) પ્રયત્ન કર્યા પછી તરત જ શબ્દની ઉપલબ્ધિ થતી હોઈ શબ્દ કાર્ય છે. કાર્યત્વ અને અનિત્યત્વ પરસ્પર અવિનાભાવી હોઈ એક (=કાર્યત્વ) સિદ્ધ થતાં બીજાની (=અનિત્યત્વની) સિદ્ધિ થઈ જાય છે જ. એટલે કોઈ કોઈ વાર અનિત્યત્વસાધક હેતુ આ પ્રમાણે આપવામાં આવે છે–પ્રયત્નથી પ્રેરાયેલા કોઠામાંના વાયુના [હૃદય, કંઠ, તાલુ વગેરે સાથે] સંયોગવિભાગ પછી તરત જ ઉપલબ્ધ થતો શબ્દ તે સંયોગવિભાગનું કાર્ય જ છે એવું જ્ઞાત થાય છે. (૨) ઉચ્ચારણ પછી શબ્દ ઉપલબ્ધ થતો નથી તેથી તે અનિત્ય છે. ઉચ્ચારાયેલા શબ્દને [ઉચ્ચારણકાળ પછી] એક મુહૂર્તમાત્ર પણ આપણે સાંભળતા નથી. તેથી તે નાશ પામી ગયો છે એમ આપણને નિશ્ચય થાય છે. (૩) 'કરે છે' શબ્દોને શબ્દની બાબતમાં પ્રયોજવામાં આવે છે તેથી શબ્દ કાર્ય છે 'શબ્દ કરો' 'શબ્દ કરશો નહિ' એમ વક્તાઓ પ્રયોગ કરે છે. શબ્દ ખરેખર કાર્ય છે એમ તે પ્રયોગો જણાવે છે. (૪) શબ્દ અનેક દેશોમાં યુગપદ્ ઉપલબ્ધ થતો હોઈ [તે કાર્ય છે.] તે તે દેશોમાં શબ્દ વડે વ્યવહાર થતો હોઈ શબ્દ સર્વત્ર યુગપદ્ ઉપલબ્ધ થાય છે. શબ્દ એક અને નિત્ય હોય તો તે (=અનેક દેશોમાં શબ્દની યુગપદ્ ઉપલબ્ધિ) ઘટે નહિ. શબ્દ કાર્ય હોય તો અનેક દેશોમાં ઉત્પન્ન કરાતા અનેક શબ્દોનો તે અનેક દેશો સાથે સંબંધ ઘટી શકે છે. (૫) શબ્દ શબ્દાન્તરમાં પરિણત થતો હોઈ અનિત્ય છે. 'દધ્યત્ર'માં ઇકાર જ યકારમાં પરિવર્તિત થઈ જાય છે એ હકીકત તે બંને વચ્ચેના [તાલવ્યત્વરૂપ] સાદૃશ્ય દ્વારા તેમ જ વ્યાકરણસ્મૃતિ [=इको यणचि પાણિનિસૂત્ર] દ્વારા જ્ઞાત થાય છે. દ્રાક્ષારસ, ઈક્ષુરસ વગેરેની જેમ શબ્દ વિકારી હોઈ અનિત્ય છે. (૬)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ કાર્ય છે કારણ કે કારણની વૃદ્ધિ વડે શબ્દની વૃદ્ધિ થાય છે. ઘણા મહાપ્રયત્નો વડે ઉચ્ચારાતો ગોશબ્દ મોટો ઉપલબ્ધ થાય છે જ્યારે થોડા અલ્પ પ્રયત્નો વડે ઉચ્ચારાતો ગોશબ્દ અલ્પ ઉપલબ્ધ થાય છે. તેથી, તન્તુની વૃદ્ધિથી વધતા પટની જેમ હેતુની વૃદ્ધિથી વધતો શબ્દ કાર્ય હોવો ઘટે છે.

207. त एते सर्वे एवाप्रयोजका हेतवः । तथाहि—प्रत्यभिज्ञातः सिद्धे नित्यत्वे प्रयत्नानन्तरमुपलम्भादभिव्यक्तिः प्रयत्नकार्या शब्दस्य, नोत्पत्तिरिति गम्यते । तदेवं व्यङ्ग्येऽपि प्रयत्नानन्तरमुपलम्भसम्भवादनैकान्तिकत्वम् । अभिव्यञ्जकानां च पवनसंयोगविभागानामचिरस्थायित्वान्न चिरमुच्चारणादूर्ध्वमुपलभ्यते शब्दः । प्रयोगाभिप्रायश्च करोतिशब्दव्यपदेशोऽस्य भविष्यति, गोमयानि कुरु काष्ठानि कुर्विति-वत्, तस्मात्सोऽपि नैकान्तिकः । नानादेशेषु युगपदुपलम्भनमेकस्य स्थिरस्यापि शब्दस्य विवस्वत इव सेत्स्यति ।

207. આ બધાય હેતુઓ અપ્રયોજક છે અર્થાત્ સાધ્યસાધક નથી. જ્યારે પ્રત્યભિજ્ઞા દ્વારા શબ્દનું નિત્યત્વ સિદ્ધ છે ત્યારે શબ્દ પ્રયત્ન પછી તરત ઉપલબ્ધ થતો હોવાથી પ્રયત્નનું કાર્ય શબ્દોત્પત્તિ નહિ પણ શબ્દાભિવ્યક્તિ છે એમ જ્ઞાત થાય છે. આમ શબ્દ વ્યંગ્ય હોય ત્યારે પણ પ્રયત્ન પછી તરત શબ્દની ઉપલબ્ધિ સંભવતી હોવાથી [શબ્દનું અનિત્યત્વ પુરવાર કરવા આપવામાં આવેલો 'પ્રયત્ન પછી તરત ઉપલબ્ધ થતો હોવાથી' હેતુ] અનૈકાન્તિક દોષથી દૂષિત છે. પવન, સંયોગ, વિભાગ એ અભિવ્યંજકો અચિરસ્થાયી હોવાથી શબ્દ લાંબા વખત સુધી અર્થાત્ ઉચ્ચારણ પછી ઉપલબ્ધ થતો નથી. જેમ 'છાણાં કર' 'લાકડાં કર' એમ બોલનારનો અભિપ્રાય 'છાણાંને સંસ્કાર કર' 'લાકડાંને સંસ્કાર કર' એવો હોય છે તેમ શબ્દની બાબતમાં જ્યારે 'કરવું' શબ્દ વાપરવામાં આવે છે [અર્થાત્ 'શબ્દ કર' 'શબ્દ ન કર' ઇત્યાદિ કહેવામાં આવે છે] ત્યારે ત્યાં બોલનારનો અભિપ્રાય 'શબ્દપ્રયોગ કર' કે 'શબ્દપ્રયોગ ન કર' એવો હોય છે. તેથી [શબ્દનું અનિત્યત્વ પુરવાર કરવા આપવામાં આવેલો શબ્દની બાબતમાં ''શબ્દ કરે છે' એવો શબ્દપ્રયોગ થતો હોવાથી'] એ હેતુ પણ અનૈકાન્તિક છે. વળી સૂર્યની જેમ એક અને નિત્ય શબ્દના પણ અનેક દેશોમાં યુગપદ્ ઉપલબ્ધિ ઘટે છે.

208. विकारत्वं त्वसिद्धमेव, शब्दान्तरत्वात् । दधिशब्द इकारान्तः संहिताव्यतिरिक्तविषयवृत्तिः । यकारस्त्वयमन्य एवाचि परतः संहिताविषये प्रयुज्यमानः । न पुनरिकार एवायं यकारीभूतः क्षीरमिव दधिभूतमुपलभ्यते । न हीचुयशास्तालव्या इति स्थानसादृश्यमात्रेण तद्विकारत्ववर्णनमुचितम् , अप्रकृतिविकारयोरपि नयनोत्पलपल्लवयोः सादृश्यदर्शनात् । इको यणचीति पाणिनिस्मृतेरपि नायमर्थः इकारो यकारीभवति क्षीरमिव दधीभवतीति, किन्त्वस्मिन्विषयेऽयं वर्णः प्रयोक्तव्योऽस्मिन्नयमिति सूत्रार्थः । सिद्धे शब्देऽर्थे सम्बन्धे च तच्छास्त्रं प्रवृत्तमिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपि च क्षीरं दधित्वमुपैति, न तु दधि क्षीरताम् । इह तु यकारोऽपि क्वचिदिकारतामुपैति–विध्यतीति संप्रसारणे सति । तस्मादसिद्ध एव वर्णानां प्रकृतिविकारभावः । नापि कारणवृद्धया वर्धते शब्दः । बलवताऽप्युच्चार्यमाणानि बहुभिश्च तावन्त्येवाक्षराणि । ध्वनय एव तथा तत्र प्रवृद्धा उपलभ्यन्ते न वर्णा इति ।

208. ('इ'નું 'य'માં) વિકાર પામવું અસિદ્ધ છે કારણ કે ('य' 'इ'નો વિકાર નથી પરંતુ) જુદો જ શબ્દ છે. સંધિનો વિષય બન્યા વિના અસ્તિત્વ ધરાવતો 'દધિ'શબ્દ ઇકારાન્ત છે. યકાર તો (ઇકારથી) અન્ય જ છે; ઇ પછી અ આવતાં સંધિમાં ઇના સ્થાને ય પ્રયોજાય છે. જેમ દૂધ દહીંમાં પરિવર્તન પામતું જણાય છે તેમ આ ઇકાર જ યકારમાં પરિવર્તન પામતો નથી. ઇ, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ય્ અને શ્ વર્ણો તાલવ્ય છે એટલે સ્થાન સાદૃશ્યમાત્રને આધારે તેમનું એકબીજામાં પરિણમન વર્ણવવું ઉચિત નથી. કારણ (=પ્રકૃતિ) અને કાર્ય (=વિકાર) તરીકેનો સંબંધ જેમની વચ્ચે નથી એ નયન અને કમલપાંખડી વચ્ચે પણ સાદૃશ્ય તો દેખાય છે. 'इको यणचि' એ પાણિનિસૂત્રનો પણ આવો અર્થ નથી કે જેમ દૂધ દહીંમાં પરિણત થાય છે તેમ ઇકાર યકારમાં પરિણત થાય છે, પરંતુ એનો અર્થ તો એ છે કે આ સંધિના વિષયમાં આ વર્ણ પ્રયોજવો જોઈએ અને આ સંધિના વિષયમાં આ વર્ણ પ્રયોજવો જોઈએ. તે (વ્યાકરણ)શાસ્ત્ર તો સિદ્ધ અર્થાત્ નિત્ય શબ્દ, અર્થ અને શબ્દ-અર્થ સંબંધમાં પ્રવૃત્ત થયેલ છે. વળી, દૂધ દહીંમાં પરિવર્નન પામે છે, દહીં દૂધમાં પરિવર્તન પામતું નથી. પરંતુ અહીં તો યકાર પણ કેટલીક વાર ઇકારત્વને પામે છે. જ્યારે જ્યારે સંપ્રસારણની ઘટના બને છે ત્યારે આવું બને છે, જેમકે 'व्यध' ધાતુમાંથી 'विध्यति' રૂપ આપણને મળે છે. તેથી વર્ણોમાં કાર્યકારણભાવ (=પ્રકૃતિવિકારભાવ) સિદ્ધ થતો જ નથી.

વળી, કારણની વૃદ્ધિથી શબ્દની વૃદ્ધિ થતી નથી. બળવાન વડે ઉચ્ચારાતા તેમ જ ઘણાઓ વડે ઉચ્ચારાતા અક્ષરો તો તેટલા જ રહે છે, કેવળ ધ્વનિઓની જ ત્યાં વૃદ્ધિ થયેલી જણાય છે — વર્ણોની નહિ.

209. तस्मादनित्यतासिद्धिर्नैवंप्रायैरसाधनैः ।
शब्दस्य नित्यतायां तु सैषाऽर्थापत्तिरिष्यते ॥
शब्दस्योच्चारणं तावदर्थगत्यर्थमिष्यते ।
न चोच्चारितनष्टोऽयमर्थं गमयितुं क्षमः ॥
सर्वेषामविवादोऽत्र शब्दार्थव्यवहारिणाम् ।
यदविज्ञातसम्बन्धः शब्दो नार्थस्य वाचकः ॥
वेद्यमानः स सम्बन्धः स्थविरव्यवहारतः ।
द्राघीयसा न कालेन विना शक्येत वेदितुम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा हि 'गां शुक्लामानय' इत्येकवृद्धप्रयुक्तशब्दश्रवणे सति चेष्टमानमितरं वृद्धमवलोकयन् बालस्तटस्थः तस्यार्थप्रतीतिं तावत्कल्पयति, आत्मनि तत्पूर्विकायाश्चेष्टाया दृष्टत्वात् । प्रमाणान्तरासन्निधानादेतद्वृद्धप्रयुक्तशब्दसमनन्तरं च प्रवृत्तेः तत एव शब्दात्किमप्यनेन प्रतिपन्नमिति मन्यते । ततः क्षणान्तरे तमर्थं तेन वृद्धेनानीयमानमुपलभमान एवं बुध्यते – अयमर्थोऽमुतः शब्दादनेनावगत इति । स चार्थोऽनेकगुणक्रियाजातिव्यक्त्यादिरूपसंकुल उपलभ्यते । शब्दोऽप्यनेकपदकदम्बकात्मा श्रुतः । तत्कतमस्य वाक्यांशस्य कतमोऽर्थांशो वाच्य इत्यावापोद्वापप्रयोगेन बहुकृत्वः शृण्वन् गुणक्रियादिपरिहारेण गोत्वसामान्यमस्मन्मते त्वन्मते वा तद्वन्मात्रं गोशब्दस्याभिधेयं निर्धारयतीति ।

एवं दीर्घाध्वसापेक्षसंबन्धाधिगमावधि ।
शब्दस्य जीवितं सिद्धमिति नाशुविनाशिता ॥

209. તેથી આવા અહેતુઓ શબ્દની અનિત્યતા પુરવાર કરતા નથી. પરંતુ શબ્દની નિત્યતા પુરવાર કરવા પેલી અર્થાપત્તિને અમે સ્વીકારીએ છીએ. અર્થને જાણવા માટે શબ્દનું ઉચ્ચારણ ઇચ્છવામાં આવે છે. હવે જો ઉચ્ચાર્યા પછી શબ્દ તરત જ નાશ પામી જતો હોય તો તે અર્થનું જ્ઞાન કરાવી શકે નહિ. [કેમ ?] અહીં શબ્દ દ્વારા અર્થનો બોધ કરાવનારાઓ બધા જ નિર્વિવાદ સ્વીકારે છે કે જે શબ્દનો તેના અર્થ સાથેનો સંબંધ જ્ઞાત નથી તે શબ્દ અર્થનો વાચક નથી. તે સંબંધનું જ્ઞાન વડીલ જનોના વ્યવહાર દ્વારા થતું હોઈ તે સંબંધને લાંબા કાળ વિના જાણવો શક્ય નથી. આને સમજાવીએ છીએ. 'શુકલ ગાયને લાવો' એમ એક વડીલે બોલેલા શબ્દો સાંભળીને તરત જ શરીરચેષ્ટા કરતા બીજા વડીલને જોતો તટસ્થ બાળક તે શબ્દોના અર્થની [બીજા વડીલને થયેલ] પ્રતીતિની કલ્પના કરે છે, કારણ કે પોતાની બાબતમાં પણ જ્ઞાનપૂર્વક શરીરચેષ્ટાનો તેને અનુભવ છે. વળી બીજું કોઈ પ્રમાણ શરીરચેષ્ટાની સન્નિધિમાં અર્થાત્ અનન્તર પૂર્વે નથી અને વડીલે બોલેલા શબ્દો પછી તરત જ પ્રવૃત્તિ થઇ છે એટલે પેલા શબ્દમાંથી જ કંઈક એણે જાણ્યું છે એમ તે માને છે. પછી ક્ષણાન્તરે તે વડીલને પેલો અર્થ (=વસ્તુ) લાવતો દેખતાં તે સમજી જાય છે કે આ અર્થને આ શબ્દમાંથી તેણે જાણ્યો હશે અને તે અર્થ તો અનેક ગુણ, ક્રિયા, જાતિ, વ્યક્તિ વગેરે રૂપોથી ખચિત જણાય છે વાક્ય પણ અનેક પદોના સમુચ્ચયવાળું સંભળાય છે. તેથી કયા વાક્યાંશનો કયો વાચ્યાર્થ એ પ્રશ્ન તેને ઊઠે છે. પછી આવાપ (અમુક વાક્યાંશની પુનરુક્તિ) અને ઉદ્વાપ (અમુક વાક્યાંશની અપુનરુક્તિ) સાથે વાક્યને વરંવાર સાંભળતાં ગુણ, ક્રિયા, વગેરેના પરિહાર દ્વારા અમારા મતે ગોત્વ–સામાન્યનો અને તમારા મીમાંસકોના મતે જાતિવિશિષ્ટ વ્યક્તિ માત્રનો 'ગો' શબ્દના વાચ્યાર્થ તરીકે તે નિર્ણય કરે છે. આમ શબ્દાર્થસંબંધનું જ્ઞાન થવા માટે જરૂરી દીર્ઘ કાળની અવધિ જેટલું લાંબુ આયુષ્ય શબ્દનું પુરવાર થયું. તેથી શબ્દ ક્ષણિક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

210. भवतु वा विनश्वरस्यापि शब्दस्य सम्बन्धग्रहणम्, तथाऽपि तस्मिन् गृहीतसम्बन्धे शब्दे विनष्टे सति कथमनवगतसम्बन्धादभिनवादिदानीमन्यस्माच्छब्दादर्थप्रतिपत्तिः ।

अन्यस्मिन् ज्ञातसम्बन्धे यद्यन्यो वाचको भवेत् ।
वाचकाः सर्वशब्दाः स्युरेकस्मिन् ज्ञातसंगतौ ॥

न च वक्ता व्यवहरमाणः तदैव शब्दं चोच्चारयति सम्बन्धं करोति चैतं च व्युत्पादयति परं च व्यवहारयतीति । न हि युगपदिमाः क्रियाः भवितुमर्हन्ति, एवमदर्शनात् ।

210. શબ્દ વિનશ્વર હોય તો પણ તેનો અર્થ સાથે સંબંધ ગૃહીત થાય છે એમ માની લઈએ. તેમ છતાં જેનો સંબંધ ગૃહીત થયો હોય છે તે શબ્દ જયારે નાશ પામી જાય છે ત્યારે જે શબ્દનો સંબંધ જ્ઞાત નથી તેવા બીજા નવા શબ્દમાંથી હવે અર્થનું જ્ઞાન કેવી રીતે થશે ? જો એક શબ્દ જ્ઞાતસંબંધ હોવાને કારણે [જે જ્ઞાતસંબંધ નથી એવો] બીજો શબ્દ વાચક બનતો હોય તો એક શબ્દ જ્ઞાતસંબંધ હોવાને કારણે બધા શબ્દો વાચક બની જાય. વળી, શબ્દનો પ્રયોગ કરતો વક્તા એક જ વખતે શબ્દ ઉચ્ચારે, સંબંધ સ્થાપે, અર્થ જણાવે અને શબ્દનો ઠીક પ્રયોગ કરવાનું શિખવે એમ માનવું બરાબર નથી. આ બધી ક્રિયાઓ યુગપદ્ બને એ ઘટતું નથી, કારણ કે એવું આપણે જોયું નથી.

211. अथादौ सम्बन्धग्रहणे वृत्ते तस्मिन्विनष्टेऽपि गोशब्दे, तत्सदृशमभिनवकृतमपि शब्दमुपश्रुत्यार्थं प्रतिपत्स्यन्ते व्यवहर्तार इत्युच्यते । तदपि न चतुरस्रम्, सादृश्यस्याग्रहणात् । न हि गोशब्द इवायमिति प्रतीतिर्दृष्टा, अपि तु गोशब्दः एवेति । न च भूयोऽवयवसामान्ययोगरूपं सादृश्यं वर्णानामनवयवानामुपपद्यते । अभिनवस्य शब्दस्य स्वयमर्थवत्ताऽनवधारणात् 'कथमयममुतः श्रोता प्रतिपद्येत' इति शङ्कमानो वक्ता कथं प्रयोगं कुर्यात् ?

211. નૈયાયિક–પહેલા જેની બાબતમાં સંબંધનું ગ્રહણ થયું હતું તે ગોશબ્દ નાશ પામી ગયો હોવા છતાં તે ગોશબ્દના જેવો બીજો નવો કરાયેલો ગોશબ્દ સાંભળીને, વ્યવહાર કરનારા અર્થને જાણે છે.

મીમાંસક–તે પણ બરાબર નથી, કારણ કે સાદૃશ્યનું જ્ઞાન જ થતું નથી. 'પેલા ગોશબ્દના સદૃશ આ (ગોશબ્દ) છે' એવી પ્રતીતિ થતી નથી પરંતુ '(આ) ગોશબ્દ જ છે' એવી પ્રતીતિ થાય છે. ઘણા બધા અવયવોનો બંનેમાં સમાનપણે યોગ હોવારૂપ સાદૃશ્ય નિરવયવ વર્ણોમાં ઘટતું નથી. અભિનવ શબ્દના અર્થનો વક્તાને પોતાને જ નિશ્ચય ન હોવાને કારણે 'શ્રોતા આ શબ્દમાંથી આ અર્થ કેવી રીતે જાણશે' એવી શંકા ધરાવતો તે વક્તા શબ્દનો પ્રયોગ શા માટે કરે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

212. अथ सोऽप्यर्थवत्सदृशमेव प्रयुङ्क्ते, नार्थवन्तम्, तर्हि यत्सदृशमसौ प्रयुङ्क्ते तस्याप्यन्यसादृश्यादेवार्थवत्तेति जगत्सर्गकालकृतस्य मूलभूतस्यार्थवतः शब्दस्य स्मरणं स्यात्, तन्मूलत्वाद् व्यवहारस्य, न चैवमस्ति ; न च ततःप्रभृत्यद्ययावत्सादृश्यमनुवर्तते तत्सदृशकल्पनायां मूलसादृश्यविनाशात्, विशेषतस्तु शब्दानाम् ।

भिन्नैर्वक्तृमुखस्थानप्रयत्नकरणादिभिः ।
न निर्वहति सादृश्यं शब्दानां दूरवर्तिनाम् ॥
सादृश्यजनितत्वे च मिथ्यैवार्थगतिर्भवेत् ।
धूमानुकारिनीहारजन्यज्वलनबुद्धिवत् ॥

तस्मात्सादृश्यनिबन्धनार्थप्रतीत्यनुपपत्तेः गोशब्द एव स्थायीत्यभ्युपगमनीयम् ।

212. નૈયાયિક—વક્તા પણ અર્થવાળા શબ્દના સદૃશ શબ્દને જ પ્રયોજે છે, અર્થવાળા શબ્દને પ્રયોજતો નથી.

મીમાંસક—[એમ હોય] તો જે શબ્દના સદૃશ શબ્દને વક્તા પ્રયોજે છે તે શબ્દ પણ અન્ય શબ્દને સદૃશ હોવાને કારણે અર્થવાળો બને અને એ રીતે જગતની સૃષ્ટિ વખતે કરાયેલા અર્થવાળા મૂળભૂત શબ્દનું સ્મરણ થાય, કારણ કે વ્યવહારનું મૂળ તે છે. [તે મૂળભૂત શબ્દના સદૃશ શબ્દનો પ્રયોગ જ ખરો હોઈ તે મૂળભૂત શબ્દનું સ્મરણ શબ્દનો પ્રયોગ કરનારને થવું જરૂરી છે.] પરંતુ એવું તો છે નહિ. વળી, ત્યારથી માંડી આજ સુધી સાદૃશ્ય ટકી ન રહે, કારણ કે તે પૂર્વવર્તીની સદૃશ તે તે ઉત્તરવર્તી છે એમ સાદૃશ્ય પરંપરા કલ્પીએ તો મૂલસાદૃશ્યનો વિનાશ થઈ જાય છે—ખાસ કરીને શબ્દોની બાબતમાં. વક્તાઓનાં મુખો, સ્થાનો (તાલુ વગેરે), પ્રયત્નો (ઈષત્સ્પૃષ્ટતા વગેરે) અને કરણો (જિહ્વામૂલ વગેરે) ભિન્ન ભિન્ન હોઈ, એકબીજાથી ખૂબ દૂર પડી ગયેલા શબ્દોમાં સાદૃશ્ય રહેતું નથી. ધૂમસદૃશ નીહારથી જન્ય અગ્નિજ્ઞાનની જેમ સાદૃશ્યજનિત હોવાને કારણે અર્થજ્ઞાન (પણ) મિથ્યા જ હોય. નિષ્કર્ષ એ કે સાદૃશ્યજન્ય અર્થજ્ઞાન ઘટતું ન હોઈ, ગોશબ્દને જ સ્થાયી (=નિત્ય) સ્વીકારવો જોઈએ.

213. ननु यथा धूमव्यक्तिभेदेऽपि धूमत्वमतिमवलम्ब्य सम्बन्धग्रहणादिव्यवहारनिवहनिर्वहणमेवमिह गकारादिवर्णव्यक्तिभेदेऽपि सामान्यनिबन्धनस्तन्निर्वाहः करिष्यते इति ।

मैवं तत्र हि धूमत्वसामान्यं विद्यते ध्रुवम् ।
शब्दत्वं व्यभिचार्यत्र गोशब्दत्वं तु दुर्घटम् ॥
भिन्नैरयुगपत्कालैरसंसृष्टैर्विनश्वरैः ।
वर्णैर्घटयितुं शक्यो गोशब्दावयवी कथम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनारब्धे च गोशब्दे गोशब्दत्वं क्व वर्तताम् ।
पटत्वं नाम सामान्यं न हि तन्तुषु वर्तते ॥

213 નૈયાયિક–જેમ ધૂમવ્યક્તિઓ ભિન્ન ભિન્ન હોવા છતાં ધૂમત્વજ્ઞાનને અવલંબીને વ્યાપ્તિસંબંધનું ગ્રહણ વગેરે વ્યવહારોનો નિર્વાહ થાય છે તેમ અહીં ગ–કાર વગેરે વર્ણ–વ્યક્તિઓ ભિન્ન ભિન્ન હોવા છતાં સામાન્યને આધારે તેનો (=અર્થજ્ઞાનનો) નિર્વાહ કરાશે.

મીમાંસક–એવું નથી. ત્યાં તો ધૂમત્વસામાન્ય ખરે જ અસ્તિત્વ ધરાવે છે જ્યારે અહીં શબ્દત્વસામાન્ય વ્યભિચારી છે. [શબ્દત્વસામાન્ય બધા વર્ણોમાં રહેતું હોઈ નિયતાર્થની પ્રતિપત્તિનો અભાવ થાય. તેથી શબ્દત્વસામાન્યને વ્યભિચારી કહ્યું છે.] અને ગોશબ્દત્વ તો દુર્ઘટ છે. ભિન્ન, અસમકાલીન, અસંસૃષ્ટ અને વિનશ્વર વર્ણો વડે 'ગો' શબ્દાવયવી બનાવવો કેવી રીતે શક્ય બને ? જો ગોશબ્દ [આ રીતે વર્ણઅવયવોમાંથી] ઉત્પન્ન જ ન થતો હોય તો ગોશબ્દત્વ રહે ક્યાં ? [તે વર્ણોમાં ન રહે કારણ કે વર્ણો અનિત્ય છે; વળી] પટત્વ નામનું સામાન્ય કંઈ તંતુઓમાં રહેતું નથી.

214. ननु मा भूद् गोशब्दत्वं सामान्यं, भिन्नाकारगकारादिव्यक्तिवृत्तिभिरेव गत्वादिजातिभिः कार्यं पूर्वोक्तमुपपद्यते । एतदपि नास्ति, गत्वादिजातीनामनुपपत्तेः । भेदाभेदप्रत्ययप्रतिष्ठो हि व्यक्तिजातिप्रविभागव्यवहारः । इह चायमभेदप्रत्ययो वर्णैक्यनिबन्धन एव, न जातिकृतः । भेदप्रतिभासस्तु व्यञ्जकभेदाधीन इति कुतो जातिव्यक्तिव्यवहारः ?

214. નૈયાયિક — ભલે ગોશબ્દત્વ સામાન્ય ન હો; ભિન્ન ભિન્ન આકારવાળી ગકાર વગેરે વ્યક્તિઓમાં રહેતી ગત્વ વગેરે જાતિઓ દ્વારા પૂર્વોક્ત કાર્ય ઘટે છે.
મીમાંસક — આ જાતિઓ પણ નથી, કારણ કે ગત્વ વગેરે જાતિઓ ઘટતી નથી. ભેદજ્ઞાન અને અભેદજ્ઞાનને આધારે વ્યક્તિ અને જાતિનો વિભાગ થાય છે. અને અહીં અભેદજ્ઞાન તો વર્ણૈક્યને કારણે છે, જાતિને કારણે નથી. ભેદનું જ્ઞાન જે અહીં થાય છે તે તો વ્યંજકોના ભેદને અધીન છે. એટલે, જાતિ અને વ્યક્તિનો વ્યવહાર [વર્ણોની બાબતમાં] ક્યાંથી હોય ?

215. गोत्वादिजातिनिराकरणेऽप्येष प्रकारः समान इति चेत्, न, व्यक्तिभेदस्य सुस्पष्टसिद्धत्वेन व्यञ्जकाद्युपाधिनिबन्धनत्वानुपपत्तेः । परस्परविभक्तस्वरूपतया हि शाबलेयबाहुलेयपिण्डाः प्रत्यक्षमुपलभ्यन्ते । स्थिते च व्यक्तिभेदे सर्वत्र गौरिति तदभेदप्रत्ययस्यानन्यविषयत्वादिष्यते एव गोत्वजातिः । इह पुनः —

गकारव्यक्तयो भिन्नाः शाबलेयादिपिण्डवत् ।
क्व नाम भवता दृष्टा येनासां जातिमिच्छसि ? ॥
शिशौ पठति वृद्धे वा स्त्रीजने वा शुकेऽपि वा ।
वक्तृभेदं प्रपद्यन्ते न वर्णव्यक्तिभिन्नताम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा च गर्गः पठति, माठरः पठतीत्युच्चारयितृभेद एव प्रतीयते, अमुं गविशेषमेष पठतीति नोच्चार्यमाणभेदः ।

215. શંકા—ગોત્વ આદિ જાતિઓના નિરાકરણમાં દલીલોનો આ પ્રકાર સમાનપણે લાગુ પડે છે.

મીમાંસક–ના, કારણ કે વ્યક્તિભેદ સુસ્પષ્ટ સિદ્ધ હોવાને કારણે તે વ્યક્તિભેદ વ્યંજક વગેરે ઉપાધિઓને કારણે છે એ ઘટતું નથી. શાબલેય ગોવ્યક્તિ અને બાહુલેય ગોવ્યક્તિ પરસ્પર ભિન્ન સ્વરૂપે જ પ્રત્યક્ષ જ્ઞાત થાય છે. વ્યક્તિભેદ સિદ્ધ હોઈને સર્વત્ર 'ગૌ' એવું અભેદજ્ઞાન બીજા કોઈ વિષયનું હોવાથી ગોત્વજાતિ સ્વીકારવી જ પડે છે. જ્યારે અહીં શાબલેય વગેરે ગોવ્યક્તિઓની જેમ ગકાર વ્યક્તિઓને આપે ક્યારે જોઈ કે જેથી તેમની જાતિને તમે ઇચ્છો છો ? જ્યારે શિશુ બોલે, વૃદ્ધ જન બોલે, સ્ત્રી બોલે કે શુક બોલે ત્યારે વક્તાઓનો ભેદ થાય છે, વર્ણવ્યક્તિનો ભેદ થતો નથી. તેવી જ રીતે 'ગર્ગ બોલે છે', 'માઠર બોલે છે' એમ ઉચ્ચાર કરનારાઓનો ભેદ જ જણાય છે પરંતુ 'આ ગવિશેષને આ બોલે છે,' ['બીજા ગવિશેષને બીજો બોલે છે'] એમ ઉચ્ચારવામાં આવતા વર્ણોનો ભેદ જણાતો નથી.

216. एकवक्तृप्रयोगेऽपि तस्यैवोच्चारणं पुनः ।
गङ्गागगनगर्गादौ न रूपान्तरदर्शनम् ॥
द्रुतादिभेदबोधोऽपि नादभेदनिबन्धनः ।
न व्यक्तिभेदजनितः शाबलेयादिबोधवत् ॥

216. એક વક્તા ઉચ્ચાર કરતો હોય ત્યારે પણ તે તેનો જ [=એકના એક ગવર્ણનો જ] પુનઃ ઉચ્ચાર કરે છે. ગંગા, ગગન, ગર્ગ વગેરેમાં ગવર્ણના રૂપાન્તરનું દર્શન થતું નથી. જેમ શાબલેયાદિ ભેદોનું જ્ઞાન ગોવ્યક્તિભેદને કારણે છે તેમ દ્રુત વગેરે ભેદોનું જ્ઞાન નાદભેદને કારણે છે, વર્ણવ્યક્તિભેદના કારણે નથી.

217. अभ्युपगतेऽपि गत्वसामान्ये तस्य द्रुतादिभेदप्रतिभासे सत्यपि न भिन्नत्वमेषितव्यम् । औपाधिक एव तस्मिन् भेदप्रतिभासो वर्णनीयः । सोऽयं गकारव्यक्तावेव कथं न वर्ण्यते, तस्या एवैकत्वादेकप्रत्ययः, भेदभ्रमस्तु व्यञ्जकाधीन इति । एवं हि कल्पना लघीयसी भवति । तस्मान्न नानागकारवृत्तिगत्वसामान्यं नाम किञ्चिदस्ति ।

217. નૈયાયિક—ગત્વસામાન્ય સ્વીકારીએ તો પણ તેની (=ગત્વસામાન્યની) બાબતમાં દ્રુત આદિ ભેદનો પ્રતિભાસ થવા છતાં તેનું ભિન્નત્વ ન સ્વીકારવું જોઈએ. તેના બાબતમાં થતા ભેદના જ્ઞાનને ઔપાધિક જ વર્ણવવું જોઇએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મીમાંસક—આ ઔપાધિક જ્ઞાન ગવ્યક્તિની બાબતમાં જ કેમ વર્ણવતા નથી ? ગવ્યક્તિ પોતે જ એક હોઈ એકજ્ઞાન (=અભેદજ્ઞાન) થાય છે, જ્યારે ભેદનું ભ્રમજ્ઞાન તો વ્યંજકોને અધીન છે. આ રીતે જ કલ્પના લઘુ બને છે. તેથી અનેક ગકારોમાં રહેતું ગત્વસામાન્ય નામનું કંઈ છે નહિ.

218. अपि च गोगुरुगेहादौ भिन्नाजुपश्लेषकारित एव व्यञ्जनेषु बुद्धिभेदः परोपाधिरवधार्यते । सोऽयमक्ष्वपि परोपाधिरेव भवितुमर्हति, वर्णाश्रितत्वात्, व्यञ्जनभेद-प्रत्ययवदिति । तस्माद् गत्ववत् अत्वसामान्यमपि नास्ति । यत्पुनरष्टादशभेदमवर्णकुलमुच्यते तदौपाधिकमेव, ह्रस्वदीर्घप्लुतसंवृतविवृतादिबुद्धीनां ध्वनिभेदानुविधायित्वात् ।

विवृतः संवृतादन्यो न गकाराद्वकारवत् ।
अपि त्वकार एवासौ प्रतिभाति यथा तथा ॥

218 વળી, ગો, ગુરુ, ગેહ વગેરેમાં જુદા જુદા સ્વરો સાથેના સંબંધને લીધે ગવ્યંજનમાં થતો બુદ્ધિભેદ પરોપાધિ જ છે એવો નિર્ણય થાય છે. વ્યંજનમાં થતા બુદ્ધિભેદની જેમ સ્વરમાં થતો આ બુદ્ધિભેદ પણ પરોપાધિ જ ઘટે, કારણ કે તે વર્ણાશ્રિત છે. તેથી ગત્વસામાન્યની જેમ અત્વસામાન્ય પણ નથી.

અવર્ણના કુળના જે ૧૮ ભેદો કહ્યા છે તે ભેદો ઔપાધિક જ છે, કારણ કે હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સંવૃત, વિવૃત, વગેરેનાં જ્ઞાનો ધ્વનિભેદને લીધે જન્મે છે. જેમ ગકાર વકારથી અન્ય છે તેમ વિવૃત અ સંવૃત અથી અન્ય નથી, પરંતુ એક જ અકાર આવો કે તેવો જણાય છે.

219. कथं तर्हि शब्दभेदाभावे भिन्ने अर्थप्रतिपत्ती अरण्यमारण्यमिति, ध्वनिकृते एव ते भविष्यतः । अशब्दधर्मस्य दीर्घत्वादेः कथमर्थप्रतीत्यङ्गत्वमिति चेत्, तुरगवेगवद्भविष्यति ।

यथा तुरगदेहस्थो वेगः पुसोऽर्थसिद्धये ।
परधर्मोऽपि दीर्घादिरेवं तस्योपकारकः ॥

219. નૈયાયિક—જો શબ્દભેદનો અભાવ હોય તો અર્થજ્ઞાનો ભિન્ન કેમ થાય ? [ઉદાહરણ તરીકે લો—] અરણ્ય, આરણ્ય. [પરિણામે] આ અર્થભેદ [શબ્દભેદકૃત નહિ પણ] ધ્વનિભેદકૃત જ બનશે. દીર્ઘત્વ વગેરે જો શબ્દનો ધર્મ ન હોય તો અર્થજ્ઞાનનું કારણ તે કેમ બને ?

મીમાંસક–ઘોડાના વેગની જેમ તે અર્થજ્ઞાનનું કારણ બનશે. જેમ ઘોડાના શરીરનો વેગ પુરુષના અર્થની સિદ્ધિ માટે છે તેમ દીર્ઘ વગેરે પરના (=શબ્દના નહિ પણ નાદના) ધર્મો હોવા છતાં એ રીતે અર્થજ્ઞાનનું કારણ (ઉપકારક) બને છે.

૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

220. इतश्चैतदकारसामान्यमनुपपन्नम् । अत्वं हि न दीर्घप्लुतयोरनुगतं भवति, आत्वं न ह्रस्वप्लुतयोः, आत्वं न ह्रस्वदीर्घयोरिति । तस्मादेकत्वाद्वर्णानां नावान्तरजातयः सम्भवन्ति । शब्दत्वं तु नियतार्थप्रतिपत्तौ व्यभिचारीत्यतो नात्र धूमादिन्यायः ।

220. આ કારણે પણ આ અકારસામાન્ય ઘટતું નથી–અત્વ એ દીર્ઘ અને પ્લુતમાં અનુગત થતું નથી, આત્વ હ્રસ્વ અને પ્લુતમાં અનુગત થતું નથી કે હ્રસ્વ અને દીર્ઘમાં અનુગત થતું નથી, તેથી વર્ણો એક જ હોઈ તેમની અવાન્તર જાતિઓ સંભવતી નથી. શબ્દત્વજાતિ નિયતાર્થપ્રતિપત્તિમાં વ્યભિચારી છે એટલે અહીં ધૂમાદિન્યાય નથી.

221. तेनार्थप्रत्ययः शब्दादन्यथा नोपपद्यते ।
न चेद् नित्यत्वमित्यस्मिन्नर्थापत्तेः प्रमाणता ॥
अनुमानादन्यथात्वमर्थापत्तेर्न दृश्यते ।
तेनानुमानमप्येतत्प्रयोक्तुं न न शक्यते ॥

तदिदमुच्यते — शब्दो धर्मी, नित्य इति साध्यो धर्मः, सम्बन्धग्रहणसापेक्षार्थप्रतिपादकत्वात्, धूमादिजातिवत् । तदिदमुक्तं "नित्यत्वं तु स्याद्दर्शनस्य परार्थत्वात्" [जै० सू० १.१. १८] इति । एवं सम्बन्धग्रहणात्प्रभृत्यार्थप्रतिपत्तेरवस्थितस्य विनाशहेत्वभावादात्मादिवन्नित्यत्वम् । न ह्ययमवयवविनाशान्नश्यति शब्दः, निरवयवत्वात् ।

221. જો શબ્દમાં નિત્યત્વ ન હોય તો બીજી કોઈ પણ રીતે શબ્દમાંથી અર્થજ્ઞાન ઘટતું નથી, એટલે શબ્દનિત્યત્વમાં અર્થાપત્તિ પ્રમાણ છે. [તમને નૈયાયિકોને] અનુમાનથી અર્થાપત્તિનો ભેદ જણાતો નથી, એટલે આ અનુમાનનો પ્રયોગ પણ કરી શકાય જ. તેથી આમ કહી શકાય–"શબ્દ ધર્મી છે, 'નિત્ય છે' એ સાધ્ય ધર્મ છે, 'કારણ કે શબ્દાર્થ-સંબંધના જ્ઞાનની અપેક્ષા શબ્દને અર્થનું પ્રતિપાદન કરવામાં છે' [એ હેતુ છે], 'ધૂમાદિજાતિની જેમ' [એ ઉદાહરણ છે]." તેથી આ કહ્યું છે 'શબ્દનું નિત્યત્વ [જ] હોય, કારણ કે શબ્દનું દર્શન (=ઉચ્ચારણ) બીજાને માટે (=બીજાને અર્થ જણાવવા માટે) થાય છે [અને જેનો અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાયો નથી એ શબ્દ અર્થનું જ્ઞાન કરાવી શકતો નથી.]' આમ સંબંધગ્રહણથી માંડી અર્થનું જ્ઞાન થાય ત્યાં સુધી અવસ્થિત શબ્દના વિનાશનું કારણ ન હોવાથી આત્મા વગેરેની જેમ તે નિત્ય છે.

અવયવોના વિનાશને લીધે શબ્દ નાશ પામતો નથી કારણ કે શબ્દ નિરવયવ છે.

222. तदेव कथमिति चेद् उच्यते —
स्वल्पेनापि प्रयत्नेन यदि वर्णः प्रयुज्यते ।
यदि वा नानुभूयेत सकलो नानुभूयते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सावयवे हि वस्तुनि द्विधाऽवयवा दृश्यन्ते आरब्धकार्याश्चानारब्धकार्याश्चेति । इह पुनराब्धकार्या अनारब्धकार्या वा पटे तन्त्वादय इव वर्णे न क्वचिदवयवा उपलभ्यन्ते न चानुमीयन्ते लिङ्गाभावात् ।

222. નૈયાયિક–તે કેવી રીતે ?

મીમાંસક–અમે જણાવીએ છીએ. જો સ્વલ્પ પ્રયત્નથી વર્ણ પ્રયોજાય [અને તેથી] જો ન અનુભવાય (=સંભળાય) તો આખો (=સકલ) વર્ણ ન અનુભવાય. [તેને જો અવયવો હોત તો એવું બનત કે તેનો અમુક ભાગ સંભળાત અને અમુક ભાગ ન સંભળાત. પરંતુ વર્ણને અવયવો ન હોવાથી સંભળાય તો આખો સંભળાય અને ન સંભળાય તો આખો ન સંભળાય.]

સાવયવ વસ્તુમાં બે પ્રકારના અવયવો દેખાય છે–આરબ્ધકાર્ય અને અનારબ્ધકાર્ય. [પટ કાર્ય છે. તેથી તે અવયવી છે. તન્તુઓ પટના સમવાયિકારણો છે. તેથી તે પટના આરબ્ધકાર્ય અવયવો કહેવાય. પરંતુ તંતુના અવયવો અંશુઓ છે. તે તંતુઓના સમવાયિકારણો છે. એટલે અંશુઓ તંતુઓના આરબ્ધકાર્ય અવયવો કહેવાય. પરંતુ અંશુઓ પટના અનારબ્ધકાર્ય અવયવો કહેવાય.] પટમાં જેમ આરબ્ધકાર્ય અને અનારબ્ધકાર્ય અવયવો મળે છે તેમ અહીં વર્ણમાં કયારેય મળતાં નથી. વર્ણમાં અવયવોનું અનુમાન પણ થતું નથી કારણ કે તેમનું કોઈ લિંગ નથી.

223. नाप्याश्रयविनाशाद्विनाशः, शब्दस्यात्मादिवदनाश्रितत्वात् । आकाशाश्रितत्वपक्षे वा तन्नित्यत्वात् । न चान्यः कश्चन शब्दनाशस्य हेतुरस्ति ।

क्षयो यथोपभोगेन शस्त्रादिच्छेदनेन वा ।
संभाव्यते पटादीनां नैवं शब्दस्य कर्हिचित् ॥
तस्मात्तिरोहितोऽप्यास्ते यदि शब्दः क्षणान्तरम् ।
मृत्योर्मुखादपक्रान्तः पुनः कनैष हन्यते ॥

223. આશ્રયના વિનાશથી થતો વિનાશ પણ શબ્દમાં નથી, કારણ કે શબ્દ આત્મા વગેરેની જેમ અનાશ્રિત છે. શબ્દ આકાશાશ્રિત છે એ પક્ષ લો તો, આકાશ નિત્ય હોવાથી શબ્દનો નાશ નથી. શબ્દના નાશનો બીજો કોઈ હેતુ નથી. ઉપભોગ (=વારંવાર વપરાશ) દ્વારા કે શસ્ત્ર વગેરેથી છેદાવા દ્વારા પટ વગેરેનો નાશ સંભવે છે પરંતુ એવી રીતે શબ્દનો કયારેય નાશ સંભવતો નથી. તેથી શબ્દ જો બીજી ક્ષણે તિરોહિત અવસ્થામાંય રહેતો હોય તો મૃત્યુના મુખમાંથી બચાવાયેલો તે પછી કોનાથી હણાય ?

224. अतश्च नित्यः शब्दः "संख्याभावात्" [जै० सू० १. १. २० ] । अष्टकृत्वो गोशब्दः उच्चारित इति वदन्ति, न त्वष्टौ गोशब्दा इति । तेनैकत्वमवगम्यते । योऽयं क्रियाभ्यावृत्तिगणने विहितः कृत्वसुच्प्रत्ययः, स क्रियावतामभेदे भवति । तेनोच्चारणावृत्तिमात्रम् । तदुक्तम्—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्रियावतामभेदे हि क्रियाऽऽवृत्तिषु कृत्वसुच् ।
तत्प्रयोगाद् ध्रुवं तस्य शब्दस्यावर्तते क्रिया ।। इति [श्लो०वा० शब्दनि०२६७]
क्रियाभ्यावृत्तिसत्तायामभेदे च क्रियावताम् ।
संख्याभिधायिनः शब्दात्कृत्वसुच्प्रत्ययं विदुः ।।

224. આ કારણે પણ શબ્દ નિત્ય છે. [કયા કારણે ?]. 'કારણ કે તેમાં [બે, ત્રણ, આદિ] સંખ્યાનો અભાવ છે.' 'આઠ વખત ગોશબ્દ ઉચ્ચારવામાં આવ્યો' એમ કહે છે, 'આઠ ગોશબ્દો ઉચ્ચારવામાં આવ્યા' એમ નથી કહેતા. તેથી શબ્દનું એકત્વ સમજાય છે. જેનો પ્રયોગ ક્રિયાની અભ્યાવૃત્તિ (=પુનઃ પુનઃકરણ) ગણવા માટે કરવાનો આદેશ છે તે કૃત્વસુચ્-પ્રત્યય તો ક્રિયાવાળી વસ્તુઓનો (=દ્રવ્યોનો) અભેદ હોય તો જ પ્રયુક્ત થાય છે. તેથી ઉચ્ચારણ ક્રિયાની આવૃત્તિમાત્ર અહીં છે. તેથી કહ્યું છે કે ક્રિયાવાળી વસ્તુઓનો અભેદ હોય તો જ ક્રિયાની આવૃત્તિને વિશે કૃત્વસુચ્પ્રત્યયનો પ્રયોગ થાય છે. તેનો પ્રયોગ અહીં થયો હોઇ ખરેખર તો તે શબ્દની ક્રિયાનું (=ઉચ્ચારણ ક્રિયાનુ) આવર્તન થાય છે. જ્યારે ક્રિયાની અભ્યાવૃત્તિ હોય અને ક્રિયાવાન વસ્તુઓનો અભેદ હોય ત્યારે સંખ્યાભિધાયી શબ્દમાંથી કૃત્વસુચ્પ્રત્યયને તેઓ જાણે છે.

225. तदनेन प्रकारेण प्रत्यभिज्ञानमुच्यते ।
प्रमाणं शब्दनित्यत्वे सकलश्रोतृसाक्षिकम् ।।
तथा ह्यस्ति स एवायं गोशब्द इति वेदनम् ।
श्रौत्रं करणकालुष्यबाधसन्देहवर्जितम् ।।

श्रोत्रेन्द्रियव्यापारान्वयव्यतिरेकानुविधानाच्छ्रौत्रमिदं विज्ञानम् । न चैतज्जनकस्य करणस्य किमपि दौर्बल्यमुपलभ्यते । न च किंस्विदिति कोटिद्वयसंस्पर्शितयेदं विज्ञानमुपजायते । न च नैतदेवमिति प्रत्ययान्तरमस्मिन्बाधकमुत्पश्यामः । इदानींतनास्तित्वप्रमेयाधिक्यग्रहणाच्चेदमनधिगतार्थग्राह्यपि भवितुमर्हति । भवन्मते च गृहीतग्राहित्वेऽपि प्रत्यभिज्ञायाः प्रामाण्यमिष्यते । न हि तदप्रामाण्यं वक्तुं शक्यते शाक्यैरिव भवद्भिः क्षणिकपदार्थानभ्युपगमात् ।

225. તેથી આ રીતે બધા શ્રોતાઓ જેના સાક્ષી છે એવું શબ્દનિત્યત્વને પુરવાર કરતું પ્રત્યભિજ્ઞા પ્રમાણ કહેવાયું છે, કારણ કે 'આ તે જ ગોશબ્દ છે' એ પ્રકારનું [આ પ્રત્યભિજ્ઞા નામનું] શ્રૌત્ર જ્ઞાન શ્રોત્રેન્દ્રિયદોષ, બાધ અને સંદેહથી રહિત છે. આ પ્રત્યભિજ્ઞા જ્ઞાન શ્રૌત્ર પ્રત્યક્ષ છે કારણ કે તેનો અન્વય–વ્યતિરેકસંબંધ શ્રોત્રેન્દ્રિયવ્યાપાર સાથે છે. વળી, એના જનક કારણમાં કોઈ પણ જાતની નિર્બળતા જણાતી નથી. ઉપરાંત, 'આ હશે કે તે' એવા બે વિકલ્પોને ગ્રહણ કરતું આ જ્ઞાન ઉત્પન્ન થતું નથી. 'આ એવું નથી' એમ જણાવતું બીજું બાધક જ્ઞાન આની બાબતમાં અમે દેખતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાન અસ્તિત્વરૂપ પ્રમેયાધિક્યને ગ્રહણ કરતુ હોવાથી આ જ્ઞાન અનધિગતાર્થગ્રાહી પણ ઘટે છે. આપના [=નૈયાયિકના] મતમાં તો પ્રત્યભિજ્ઞા ગૃહીતગ્રાહી હોવા છતાં તેનું પ્રામાણ્ય ઈચ્છવામાં આવે છે. એટલે તે અપ્રમાણ છે એમ કહેવું તમારા માટે શક્ય નથી કારણ કે તમે બૌદ્ધોની જેમ પદાર્થોને ક્ષણિક ગણતા નથી.

226. न सादृश्यनिमित्तत्वं वक्तुं तस्याश्च युज्यते ।
सामान्यविषयत्वं वा द्वयस्यापि निषेधनात् ॥
कैश्चित्तिरोहिते भावादित्यप्रामाण्यमुच्यते ।
तदसत्तत्प्रतीत्यैव तिरोधाननिषेधनात् ॥
जीवति त्वन्मतेऽप्येष शब्दस्त्रिचतुरान् क्षणान् ।
प्रत्यभिज्ञा च कालेन तावता न न सिद्ध्यति ॥
एकक्षणायुषि त्वस्मिन्प्रतीतिरतिदुर्लभा ।
न खल्वजनकं किञ्चिद्वस्तु ज्ञानेन गृह्यते ॥ इति क्षणभङ्गभङ्गे वक्ष्यते

अपि च—

यथा निशीथे रोलम्बश्यामलाम्बुदडम्बरे ।
प्रत्यभिज्ञायते किञ्चिदचिरद्युतिधामभिः ॥
तथाऽविरतसंयोगविभागक्रमजन्मभिः ।
प्रत्यभिज्ञायते शब्दः क्षणिकैरपि मारुतैः ॥

226. પ્રત્યભિજ્ઞાનું નિમિત્ત (=વિષય) સાદૃશ્ય છે અથવા તો તેનો વિષય સામાન્ય છે એમ કહેવું યોગ્ય નથી કારણ કે અમે તે બંનેયનો નિષેધ કરવાના છીએ. શબ્દનો નાશ થયા પછી પ્રત્યભિજ્ઞા થતી હોઈ [શબ્દની અવિનાશિતાની બાબતમાં] તે અપ્રમાણ છે એમ કેટલાક કહે છે. તેઓ ખોટા છે કારણ કે શબ્દની પ્રતીતિથી જ શબ્દના નાશનો પ્રતિષેધ થાય છે. તમારા (=નૈયાયિકોના) મતે પણ શબ્દ ત્રણચાર ક્ષણ તો અસ્તિત્વ ધરાવે છે. અને એટલા કાળથી પ્રત્યભિજ્ઞા સિદ્ધ ન થાય એવું નથી. પરંતુ એક જ ક્ષણ અસ્તિત્વ ધરાવતી વસ્તુનું જ્ઞાન અતિ દુર્લભ છે. જે કોઈ વસ્તુ જ્ઞાનની અજનક હોય તે ખરેખર જ્ઞાનથી ગૃહીત ન થાય. [ક્ષણિક વસ્તુને બીજી વસ્તુને ઉત્પન્ન કરવા માટે સમય જ નથી. એટલે ક્ષણિક વસ્તુ હંમેશા અજનક જ હોય. પરિણામે તે જ્ઞાનને પણ ઉત્પન્ન ન કરી શકે. જ્ઞાનને જે ઉત્પન્ન ન કરે તેને જ્ઞાન ગ્રહણ ન કરી શકે.] આ બધું અમે ક્ષણિકવાદના નિરાકરણ પ્રસંગે [નવમા આહ્નિકમાં] કહેવાના છીએ. જેમ ભમર જેવાં કાળાં વાદળોથી ઘેરાયેલી રાતે વીજળીના પ્રકાશના ક્ષણિક ચમકારાઓ દ્વારા કોઈક વિષયનું પ્રત્યભિજ્ઞાન થાય છે તેમ [તાલુ આદિ સ્થાનો સાથેના] અવિરત સંયોગ અને વિભાગથી ક્રમશઃ જન્મેલા ક્ષણિક વાયુઓ દ્વારા પણ શબ્દનું પ્રત્યભિજ્ઞાન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

227. अत्राह–मारुतैरित्युपोद्घातेन साधु स्मृतम् । तिष्ठतु तावत्प्रत्यभिज्ञानम् । प्रथममेव शब्दस्य यन्नियतग्रहणं तदभिव्यक्तिपक्षे दुर्घटम् ।

नित्यत्वाद्व्यापकत्वाच्च सर्वे सर्वत्र सर्वदा ।
शब्दाः सन्तीति भेदेन ग्रहणे किं नियामकम् ॥

ध्वनयो हि नाम संयोगविभागविशेषिता वायवः, वायुवृत्तयो वा संयोगविभागाः, ते हि शब्दस्य व्यञ्जका इष्यन्ते । तैश्च करणं वा संस्क्रियते कर्म वा द्वयं वा ? सर्वथा च प्रमादः ।

227. અહીં (નૈયાયિક) કહે છે : "મારુતો (વાયુઓ) દ્વારા" એ ઉપોદ્ઘાતથી ઠીક યાદ આવ્યું. પ્રત્યભિજ્ઞાનને રહેવા દો. બીજા શબ્દોનું નહિ પણ અમુક જ શબ્દનું જે ગ્રહણ થાય છે તે જ સૌપ્રથમ શબ્દાભિવ્યક્તિ પક્ષમાં દુર્ઘટ છે. નિત્ય અને વ્યાપક હોવાથી બધા શબ્દો બધે સ્થાને સદા છે એટલે બીજા શબ્દોથી અલગ કરી અમુક જ શબ્દને ગ્રહણ કરવામાં શું નિયામક છે ?

મીમાંસક—[તાલુઆદિ સ્થાનો સાથેના] સંયોગો તેમ જ વિભાગોથી વિશેષિત વાયુઓ ધ્વનિઓ છે, અથવા તો તે સ્થાનો સાથેના વાયુના સંયોગ તેમ જ વિભાગો ધ્વનિઓ છે. તેમને જ શબ્દના વ્યંજકો ઇચ્છવામાં આવ્યા છે.

નૈયાયિક—તેમનાથી (=ધ્વનિઓથી) કરણનો (શ્રોત્રેન્દ્રિયનો) સંસ્કાર થાય છે કે કર્મનો (વિષય શબ્દનો) કે બંનેનો ? સર્વથા પ્રમાદ જ જણાશે. [અર્થાત્ કોઈ પણ વિકલ્પ દોષરહિત નહિ જણાય.]

228. करणे संस्कृते तावत्सर्वशब्दश्रुतिर्भवेत् ।
गकारायैव संस्कार इत्येष नियमः कुतः ॥

अपि च—स्तिमितसमीरणापसरणमेव करणस्य संस्कारः । स चायं तद्देशव्यवस्थितसकलतद्विषयसाधारण एव ।

यथा जवनिकापायप्राप्तप्रसरमीक्षणम् ।
रङ्गभूमिषु तद्देशमशेषं वस्तु पश्यति ॥
तथा प्रसरसंरोधिसमीरोत्सारणे सति ।
श्रोत्रं तद्देशनिःशेषशब्दग्राहि भविष्यति ॥

आकाशं च श्रोत्रमाचक्षते भवन्तः । तच्च विभु निरवयवं चेति क्वचिदेव तस्मिन् संस्कृते सति सर्वे च तदैव संस्कृतकरणाः संपन्ना इति सर्व एव शृणुयुः इति बधिरेतरव्यवस्था दुस्थिता ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**228.** જો કરણનો સંસ્કાર થતો હોય તો ખરેખર સર્વે શબ્દો સંભળાય, અને તો પછી ગકારને માટે જ કરણનો સંસ્કાર છે એવો આ નિયમ ક્યાંથી? વળી, [શ્રોત્રવર્તી] નિશ્ચલ સમીરણનું દૂરીકરણ જ કરણનો સંસ્કાર છે. અને આ સંસ્કાર તો તે દેશમાં રહેલ જેટલા તેના વિષયો છે તે બધાને સાધારણ છે. જેમ પડદો દૂર થતાં પ્રસાર પામેલી દૃષ્ટિ રંગભૂમિઓમાં તે સ્થાને રહેલ બધી વસ્તુઓને દેખે છે તેમ શ્રોત્રવ્યાપારના પ્રસારને રુંધનાર સમીરણ દૂર થતાં શ્રોત્ર તે દેશમાં રહેલા બધા શબ્દોને ગ્રહણ કરનાર બનશે. આકાશને જ આપ શ્રોત્ર કહો છો. તે તો વિભુ અને નિરવયવ છે, એટલે જ્યારે ક્યારે પણ તેનો સંસ્કાર થાય ત્યારે બધાયના શ્રોત્રો સંસ્કાર પામી જાય, પરિણામે બધા જ સાંભળે, તેથી બધિરેતરવ્યવસ્થા તૂટી પડે.

**229.** विषये तु संस्क्रियमाणे तस्यानवयवस्य व्यापिनश्च संस्कृतत्वात्सर्वत्र श्रवणमिति मद्रेष्वभिव्यक्तो गोशब्दः कश्मीरेष्वपि श्रूयेत । न हि तस्याधारद्वारकः संस्कारः, आकाशवदनाश्रितत्वात् । आकाशाश्रितत्वपक्षेऽपि तदेकत्वात् । नापि भागशः संस्क्रियते गोशब्दः, तस्य निरवयवत्वात् । उक्तं हि—

अल्पीयसा प्रयत्नेन शब्दमुच्चरितं मतिः ।
यदि वा नैव गृह्णाति वर्णं वा सकलं स्फुटम् ।। इति [श्लो०वा०स्फोट०१०]

**229.** વિષય સંસ્કાર પામે છે એમ માનીએ તો તે સંસ્કાર નિરવયવ અને વ્યાપક વિષયનો હોઈ તે વિષયનું શ્રવણ બધે જ થાય. એટલે મદ્રદેશમાં અભિવ્યક્ત થયેલો ગોશબ્દ કાશ્મીરમાં પણ સંભળાય. આધાર દ્વારા પણ તેનો સંસ્કાર ઘટતો નથી કારણ કે આકાશની જેમ તેનો પણ કોઈ આધાર નથી. તેનો આધાર આકાશ છે એ મતમાં પણ તે (=શબ્દ) એક હોવાથી [આધાર આકાશ દ્વારા તેનો સંસ્કાર ઘટતો નથી.] ગોશબ્દ ભાગશઃ પણ સંસ્કાર પામતો નથી કારણ કે તેને ભાગો (=અવયવો) જ નથી. [શબ્દ નિરવયવ છે] કારણ કે કહેવામાં આવ્યું છે કે "અલ્પ પ્રયત્નથી ઉચ્ચારવામાં આવેલા વર્ણને શ્રોત્રપ્રત્યક્ષ કાં તો ગ્રહણ કરતું જ નથી અથવા સકલને સ્ફુટપણે ગ્રહણ કરે છે."

**230.** उभयसंस्कारपक्षे तु दोषद्वयस्याप्यनतिवृत्तिः–सर्वेषां ग्रहणं, सर्वत्र श्रवणमिति । न च समानदेशानां समानेन्द्रियग्राह्याणां च भावानां प्रतिनियतव्यञ्जकव्यङ्ग्यत्वमुपलब्धम् ।

गृहे दधिघटीं द्रष्टुमानीतो गृहमेधिना ।
अपूपानपि तद्देशान् प्रकाशयति दीपकः ।।

तस्मात् कृतकपक्ष एव नियतदेशं शब्दस्य ग्रहणं परिकल्पते नाभिव्यक्तिपक्षे इति ।

**230.** બંનેના સંસ્કારના પક્ષમાં બંને પક્ષના દોષો રહે છે જ—સર્વ શબ્દોનું ગ્રહણ અને શબ્દનું સર્વત્ર શ્રવણ. જેમનો દેશ સમાન છે અને જે સમાન ઇન્દ્રિય દ્વારા ગ્રાહ્ય છે એવી વસ્તુઓની બાબતમાં અમુક વસ્તુ અમુક વ્યંજકથી જ અભિવ્યક્ત થાય એવો નિયમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાતો નથી. ઘરમાં દહીંની હાંડલી જોવા માટે ગૃહસ્થે આણેલો દીવો તે દેશમાં રહેલા રોટલાઓનેય પ્રકાશિત કરે છે. તેથી શબ્દ કાર્ય છે (=અનિત્ય છે) એ પક્ષમાં જ શબ્દનું નિયત દેશમાં (સર્વત્ર નહિ) ગ્રહણ ઘટે છે, શબ્દાભિવ્યક્તિપક્ષમાં એ ઘટતું નથી.

231. अपि च, अभिव्यक्तिपक्षे तीव्रमन्दविभागोऽभिभवश्च शब्दस्य शब्दान्तरेण न प्राप्नोति । न हि शब्दस्तीव्रो मन्दो वा कश्चित्, स्वतस्तस्य भेदाभावात् संस्कारस्य च तदभिव्यक्तिहेतोर्न काचन तीव्रता मन्दता वा, यदनुसारेण विषये तथा बुद्धिः स्यात् । पवनधर्मो वा तीव्रादिर्भवन्कथं श्रोत्रेण गृह्येत ? सावयवे हि वस्तुनि सकलविशेषग्रहणाग्रहणसंभवात्तदपेक्षया प्रतीतिभेदो भवेत्, इह तु निरवयवे शब्दे न तथोपपद्यते इति । तस्मात्कृतकपक्ष एव श्रेयानिति ।

231. વળી, અભિવ્યક્તિપક્ષમાં શબ્દનો તીવ્રમંદવિભાગ તેમ જ એક શબ્દથી બીજા શબ્દનો અભિભવ ન થાય, કારણ કે કોઈ શબ્દ તીવ્ર કે મન્દ નથી અને તથી તેનો તીવ્રમંદ એવો ભેદ સ્વતઃ ન થાય. વળી શબ્દની અભિવ્યક્તિનું કારણ જે સંસ્કાર તેમાં તો કોઈ તીવ્રતા કે મંદતા નથી કે જેથી તેને અનુસરી તેના વિષય શબ્દમાં તીવ્રતા કે મંદતાની બુદ્ધિ થાય. અથવા, તીવ્ર આદિ પવનના ધર્મો હોય તો શ્રોત્ર દ્વારા કેવી રીતે ગૃહીત થાય? [વળી] વસ્તુ સાવયવ હોય તો જ તેના સકલ વિશેષધર્મોનું ગ્રહણ કે સકલ વિશેષધર્મોનું અગ્રહણ (અર્થાત્ કેટલાક વિશેષધર્મોનું ગ્રહણ) સંભવે અને તેની અપેક્ષાએ પ્રતીતિભેદ થાય. પરંતુ અહીં નિરવયવ શબ્દમાં તેમ ઘટતું નથી તેથી શબ્દ કૃતક (=કાર્ય યા અનિત્ય) છે એ પક્ષ જ વધુ સારો છે.

232. अत्रोच्यते–करणसंस्कारपक्ष एव तावदस्तु । तच्च करणं किञ्चिदेव मरुद्भिरुपाहितसंस्कारं कञ्चिदेव शब्दं गृह्णाति ।

यथा ताल्वादिसंयोगविभागा भवतां मते ।
उत्पादकतयेष्यन्ते केचिद्वर्णस्य कस्यचित् ॥
तथा तद्वायुसंयोगविभागाः केचिदेव नः ।
कस्यचिद्ग्रहणे शक्तं श्रोत्रं कुर्वन्ति संस्कृतम् ॥
यथा च तेषामुत्पत्तौ सामर्थ्यनियमस्तव ।
तथैवैषामभिव्यक्तौ सामर्थ्यनियमो मम ॥

232. અહીં અમે મીમાંસકો કહીએ છીએ : તો કરણસંસ્કારપક્ષ જ હો. વાયુઓથી અમુક સંસ્કાર પામેલું કરણ (શ્રોત્ર) અમુક જ શબ્દને ગ્રહણ કરે છે. જેમ આપના (નૈયાયિકના) મતમાં તાલુ વગેરે સાથેના અમુક સંયોગ-વિભાગો અમુક જ વર્ણના ઉત્પાદક ઇચ્છવામાં આવ્યા છે તેમ અમારા મીમાંસકોના મતમાં તાલુ વગેરે સાથે વાયુના અમુક સંયોગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગો અમુક જ વર્ણને ગ્રહણ કરવા શક્તિમાન બનાવવા માટે શ્રોત્રને સંસ્કૃત કરે છે. જેમ તમારા મતમાં અમુક સંયોગ–વિભાગ અમુક જ વર્ણની ઉત્પત્તિ માટે સમર્થ છે તેમ અમારા મતમાં અમુક સંયોગ–વિભાગ અમુક જ વર્ણની અભિવ્યક્તિ કરવા સમર્થ છે.

233. व्यञ्जकानां नियमो न दृष्ट इति चेत् क एवमाह सहस्राक्षः ? तथा हि पृथिव्यामेव वर्त्तमानो गन्धः समानदेशो भवति समानेन्द्रियग्राह्यश्च, घ्राणैकविषयत्वात् । तस्य च नियतव्यञ्जकव्यङ्ग्यता दृश्यते एव ।

क्वचित्पावकसम्पर्कादर्कांशुस्पर्शतः क्वचित् ।
क्वचित्सलिलसंसेकाद्गन्धोऽभिव्यज्यते भुवः ॥

न च स्तिमितपवनापनोदनमात्रं करणस्य संस्कार इष्यते यः सर्वसाधारणः स्यात्, किन्तु अन्य एव नियतः प्रतिविषयं योग्यतालक्षणः ।

233. નૈયાયિક – વ્યંજકોમાં નિયમ દેખાતો નથી. [અર્થાત્ અમુક વ્યંજકો અમુકને જ વ્યક્ત કરે છે એવો નિયમ દેખાતો નથી.]

મીમાંસક–આવું કયો સર્વજ્ઞ કહે છે ? [નિયમ છે જ,] જેમકે પૃથ્વીમાં જ રહેલો ગંધ સમાન દેશમાં છે અને સમાનેન્દ્રિય ગ્રાહ્ય છે કારણ કે તે ઘ્રાણેન્દ્રિયનો જ વિષય છે. તે નિયત વ્યંજકથી વ્યક્ત થતો દેખાય છે જ. અમુક વખતે [અમુક ગંધ] અગ્નિના સંપર્કથી, અમુક વખતે [અમુક ગંધ] સૂર્યના કિરણોના સ્પર્શથી, અમુક વખતે [અમુક ગંધ] પાણીના છંટકાવથી પૃથ્વીમાંથી અભિવ્યક્ત થતો અનુભવાય છે. નિશ્ચલ પવનના દૂરીકરણ માત્રને અમે કરણના સંસ્કાર તરીકે ઈચ્છતા નથી–જે સર્વસાધારણ છે; પરંતુ જે પ્રતિવિષય નિયત છે તે યોગ્યતાલક્ષણરૂપ બીજો કરણનો સંસ્કાર અમે ઇચ્છીએ છીએ.

234. यत्पुनरभ्यधायि नभसि श्रोत्रेऽभ्युपगम्यमाने सर्वप्राणिनामेकमेव श्रोत्रं भवेद् इति तदप्यसाधु, धर्माधर्मयोर्नियामकत्वात्, आकाशस्यापि घटाकाशवदन्यावच्छेदोपपत्तेः । धर्माधर्मनिबन्धन एव बधिरेतरविभागः । अपि च भवतामेवैष दोषो येषामाकाशमेव श्रोत्रमित्यभ्युपगमनियमः । मीमांसकानां तु नावश्यमाकाशमेव श्रोत्रं, कार्यार्थापत्तिकल्पितं तु किमपि करणमात्रं प्रतिपुरुषनियतं श्रोत्रमिति नातिप्रसङ्गः । तथा च भर्तृमित्रः पवनजनितसंस्कारमेव श्रोत्रं मन्यते ।

234. વળી, તમે જે કહ્યું કે શ્રોત્રને આકાશરૂપ માનતાં સર્વ પ્રાણીઓનું એક જ શ્રોત્ર બની જાય તે પણ યોગ્ય નથી કારણ કે શ્રોત્રનું નિયામક પ્રાણીઓના ધર્માધર્મ છે, વળી ઘટાકાશની જેમ આકાશનો પણ અન્ય વસ્તુથી અવચ્છેદ ઘટે છે. ધર્માધર્મને આધારે જ બધિરેતર વિભાગ થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત, આકાશને જ શ્રોત્ર તરીકે સ્વીકારનાર તમારામાં (નૈયાયિકોમાં) જ એ દોષ આવે છે. પરંતુ મીમાંસકોને મતે તો અવશ્યપણે આકાશ જ શ્રોત્ર નથી પણ કાર્યાર્થાપત્તિથી કલ્પિત પ્રતિ પુરુષ નિયત કોઇક કરણ માત્ર શ્રોત્ર છે એટલે અતિપ્રસંગદોષ આવતો નથી. અને ભર્તૃમિત્ર તો માને છે કે [કર્ણવિવરમાં] પવન દ્વારા જે સંસ્કાર જન્મે છે તે જ શ્રોત્ર છે.

235. अथवा विषयसंस्कारपक्षो भवतु, तथाऽपि नातिप्रसङ्गः, नियतदेशस्यैव तत्र संस्कारात् । न चास्य भागशः संस्कारो निरवयवत्वात् । तथाऽपि जातिवदस्य ग्रहणनियमो भविष्यति । तथा च भवतामेव पक्षे—

यथा सर्वगता जातिः पिण्डदेशैव गृह्यते ।
न च कात्स्र्न्यगृहीताऽपि पिण्डेऽन्यत्र न दृश्यते ॥
यथा सर्वगतः शब्दो नाददेशेषु गृह्यते ।
कात्स्न्र्येन च गृहीतोऽपि पुनरन्यत्र गृह्यते ॥
पिण्डोऽभिव्यञ्जको जातेः शब्दस्य व्यञ्जको ध्वनिः ।
आश्रितानाश्रितत्वादिविशेषः क्वोपयुज्यते ॥

235. અથવા સ્થાનો સાથેના વાયુના સંયોગ–વિભાગો વિષયનો (શબ્દનો) સંસ્કાર કરે છે એ પક્ષ હો. તેમ માનતાં પણ અતિપ્રસંગદોષ નથી આવતો, કારણ કે નિયત દેશમાં રહેલા વિષયનો જ સંસ્કાર થાય છે. વળી, શબ્દનો ભાગશઃ સંસ્કાર થતો નથી કારણ કે તે નિરવયવ છે. તેમ છતાં જાતિની (=સામાન્યની) જેમ તેનો ગ્રહણનિયમ બનશે. તમારા (નૈયાયિકોના) જ પક્ષમાં તેવું છેઃ જેમ સર્વગતજાતિ પિંડદેશમાં જ ગૃહીત થાય છે અને એક પિંડમાં (=વ્યક્તિમાં) સંપૂર્ણપણે ગૃહીત થઇ હોવા છતાં તે બીજેય (=અન્ય વ્યક્તિમાં પણ) દેખાય છે જ તેમ સર્વગત શબ્દ ધ્વનિદેશોમાં જ ગૃહીત થાય છે અને સંપૂર્ણપણે ગૃહીત થયો હોવા છતાં વળી પાછો અન્યત્ર પણ ગૃહીત થાય છે. જાતિનો અભિવ્યંજક પિંડ છે, શબ્દનો અભિવ્યંજક ધ્વનિ છે. જાતિ ક્યાંક આશ્રિત છે જ્યારે શબ્દ ક્યાંય આશ્રિત નથી, એવો એ બે વચ્ચેનો ભેદ તેમના ગ્રહણની બાબતમાં અકિંચિત્કર છે.

236. सर्वगतत्वनिरवयवत्वाविशेषात् तीव्रमन्दत्वादयश्च ध्वनिधर्मा अपि भवन्तः शब्दवृत्तितयाऽवभान्ति, यथा स्थूलत्वकृशत्वादयः पिण्डधर्मा अपि जातिवृत्तित्वेन क्वचिद् गृह्यन्तो दृश्यन्ते, अगृहीतशाबलेयादिविशेषस्य 'कृशा गावः' इत्यादिप्रतिभासदर्शनात् ।

236. શબ્દો (વર્ણો) સમાનપણે સર્વગત અને નિરવયવ હોઇને તીવ્રત્વ, મન્દત્વ વગેરે ધર્મો [શબ્દના નહિ પણ] ધ્વનિના છે. તેમ છતાં તે ધર્મો શબ્દમાં રહેતા હોય એવું ભાસે છે. નૈયાયિકમાન્ય સામાન્યની બાબતમાં પણ આવું જ છે. સ્થૂળતા, કૃશતા વગેરે ધર્મો પિંડના હોવા છતાં કોઇક વાર જાતિમાં રહેતા હોય એમ ગૃહીત થાય છે, જેમકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાબલેય આદિ કેટલીક વ્યક્તિઓના વિશેષ ધર્મો (=સ્થૂળતા) જ્યારે અગૃહીત રહ્યા હોય છે ત્યારે 'ગાયો કૃશ છે' એવું જ્ઞાન થતું જણાય છે.

237. यद्वा न तीव्रमन्दादेर्वर्णधर्मतया ग्रहः ।
बुद्धिरेव तथोदेति व्यञ्जकाऽनुविधायिनी ॥
तावन्त एव ते वर्णाः प्रचयापचयस्पृशः ।
एवं चाभिभवोऽप्येषां स्वतो नास्ति परस्परम् ॥
मरुद्भिरभिभूयन्ते मारुता इव दुर्बलाः ।
तेजोभिरिव दीप्तांशोर्दिवा दीपप्रभादयः ॥

द्वयसंस्कारपक्षोऽप्येवं समाहितो भवति, उभयेषामपि दोषाणामुत्सारणात् । तस्मात् प्रत्यभिज्ञाप्रत्ययप्रभावसिद्धनित्यत्वस्य शब्दस्याभिव्यक्तिरेव साधीयसी ।

237. અથવા તો વર્ણના ધર્મ તરીકે તીવ્ર–મંદ વગેરેનું ગ્રહણ થતું નથી પરંતુ વ્યંજકને અનુસરતી બુદ્ધિ જ એવી જન્મે છે. એવડાને એવડા જ તે વર્ણો રહેતા હોવા છતાં મહત્–અલ્પ (તીવ્ર–મંદ) થતા ભાસે છે. વળી, જેમ પ્રબળ પવનો દુર્બળ પવનોને તેમ જ દિવસે તેજસ્વી સૂર્યનો પ્રકાશ દીવાના પ્રકાશને અભિભૂત કરે છે તેમ વર્ણો સ્વતઃ એક બીજાને અભિભૂત કરતા નથી. [વાયુઓ શબ્દના અભિવ્યંજક છે એટલે વાયુ દ્વારા શબ્દો એકબીજાને અભિભૂત કરે છે. જે શબ્દનો અભિવ્યંજક પ્રબળ વાયુ છે તે શબ્દ જે શબ્દનો અભિવ્યંજક નિર્બળ વાયુ છે તેને અભિભૂત કરે છે. આમ જ્યારે પ્રબળ વાયુ નિર્બળ વાયુને અભિભૂત કરે છે ત્યારે તે પેલા નિર્બળ વાયુથી અભિવ્યક્ત શબ્દને પણ અભિભૂત કરે છે એવું લાગે છે.]

તાલુ આદિ સ્થાનો સાથે વાયુના સંયોગ–વિભાગો બંનેયનો (કરણનો તેમ જ વિષયનો) સંસ્કાર કરે છે એ પક્ષ પણ આમ સાચો ઠરે છે, કારણ કે અમે બંને પક્ષના દોષોને દૂર કરી દીધા છે. તેથી, પ્રત્યભિજ્ઞા પ્રમાણના પ્રભાવથી સિદ્ધ થયેલા નિત્યત્વ ધરાવતા શબ્દની અભિવ્યક્તિ માનવી વધુ સારી છે.

238. इदं चालोच्यतामार्याः कार्याभिव्यङ्ग्यपक्षयोः ।
शब्दस्य ग्रहणे गुर्वी लघ्वी वा कुत्र कल्पना ॥

तथा हि भवन्तो वैशेषिकाः सांख्या जैनाः सौगताश्च कार्यशब्दवादिनः । चार्वाकास्तु वराकाः कस्यैवंविधासु गोष्ठीषु स्मृतिपथमुपयान्ति ।

238. હે આર્યો ! શબ્દ કાર્ય છે એ પક્ષ અને શબ્દ અભિવ્યંગ્ય છે એ પક્ષ— એ બેમાંથી કયા પક્ષમાં, શબ્દના ગ્રહણની બાબતમાં કલ્પનાલાઘવ કે કલ્પનાગૌરવ છે એ વિચારો. અને આપ (નૈયાયિકો), વૈશેષિકો, સાંખ્યો, જૈનો અને બૌદ્ધો શબ્દને કાર્ય માનો છો. બિચારા ચાર્વાકો તો આવી ચર્ચામાં કોને યાદ આવે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

239. तत्रभवतां वैशेषिकाणां च शब्दस्य श्रवणे तावदेषा तुल्यैव कल्पना । संयोगाद्वा विभागाद्वा शब्द उपजायते । जातश्चासौ तिर्यगूर्ध्वमधश्च सर्वतोदिक्कानि कदम्बगोलकाकारेण सजातीयानि निकटदेशानि शब्दान्तराण्यारभते तान्यपि तथेत्येवं वीचीसन्तानवृत्त्यारम्भप्रबन्धप्राप्तोऽन्त्यः श्रोत्राकाशजन्मा शब्दस्तत्समवेतस्तेनैव गृह्यते इति ।

239. એમાં આપની (નૈયાયિકોની) અને વૈશેષિકોની શબ્દને સાંભળવાની પ્રક્રિયાની કલ્પના તુલ્ય જ છે. સંયોગ કે વિભાગથી શબ્દ ઉત્પન્ન થાય છે. [દંડનો નગારા સાથે સંયોગ થતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી, જ્યારે ડાળી તૂટી પડે છે ત્યારે તેનો વૃક્ષના થડથી વિભાગ થાય છે અને શબ્દ ઉત્પન્ન થાય છે.] ઉત્પન્ન થયેલો શબ્દ તિરછી દિશામાં, ઊર્ધ્વ દિશામાં, અધો દિશામાં એમ બધી દિશાઓમાં કદમ્બના ફુલના ગોલકાકારે પોતાની નજીકના દેશમાં પોતાના જેવા બીજા શબ્દોને ઉત્પન્ન કરે છે, તે બીજા શબ્દો પણ એ જ રીતે વળી બીજા શબ્દોને ઉત્પન્ન કરે છે અને એ પ્રમાણે જલતરંગોની જેમ નવા નવા શબ્દોની ઉત્પત્તિઓની હારમાંનો છેલ્લો શબ્દ જે શ્રોત્રાકાશમાં જન્મીને સમવાયસંબંધથી રહે છે તે જ શ્રોત્રાકાશમાં ગૃહીત થાય છે.

240. तदियं तावदतिघर्घरा कल्पना ।

शब्दः शब्दान्तरं सूते इति तावदलौकिकम् ।
कार्यकारणभावो हि न दृष्टस्तेषु बुद्धिवत् ॥
जन्यन्तेऽनन्तरे देशे शब्दैः स्वसदृशाश्च ते ।
तिर्यगूर्ध्वमधश्चेति केयं वः श्रद्दधानता ॥
शब्दान्तराणि कुर्वन्तः कथं च विरमन्ति ते ।
न हि वेगक्षयस्तेषां मरुतामिव कल्प्यते ॥
कुड्यादिव्यवधाने च शब्दस्याकरणं कथम् ।
व्योम्नः सर्वगतत्वाद्धि कुड्यमध्ये व्यवस्थितिः ॥

अथावरणात्मककुड्यादिद्रव्यसंयोगरहितमाकाशं शब्दजन्मनि समवायिकारणमिष्यते, तदत्र प्रमाणं विशेषे वक्तव्यम् ।

240. વૈશેષિકોની આ કલ્પના અત્યંત અસ્પષ્ટ છે. શબ્દ બીજા શબ્દને ઉત્પન્ન કરે છે એ વસ્તુ તો જગતમાં ખરેખર છે જ નહિ, કારણ કે જેમ લિંગબુદ્ધિ અને લિંગીબુદ્ધિ વચ્ચે કાર્યકારણભાવ દેખાય છે તેમ શબ્દો વચ્ચે કાર્યકારણભાવ દેખાતો નથી. શબ્દો પોતાના નિકટવર્તી દેશોમાં પોતાના જેવા શબ્દોને તિર્યક્, ઊર્ધ્વ અને અધોદિશાઓમાં ઉત્પન્ન કરે છે એમ માની લેવું એ તે કેવી તમારી શ્રદ્ધા! અન્ય શબ્દોને ઉત્પન્ન કરતાં શબ્દો કેવી રીતે તમારા મતમાં વિરમે છે? કારણ કે પવનની જેમ વેગનો ક્ષય તેમની બાબતમાં કલ્પવામાં આવ્યો નથી, અને ભીંત વગેરેના વ્યવધાનથી શબ્દની અનુત્પત્તિ કેમ થાય? કારણ કે આકાશ સર્વગત હોઈ ભીંતમાં પણ તે રહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે જો જે આકાશ આવરણાત્મક ભીંત વગેરે દ્રવ્યોના સંયોગથી રહિત છે તેને જ શબ્દોત્પત્તિમાં સમવાયિકારણ ઇચ્છતા હો તો અહીં આકાશમાત્ર કારણ નથી પરંતુ આકાશવિશેષ કારણ છે એ પુરવાર કરવા તમારે પ્રમાણ આપવું જોઈએ.

241. तुल्यारम्भे च तीव्रेण मन्दस्य जननं कथम् ।
श्रूयते चान्तिकात्तीव्रः शब्दो मन्दस्तु दूरतः ॥
वीचीसन्तानतुल्यत्वमपि शब्देषु दुर्वचम् ।
मूर्तिमत्त्वक्रियायोगवेगादिरहितात्मसु ॥

241. જો શબ્દ પોતાના જેવા શબ્દને ઉત્પન્ન કરતો હોય તો તીવ્ર શબ્દથી મન્દ શબ્દ કેમ ઉત્પન્ન થાય ? અને (એ તો આપણો અનુભવ છે કે) નજીકથી શબ્દ તીવ્ર સંભળાય છે અને દૂરથી શબ્દ મંદ સંભળાય છે. વળી, શબ્દોનું જલતરંગની હાર સાથે દર્શાવવામાં આવેલું સામ્ય પણ દુર્વચ છે કારણ કે શબ્દોમાં મૂર્તિમત્ત્વ, ક્રિયા, વેગ વગેરે નથી (જ્યારે જલતરંગોમાં તે છે.)

242. यदप्युच्यते 'सजातीयजनकः शब्दः, गुणत्वात्, रूपादिवत्' इति तदिदमसिद्धमसिद्धेन साध्यम्, गुणत्वस्यासिद्धत्वात् ।

न शब्दः पारतन्त्र्येण कदाचिदुपलभ्यते ।
द्रव्यस्थ इव रूपादिरतोऽस्य गुणता कुतः ॥

अपि च न शब्दान्तरारम्भकः शब्दो गुणत्वाद् रूपवत् । शब्दः शब्दं नारभते शब्दत्वाच्छोत्रशब्दवत् । न संयोगविभागौ शब्दस्य जनकौ, संयोगविभागत्वात्, अन्यसंयोगविभागवद् इत्यादयः प्रतिहेतवोऽप्यत्र सुलभा इति यत्किञ्चिदेतत् ।

242 'સજાતીયનો (અર્થાત્ શબ્દનો) જનક શબ્દ છે, કારણ કે તે ગુણ છે, રૂપ આદિની જેમ' એમ જે કહેવામાં આવ્યું છે તે અસિદ્ધ છે કારણ કે તે અસિદ્ધ હેતુ વડે પુરવાર કરવામાં આવ્યું છે, શબ્દનું ગુણત્વ જ અસિદ્ધ છે. જેમ રૂપ આદિ દ્રવ્યાશ્રિત ગૃહીત થાય છે તેમ શબ્દ દ્રવ્યાશ્રિત અર્થાત્ પરતંત્ર ગૃહીત થતો નથી. એટલે એ ગુણ ક્યાંથી હોય ? વળી, 'શબ્દ શબ્દાન્તરનો જનક છે કારણ કે તે ગુણ છે, રૂપની જેમ'—એ અનુમાન પણ ઠીક નથી કારણ કે પ્રતિપક્ષ અનુમાનથી તે બાધિત થાય છે—'શબ્દ શબ્દનો જનક નથી કારણ કે તે શબ્દ છે, શ્રોત્રમાં જન્મેલા શબ્દની જેમ.'

'તાલુ આદિ સ્થાનો સાથેના વાયુના સંયોગ-વિભાગ પણ શબ્દના જનક નથી, કારણ કે તે સંયોગ-વિભાગ છે, અન્ય સંયોગ-વિભાગની જેમ'—વગેરે પ્રતિપક્ષ હેતુઓ પણ અહીં સુલભ છે. એટલે તે મત તુચ્છ છે.

243. कापिलास्तु ब्रुवते – श्रोत्रवृत्तिः शब्ददेशं गच्छति, सा शब्देन विक्रियते इति । तत्र श्रोत्रस्य व्यामिश्रत्वान्निकटदेशेनैव शब्देन तद्वृत्तिर्विक्रियते, न दूरदेशेनेत्यत्र को

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नियमः ? नियमाभावाच्च कान्यकुब्जप्रयुक्तो गोशब्दो गौरमूलकेऽपि श्रूयेत । अमूर्ता च श्रोत्रवृत्तिः प्रसरन्ती न मूर्त्तैः कुड्यादिभिरभिहन्तुं शक्यते इति व्यवहितस्यापि शब्दस्य श्रवणं स्यात् ।

वायौ शब्दानुकूले च न तस्य श्रवणं भवेत् ।
गच्छन्त्याः प्रतिकूलो हि श्रोत्रवृत्तेः स मारुतः ॥

दूरेऽपि अनुवातं शब्दस्य श्रवणं यद्दृष्टं प्रतिवातं च निकटेऽपि यदश्रवणं तदस्मिन् पक्षे विपरीतं स्यात् ।

वृत्तिवृत्तिमतोर्भेदो नास्तीतीन्द्रियवद्भवेत् ।
व्यापिका वृत्तिरित्येवं कथं सर्वत्र न श्रुतिः ॥

243. સાંખ્ય ચિંતકો કહે છે કે શ્રોત્રવૃત્તિ શબ્દદેશે જાય છે, તે શબ્દનો આકાર ધારણ કરે છે.

મીમાંસક—શ્રોત્ર સર્વવ્યાપી હોઈ તેની વૃત્તિ નિકટદેશવર્તી શબ્દના આકારને ધારણ કરે છે અને દૂરદેશવર્તી શબ્દના આકારને ધારણ કરતી નથી એવો નિયમ શો ? અને નિયમનો અભાવ હોય તો કાન્યકુબ્જમાં પ્રયોજાયેલો શબ્દ ગૌરમૂલકમાં પણ સંભળાય. શ્રોત્રવૃત્તિ અમૂર્ત હોઈ, ભીંત વગેરે મૂર્ત પદાર્થો એ તેને ફેલાતી રોકવી શક્ય નથી, એટલે [ભીંત વગેરે મૂર્ત પદાર્થોથી] વ્યવહિત શબ્દનું પણ શ્રવણ થાય. વળી, શબ્દાનુકૂળ (= શબ્દ તરફથી આવતો) વાયુ હોય ત્યારે શબ્દનું શ્રવણ ન થાય કારણ કે [શબ્દ તરફ] જતી વૃત્તિને તે વાયુ પ્રતિકૂળ હોય છે. શબ્દ દૂર રહેલો હોય છતાં તેના તરફથી વૃત્તિ તરફ વાયુ આવતો હોય તો શબ્દનું શ્રવણ થાય છે અને વૃત્તિ તરફથી શબ્દ તરફ વાયુ જતો હોય તો શબ્દ નિકટ હોય તોય તેનું શ્રવણ થતું નથી એ જે આપણે અનુભવીએ છીએ તે આ પક્ષમાં ઊલટું થઈ જાય. વૃત્તિ અને વૃત્તિમત્ (=ઇન્દ્રિય)નો ભેદ નથી, એટલે ઇન્દ્રિયવૃત્તિ ઇન્દ્રિયની જેમ વ્યાપક બને અને તો પછી શબ્દનું શ્રવણ સર્વત્ર કેમ નથી થતું ?

244. आर्हतास्त्वाहुः – सूक्ष्मैः शब्दपुद्गलैरारब्धशरीरः शब्दः स्वप्रभवभूमेः निष्क्रम्य प्रतिपुरुषं कर्णमूलमुपसर्पतीति । तदेतदतिसुभाषितम् ।

वर्णस्यावयवाः सूक्ष्माः सन्ति केचन पुद्गलाः ।
तैर्वर्णोऽवयवी नाम जन्यते पश्य कौतुकम् ॥
तेषामदृश्यमानानां कीदृशो रचनाक्रमः ।
केन तत्सन्निवेशेन कः शब्द उपजायताम् ॥
लघवोऽवयवाश्चैते निबद्धा न च केनचित् ।
न चैनं कठिनं कर्तुं वर्णावयविनं क्षमाः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृशश्च गच्छन् स कथं न विक्षिप्येत मारुतैः ।
दलशो वा न भज्येत वृक्षाद्यभिहतः कथम् ॥
प्रयाणकावधिः कश्च गच्छतोऽस्य तपस्विनः ।
एकश्रोत्रप्रविष्टो वा स श्रूयेतापरैः कथम् ॥
निष्क्रम्य कर्णादेकस्मात्प्रवेशः श्रवणान्तरे ।
यदीष्येत कथं तस्य युगपद्‌बहुभिः श्रुतिः ॥
श्रोतृसंख्यानुसारेण न नानावर्णसंभवः ।
वक्तुस्तुल्यप्रयत्नत्वाच्छ्रोतृभेदतदैक्ययोः ॥
तदलं परिहासस्य महतो हेतुभूतया ।
नग्नक्षपणकाचार्यप्रज्ञाचातुर्यचर्चया ॥

જૈનો કહે છે–સૂક્ષ્મ શબ્દપુદ્ગલોથી બનેલો શબ્દ પોતાના જન્મસ્થાનથી નીકળી પ્રત્યેક પુરુષના કાનના મૂળે પહોંચે છે.

મીમાંસક–વાહ ! તેમણે બહુ જ સારું કહ્યું ! વર્ણના અવયવો કેટલાક સૂક્ષ્મ પદ્ગલો છે અને તે સૂક્ષ્મપદ્ગલો વડે વર્ણ અવયવી પેદા થાય છે—કૌતુક તો જુઓ ! તે અદૃશ્યમાન [સૂક્ષ્મ શબ્દ પુદ્ગલો] શબ્દની રચના કયા ક્રમે કરે, તેમના કયા સન્નિવેશથી કયો શબ્દ બને ? આ સૂક્ષ્મ અવયવો કશા વડે જોડાયેલ નથી અને તેથી કઠિન વર્ણાવયવીને બનાવવા સમર્થ નથી. કૃશ થયેલો વર્ણાવયવી વાયુઓ વડે આડો કેમ ફંટાઈ જતો નથી કે વૃક્ષ આદિ સાથે ટકરાયેલો તે ટુકડે ટુકડા કેમ થઈ જતો નથી ? અને તે ચાલ ચાલ કરતા બિચારા વર્ણાવયવીની યાત્રાનો અંત ક્યાં ? વળી એક કાનમાં પ્રવેશેલો તે બીજાઓ વડે સંભળાય કઈ રીતે ? જો એક કાનમાંથી નીકળી બીજા કાનમાં પ્રવેશે છે એવું સ્વીકારવામાં આવે તો પછી તે એક સમયે યુગપદ્ ઘણા બધાને સંભળાય કેમ ? શ્રોતાઓની જેટલી સંખ્યા હોય તે પ્રમાણે તેટલી સંખ્યામાં અનેક વર્ણોની ઉત્પત્તિ સંભવતી નથી કારણકે વક્તાનો [એક સમયે] એક જ ઉચ્ચારણરૂપ પ્રયત્ન હોય છે અને વળી શ્રોતાઓ અનેક હોય છે જ્યારે વક્તા તો એક જ હોય છે. દિગંબર જૈન આચાર્યોની પ્રજ્ઞાના ચાતુર્યની આ ચર્ચાને–જે મહાપરિહાસનું કારણ બની છે તેને–રહેવા દઈએ.

245 शाक्यप्रायास्त्वाचक्षते अप्राप्त एव शब्दः श्रोत्रशक्त्या गृह्यते इति । तदेतदतिव्यामूढभाषितम्, अप्राप्तितुल्यतायां दूरव्यवहितादीनामश्रवणकारणाभावात्, प्राप्यकारिताख्यकर्मधर्मप्रसङ्गाच्च । न च चार्वाकवदपरीक्षित एवायमर्थ उपेक्षितुं युक्तः ।

245. લગભગ બધા જ બૌદ્ધો કહે છે કે શ્રોત્રેન્દ્રિય સાથે સંયોગમાં આવ્યા વિના જ શબ્દ શ્રોત્રના સામર્થ્યથી ગૃહીત થાય છે. આ તો અત્યંત બુદ્ધિહીનની વાત છે, કારણ કે શ્રોત્ર સાથે અસંયોગ તો બધા શબ્દોની બાબતમાં સરખો હોઈ, દૂરસ્થ વ્યવહિત વગેરે શબ્દો ન સંભળાવાનું કોઈ કારણ રહેતું નથી, અને વળી ઇન્દ્રિયના સંયોગમાં આવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહીત થવાનો પ્રાપ્યકારિતા નામનો વિષયનો જે ધર્મ છે તે પણ આપત્તિગ્રસ્ત બની જાય છે. બૌદ્ધોની આ માન્યતા ચાર્વાકની માન્યતાની જેમ પરીક્ષા કર્યા વિના જ ઉપેક્ષણીય નથી.

246. इति कार्यत्वपक्षेऽमूः श्रुतास्तार्किककल्पनाः ।
अथाभिव्यक्तिपक्षेऽस्य शृणु श्रोत्रियकल्पनाम् ॥

246. શબ્દ કાર્ય છે એ પક્ષની તરફેણમાં તાર્કિકોએ કરેલી કલ્પનાઓ તમે સાંભળી. હવે શબ્દ વ્યંગ્ય છે એ પક્ષની તરફેણમાં મીમાંસકોની કલ્પનાઓ સાંભળો.

247. विवक्षापूर्वकप्रयत्नप्रेर्यमाणस्तावद्वेगवत्तया क्रियावत्तया च कौष्ठ्यो बहिर्निस्सरति समीरण इति सुस्पष्टमेतत् । प्रत्यक्षनिकटपवनवादिनां पक्षे पवनसमये वक्तवदननिकटनिहितहस्तस्पर्शेनैव स उपलभ्यते । अनुमेयमारुतपक्षेऽपि तदानीमास्यसमीपसन्निधापिततूलकम्पजा सोऽनुमीयते ।

स गच्छन् सर्वतोदिक्कः स्तिमितानिलनोदनम् ।
करोति कर्णाकाशे च प्रयाति श्रुतियोग्यताम् ॥
स च प्रयत्नतीव्रत्वमन्दत्वेन तदात्मकः ।
शब्दे तथाविधज्ञप्तिहेतुतामवलम्बते ॥
स चैष गच्छन्नुद्दामवेगयोगाहितक्रियः ।
शरवद्वेगशान्त्यैव न दूरं गन्तुमर्हति ॥
स मूर्तः प्रसरन्मूर्तैरपरैः प्रतिरुध्यते ।
कुड्यादिभिरितो नास्य श्रुतिर्व्यवहितात्मनः ॥
स वेगगतियोगित्वादागच्छति यतो यतः ।
श्रोता ततस्ततः शब्दमायान्तमभिमन्यते ॥
स तु शङ्खादिसंयोगप्रेर्यमाणः समीरणः ।
शब्दस्यावर्णरूपस्य भवति व्यक्तिकारणम् ॥
यद्वा यद्यप्यवर्णात्मा श्रोत्रग्राह्यो न विद्यते ।
तथाऽपि तत्र शब्दत्वं श्रवणेन ग्रहीष्यते ॥

247. કંઈક કહેવાની ઇચ્છા થવાને કારણે કરાતા પ્રયત્નથી પ્રેરાયેલો કોઠામાં રહેલો વાયુ વેગસહિત અને ગતિક્રિયાસહિત બહાર નીકળે છે એ અત્યંત સ્પષ્ટ છે. નિકટ રહેલો વાયુ પ્રત્યક્ષગ્રાહ્ય છે એમ માનનારાના પક્ષમાં વાયુ બહાર નીકળતો હોય ત્યારે વક્તાના મુખની નજીક રાખવામાં આવેલ હાથના સ્પર્શથી જ તે પ્રત્યક્ષ થાય છે. વાયુ અનુમેય છે એમ માનનારના પક્ષમાં તે વખતે વક્તાના મુખ નજીક મૂકવામાં આવેલ રૂના ફરફરાટથી વાયુ અનુમિત થાય છે. બધી દિશાઓમાં ફેલાતો તે વાયુ નિશ્ચલ વાયુને દૂર કરે છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રોત્રાકાશે પહોંચતાં જ શબ્દને શ્રવણયોગ્ય બનાવે છે. પ્રયત્નની તીવ્રતા કે મંદતાને કારણે તીવ્ર કે મંદ બનેલો વાયુ શબ્દમાં તીવ્રતા કે મંદતાનું જે જ્ઞાન થાય છે તેનું નિમિત્ત બને છે. ઉદ્દામ વેગથી યુક્ત હોવાને કારણે ગતિક્રિયા કરતો વાયુ વેગ શાંત થતાં બાણની જેમ, દૂર જવા શક્તિમાન નથી. વાયુ મૂર્ત હોઈ, [એના માર્ગમાં] આવતા બીજા મૂર્ત દ્રવ્યોથી તે રોકાય છે; તેથી ભીંત વગેરેથી વ્યવહિત (=અન્તરિત) શબ્દ સંભળાતો નથી. વેગ અને ગતિથી યુક્ત વાયુ જે તરફથી આવતો હોય છે તે તરફથી શબ્દ પણ આવે છે એવું શ્રોતા માની લે છે. તે વાયુ જ્યારે શંખ વગેરેના સંયોગથી પ્રેરાતો હોય છે ત્યારે વર્ણરૂપ નહિ એવા શબ્દની અભિવ્યક્તિનું તે કારણ બને છે. અથવા વર્ણરૂપ ન હોય એવો શબ્દ શ્રોત્રગ્રાહ્ય હોતો નથી, તેમ છતાં વર્ણરૂપ ન હોય એવા શબ્દનું શબ્દત્વ સામાન્ય તો શ્રવણ દ્વારા ગૃહીત થાય છે.

248. तदिह न काचिदस्माभिरधिका कल्पना कृता, मारुतगतेरस्याः सर्वलोकप्रसिद्धत्वात्। कर्णाकाशसंस्कारमात्रमदृष्टं कल्पितम्। तदपि कार्यार्थापत्तिगम्यत्वान्नापूर्वमिति।

अपक्षपातिनः सभ्याः सत्यमुत्पत्त्यपेक्षया ।
शब्दस्य कल्पनामाहुरभिव्यक्तौ लघीयसीम् ॥

248. આમ અમે [મીમાંસકોએ] અહીં વધારાની કલ્પના કરી નથી કારણ કે એ વાયુગતિને તો બધા લોકો જાણે છે. કર્ણાકાશના અદૃષ્ટ સંસ્કારની જ કલ્પના અમે કરી છે. તે અદૃષ્ટ સંસ્કાર પણ કાર્યાર્થાપત્તિ દ્વારા જાણી શકાતો હોઈ અપૂર્વ નથી, તદ્દન કપોલકલ્પિત નથી. અપક્ષપાતી સભ્યો શબ્દોત્પત્તિની કલ્પનાની અપેક્ષાએ શબ્દાભિવ્યક્તિની કલ્પનાને વધારે લાઘવવાળી કહે છે.

249. तदेवमभिव्यक्तिपक्षे नियतग्रहणोपपत्तेः प्रत्यभिज्ञाप्रत्ययप्रामाण्यान्नित्यत्वमेवोपगन्तव्यम् ।

या त्वनैकान्तिकत्वोक्तिः धीकर्मप्रत्यभिज्ञया ।
प्रत्यक्षे चोद्यमानाऽसौ दर्शयत्यतिमूढताम् ॥
तेनानुमानदोषेण प्रत्यक्षं न हि दूष्यते ।
सिद्धान्तान्तरचिन्ता तु भवेद्भृशमसंगता ॥
निर्बाधं प्रत्यभिज्ञानमस्ति चेद्बुद्धिकर्मणोः ।
तयोरप्यस्तु नित्यत्वं नो चेत् का शब्दतुल्यता ॥
तस्मान्नित्यः प्रत्यभिज्ञानप्रभावात्
सिद्धः शब्दः पश्यतां तार्किकाणाम् ।
अर्थापत्तिः पूर्वमुक्ता च तस्मिन्
अस्थायित्वे युक्तयश्च व्युदस्ताः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्ति च वेदे वचनं सिद्धामनुवदति यद् ध्रुवां वाचम् ।
तल्लिङ्गदर्शनादपि नित्यः शब्दोऽभिमन्तव्यः ॥

249. ઉપર જણાવી ગયા એ રીતે અભિવ્યક્તિના પક્ષમાં [અમુક વખતે બધા જ શબ્દોનું નહિ પણ] અમુક શબ્દનું જે ગ્રહણ થાય છે તે ઘટતું હોઈ, પ્રત્યભિજ્ઞા નામના જ્ઞાનના પ્રામાણ્ય દ્વારા શબ્દનું નિત્યત્વ જ સ્વીકારવું જોઈએ.

શબ્દની પ્રત્યભિજ્ઞા થતી હોવાના કારણે શબ્દને નિત્ય પુરવાર કરતા હો તો બુદ્ધિ અને કર્મ (=ક્રિયા) જે ખરેખર અનિત્ય છે તે પણ નિત્ય પુરવાર થશે કારણ કે તેમની પણ પ્રત્યભિજ્ઞા થાય છે—આ પ્રમાણે બુદ્ધિ અને કર્મની [અનુમાનરૂપ] પ્રત્યભિજ્ઞા દ્વારા શબ્દની નિત્યતા પુરવાર કરનાર શબ્દપ્રત્યક્ષરૂપ પ્રત્યભિજ્ઞામાં જે અનૈકાન્તિક દોષ જણાવવામાં આવ્યો છે તે એ દોષ દેનારની અત્યંત મૂઢતા દર્શાવે છે. [શબ્દ પ્રત્યક્ષગ્રાહ્ય છે એટલે એની પ્રત્યભિજ્ઞા પણ પ્રત્યક્ષરૂપ છે એથી ઊલટું બુદ્ધિ અને કર્મ પ્રત્યક્ષગ્રાહ્ય નથી જ એટલે એમની પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષરૂપ નથી પણ અનુમાનરૂપ છે.] અનૈકાન્તિકતાદોષ જે અનુમાનનો છે તેનાથી પ્રત્યક્ષને દૂષિત કરી શકાતું નથી. [શબ્દની પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષરૂપ છે. તેથી તેમાં અનૈકાન્તિક દોષ સંભવે નહિ. જો કહો કે પ્રત્યભિજ્ઞાબાધિત હોવાને કારણે શબ્દાનિત્યત્વસાધક અનુમાન અપ્રમાણ છે તો બુદ્ધિકર્માનિત્યત્વસાધક અનુમાન પ્રત્યભિજ્ઞાબાધિત હોવાથી અપ્રમાણ કેમ નહિ? તે પણ અપ્રમાણ ઠરે અને પરિણામે બુદ્ધિ-કર્મ નિત્ય બનવાની આપત્તિ આવે.] આ બીજી રીતે જો તમે નૈયાયિકો વિચારશો તો ખૂબ જ અસંગતતા આવશે. [અમે મીમાંસકો કહીએ છીએ કે શબ્દની અનિત્યતા આનુમાનિકી છે અને નિત્યતા પ્રત્યભિજ્ઞાત્મક પ્રત્યક્ષથી જ્ઞાત છે અને અનુમાન કરતાં પ્રત્યક્ષ બળવાન હોઈ પ્રત્યભિજ્ઞા નિર્બાધ રહે છે; એથી ઊલટું બુદ્ધિકર્મની પ્રત્યભિજ્ઞા અનુમાનરૂપ છે અને અનિત્યતા પણ આનુમાનિકી છે તેથી બંને અનુમાનો તુલ્યબલ હોઈ પ્રત્યભિજ્ઞા નિર્બાધ નથી. બુદ્ધિ અને કર્મ અતીન્દ્રિય દ્રવ્યમાં રહેતા હોઈ અપ્રત્યક્ષ છે અને તેથી અનુમાનથી તેમનું જ્ઞાન થાય છે એટલે જ તેમની પ્રત્યભિજ્ઞાને આનુમાનિકી કહી છે.] બુદ્ધિ અને કર્મની પ્રત્યભિજ્ઞા જો નિર્બાધ હોય તો તેઓ પણ ભલે નિર્બાધ ઠરે. જો તેમની પ્રત્યભિજ્ઞા નિર્બાધ ન હોય તો તેઓની શબ્દ સાથે સમાનતા ક્યાં રહી? નિષ્કર્ષ એ કે નૈયાયિકોના દેખતાં તેમનો અનાદર કરીને પ્રત્યભિજ્ઞાના પ્રભાવથી શબ્દ નિત્ય સિદ્ધ થયો. શબ્દની નિત્યતા પુરવાર કરતું અર્થાપત્તિપ્રમાણ પણ અમે પહેલાં કહ્યું છે અને શબ્દની અનિત્યતા પુરવાર કરવા આપવામાં આવેલી દલીલોનું ખંડન કર્યું છે.વળી, વેદમાં એવાં વાક્યો છે જે જણાવે છે કે વાણી સિદ્ધ છે, નિત્ય છે ['वाचा विरूपनित्यया' આ વેદવચન છે. તેનો અર્થ છે 'रूपयतीति रूपं कर्ता । विगतं रूपं यस्या इति कर्तृरहितेत्यर्थ । अत एव नित्या वागित्यर्थः' અર્થાત્ 'કર્તૃરહિત અને પરિણામે નિત્ય એવી વાણી વડે.' આ શ્રુતિ અગ્નિસ્તુતિપરક હોવા છતાં વાણીનું નિત્યત્વ દર્શાવતી હોઈ શબ્દનિત્યત્વસાધક લિંગ છે.] આવાં વેદવચનરૂપ લિંગો દેખાતાં હોઈ શબ્દ નિત્ય છે એમ માનવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

250. शिक्षाविदस्तु पवनात्मकमेव शब्दम्
आचक्षते तदसमञ्जसमप्रतीतेः ।
अर्हन्मतप्रथितपुद्गलपर्युदास–
नीत्या च वाय्ववयवा अपि वारणीयाः ॥

250. શિક્ષાશાસ્ત્રના વિદ્વાનો શબ્દને વાયુસ્વરૂપ જ કહે છે તે મત બરાબર નથી, કારણ કે તેવું પ્રતીત થતું નથી. [શિક્ષાશાસ્ત્રના વિદ્વાનો માને છે કે વાયુરૂપ અવયવો જ બહાર નીકળીને શબ્દરૂપે સ્થૂળ બની જાય છે. લાકડામાંથી નીકળેલા ધૂમરૂપ સૂક્ષ્મ અવયવો સ્થૂલ ધૂમાવયવીને જન્મ આપે છે, તેની જ રીતે કોઠામાંથી બહાર નીકળેલા સૂક્ષ્મ વાયુરૂપ અવયવો જ સ્થૂલ વાયુઅવયવી અર્થાત્ શબ્દને જન્મ આપે છે.] જે રીતે શબ્દના અવયવો તરીકે જૈનમતમાં સ્વીકૃત પુદ્ગલરૂપ અવયવોનો નીરાસ કર્યો તે રીતે શબ્દના અવયવ તરીકે [શિક્ષાશાસ્ત્રમાં સ્વીકૃત] વાયુરૂપ અવયવોનો નીરાસ પણ કરવો જોઈએ.

251. येऽपि स्थूलविनाशदर्शनवशाद् ब्रूयुः क्षणध्वंसिनः
भावांस्तेऽपि न शक्नुवन्ति गदितुं शब्दस्य विध्वंसिताम् ।
अन्ते हि क्षयदर्शनात् किल तथा तेषां भ्रमोऽस्मिन्पुनः
शब्दे नान्तपरिक्षयाविति कथं कुम्भादिवद्भङ्गिता ॥

251. જેઓ (=બૌદ્ધો) સ્થૂલ વિનાશના દર્શનને આધારે વસ્તુઓને ક્ષણિક કહે છે તેઓ પણ શબ્દની વિનાશિતાને કહેવા શક્તિમાન નથી. અન્તે [ઘટ આદિ વસ્તુઓનો] ક્ષય દેખાતો હોઈ, તેમને તેવો ભ્રમ થાય છે [કે વસ્તુઓ ક્ષણિક છે.] પરંતુ આ શબ્દમાં તો અન્ત અને ક્ષય બેય નથી, એટલે ઘટ વગેરેની જેમ તેની ક્ષણિકતા ક્યાંથી હોય ?

252 अत्र ब्रूमहे — न खलु भवदभिहितमेतत् प्रमाणद्वयमपि शब्दनित्यतां प्रसाधयितुमर्हति । यावता यदर्थापत्तिरवादि 'दर्शनस्य परार्थत्वात्' इति सा क्षीणैव, अर्थप्रतीतेरन्यथाऽप्युपपन्नत्वात् । तत्र सादृश्यमप्यनभ्युपगतमेव दूषितमित्यस्थाने क्लिष्टा भवन्तः ।

गत्वादिजातीराश्रित्य सम्बन्धग्रहणादिकः ।
अर्थावगतिपर्यन्तो व्यवहारः प्रसेत्स्यति ॥

252. અહીં અમે (=નૈયાયિકો) કહીએ છીએ: આપે જણાવેલ બંનેય પ્રમાણો શબ્દનિત્યતા પુરવાર કરવા શક્તિમાન નથી. 'શબ્દનું ઉચ્ચારણ શ્રોતાને અર્થપ્રતીતિ કરાવવા માટે થતું હોઈ, શબ્દને નિત્ય કલ્પવો પડે. અન્યથા શ્રોતાને અર્થપ્રતીતિ થાય નહિ'—એ જે અર્થાપત્તિ પ્રમાણ તમે કહ્યું તે અત્યંત દુર્બળ છે કારણ કે અર્થપ્રતીતિ અન્યથા પણ ઘટે છે. વળી, ત્યાં જે સાદૃશ્યને અમે માન્યું નથી તેની બાબતમાં તમે દોષો બતાવ્યા છે અને એમ જ્યાં જરૂર ન હતી ત્યાં ક્લિષ્ટ બન્યા છો. ગત્વ વગેરે જાતિઓને આધારે સંબંધગ્રહણ (= શબ્દાર્થસંબંધગ્રહણ) વગેરેથી માંડીને અર્થજ્ઞાન થાય ત્યાં સુધીનો વ્યવહાર ઘટશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

253. ननु गत्वं प्रतिक्षिप्तमेतदेव परीक्ष्यताम् ।
अस्मिन्समाप्यते वादो मर्मस्थानमिदं च नः ॥
प्रतिक्षिप्ते च गत्वादौ नार्थसम्प्रत्ययोऽन्यथा ।
प्रत्यभिज्ञानभूमिश्च नान्याऽस्तीति वयं जिताः ॥
सिद्धे तु गत्वसामान्ये तत एवार्थवेदनम् ।
तदेव प्रत्यभिज्ञेयमिति यूयं पराजिताः ॥
तेनान्यत्सर्वमुत्सृज्य वादस्थानकडम्बरम् ।
गत्वादिजातिसिद्ध्यर्थमथातः प्रयतामहे ॥

253. મીમાંસક–ગત્વજાતિનો તો અમે નીરાસ કર્યો છે.

નૈયાયિક–એની જ [ફરી] પરીક્ષા કરો કારણ કે એમાં જ ચર્ચાની સમાપ્તિ રહેલી છે અને વળી સામાન્ય પદાર્થ અમારું મર્મસ્થાન છે. જો ગત્વ વગેરે સામાન્યોનો અસ્વીકાર કરવામાં આવે તો બીજી કોઈ રીતે અર્થનું જ્ઞાન થાય નહિ, અને પ્રત્યભિજ્ઞાનનો વિષય એમના સિવાય બીજો કોઈ નથી, એટલે અમે જીત્યા. ગત્વ સામાન્ય પુરાવાર થતાં તેના દ્વારા જ અર્થનું જ્ઞાન થશે, તે જ પ્રત્યભિજ્ઞાનો વિષય છે, એટલે તમે હાર્યા. એટલે બીજો બધો વાદવિષયોનો આડંબર છોડી ગત્વાદિ જાતિઓને પુરવાર કરવા માટે અમે પ્રયત્ન કરીએ છીએ.

254. तत्रेदं विचार्यताम्—य एष गकारभेदप्रतिभासः स किं व्यञ्जकभेदकृत उत वर्णभेदविषय इति ? व्यञ्जकभेदकृते तस्मिन्नेकत्वाद् गकारस्य किंवृत्ति गत्वसामान्यं स्यात् ? वर्णभेदविषयत्वे तु तद्भेदसिद्धेरभेदप्रत्ययस्य विषयो मृग्य इति तद्ग्राह्यमपरिहार्यं गत्वसामान्यम् । तदुच्यते—नायं व्यञ्जकभेदकृतः गकारभेदप्रत्ययः । यदि हि व्यञ्जकभेदाधीन एष भेदप्रतिभासस्तर्हि यरलवादिवर्णभेदप्रत्ययोऽपि तत्कृत एव किमिति न भवति ? ततश्च सकलवर्णविकल्पातीतमेकमनवयवं शब्दतत्त्वं वैयाकरणवदभ्युपगन्तव्यम् ।

254. તો અહીં આનો વિચાર કરીએ– જે આ ગકારના ભેદનું જ્ઞાન થાય છે તે શું વ્યંજકભેદને કારણે છે કે પછી તે જ્ઞાનનો વિષય જ વર્ણભેદ છે ? જો તે વ્યંજકભેદને કારણે હોય તો ગકારનું એકત્વ જ રહે, પરિણામે ગત્વસામાન્ય શેમાં રહે ? [કારણ કે સામાન્ય એકમાં રહેતું નથી, અનેકમાં રહે છે.] જો તે ભેદજ્ઞાનનો વિષય જ વર્ણભેદ હોય તો ભેદજ્ઞાનની સિદ્ધિ થઈ જવાથી હવે અભેદજ્ઞાનનો વિષય ગત્વસામાન્ય અપરિહાર્ય બને છે.

અમે નૈયાયિકો કહીએ છીએ કે–આ ગકારના ભેદનું જ્ઞાન થવાનું કારણ વ્યંજકભેદ નથી. જો ગકારના ભેદનું જ્ઞાન વ્યંજકભેદને અધીન હોય તો ય, ર, લ, વ, આદિ વર્ણભેદનું જ્ઞાન પણ વ્યંજકભેદના કારણે જ કેમ ન જન્મે ? અને તો પછી વૈયાકરણોની જેમ સકળ વર્ણભેદોથી પર એક નિરવયવ શબ્દબ્રહ્મ સ્વીકારવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

555. अथ मनुषे यरलवादीनामितरेतरविभक्तस्वरूपपरिच्छेदाद् विषयभेदकृत एव भेदप्रत्ययः नोपाधिनिबन्धनः इति, तर्हि गङ्गागगनगर्गादौ गकारभेदप्रतिभासोऽप्येष न व्यञ्जकभेदाधीनो भवितुमर्हति, तत्रापि परस्परविभिन्नगकारस्वरूपप्रतिभासात् । शुकसारिकामनुष्येषु हि वक्तृभेदे सति व्यञ्जकनानात्वसम्भावनया वर्णभेदप्रत्ययस्य तत्कृतत्वं काममाशङ्क्येतापि, वक्त्रैकत्वे तु गगनादौ कुतस्तत्कृतो भेदः ?

255. જો તમે મીમાંસકો માનતા હો કે ય, ર, લ, વ આદિ વર્ણોના એકબીજાથી જુદા સ્વરૂપનું ગ્રહણ થતું હોઈ, ય, ર, લ, વ, આદિ વર્ણોનું ભેદજ્ઞાન વિષયભેદને કારણે થાય છે, [વ્યંજકરૂપ] ઉપાધિભેદને કારણે થતું નથી, તો ગંગા, ગગન, ગર્ગ વગેરે શબ્દગત ગકારના ભેદનું આ જ્ઞાન પણ વ્યંજકભેદના કારણે થવું ઘટતું નથી, કારણ કે ત્યાં પણ એકબીજાથી જુદાં ગકારસ્વરૂપોનું ગ્રહણ થાય છે. [વળી] શુક, સારિકા, મનુષ્ય, એમ વક્તાઓનો ભેદ હોતાં વ્યંજકભેદની સંભાવના હોવાથી વર્ણભેદનું જ્ઞાન વ્યંજકભેદજન્ય હોવાની શંકા કરાય પણ ખરી, પરંતુ વક્તા એક જ હોતાં ગગન, ગંગા, ગર્ગ વગેરે શબ્દગત ગવર્ણનો ભેદ વ્યંજકભેદજન્ય છે એમ કેમ કહેવાય ?

256 ननु तत्रापि मरुतो भिन्ना एव व्यञ्जकाः, मुखं त्वेकं भवतु । किं तेन ? तदपि वा भिन्नमित्येके । उच्यते — स तर्हि मरुतां भेदो यरलवादिष्वपि तुल्य इति मा भूत्तेषामपि भेदः ।

256. મીમાંસક—ત્યાં પણ વાયુઓ ભિન્ન વ્યંજકો છે, ભલે ને મુખ એક રહ્યું. [કોઈ પૂછે કે] તેથી શું ? તેથી મુખ પણ ભિન્ન બને છે એમ કેટલાક માને છે.

નૈયાયિક—વાયુઓનો ભેદ ય, ર, લ, વ, વગેરેમાં પણ આ ગકારની જેમ છે, તો ય, ર, લ, વ વર્ણોનો ભેદ પણ ન થાઓ.

257. ननु यरलवानां विशेषप्रतीतिरस्ति, गकारे तु सा नास्तीत्युक्तम् । उच्चारणस्यैव तत्र भेदो नोच्चार्यस्येति । नैतत्सारम् । मा भूदेष विशेष इति प्रतीतिर्भेदबुद्धिस्तु विद्यते एव । अन्या च विशेषबुद्धिरुच्यते अन्या च भेदबुद्धिरिति। विशेषाप्रतिभासेऽपि क्वचिद् विच्छेदप्रतीतिदर्शनात् ।

257. મીમાંસક—ય, ર, લ, વ વર્ણોમાં વિશેષનું જ્ઞાન થાય છે, ગકારમાં વિશેષનું જ્ઞાન થતું નથી એમ કહેવામાં આવેલ છે. ત્યાં માત્ર ઉચ્ચારણનો ભેદ છે, ઉચ્ચાર્ય ગવર્ણનો ભેદ નથી.

નૈયાયિક—આ તમારી વાતમાં કંઈ સાર નથી. ['આમાં] આ વિશેષ છે' એવું વિશેષનું જ્ઞાન ભલે ન થાય, પરંતુ ['આ આનાથી ભિન્ન છે' એવું] ભેદનું જ્ઞાન તો થાય છે જ. વિશેષનું જ્ઞાન જુદું છે અને ભેદનું જ્ઞાન જુદું છે, કારણકે ['આમાં આ વિશેષ છે અને આમાં આ વિશેષ છે' એવા વિશેષના જ્ઞાન વિના પણ કોઈક વાર ['આ આનાથી ભિન્ન છે' એવું] ભેદનું જ્ઞાન થતું જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

258. नन्वत्रोच्यते—

दृश्यते शाबलेयादिव्यक्त्यन्तरविलक्षणा ।
बाहुलेय दिगोव्यक्तिस्तेन भेदोऽस्ति वास्तवः ॥
न तु द्रुतादिभेदेन निष्पन्ना सम्प्रतीयते ।
गव्यक्त्यन्तरविच्छिन्ना गव्यक्तिरपरा स्फुटा ॥ इति

258. મીમાંસક—આ બાબતમાં અમારું કહેવું છે કે, શાબલેય આદિ અન્ય ગો વ્યક્તિઓથી બાહુલેય આદિ ગો વ્યક્તિઓ વિલક્ષણ દેખાય છે એટલે ભેદ વાસ્તવિક છે. પરંતુ અહીં દ્રુત આદિ (ઉચ્ચારણ)ભેદ દ્વારા એક ગવ્યક્તિ બીજી ગવ્યક્તિથી અલગ નિષ્પન્ન થતી હોવા છતાં સ્પષ્ટપણે ભિન્ન જણાતી નથી. [અર્થાત્ જે કંઈ ભેદ ગવ્યક્તિઓમાં જણાય છે તે દ્રુત આદિ ઉચ્ચારણભેદને કારણે છે, વાસ્તવિક નથી.]

259. नैतद्युक्तम् । शाबलेयादौ प्रतिव्यक्ति सास्नाखुरककुदाद्यवयववर्तिनो विशेषाः प्रतिभासन्ते । ते च स्थूलत्वात्सुगमा भवन्ति । यत्र तु तिलतण्डुलकुलत्थादौ प्रतिसिक्थं विशेषा न प्रतिभासन्ते । तत्र विशेषप्रतीत्यभावेऽपि विच्छेदप्रतिभासो विद्यते एव, सिक्थात् सिक्थान्तरत्वेन प्रतिभासात् । एवमिहाप्येष गकारविशेष इति प्रतिभासाभावेऽपि विच्छेदग्रहणाद् गकारनानात्वम् ।

259. નૈયાયિક—આ તમારું કહેવું યોગ્ય નથી. શાબલેય વગેરે ગાયોમાં પ્રતિવ્યક્તિ સાસ્ના, ખુર, કકુદ, વગેરે અવયવોમાં રહેલા વિશેષો દેખાય છે, અને સ્થૂળ હોવાને કારણે સહેલાઈથી જાણી શકાય એવા હોય છે. પરંતુ જ્યાં તિલ, તંડુલ, કકુત્થ વગેરેમાં પ્રતિકણ વિશેષો દેખાતા નથી, ત્યાં વિશેષના જ્ઞાનના અભાવમાંય અન્યત્વનું તો જ્ઞાન થાય છે જ, કારણ કે એક કણથી બીજો કણ જુદો દેખાય છે. એ જ રીતે અહીં 'આ ગકારનો આ વિશેષ છે' એવા જ્ઞાનના અભાવમાંય 'આ ગકારથી આ ગકાર ભિન્ન છે' એવું ભેદજ્ઞાન થતું હોઈ ગકાર એક નથી પણ અનેક છે.

260. ननु तण्डुलादावपि सिक्थात्सिक्थान्तरे विशेषाः प्रतिभासन्ते एव । तदप्रतिभासे भेदस्यापि ग्रहीतुमशक्यत्वात् । मैवं वादीः । यत्ने सति चतुरश्रत्रिकोणवर्तुलत्वादिविशेषा अप्यमुत्र प्रतिभासिष्यन्ते । एवं च गकारेष्वपि । प्रयत्नं विनाऽपि तु प्रथमाक्षनिपात एव विच्छेदबुद्धिरुत्पद्यते इति तथैव नानात्वसिद्धिः ।

260. મીમાંસક—તંડુલ વગેરેમાં પણ એક કણથી બીજા કણમાં જે વિશેષો છે તે જણાય છે જ, કારણ કે તે ન જણાતા હોય તો એક કણથી બીજા કણના ભેદને ગ્રહણ કરવાનું પણ અશક્ય બની જાય.

નૈયાયિક—એમ ન કહો. પ્રયત્ન કરીએ તો જ ચતુરશ્રત્વ, ત્રિકોણત્વ, વર્તુલત્વ વગેરે વિશેષો અહીં (=કણોમાં) પણ દેખાશે, એવું જ ગકારોની બાબતમાં છે, પરંતુ ભેદજ્ઞાન તો નજર પડતાં જ પ્રયત્ન વિના જ ઉત્પન્ન થાય છે; આ ભેદજ્ઞાનથી જ ગકારોની અનેકતા પુરવાર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

261. ननु नैवानधिगतविशेषस्य विच्छेदबुद्धिरुत्पत्तुमर्हति इति विशेषबुद्धिरेव विच्छेदबुद्धिः । नैतदेवम्, भ्रमणादिकर्मक्षणानां सूक्ष्मविशेषाप्रतिभासेऽपि विच्छेदप्रतिभासात् । ननु तत्रापि विशेषग्रहणं कल्प्यते, अन्यथा विच्छेदप्रतीत्यनुपपत्तेः । यद्येवं वर्णेष्वपि गगनादौ विच्छेदप्रतीतिदर्शनात्कल्प्यतां विशेषग्रहणम् । नन्वस्त्येव तत् किन्त्वौपाधिकं स्फटिके रक्तताप्रत्ययवत् । विषमो दृष्टान्तः । स्फटिकस्य शुद्धस्य दृष्टत्वाल्लाक्षाद्युपाधिनिमित्तको भवतु रक्तताप्रत्ययः, वर्णानां तु नित्यमेवोदात्तादिविशेषवतां प्रतिभासात् तद्रहितानामनुपलब्धेश्च नैसर्गिक एवायं भेदः । तद्यथा बुद्धीनां घटपटादिविषयविशेषशून्यानामसंवेदनात् प्रतिविषयं नानात्वम् तथा वर्णानामपि उदात्तादिविशेषशून्यानामसंवेदनात् प्रत्युदात्तादिविशेषं नानात्वम् ।

261. મીમાંસક—વિશેષને જાણ્યા વિના ભેદબુદ્ધિ ઉત્પન્ન થવી ઘટે નહિ એટલે વિશેષબુદ્ધિ જ ભેદબુદ્ધિ છે.

નૈયાયિક—ના, એવું નથી, કારણ કે ભ્રમણ વગેરે ક્રિયાક્ષણોના સૂક્ષ્મ વિશેષોના જ્ઞાન વિના પણ ભેદજ્ઞાન થતું જણાય છે.

મીમાંસક—ત્યાં પણ વિશેષનું ગ્રહણ કલ્પવું જોઈએ, અન્યથા ભેદજ્ઞાન ઘટશે નહિ.

નૈયાયિક—જો એમ હોય તો ગગન આદિ શબ્દગત ગવર્ણોમાં પણ ભેદજ્ઞાનનું દર્શન થતું હોઈ તે ગવર્ણોના વિશેષોનું ગ્રહણ પણ કલ્પો.

મીમાંસક—ત્યાં પણ વિશેષોનું ગ્રહણ હોય છે જ, પરંતુ તે ઔપાધિક હોય છે—જેમ સ્ફટિકમાં રક્તતાનું જ્ઞાન ઔપાધિક હોય છે તેમ.

નૈયાયિક—દૃષ્ટાન્ત વિષમ છે. શુદ્ધ સ્ફટિકને દેખ્યો હોઈ, તેમાં થતું રક્તતાનું જ્ઞાન લાખ આદિ ઉપાધિને નિમિત્તે હોઈ શકે. પરંતુ વર્ણો તો સદા ઉદાત્ત આદિ વિશેષોવાળા જ દેખાય છે, તે વિશેષોથી રહિત તેઓ જ્ઞાત થતા જ નથી, એટલે વર્ણોનો ભેદ સ્વાભાવિક છે, [ઔપાધિક નથી.] જેમ ઘટ, પટ આદિ વિષયવિશેષોથી શૂન્ય જ્ઞાનોનું સંવેદન થતું ન હોઈ તે જ્ઞાનો પ્રતિવિષય ભિન્ન છે તેમ ઉદાત્ત આદિ વિશેષોથી શૂન્ય વર્ણોનું પણ સંવેદન થતું ન હોઈ, તે વર્ણો પ્રતિવિશેષ ભિન્ન છે.

262. ननु बुद्धिरेकैव नित्या च विषयभेदोपाधिनिबन्धनस्तद्भेद इति । शान्तम्, स्वयमेव 'बुद्धिजन्म प्रत्यक्षम्' [ जै० सू० १.१.५ ] इत्यभिधानात् । अस्माभिश्च बुद्धिनित्यताया उपरिष्टान्निराकरिष्यमाणत्वात् । विषयभेदाच्च तद्भेदाभिधाने विषयस्यापि कुत इदानीं भेदः । बुद्धिभेदादिति चेद् इतरेतराश्रयप्रसङ्गः । तदिमाः स्वत एव भेदवत्यो बुद्धयः विषयाणामपि स्वतः भेदो भवति, स च बुद्धिभिर्ज्ञायते इत्यलमर्थान्तरगमनेन । यथा च शुक्लगुणस्य भास्वरधूसरादिभेदवतो नानात्वं तथा वर्णस्याप्युदात्तादिभेदवतः ।

262. મીમાંસક—બુદ્ધિ એક જ છે અને નિત્ય છે; તેની અનેકતા તો વિષયભેદરૂપ ઉપાધિને કારણે છે.

નૈયાયિક—રહેવા દો. આ શું કહો છો? કારણ કે તમે પોતે જ કહ્યું છે કે '....જે બુદ્ધિ જન્મે છે તે પ્રત્યક્ષ છે.' અને અમે નૈયાયિકો તો બુદ્ધિની નિત્યતાનો નીરાસ આગળ ઉપર [આઠમા આહ્નિકમાં] કરવાના છીએ. વિષયભેદે બુદ્ધિભેદ કહેતા હો તો અમે પૂછીએ છીએ કે વિષયનો પણ ભેદ હવે ક્યાંથી? જો કહો કે બુદ્ધિભેદને કારણે, તો ઇતરેતરાશ્રયદોષની આપત્તિ આવશે. તેથી [તમારે માનવું જોઈએ કે] આ બુદ્ધિઓ સ્વતઃ જ ભેદવાળી છે; અને વિષયોનો ભેદ પણ સ્વતઃ જ છે પણ તે બુદ્ધિ દ્વારા જ્ઞાત થાય છે. બીજી બાબતોની ચર્ચા અત્યારે રહેવા દઈએ. [નિષ્કર્ષ એ કે] જેમ ભાસ્વર, ધૂસર, વગેરે ભેદવાળા શુક્લગુણનું નાનાત્વ છે તેમ ઉદાત્ત આદિ ભેદવાળા વર્ણનું પણ નાનાત્વ છે.

263 शुक्लगुणोऽप्येक एव, आश्रयभेदात्तु तद्भेद इति चेद् अहो रससमारूढो भट्टः !

कर्मैकं बुद्धिरप्येका जगत्येकस्सितो गुणः ।
तच्चैतन्नित्यमित्येताः स्त्रीगृहे कामुकोक्तयः ॥

अपि चैकात्मवादोऽप्येवमेवावतरेत् सुखदुःख्यादिभेदस्य शरीरभेदेनाप्युपपत्तेः । अद्वैतस्य च नातिदवीयानेष पन्था इत्यलमलीकविकत्थनेन । तस्माद् बुद्ध्यादिवत् सर्वदा सविशेषाणामेव वर्णानां ग्रहणान्नानात्वम् ।

263. મીમાંસક—શુક્લગુણ પણ એક જ છે, આશ્રયભેદે તેનો ભેદ જણાય છે.

નૈયાયિક—અરે કુમારિલ ભટ્ટ તો શૃંગારરસમાં ચડી ગયા! જગતમાં કર્મ એક છે, બુદ્ધિ પણ એક છે, એક જ શુક્લગુણ છે અને તે નિત્ય છે – આ બધી ઉક્તિઓ તો સ્ત્રીગૃહમાં કામાતુરની છે. વળી, આ રીતે તો એકાત્મવાદ ઊતરી આવે, કારણકે 'સુખી' 'દુઃખી' વગેરે ભેદનો ખુલાસો શરીરભેદથી થઈ જાય છે. આ માર્ગ અદ્વૈતથી બહુ છેટો નથી. માટે, ખોટી બડાશો હાંકવાનું રહેવા દો. આ બધાનો નિષ્કર્ષ એ કે બુદ્ધિ વગેરેની જેમ વર્ણો હંમેશા વિશેષો સહિત જ ગૃહીત થતા હોઈ અનેક છે.

264. तत्रैतत्स्यात् यः गगनादावकारोपश्लेषकृत एव भेदप्रत्ययः, न स्वरूपभेद इति । तदयुक्तम्, अकारस्यापि भवन्मते भेदाभावात् । अविद्यमाने च तदुपश्लेषे दिगजो दिग्गज इति भेदेन प्रतिभासो भवत्येव । तथा च समदः सम्मदः, पटः पट्टः, आसनम् आसन्नं, मलः मल्लः, अविकः अविक्कः, पतिः पत्तिः, पतनं पत्तनमित्यादावपि भेदप्रतीतिः । अर्थप्रतीतिभेदोऽपि दिगजदिग्गजादौ शब्दान्तरनिमित्तको भवितुमर्हति, न द्विरुच्चारणकृतः । ग्रन्थाधिक्यादर्थाधिक्यम्, नोच्चारणभेदात् । शतकृत्वोऽपि प्रयुक्ते गोशब्दे सास्नादिमदर्थव्यतिरिक्तवाच्यसंप्रत्ययाभावात् । तथा च दिग्गज इति द्विगकारको निर्देश इत्याचक्षते शब्दविदः, न द्विर्गकार उच्चारित इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

264. મીમાંસક—'ગગન' વગેરે શબ્દોમાં ગવર્ણોનો સ્વરૂપથી ભેદ ન હોવા છતાં ગવર્ણોના ભેદનું જ્ઞાન થવાનું કારણ ગવર્ણ સાથે 'અ'સ્વરનો સંયોગ છે.

નૈયાયિક—તે બરાબર નથી, તમારા મતે તો અકારોનો પણ ભેદ નથી. ['દિગ્ગજ' શબ્દમાં પ્રથમ 'ગ'વર્ણને 'અ'સ્વરનો સંયોગ નથી એટલે તમારા મતે એ પછી આવતા 'ગ'વર્ણથી તેના ભેદની પ્રતીતિ થાય નહિ અને પરિણામે 'દિગ્ગજ' અને 'દિગજ' બેના ભેદની પ્રતીતિ પણ ન થાય. પરંતુ] આ રીતે જ્યારે દિગ્ગજમાં પ્રથમ ગવર્ણને 'અ'સ્વરનો સંયોગ નથી હોતો ત્યારે પણ 'દિગજ' અને 'દિગ્ગજ' એ બેના ભેદની પ્રતીતિ થાય છે જ. તેવી જ રીતે સમદ-સમ્મદ, પટ-પટ્ટ, આસન-આસન્ન, મલ-મલ્લ, અવિક-અવિક્ક, પતિ-પત્તિ, પતન-પત્તન વગેરે ઉદાહરણોમાં પણ ['અ'સ્વરનો સંયોગ જોડકાના બીજા સભ્યમાં છે નહિ તેમ છતાં] તેમના ભેદનું જ્ઞાન થાય છે. દિગજ-દિગ્ગજ વગેરેની બાબતમાં અર્થની પ્રતીતિ જુદી જુદી થાય છે તેનું કારણ તે પ્રતીતિઓનું નિમિત્તકારણ શબ્દ જુદા જુદા છે એ છે, અને નહિ કે [એકમાં વર્ણ એક વાર ઉચ્ચારવામાં આવ્યો છે અને બીજામાં] બે વાર ઉચ્ચારવામાં આવ્યો છે એ. ગ્રન્થનું આધિક્ય જ અર્થના આધિક્યનું કારણ છે અને નહિ કે ઉચ્ચારણભેદ [યા ઉચ્ચારણાધિક્ય]. 'ગો'શબ્દ સો વાર ઉચ્ચારો તો પણ ધાબળી-યુક્ત અર્થથી જુદા વાચ્ય અર્થની પ્રતીતિ તેનાથી થવાની નહિ. ઉપરાંત, 'દિગ્ગજ' એ શબ્દ બે ગકાર ધરાવે છે એમ વૈયાકરણો કહે છે, ગકાર બે વાર ઉચ્ચારાયો છે એમ કહેતા નથી.

265. ननु गोगुरुगिरिगेहादावज्भेदेऽपि गकारप्रत्ययानुवृत्तेरेक एवायं गकारः। मैवं वोचः, एष एव हि भेदप्रत्ययोऽस्माभिरुपदर्शितः। विनाऽपि च अजुपश्लेषं दिग्गजादौ भेदप्रत्ययो वर्णितः। न च वयमभेदप्रत्ययमपह्नुमहे, किन्तु भेदप्रत्ययस्याप्यबाधितस्य भावादनन्यथासिद्धत्वाच्च गवादिवत् सामान्यविशेषरूपतां ब्रूमः। व्यञ्जकभेदनिबन्धनत्वं तु यरलवादावपि वक्तुं शक्यमित्युक्तमेव। अपि च शाबलेयादिभेदप्रत्ययस्यापि व्यञ्जकभेदनिबन्धनत्वादेक एवासौ स्यात्।

265. મીમાંસક—ગો, ગુરુ, ગિરિ, ગેહ વગેરે શબ્દોમાં 'ગ'વર્ણ સાથે જોડાયેલ સ્વરોનો ભેદ હોવા છતાં ગકારની પ્રતીતિ તો બધામાં અનુસ્યૂત છે એટલે આ ગકાર એક જ છે.

નૈયાયિક—એ પ્રમાણે ન કહો. આ વર્ણભેદના જ્ઞાનને જ અમે સમજાવ્યું છે. સ્વર-સંયોગ વિના પણ 'દિગ્ગજ' વગેરે ઉદાહરણોમાં વર્ણભેદનું જ્ઞાન થાય છે એ અમે દર્શાવ્યું છે. અમે અભેદના જ્ઞાનને નકારતા નથી. પરંતુ ભેદનું અબાધિત જ્ઞાન પણ થતું હોવાને કારણે તેમ જ બીજી કોઈ પણ રીતે તે ભેદનું જ્ઞાન ન ઘટતું હોવાને કારણે ગાય વગેરેની જેમ સામાન્ય-રૂપતા અને વિશેષરૂપતા બંને તેનામાં (=વર્ણમાં) છે એમ અમે કહીએ છીએ. વ્યંજકભેદને કારણે વર્ણભેદનું જ્ઞાન થાય છે એ વાત તો ય,ર લ,વ વગેરે વર્ણોની બાબતમાં પણ કહેવી શક્ય છે એ અમે જણાવી ગયા છીએ જ. [અર્થાત્ વ્યંજકભેદને કારણે વર્ણોનો ભેદ

૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાય છે, હકીકતમાં વર્ણોનો ભેદ નથી એમ ગકારની બાબતમાં કહેશો તો તે જ દલીલને આધારે ય અને ર વર્ણોનો પણ ભેદ હકીકતમાં તમે સ્વીકારી શકશો નહિ.] વળી, શાબલેય વગેરેના ભેદની પ્રતીતિ પણ વ્યંજકભેદને કારણે હોઈ ગાય એક જ છે અર્થાત્ ગોપિંડો કે ગોવ્યક્તિઓનો અભેદ છે એમ માનવાની આપત્તિ આવશે.

266. ननु तत्र को व्यञ्जको यद्भेदकृतः पिण्डभेदप्रत्यय इष्यते ? आह च—

न पिण्डव्यतिरेकेण व्यञ्जकोऽत्र ध्वनिर्यथा ।

पिण्डव्यङ्ग्यैव गोत्वादिजातिर्नित्यं प्रतीयते ॥ [श्लो०वा०स्फोट० ३६]इति तदयुक्तम्, गोत्वजातेर्गत्ववदिदानीं विवादास्पदीभूतत्वात्, पिण्डभेदप्रत्ययस्य चक्षुर्व्यापारभेदादप्युपपत्तेः ।

266. મીમાંસક—ત્યાં વ્યંજક જ કયો છે કે જેના ભેદને આધારે પિંડભેદનું જ્ઞાન ઇચ્છવામાં આવે ? [નથી જ.] અને કહ્યું પણ છે કે 'જેમ શબ્દનો વ્યંજક શબ્દથી જુદો ધ્વનિ છે તેમ અહીં પિંડથી જુદો પિંડનો કોઈ વ્યંજક નથી; ગોત્વ વગેરે જાતિ હંમેશા પિંડ દ્વારા જ વ્યક્ત થતી દેખાય છે. [ગોત્વજાતિનો વ્યંજક ગોત્વજાતિથી ભિન્ન ગોપિંડ છે પણ ગોપિંડનો વ્યંજક ગોપિંડથી ભિન્ન કોઈ નથી].

નૈયાયિક—આ તમારું કહેવું યોગ્ય નથી, કારણકે ગત્વની જેમ અત્યારે તો ગોત્વજાતિ પણ વિવાદાસ્પદ છે. વળી, પિંડભેદનું જ્ઞાન ચક્ષુર્વ્યાપારભેદ દ્વારા પણ ઘટે છે. [અર્થાત્ ગોપિંડો એક હોવા છતાં ચક્ષુર્વ્યાપારભેદને કારણે તેમના ભેદનું જ્ઞાન થાય છે એમ કહી શકાય].

267. ननु सकृदपि व्यापृतलोचनस्य परस्परविभक्तपिण्डप्रतिभासो भवति । नैवम्, तदानीं गोमात्रप्रतीतिः । 'एष शाबलेयः' 'एष बाहुलेयः' इति तु विशेषग्रहणे चक्षुर्व्यापारभेदोऽपरिहार्यः । यदि चाद्यगोपिण्डभेदे प्रथमाक्षसन्निपातजा बुद्धिः सुभगतां गता, गकारभेदे तर्हि किंकृतमस्या दौर्भाग्यम् ? तत्रापि प्रथमश्रोत्रव्यापारवेलायामनवगतव्यञ्जकविभागस्यापि गगनगङ्गादौ गकारभेदः प्रतिभासते एवेत्यलं प्रसङ्गेन । तदयं वस्तुसंक्षेपः । उपेक्ष्यतां वा सर्वत्र सामान्यविशेषव्यवहारः, इष्यतां वा गोत्वादिवद् गकारभेदवृत्ति गत्वसामान्यम् । अत्वमपि गत्ववदप्रत्याख्येयम्, इतरेतरविलक्षणानामकाराणां ह्रस्वदीर्घप्लुतादिभेदेन प्रतिभासात् । यः पुनः आकारेऽप्यकारप्रत्यभिज्ञानं ब्रूयात् तस्येकारोकारप्रतीतिष्वप्यकारस्यैव ग्रहणप्रसक्तिः, अच्त्वाविशेषात् । अथ तदविशेषेऽपि अवर्णादिवर्णस्य भेद इष्यते, स तर्ह्याकारस्य न निह्नोतव्यः । एवं च सत्यरण्याऽऽरण्यशब्दाभ्यां भिन्नार्थप्रतीतिरुपपत्स्यते । उदात्तानुदात्तस्वरितसंवृतविवृतादिभेदोऽपि शब्दविदां प्रत्यक्ष एव, गीतज्ञानामिव

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वरग्रामभाषाविभागः । तस्मादष्टादशभेदमकारमाचक्षते । अत्वं च तत्सामान्यमवर्णकुलशब्देन व्यवहरन्तीति । यत्तु ध्वनिधर्मस्यापि दीर्घादेः अर्थप्रतिपत्त्यङ्गत्वं तुरगवेगवदुक्तम् तदप्यहृदयङ्गमम् । शब्दादर्थं प्रतिपद्यन्ते लोकाः, न मरुद्भ्यः । अथ मरुतामपि तथा व्युत्पत्तेरर्थप्रतीतिहेतुत्वं, तर्हि व्युत्पत्तिरेव प्रमाणं स्यात् न शब्दः, व्युत्पत्तेरव्यभिचारात्, शब्दस्य च व्यभिचारात् इत्यास्तामेतत् ।

तस्माद् गत्वादिसामान्यैरर्थसंप्रत्ययात्मनः ।
कार्यस्य परिनिष्पत्तेर्न वर्णव्यक्तिनित्यता ॥

267. મીમાંસા—[પિંડભેદના જ્ઞાનનું કારણ પિંડભેદ નહિ પણ ચક્ષુર્વ્યાપારભેદ છે એમ ન કહેવું જોઈએ કારણકે] એક વાર પણ નજર નાખનારને [નજર પડતાં જ] એકબીજાથી ભિન્ન પિંડોનું જ્ઞાન થાય છે.

નૈયાયિક—ના, એવું નથી. તે વખતે તો કેવળ ગાયની જ પ્રતીતિ થાય છે. 'આ શાબલેય ગાય છે,' 'આ બાહુલેય ગાય છે' એવા વિશેષનું ગ્રહણ કરવા માટે તો ચક્ષુર્વ્યાપારભેદ અનિવાર્ય છે. વળી, જો પ્રથમ નજર પડતાં જ જન્મતી બુદ્ધિ ગાયની વિશેષતા ગ્રહણ કરી લેવા ભાગ્યશાળી હોય તો પછી એવું પ્રાથમિક શ્રોત્રપ્રત્યક્ષ ગકારનો ભેદ ગ્રહણ કરવામાં મંદભાગી કેમ? ત્યાં પણ પ્રથમ શ્રોત્રવ્યાપાર વખતે, વ્યંજકના ભેદને જેણે હજુ અવગત કર્યો નથી એ વ્યક્તિને પણ 'ગગન' 'ગંગા' વગેરેમાં ગકારના ભેદનું જ્ઞાન થાય જ. વધુ વિસ્તાર કરવાની જરૂર નથી. ટૂંકમાં, કાં તો બધે સ્થળે સામાન્ય-વિશેષના વ્યવહારની ઉપેક્ષા કરો કાં તો ગોત્વ વગેરેની જેમ ગકાર વ્યક્તિઓમાં રહેતા ગત્વસામાન્યનો સ્વીકાર કરો. ગત્વસામાન્યની જેમ અત્વસામાન્યનો નિષેધ કરી શકાય તેમ નથી, કારણ કે હ્રસ્વ, દીર્ઘ, પ્લુત વગેરે ભેદોથી યુક્ત પરસ્પર વિલક્ષણ અકારો જ્ઞાત થાય છે. વળી, જે આકારમાં પણ અકારનું પ્રત્યભિજ્ઞાન થતું જણાવે છે તેને ઈકાર અને ઓકારની પ્રતીતિઓમાં પણ અકારનું ગ્રહણ સ્વીકારવાની આપત્તિ આવશે, કારણ કે તે બધા જ સ્વરો હોઈ તેમની વચ્ચે એ દૃષ્ટિએ તો કોઈ ભેદ નથી. તે બધા સ્વરો હોવાથી સમાન હોવા છતાં અવર્ણથી ઈવર્ણનો ભેદ ઈચ્છવામાં આવે છે. તેથી અવર્ણથી આવર્ણના ભેદનો પ્રતિષેધ ન કરવો જોઈએ. અને એમ કરશો તો જ અરણ્ય અને આરણ્ય એ બે શબ્દોમાંથી ભિન્ન અર્થની પ્રતીતિ ઘટશે. જેમ સંગીતજ્ઞોને સ્વર, ગ્રામ અને ભાષાના ભેદો પ્રત્યક્ષ થાય છે તેમ શબ્દશાસ્ત્રીઓને પણ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સંવૃત, વિવૃત, વગેરે ભેદો પ્રત્યક્ષ જ થાય છે. તેથી અકારને અઢાર ભેદવાળો કહેવામાં આવ્યો છે; અને એ ભેદોમાં રહેતું સામાન્ય એ અત્વ છે, આ અત્વસામાન્યને કુલશબ્દ 'અવર્ણ' દ્વારા જણાવવામાં આવે છે. તુરગવેગ જેમ પુરુષાર્થસિદ્ધિનું અંગ છે તેમ દીર્ઘત્વ આદિ ધ્વનિધર્મ શબ્દાર્થજ્ઞાનનું અંગ છે એમ જે કહેવામાં આવ્યું છે એ રુચિકર નથી. લોકો અર્થ શબ્દમાંથી જાણે છે, વાયુઓમાંથી નહિ. [આપ મીમાંસકોના મતે ધ્વનિઓ વાયુઓ છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો વાયુઓ પણ તે રીતે વ્યુત્પત્તિ (=સંસ્કાર) દ્વારા અર્થના જ્ઞાનના હેતુ બનતા હોય તો પછી સંસ્કાર જ પ્રમાણ બને, શબ્દ નહિ, કારણ કે વ્યુત્પત્તિ તો અર્થજ્ઞાનોત્પત્તિ સમયે હોય છે જ જ્યારે શબ્દ તો હોતો નથી. વધારે ચર્ચા રહેવા દઈએ. નિષ્કર્ષ એ કે ગત્વ વગેરે સામાન્યો દ્વારા અર્થજ્ઞાનરૂપ કાર્ય નિષ્પન્ન થતું હોઈ વર્ણવ્યક્તિ નિત્ય નથી.

268. अपर आह । तिष्ठतु तावद् दूरत एव गत्वाद्यपरसामान्यं, महासामान्यमपि शब्दत्वं वर्णेषु नोपपद्यते ।

व्यक्त्यन्तरानुसंधानं यत्रैकव्यक्तिदर्शने ।
तत्रैकरूपसामान्यमिष्यते तत्कृतं च तत् ॥
गकारश्रुतिवेलायां न वकारावमर्शनम् ।
बाहुलेयपरामर्शः शाबलेयग्रहे यथा ॥
शब्दः शब्दोऽयमित्येवं प्रतीतिस्त्वप्रयोजिका ।
एषा हि श्रोत्रगम्यत्वमुपाधिमनुरुध्यते ॥

268. મીમાંસક—ગત્વ વગેરે અપર સામાન્યોની તો વાત દૂર રહી, શબ્દત્વ મહાસામાન્ય પણ વર્ણોમાં ઘટતું નથી. એક વ્યક્તિને જોતાં [પૂર્વે જોયેલ] અન્ય વ્યક્તિ સાથે તેનું અનુસંધાન થાય છે; તેથી તે બંને વ્યક્તિઓમાં રહેતું એક સામાન્ય ઇચ્છવામાં આવ્યું છે; તે સામાન્યને કારણે જ આવું અનુસંધાનાત્મક જ્ઞાન થાય છે. પરંતુ જેમ શાબલેયના પ્રત્યક્ષ વખતે બાહુલેયનું અનુસંધાન થાય છે તેમ ગકારને સાંભળતી વખતે વકારનું અનુસંધાન થતું નથી. [તેથી ગકાર અને વકારમાં રહેતું કોઈ શબ્દત્વ સામાન્ય નથી.] વળી, 'આ શબ્દ છે' 'આ શબ્દ છે' એવી એકાકાર પ્રતીતિ શબ્દત્વ સામાન્ય પુરવાર કરવામાં હેતુ નથી. એવી પ્રતીતિ થવાનું કારણ તો શબ્દોમાં રહેલ શ્રોત્રગ્રાહ્યત્વ ઉપાધિ છે, [અને નહિ કે શબ્દત્વ સામાન્ય.]

269. तदेतन्निरनुसंधानस्याभिधानम्, अनुसन्धानप्रत्ययस्य सामान्यसिद्धावप्रयोजकत्वात् । अनुसंधानं हि सारूप्याद् विजातीयेष्वपि भवति, गवयग्रहणसमये गोपिण्डानुसंधानवत् । तस्मादबाधितैकरूपप्रत्ययप्रतिष्ठ एव सामान्यव्यवहारः ।

समानबुद्धिग्राह्येऽपि सामान्येऽवस्थिते क्वचित् ।
भवत्यन्यानुसंधानं क्वचिद्वा न भवत्यपि ॥
तदस्ति खण्डमुण्डादौ पिण्डसारूप्यकारितम् ।
गकारादिषु वर्णेषु तदभावात्तु नास्ति तत् ॥

न तु सामान्याभावात् ।

269. નૈયાયિક—આવું કહેનાર વિચારશીલ નથી કારણ કે અનુસંધાનજ્ઞાન સામાન્યને પુરવાર કરવામાં હેતુ નથી. અનુસંધાનજ્ઞાન તો સારૂપ્યને આધારે વિજાતીય વ્યક્તિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓમાં પણ થાય છે, જેમકે ગવયના પ્રત્યક્ષ વખતે ગોવ્યક્તિનું અનુસંધાનજ્ઞાન થાય છે. તેથી અબાધિત એકાકાર જ્ઞાનને આધારે જ સામાન્યનો વ્યવહાર થાય છે. [વ્યક્તિઓમાં] એકાકાર જ્ઞાનથી ગ્રાહ્ય સામાન્ય હોવા છતાં કેટલીક વાર [તેમની બાબતમાં] અનુસંધાનજ્ઞાન થાય છે અને કેટલીક વાર નથી થતું. ખંડગો, મુંડગો વગેરેમાં અનુસંધાનજ્ઞાન થાય છે કારણ કે તેમનામાં પિંડસારૂપ્ય છે. ગકાર, [વકાર] વગેરે વર્ણોમાં અનુસંધાનજ્ઞાન થતું નથી તેનું કારણ છે તેમનામાં પિંડસારૂપ્ય નથી એ અને નહિ કે સામાન્યનો અભાવ.

270. न च सारूप्यमेव सामान्यं साङ्ख्यवदभिधातुं युक्तं, विजातीयेष्वपि गोगवयादिषु तस्य दृष्टत्वात् । यदि च 'शब्दः' 'शब्दः' इत्यनुवृत्तबुद्धेः श्रोत्रगम्यत्वोपाधिकृतत्वमुच्यते, तर्हि गवादाप्येकबुद्धेर्वाहदोहाद्येकार्थक्रियाकारित्वनिबन्धनत्वाद् गोत्वादिजातिनिह्नवो बौद्धवन्मन्तव्यः । न चैतदेवम्, तद् गोत्ववच्छब्दत्वमपि न प्रत्याख्येयम् ।

270. સારૂપ્ય જ સામાન્ય છે એમ સાંખ્યની જેમ તમારે કહેવું યોગ્ય નથી, કારણ કે વિજાતીય ગો, ગવય, વગેરેમાં પણ સારૂપ્ય દેખાય છે [પરંતુ તેમનામાં ગોત્વ સામાન્ય નથી]. 'આ શબ્દ છે' 'આ શબ્દ છે' એવી એકાકાર બુદ્ધિ થવાનું કારણ [શબ્દત્વ જાતિ નથી પરંતુ] શ્રોત્રગ્રાહ્યત્વ ઉપાધિ છે એમ જો તમે કહો છો તો ગાય વ્યક્તિઓમાં થતી એકાકાર બુદ્ધિનું કારણ ગોત્વ જાતિ નથી પરંતુ વાહ, દોહ આદિ એક અર્થક્રિયાકારિત્વ [ઉપાધિ] છે એમ બૌદ્ધોની જેમ તમારે માનવું જોઈએ, અને એવું તો તમે માનતા નથી. તેથી ગોત્વની જેમ શબ્દત્વનો પણ તમારે નિષેધ ન કરવો જોઈએ.

271. एतेन ब्राह्मणत्वादिसामान्यमपि समर्थितं वेदितव्यम्, उपदेशसहायप्रत्यक्षगम्यत्वात् । न चोपदेशापेक्षणादप्रत्यक्षत्वं तस्य भवितुमर्हति, गोत्वादिप्रत्ययस्यापि सम्बन्धग्रहणकाले तदपेक्षत्वदर्शनात् । उक्तं च — 'न हि यद् गिरिशृङ्गमारुह्य गृह्यते तदप्रत्यक्षम्' इति । न चौपाधिकः पैठीनसिपैप्पलादिप्रभृतिषु ब्राह्मणप्रत्ययः उपाधेरग्रहणात् । औपाधिकत्वस्य गोत्वादावपि वक्तुं शक्यत्वात् । अपि चोपदेशनिरपेक्षमपि चक्षुः क्षत्रियादिविलक्षणां सौम्याकृतिं ब्राह्मणजातिमवगच्छति इत्येके । तदलमनया कथया । प्रकृतमुच्यते । गत्वादिभिर्जातिभिरेवार्थसंप्रत्ययोपपत्तेर्यदुक्तं 'नित्यत्वं तु स्याद् दर्शनस्य परार्थत्वात्' [जै. सू. १.१.६.१८ इति एतदयुक्तम् । एतेन 'सर्वत्र यौगपद्यात्' [जै. सू० १.१.६.१९] इत्येतदपि प्रत्युक्तम्, सम्बन्धनियमस्य गत्वादिभ्य एव सिद्धेः ।

271. [પ્રાભાકર મીમાંસકો બ્રાહ્મણત્વ જાતિનો સ્વીકાર કરતા નથી. એટલે તેમને ઉદ્દેશીને નૈયાયિક કહે છે કે] આ ચર્ચા દ્વારા બ્રાહ્મણત્વ આદિ સામાન્ય પણ સમર્થિત થયેલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજવું જોઈએ કારણ કે તે પણ ઉપદેશની સહાય પામેલ પ્રત્યક્ષથી ગ્રાહ્ય છે. તેને જ્ઞાત થવા ઉપદેશની અપેક્ષા છે એ કારણે તે અપ્રત્યક્ષ નથી બનતું, કારણ કે ગોત્વ આદિ જાતિઓનું જ્ઞાન પણ સંબંધગ્રહણકાળે (= સંકેતસંબંધગ્રહણકાળે) ઉપદેશની અપેક્ષા રાખતું દેખાય છે. અમે કહ્યું પણ છે કે 'પર્વત ઉપર ચઢયા પછી જે ગૃહીત થાય તે અપ્રત્યક્ષ નથી' [અર્થાત્ જેને જ્ઞાત થવા માટે પર્વત પરના જ્ઞાતાના ચઢાણની અપેક્ષા છે તે અપ્રત્યક્ષ નથી.] પૈઠીનસી, પૈપ્પલાદ વગેરેને વિશે થતું 'આ બ્રાહ્મણ છે' એવું જ્ઞાન ઔપાધિક નથી, કારણ કે ઉપાધિનું ગ્રહણ જ નથી તેમ જ એ રીતે તો ગોત્વ વગેરેના જ્ઞાનને પણ ઔપાધિક કહી શકાય. વળી ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના પણ ચક્ષુ ક્ષત્રિય આદિથી વિલક્ષણ સૌમ્ય આકૃતિવાળી બ્રાહ્મણ જાતિને જાણી લે છે એમ કેટલાક માને છે. હવે આ બ્રાહ્મણત્વ જાતિની ચર્ચા રહેવા દઈએ અને પ્રસ્તુતની વાત કરીએ. ગત્વ આદિ જાતિઓ દ્વારા જ અર્થજ્ઞાન થાય છે. તેથી 'શબ્દ નિત્ય છે કારણ કે શબ્દોચ્ચારણ બીજાને માટે (= બીજાને અર્થ જણાવવા માટે થાય) છે' એમ જે તમે મીમાંસકોએ કહ્યું છે તે અયોગ્ય છે. [ગોશબ્દ ઉચ્ચારાતાં યુગપદ્ સર્વ ગાયનું જ્ઞાન થતું હોઈ ગોશબ્દ ગોઆકૃતિનો વાચક છે, ગોવ્યક્તિનો વાચક નથી. એક ગોવ્યક્તિમાં દ્રવ્યત્વ વગેરે અનેક આકૃતિઓ સંભવતી હોવા છતાં અમુક જ આકૃતિ (ગોત્વ)નું જ્ઞાન ગોશબ્દ સાંભળતાં થાય છે કારણ કે તે આકૃતિ સાથે જ ગોશબ્દના અન્વય-વ્યતિરેકથી વારંવાર પ્રયોગ થતો જાણ્યો છે અને વારંવાર પ્રયોગ નિત્યત્વ વિના ઘટતો નથી. માટે ગોશબ્દ નિત્ય છે. આ અર્થ જેનો છે તે મીમાંસાસૂત્ર] 'सर्वत्र यौगपद्यात्' નું ખંડન ઉપર જે કહ્યું છે તેનાથી થઈ જાય છે કારણ કે ગત્વાદિ નિત્ય સામાન્યને માનવાથી જ ગત્વાદિ અને ગોઆકૃતિ વચ્ચેનો સંબંધનિયમ ઘટે છે.

272. यदपि सङ्ख्याभावात् कृत्वसुच्प्रयोगदर्शनमुदग्राहि तदपि व्यभिचारि ।

कृतं कान्तस्य तन्वङ्ग्या त्रिरपाङ्गविलोकनम् ।

चतुरालिङ्गनं गाढमष्टकृत्वश्च चुम्बनम् ॥ इति

तद्भेदेऽपि दर्शनात् । अथ तत्र स्त्रीपुंसयोरभेदे चुम्बनादिक्रियामात्रभेद एवेत्युच्यते तथाऽप्यपूर्वेषु ब्राह्मणेषु भुक्तवत्सु 'पञ्चकृत्वो ब्राह्मणा भुक्तवन्तः' इति व्यवहारो दृश्यते ।

272. [શબ્દ, દા. ત. ગોશબ્દ, એક અને નિત્ય છે. તેથી તેમાં સંખ્યાનો અભાવ છે;] શબ્દમાં સંખ્યાનો અભાવ હોઈ [ઉચ્ચારણક્રિયાની આવૃત્તિ ગણવા માટે] કૃત્વસુચ્પ્રયોગ થાય છે એમ જે તમે કહ્યું છે તે પણ બાધા પામે છે, કારણ કે 'નાજુક અંગવાળી યુવતીએ પોતાના કાન્ત પ્રતિ ત્રણ વાર તીરછી નજર નાખી, ચાર વાર તેને ગાઢ આલિંગન કર્યું અને આઠ વાર ચુંબન કર્યું' આમાં તીરછી નજરો, આલિંગનો કે ચુંબનો પ્રત્યેક એક અને અભિન્ન નથી પરંતુ ભિન્ન ભિન્ન છે અને છતાં તેમાં કૃત્વસુચપ્રત્યયનો પ્રયોગ થયેલો દેખાય છે. જો કહો કે સ્ત્રી એકની એક અને પુરૂષ પણ એકનો એક છે માત્ર ચુંબન વગેરે ક્રિયાઓનો જ ભેદ છે તો અમે જણાવીશું કે [આમ કહેવું યોગ્ય નથી કારણ કે] અપૂર્વ અપૂર્વ અર્થાત્ ભિન્ન ભિન્ન બ્રાહ્મણોને જમાડયા હોય ત્યારે પણ 'પાંચ વાર બ્રાહ્મણોને જમાડયા એમ' વ્યવહાર થતો દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

273 एवं शब्देऽपि तत्सङ्ख्याव्यवहारो हि दृश्यते ।
कविना सदनुप्रासे निबद्धेऽक्षरडम्बरे ॥
गकारा बहवो दृष्टा इति व्यवहरन्ति हि ।
यदपि प्रत्यभिज्ञानं तद्द्वारकमुदाहृतम् ॥
तस्यापि सिद्धे प्रामाण्ये जात्यालम्बनता भवेत् ।
नृत्ताभिनयचेष्टादिप्रत्यभिज्ञानतो वयम् ॥
न शब्दप्रत्यभिज्ञानमुत्तारयितुमीश्महे ।
विशेषं प्रत्यभिज्ञाने न पश्यामो मनागपि ॥
स्तम्भादिप्रत्यभिज्ञासु न तदैव विनाशधीः ।
क्षणभङ्गप्रतीकारं तेन ताः कर्तुमीशते ॥
शब्दस्य प्रत्यभिज्ञानवेलायामेव दृश्यते ।
शब्दरूपस्य विध्वंसः इति तन्नित्यता कुतः ॥

273. વળી. શબ્દની બાબતમાં પણ સંખ્યાનો વ્યવહાર થતો દેખાય છે. કાવ્યરચનામાં કવિએ પ્રયોજેલ સુંદર અનુપ્રાસને અનુલક્ષી લોકો કહે છે કે ‘ગકારો ઘણા દેખાય છે.’ ઉપરાંત, ગકારના આધારે પ્રત્યભિજ્ઞાની વાત જે તમે કહી તેમાં પણ જો પ્રત્યભિજ્ઞા પ્રમાણ તરીકે સિદ્ધ હોય તો તે પ્રત્યભિજ્ઞાનો વિષય [ગકાર નહિ પણ ગત્વ] જાતિ હોવો જોઈએ. નૃત્ત, અભિનય, ચેષ્ટા વગેરેના પ્રત્યભિજ્ઞાનોથી શબ્દના પ્રત્યભિજ્ઞાનને જુદું તારવવા અમે શક્તિમાન નથી. એ બે પ્રત્યભિજ્ઞાનોમાં અમને જરા પણ ભેદ જણાતો નથી. સ્તંભ વગેરેના પ્રત્યભિજ્ઞાનોમાં તે જ વખતે (અર્થાત્ પ્રત્યભિજ્ઞાન વખતે જ) સ્તંભ આદિનો વિનાશનું જ્ઞાન થતું નથી. તેથી તે પ્રત્યભિજ્ઞા ક્ષણભંગવાદનો પ્રતીકાર કરવા સમર્થ છે. એથી ઊલટું શબ્દનું પ્રત્યભિજ્ઞાન જે વખતે થાય છે તે વખતે જ શબ્દરૂપનો ધ્વંસ થતો દેખાય છે, એટલે શબ્દની નિત્યતા તો ક્યાંથી હોય ?

274 यद्यपि च क्षणभङ्गभङ्गे प्रत्यभिज्ञाप्रामाण्यमस्माभिरपि समर्थयिष्यते तथाऽपि स्तम्भादिप्रत्यभिज्ञायाः शब्दप्रत्यभिज्ञाया एष एव विशेषः यदत्र 'ध्वस्तः शब्दः' इति तदैव प्रत्ययो जायते । अत एव तिरोहितेऽपि भावादियमप्रमाणं प्रत्यभिज्ञेत्याहुः ।

274. જો કે અમે નૈયાયિકો ક્ષણભંગવાદના ખંડનમાં પ્રત્યભિજ્ઞાનના પ્રામાણ્યનું સમર્થન કરીશું તેમ છતાં સ્તંભ આદિના એ પ્રત્યભિજ્ઞાનથી શબ્દપ્રત્યભિજ્ઞાનની આ વિલક્ષણતા છે કે અહીં ‘શબ્દ ધ્વસ્ત થઈ ગયો’ એવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાનકાળે જ જન્મે છે. તેથી જ તિરોહિતમાં પણ પ્રત્યભિજ્ઞા થતી હોઈ તે અપ્રમાણ છે એમ તેઓ(=વિદ્વાન નૈયાયિકો) કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

275. यद्यपि म्रियतेऽस्माकं शब्दो द्वित्रानपि क्षणान् ।
प्रत्यभिज्ञा तु कालेन तावता नावकल्पते ॥

तथा हि शब्द उत्पद्यते तावत् ततः स्वविषयं ज्ञानं जनयति, अजनकस्य प्रतिभासायोगात् । ततस्तेन ज्ञानेन शब्दो गृह्यते । ततः संस्कारबोधः । ततः पूर्वज्ञातशब्दस्मरणम् ततस्तत्सचिवं श्रोत्रं मनो वा शब्दप्रत्यभिज्ञानं जनयिष्यति, तदा शब्दो ग्रहीष्यते इतीयत् कुतोऽस्य दीर्घमायुः ? प्रत्यभिज्ञाप्रामाण्यादेव तावदायुस्तस्य कल्प्यते इति चेत् सत्यं कल्प्येत यदि विनाशप्रत्ययस्तदैव न स्यात् ।

275. અમારે મતે શબ્દ બેત્રણ ક્ષણ ટકે છે પરંતુ એટલો કાળ ટકનારની બાબતમાં (પ્રમાણરૂપ) પ્રત્યભિજ્ઞાન અસંભવિત છે. તે આ પ્રમાણે—પહેલાં તો શબ્દ ઉત્પન્ન થાય છે; પછી તે પોતાના વિશેનું જ્ઞાન ઉત્પન્ન કરે છે, કારણ કે જે જ્ઞાનને ઉત્પન્ન કરતો નથી તે જ્ઞાનથી ગૃહીત થતો નથી; પછી તે જ્ઞાન વડે શબ્દનું ગ્રહણ (શ્રુતિ) થાય છે; પછી સંસ્કારની જાગૃતિ થાય છે; પછી પૂર્વે સાંભળેલ શબ્દની સ્મૃતિ થાય છે; પછી તેની સહાયથી શ્રોત્ર કે મન પ્રત્યભિજ્ઞાનને ઉત્પન્ન કરશે; ત્યારે શબ્દનું પ્રત્યભિજ્ઞાનથી ગ્રહણ થશે– આમ આટલું દીર્ઘ આયુ તો શબ્દને કયાંથી હોય? પ્રત્યભિજ્ઞાના પ્રામાણ્યથી જ તેનું તેટલું આયુષ્ય કલ્પવામાં આવે છે એમ જો તમે કહો તો અમે કહીએ છીએ કે સાચે જ કલ્પી શકાય જો તે જ વખતે (પ્રત્યભિજ્ઞા વખતે જ) શબ્દના વિનાશની પ્રતીતિ ન થતી હોય.

276. अपि च गोशब्दोऽयमश्वशब्दोऽयमिति तदभिधानविशेषोल्लेखात्
नानानुस्मरणं तस्य तदैवावश्यमापतेत् ।
विज्ञानायौगपद्याच्च कालो दीर्घतरो भवेत् ॥

276. વળી, 'આ ગોશબ્દ છે' 'આ અશ્વશબ્દ છે' એવી તે તે શબ્દના વિશેષનામના ઉલ્લેખવાળી પ્રતીતિ (પ્રત્યભિજ્ઞા) થતી હોઈ તેને માટે જરૂરી અનેક અનુસ્મરણો (સ્મૃતિઓ) તે પ્રતીતિ વખતે જ આવી પડે છે. [આ અનુસ્મરણોને પ્રતીતિ વખતે જ યુગપદ્ ઉત્પન્ન થતાં માની શકાય એમ નથી કારણ કે વિજ્ઞાનો યુગપદ્ ઉત્પન્ન થતાં નથી. એટલે આ અનુસ્મરણોને પ્રતીતિ પૂર્વે ક્રમથી ઉત્પન્ન થયેલાં માનવા પડે. પરંતુ એમ માનીએ તો ગોશબ્દનું આયુ લાંબુ માનવું પડે, કારણ કે પ્રથમ અનુસ્મરણથી માંડી 'આ ગોશબ્દ છે' એ પ્રતીતિ જન્મે ત્યાં સુધી પ્રતીતિવિષય ગોશબ્દ વર્તમાન હોવો જોઈએ.] આમ જ્ઞાનો યુગપદ્ ઉત્પન્ન થતાં ન હોવાથી [અનુસ્મરણોને ક્રમથી ઉત્પન્ન થતાં માનવા પડે અને પરિણામે] ગોશબ્દનું આયુ વધારે દીર્ઘ બની જાય—[જે અમને નૈયાયિકોને ઇષ્ટ નથી. હકીકતમાં ગોશબ્દનું આયુ એટલું લાંબુ નથી. એટલે ગોશબ્દત્વ જાતિ માનવી જોઈએ.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

277. यदप्युदितमुद्दाममेघश्यामासु रात्रिषु ।
साम्यं सौदामिनीधामजन्यया प्रत्यभिज्ञया ॥
तदसत् कालदैर्घ्येण तदवस्थित्यसम्भवात ।
विद्युद्दृष्टे च वृक्षादौ नाशसंवित्त्यसम्भवात ॥

277. વળી, ગાઢ વાદળોને કારણે કાળી બનેલી રાત્રિઓમાં વિદ્યુત્પ્રકાશથી ઉત્પન્ન થતી [વૃક્ષાદિવિષયક] પ્રત્યભિજ્ઞા સાથે આ શબ્દવિષયક પ્રત્યભિજ્ઞાનું સામ્ય છે એમ જે તમે કહ્યું તે ખોટું છે, કારણ કે લાંબા વખત સુધી શબ્દની અવસ્થિતિ સંભવતી નથી [અને એટલે જ શબ્દપ્રત્યભિજ્ઞા વખતે જ શબ્દના વિનાશની પ્રતીતિ થાય છે] જ્યારે વિદ્યુત્ દ્વારા દેખાયેલાં વૃક્ષ વગેરેની બાબતમાં તેમના નાશનું જ્ઞાન સંભવતું નથી.

278. प्रत्यभिज्ञा नाम स्मर्यमाणानुभूयमानसामानाधिकरण्यग्राहिणी संस्कारसचिवेन्द्रियजन्या प्रतीतिरिति केचित् । अन्ये मन्यन्ते स्मर्यमाणपूर्वज्ञानविशेषितार्थग्राहित्वात् प्रत्यभिज्ञायास्तद्विशेषणस्य चार्थस्य बाह्येन्द्रियग्राह्यत्वानुपपत्तेः स्तम्भादावपि मानसी प्रत्यभिज्ञेति ।

निर्बन्धस्त्विह नास्माकं सा यथाऽस्तु तथास्तु वा ।
शब्दे विनाशज्ञानात्तु न सा नित्यत्वसाधिका ॥

278. પ્રત્યભિજ્ઞા એ તો યાદ કરાતી અને અનુભવાતી વસ્તુઓની એકતાને ગ્રહણ કરનારું અને સંસ્કારની સહાયથી ઇન્દ્રિયથી ઉત્પન્ન થનારું જ્ઞાન છે એમ કેટલાક માને છે [આમ તેમને મતે પ્રત્યભિજ્ઞાન ઐન્દ્રિય છે.] બીજા કેટલાક એવા મતના છે કે સ્મરણમાં આવતા પૂર્વાનુભવથી વિશેષિત અર્થને પ્રત્યભિજ્ઞા ગ્રહણ કરતી હોઈ અને તે અર્થનું વિશેષણ [પૂર્વાનુભવ] બાહ્યેન્દ્રિયગ્રાહ્ય ઘટતું ન હોઈ સ્તંભાદિની પ્રત્યભિજ્ઞા પણ માનસી જ છે. આ વિશે અમારો કોઈ આગ્રહ નથી. તે જેવી હો તેવી ભલે હો. પરંતુ [શબ્દવિષયક પ્રત્યભિજ્ઞા વખતે] શબ્દના વિનાશનું જ્ઞાન થતું હોઈ તે શબ્દની નિત્યતાની સાધક નથી.

279. बाध्यबाधकभावे तु नियमो ननु किंकृतः ।
शब्दस्य प्रत्यभिज्ञानविनाशप्रतिभासयोः ॥
उच्यते प्रत्यभिज्ञानमन्यथाऽप्युपपद्यते ।
गत्वादिजातिविषयं यद्वा सादृश्यहेतुकम् ॥

279. મીમાંસક–શબ્દની પ્રત્યભિજ્ઞા (જે શબ્દનિત્યતાની સાધક છે) અને શબ્દવિનાશનું પ્રત્યક્ષ એ બેમાં પ્રત્યભિજ્ઞા બાધ્ય છે અને પ્રત્યક્ષ બાધક છે એવો નિયમ શેને આધારે કર્યો ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિક–ઉત્તર આપીએ છીએ. [શબ્દની પ્રત્યભિજ્ઞા બાધ્ય છે કારણ કે] તે તો બીજી રીતે પણ ઘટે છે—ગત્વ આદિ જાતિને તેનો વિષય માનીએ કે સાદૃશ્યને તેનો હેતુ ગણીએ તો પણ તે ઘટે છે.

280. नन्वभिव्यञ्जकध्वंसान्नाशधीरपि सेत्स्यति ।
तदसावपि बाध्याऽस्तु यद्वा भवतु संशयः ॥
नैवं विनाशिताबुद्धिर्भेदबुद्ध्युपबृंहिता ॥
सा चेयं चान्यथासिद्धे इति वक्तुमसाम्प्रतम् ॥
प्रत्यभिज्ञा च सापेक्षा निरपेक्षा त्वभावधीः ।
तेनैवमादौ विषये प्रत्यभिज्ञैव बाध्यते ॥

शब्दाभावस्य झगिति ग्रहणात् तत्प्रत्यभिज्ञायाश्च पूर्वानुसन्धानादिसव्यपेक्षत्वात् । अपि च प्रत्यभिज्ञा व्यभिचरन्ती कर्मादिषु गृह्यते । तेनास्यां शब्देऽप्यभावप्रत्ययोपहतवपुषि कः समाश्वासः ? न चेदं प्रत्यक्षेऽप्यनैकान्तिकत्वोद्भावनम्, अपि तु विनाशप्रत्ययप्रतिहतप्रभावा प्रत्यभिज्ञा नित्यत्वं कर्मादिष्विव शब्देऽपि न साधयितुं प्रभवति इति दृष्टान्तः प्रदर्श्यते ।

280. મીમાંસક—શબ્દનાશનું પ્રત્યક્ષ પણ બીજી રીતે અર્થાત્ વ્યંજકના નાશથી ઘટે છે. એટલે તે પ્રત્યક્ષ પણ બાધ્ય હો; અથવા [પ્રત્યભિજ્ઞાન અને પ્રત્યક્ષ] એમાં કયું બાધ્ય છે એ સંશય બની રહો.

નૈયાયિક—ના, એવું નથી. [શબ્દની] વિનાશિતાનું જ્ઞાન [પ્રત્યેક ઉચ્ચારણે થતા શબ્દના] ભેદના જ્ઞાનથી સમર્થિત થાય છે, પુષ્ટ થાય છે. શબ્દની વિનાશિતાનું જ્ઞાન અને શબ્દના ભેદનું જ્ઞાન બંનેય અન્યથાસિદ્ધ છે, ઔપાધિક છે એમ કહેવું યોગ્ય નથી. શબ્દની પ્રત્યભિજ્ઞા સાપેક્ષ છે (અર્થાત્ એને શબ્દસ્મરણની અપેક્ષા છે) જ્યારે શબ્દના અભાવનું (=શબ્દવિનાશિતાનું) જ્ઞાન નિરપેક્ષ છે (અર્થાત્ એને શબ્દસ્મરણની અપેક્ષા નથી.) એટલે આમ શબ્દની પ્રત્યભિજ્ઞા જ [શબ્દવિનાશિતાના પ્રત્યક્ષથી] બાધિત થાય છે, કારણ કે શબ્દનો વિનાશ તરત જ ગ્રહીત થાય છે (અર્થાત્ શબ્દવિનાશના પ્રત્યક્ષને ઉત્પન્ન થવા પૂર્વાનુભવના અનુસંધાન વગેરેની અપેક્ષા નથી) જ્યારે શબ્દની પ્રત્યભિજ્ઞાને [ઉત્પન્ન થવા માટે] પહેલાં થયેલા શબ્દાનુભવના અનુસંધાન વગેરેની અપેક્ષા રહે છે. વળી, નિત્યત્વ સાથે અવિનાભાવ સંબંધ ન રાખતી પ્રત્યભિજ્ઞાઓ પણ કર્મ વગેરેની બાબતમાં થતી જણાય છે. તેથી શબ્દાભાવના (=શબ્દવિનાશના) જ્ઞાનથી હણાયેલી [શબ્દનિત્યત્વની] પ્રત્યભિજ્ઞામાં કોણ વિશ્વાસ કરે ? આ કંઈ અમે પ્રત્યક્ષમાત્રમાં અનૈકાન્તિક દોષ દર્શાવતા નથી, પરંતુ વિનાશિતાના જ્ઞાનથી હણાયેલ પ્રભાવવાળી પ્રત્યભિજ્ઞા જેમ કર્મમાં તેમ શબ્દમાં પણ નિત્યત્વ પુરવાર કરવા સમર્થ નથી, એ આ દૃષ્ટાન્તથી અમે દર્શાવીએ છીએ. [અહીં એ નોંધીએ કે નૈયાયિકો પ્રત્યભિજ્ઞાનો સમાવેશ પ્રત્યક્ષમાં કરે છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**281.** ननु प्रत्यक्षेऽपि दृष्टान्तस्य कोऽवसरः ? सत्यम्, ग्राहकास्तु भवादृशाः स्वयमनवबुध्यमाना एवं बुद्ध्यन्ते । यत्तु प्रवृद्धरभसतया बुद्धिकर्मादावपि नित्यत्व-समर्थनं तदत्यन्तमलौकिकमित्युक्तम् ।

किं नाम शब्दनित्यत्वसमर्थनतृषातुरः ।
जङ्गमं स्थावरं चैव सकलं पातुमिच्छसि ॥

तस्मादलमतिरभसप्रवृत्ताभिः बुद्धिकर्मादिनित्यत्वसमर्थनकथाभिः ।

**281.** મીમાંસક – પ્રત્યક્ષનું સમર્થન કરવા દૃષ્ટાંત આપવાની જરૂર જ ક્યાં છે ?

નૈયાયિક–સાચી વાત છે. પરંતુ પોતાની મેળે [અમારી વાત] ન સમજી શકનારા આપના જેવા જ્ઞાનીઓ આ રીતે જ અમારી વાત સમજી શકે છે. અત્યંત વધી ગયેલા ઉત્સાહથી જ્ઞાન, ક્રિયા વગેરેમાં નિત્યત્વનું તમે જે સમર્થન કર્યું છે તે અત્યંત અલૌકિક છે એ અમે જણાવી ગયા છીએ. શું શબ્દનિત્યત્વનું સમર્થન કરવાની તરસથી પીડાતા તમે સ્થાવર અને જંગમ સઘળું પી જવા ઇચ્છો છો ? [અમને તો એવું જ લાગે છે.] તેથી અતિ ઉત્સાહમાં બુદ્ધિ, કર્મ વગેરેના નિત્યત્વનું સમર્થન કરવાની તમે શરૂ કરેલી વાતો રહેવા દઈએ.

**282.** यत्पुनरभिव्यक्तिपक्षे शब्दस्य ग्रहणे नियमाभावमाशङ्क्य श्रोत्रसंस्कारेण विषयसंस्कारेणोभयसंस्कारेण वा नियतं ग्रहणमुपवर्णितं तद्वञ्चनामात्रम्, समानदेशानां समानेन्द्रियग्राह्याणां प्रतिनियतव्यञ्जकव्यङ्ग्यत्वादर्शनात् । ये पुनरत्र गन्धा उदाहृताः ते समानेन्द्रियग्राह्या भवन्ति, न समानदेशाः ।

एकभूम्याश्रितत्वेन तुल्यदेशत्वकल्पने ।
भवेत्समानदेशत्वं हिमवद्विन्ध्ययोरपि ॥
एकत्वेऽपि भुवो भान्ति पदार्थाः पार्थिवाः पृथक् ।
व्यज्यन्ते तदधिष्ठाना गन्धास्तैस्तैर्निबन्धनैः ॥
भवन्त्वनाश्रिताः शब्दाः यदि वाऽऽकाशसंश्रिताः ।
सर्वथा भिन्नदेशत्वं एषां वक्तुं न शक्यते ॥

**282.** વળી, [શબ્દની] અભિવ્યક્તિના પક્ષમાં, નિયત (અમુક જ, બીજા નહિ,) શબ્દનું ગ્રહણ થશે નહિ એવી આશંકા કરીને શ્રોત્રસંસ્કાર, વિષયસંસ્કાર કે ઉભય સંસ્કાર દ્વારા અમુક નિયત શબ્દના ગ્રહણની વાત તમે કરી છે એ વંચનામાત્ર છે, કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે સમાન દેશમાં રહેલ અને સમાનેન્દ્રિયગ્રાહ્ય ચીજોમાંથી વ્યંજક દ્વારા અમુક જ વ્યંગ્ય બને અને અમુક ન બને એવું જોયું નથી. આ પ્રસંગે તમે ગંધોનું ઉદાહરણ આપ્યું છે પરંતુ તે ગંધો સમાનેન્દ્રિય ગ્રાહ્ય છે પણ સમાન દેશમાં રહેલા નથી. એક ભૂમિમાં રહેલ હોવાને કારણે તેમને સમાન દેશમાં રહેલા કલ્પવામાં આવે તો હિમાચલ અને વિંધ્ય બંનેને સમાન દેશમાં રહેલ માનવા પડે. ભૂમિ એક હોવા છતાં પાર્થિવ પદાર્થો તો જુદા જુદા દેખાય છે. તે જુદા જુદા પદાર્થોમાં રહેલ ગંધો જુદા જુદા અભિવ્યંજક કારણો વડે અભિવ્યક્ત થાય છે. [આમ ગંધો સમાનેન્દ્રિય ગ્રાહ્ય હોવા છતાં તેમના અધિષ્ઠાનો ભિન્ન હોઈ અમુક વ્યંજક દ્વારા અમુક ગંધ જ—અમુક દ્રવ્યમાં રહેલ ગંધ જ—અભિવ્યક્ત થાય છે.] પરંતુ શબ્દો કાં તો અનાશ્રિત હો કાં તો આકાશાશ્રિત હો—કોઈ પણ પક્ષ માનો તો પણ શબ્દોનું ભિન્નદેશત્વ કહેવું શક્ય નથી.

283. ननु यथैकत्वेऽपि नभसः तद्भागकल्पनया प्रतिपुरुषं श्रोत्रेन्द्रियभेदः, एवं तद्भागकल्पनयैव शब्दानामपि असमानदेशत्वान्नियतव्यञ्जकव्यङ्ग्यता भविष्यति । नैवमुपपद्यते । यत्रैव वक्तृमुखाकाशदेशे श्रोतृश्रोत्राकाशदेशे वा गोशब्द उपलब्धः तत्रैवाश्वशब्द इदानीमुपलभ्यते । न पुनरतिमुक्तकुसुमे य उपलब्धो गन्धः स बन्धूके मधूके वा कदाचिदुपलभ्यते इति ।

तस्मात्समानदेशत्वान्न व्यक्तौ नियमो भवेत् ।
उत्पत्तौ तु व्यवस्थायां तद्भेद उपपद्यते ॥

नादैः संस्क्रियतां शब्दः श्रोत्रं वा द्वयमेव वा ।
सर्वथा नियमो नास्ति व्यञ्जकेष्विति निश्चयः ॥

व्यवस्था व्यञ्जकानां चेदुच्यतेऽदृष्टकारिता ।
उत्पत्तौ दृश्यमानायां दृष्टमप्यविरोधकम् ॥

न च स्तिमितमारुतापनयनव्यतिरिक्तः कश्चन श्रोत्रसंस्कारो विद्यते । तत्र चातिप्रसङ्ग उक्तः । एतदतिरिक्तसंस्कारकल्पनायां त्वदृष्टकल्पना । स्थिरे च शब्दसंस्कारग्राहिणि सति पुनरभिव्यक्तस्यपि गोशब्दस्य श्रवणं स्यात्, तद्ग्रहणहेतोः संस्कारस्य स्थिरत्वात् । तत्क्षणिकत्वे तु शब्दक्षणिकतैव साध्वी, प्रतीयमानत्वात् ।

283. મીમાંસક— આકાશ એક હોવા છતાં તેના ભાગોની કલ્પના દ્વારા પ્રતિપુરુષ શ્રોત્રેન્દ્રિયનો ભેદ માન્યો છે, એ જ રીતે આકાશના ભાગની કલ્પના દ્વારા જ શબ્દોનું ભિન્નદેશત્વ ઘટે છે અને પરિણામે અમુક શબ્દ અમુક નિયત વ્યંજકથી અભિવ્યક્ત થશે.

નૈયાયિક—આ પ્રમાણે ઘટતું નથી, વક્તૃમુખાકાશદેશે કે શ્રોતૃશ્રોત્રાકાશદેશે જ્યાં ગોશબ્દ ઉપલબ્ધ થયો હોય ત્યાં જ હવે અશ્વ શબ્દ ઉપલબ્ધ થાય છે પરંતુ અતિમુક્ત કુસુમમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ગંધ ઉપલબ્ધ થાય છે તે બંધુકપુષ્પમાં કે મધૂકપુષ્પમાં કદી ઉપલબ્ધ થતો નથી. તેથી, સમાનદેશમાં રહેલ હોવાને કારણે [બધા નહિ પણ] અમુક જ શબ્દોની અભિવ્યક્તિ થાય છે, એવો નિયમ બનશે નહિ. ઉત્પન્ન થાય છે તે જ ગૃહીત થાય છે બીજો નહિ – આ પ્રમાણે વ્યવસ્થા સ્વીકારવામાં આવતાં તો શબ્દનો ભેદ(=શબ્દની અનિત્યતા) પુરવાર થાય. નાદો (=વાયુઓ) વડે શબ્દનો, શ્રોત્રનો કે બંનેનો સંસ્કાર ભલે થાઓ પરંતુ કોઈ પણ રીતે [એના દ્વારા] અમુક વ્યંજક અમુક શબ્દને અભિવ્યક્ત કરે છે એવા નિયમનો નિશ્ચય થશે નહિ. જો અમુક વ્યંજક અમુક શબ્દને [– બધા શબ્દોને નહિ–] અભિવ્યક્ત કરે છે એ વ્યવસ્થા અદૃષ્ટને કારણે છે એમ માનશો તો અમે કહીશું કે શબ્દની દેખાતી ઉત્પત્તિમાં કોઈ પણ દૃષ્ટ બાબત વિરોધી નથી [અને તેથી તેને માનવી જોઈએ, તેને માનતાં અદૃષ્ટને માનવાની જરૂર નહિ રહે અને અમુક શબ્દ જે ઉત્પન્ન થાય છે તે જ ગૃહીત થાય છે એ વ્યવસ્થા સરળતાથી બનશે.] વળી, નિશ્ચલ વાયુના અપનયનથી અતિરિક્ત કોઈ શ્રોત્રસંસ્કાર છે નહિ. અને તેમાં (અર્થાત્ નિશ્ચલ વાયુના અપનયનરૂપ શ્રોત્રસંસ્કાર માનવામાં) તો અતિપ્રસંગદોષ આવે છે એ અમે જણાવી ગયા છીએ. ઉપરાંત, એનાથી અતિરિક્ત સંસ્કારની કલ્પના કરવામાં અદૃષ્ટની કલ્પના કરવી પડે. તથા, શબ્દ અને સંસ્કારને ગ્રહણ કરનાર શ્રોત્ર સ્થિર હોતાં અભિવ્યક્ત ગો શબ્દનું પુનઃ શ્રવણ થાય કારણ કે ગોશબ્દના ગ્રહણનો (=શ્રવણનો) હેતુ સંસ્કાર સ્થિર છે. તેને (સંસ્કારને) જો ક્ષણિક માનવાનું તમે કહેતા હો તો અમે કહીએ છીએ કે તેના કરતાં તો શબ્દને ક્ષણિક માનવો વધુ સારો કારણ કે તેની ક્ષણિકતા દેખાય છે.

284. यत्तु भर्तृमित्रस्तमेव संस्कारं श्रोत्रेन्द्रियमभ्युपैति तदिदमपूर्वकं किमपि पाण्डित्यम् । इन्द्रियस्य हि संस्कार्यस्य संस्कारः, न संस्कार एवेन्द्रियम्, लोकागमविरुद्धत्वात् । प्रतिपुरुषं यावच्छब्दं भिन्नस्य क्षणिकस्य चेन्द्रियस्य कल्पनमनुपपन्नम् । अनश्वरत्वे तु शश्वदेव शब्दकोलाहलप्रसङ्ग इति यत्किञ्चिदेतत् । भट्टेनैव सोपहासमेष दूषितः पक्ष इति किमत्र विमर्देन ।

284. ભર્તૃમિત્ર તો તે સંસ્કારને જ શ્રોત્રેન્દ્રિય તરીકે સ્વીકારે છે, એ એમનું અપૂર્વ પાંડિત્ય છે. સંસ્કાર એ તો સંસ્કાર્ય ઇન્દ્રિયનો છે, સંસ્કાર પોતે જ ઇન્દ્રિય નથી, કારણ કે [સંસ્કાર જ ઇન્દ્રિય છે એમ માનવું એ તો] લોક અને આગમથી વિરુદ્ધ છે. પ્રતિપુરુષ શબ્દે શબ્દે ભિન્ન ભિન્ન ક્ષણિક શ્રોત્રેન્દ્રિયની કલ્પના કરવી ઘટતી નથી. તેને (=આ સંસ્કારરૂપ ઇન્દ્રિયને) સ્થિર (=અનશ્વર) માનવામાં આવે તો સદા કાળ શબ્દના કોલાહલની આપત્તિ આવે. આમ આ મત તુચ્છ છે. કુમારિલ ભટ્ટે પોતે જ ઉપહાસ સહિત આ પક્ષના દોષો દર્શાવ્યા છે, એટલે અહીં આ પક્ષનું ખંડન કરવાનું શું પ્રયોજન?

285. यदपि भट्ट आह–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदि त्ववश्यं वक्तव्यस्तार्किकोक्तिविपर्ययः ।
ततो वेदानुसारेण कार्या दिक्श्रोत्रतामतिः ।। इति
[श्लो.वा. शब्दनि० १४९]

तदप्यसाम्प्रतम्—

दिशां कार्यान्तराक्षेपादागमान्यपरत्वतः ।
आहोपुरुषिकामात्रं दिग्द्रव्यश्रोत्रकल्पनम् ।।

इन्द्रियाणां भौतिकत्वस्य साधयिष्यमाणत्वात् । दिशश्चामूर्तत्वान्नेन्द्रियप्रकृतित्वम् । व्यापकत्वाविशेषे वा कालात्मनोरपि तथाभावप्रसङ्गः । तयोरन्यत्र व्यापारकत्वान्नेन्द्रियप्रकृतित्वमिति चेद् दिग्द्रव्येऽपि तुल्यमेतत् । आगमस्त्वन्यपर एव । यथा हि 'सूर्यं चक्षुर्गमयताद् दिशः श्रोत्रम्' इति [तै० ब्रा० ३.६.६] पठ्यते एवम् 'अन्तरिक्षमसून्' इति [तै०ब्रा० ३.६.६] च पठ्यते एव, न चासवोऽन्तरिक्षप्रकृतिकाः पवनात्मकत्वात् तस्मात् कृतं दिशा । आकाशदेश एव कर्णशष्कुल्यवच्छिन्नः शब्दनिमित्तोपभोगप्रापकधर्माधर्मोपनिबद्धः श्रोत्रमित्युक्तम् ।

285. 'જો તાર્કિકોએ (=નૈયાયિકોએ) જણાવેલ વાતથી ઊલટી વાત અવશ્ય પણે તમારે (=ભર્તૃમિત્રે) કહેવી હોય તો વેદને અનુસરી દિક્ શ્રોત્ર છે એમ માનો [અને કહો]' એમ કુમારિલ ભટ્ટે [ભર્તૃમિત્રને ઉદ્દેશી] જે કહ્યું છે એ પણ યોગ્ય નથી. બીજા કોઈ કાર્યનો ખુલાસો કરવા માટે દિશાની કલ્પના કરવામાં આવી છે, અને ['તારી ચક્ષુ સૂર્યમાં જાઓ, શ્રોત્ર દિક્માં' આ] આગમનું પ્રયોજન બીજું છે, એટલે દિક્ દ્રવ્ય શ્રોત્ર છે એવી કલ્પના કરવી એ તો પોતાની જાતનું ખોટું અભિમાન કરવા બરાબર છે. [દિક્ દ્રવ્ય શ્રોત્ર નથી] કારણ કે ઇન્દ્રિયો ભૌતિક છે એ અમે પુરવાર કરવાના છીએ. દિક્ અમૂર્ત હોઈ તે ઇન્દ્રિયનું ઉપાદાનકારણ નથી. [તમે અહીં કહેશો કે એમ તો આકાશ પણ અમૂર્ત અને વ્યાપક છે અને તેમ છતાં તે ઇન્દ્રિયનું ઉપાદાન છે એમ તમે નૈયાયિકો માનો છો. આના ઉત્તરમાં અમે નૈયાયિકો કહીએ છીએ કે જે અમૂર્ત અને વ્યાપક હોય તે બધા કંઈ ઇન્દ્રિયના ઉપાદાનકારણ નથી.] એમ તો કાળ અને આત્મા પણ અમૂર્ત અને વ્યાપક છે તેમ છતાં તેઓને તમે પણ ઇન્દ્રિયનું ઉપાદાનકારણ માનતા નથી. તે બંનેને બીજો વ્યાપાર કરવાનો છે એટલે તેઓ ઇન્દ્રિયનું ઉપાદાન કારણ નથી એમ જો તમે કહેતા હો તો અમે કહીએ છીએ કે એ જ દલીલ દિક્ દ્રવ્યને પણ લાગુ પડે છે. આગમનો આશય જુદો છે. 'સૂર્ય સાથે ચક્ષુ ભળી જાઓ', 'દિક્ સાથે શ્રોત્ર ભળી જાઓ' એમ કહેવામાં આવ્યું છે એ જ રીતે 'પ્રાણો અન્તરિક્ષ સાથે ભળી જાઓ' એમ પણ કહેવામાં આવ્યું છે જ. પરંતુ પ્રાણો અન્તરિક્ષાત્મક નથી પણ પવનાત્મક છે. તેથી, દિક્ શ્રોત્ર છે એમ માનવું છોડી દો. શબ્દજન્ય ઉપભોગ કરાવનાર ધર્મ-અધર્મને લીધે કર્ણશષ્કુલીથી ઘેરાઈ ગયેલું આકાશ જ શ્રોત્ર છે એમ અમે નૈયાયિકો કહીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

286. ननु धर्माधर्मकृतश्रोत्रनियमवदभिव्यक्तिनियमोऽपि शब्दस्य तत्कृत एव भविष्यति किमिति तदनियमो नित्यत्वपक्षे चोद्यते इति ? नैतद्युक्तम्, चक्षुरादीन्द्रियाणां वैकल्यमदृष्टनिबन्धनमन्धकारप्रभृतिषु दृश्यते, न पुनः पदार्थस्थितिरदृष्टवशाद्विपरिवर्तते । व्यञ्जकधर्मातिक्रमे हि हिममपि शैत्यं स्वधर्ममतिक्रामेत्। व्यञ्जकेषु नियमो न दृष्ट इत्युक्तम् । दृष्टे च वर्णभेदे नियतोपलब्धिहेतौ सम्भवति सति किमयमदृष्टमस्तके भार आरोप्यते ।

286. મીમાંસક—અમુક જ આકાશદેશ શ્રોત્ર છે આખું આકાશ શ્રોત્ર નથી એનું નિયામક જેમ ધર્માધર્મ છે તેમ અમુક જ સ્થાને શબ્દ અભિવ્યક્ત થાય છે સર્વત્ર થતો નથી [કે અમુક જ શબ્દ અભિવ્યક્ત થાય છે બધા શબ્દો અભિવ્યક્ત થતા નથી] એનું નિયામક પણ ધર્માધર્મ બનશે જ, તો પછી અભિવ્યક્તિની વ્યવસ્થા શબ્દનિત્યત્વ પક્ષમાં ઘટતી નથી એવો આક્ષેપ અમારી ઉપર શા માટે કરો છો ?

નૈયાયિક—આ બરાબર નથી. અંધકાર, વગેરેમાં ચક્ષુ વગેરે ઇન્દ્રિયોની વિકલતા અદૃષ્ટને કારણે થાય છે. પરંતુ પદાર્થની (=વ્યંજક પદાર્થની) સ્થિતિ અદૃષ્ટને કારણે બદલાતી નથી. વ્યંજક પોતાનો ધર્મ છોડી દે તો બરફ પણ પોતાનો શીતળતાનો ધર્મ છોડી દે. વ્યંજક અમુક દેશે પોતાના વ્યંગ્યને વ્યક્ત કરે અને અમુક દેશે ન કરે એવો નિયમ દેખાતો નથી. અમુક દેશે ગવર્ણ ઉપલબ્ધ થાય છે અને અમુક દેશે થતો નથી એનું દૃષ્ટ કારણ ગવર્ણનો ભેદ (અનિત્યતા) સંભવતું હોવા છતાં અદૃષ્ટના માથે એનો ભાર કેમ નાખો છો ?

287. कथं चाभिव्यक्तिपक्षे तीव्रमन्दविभागः ? तीव्रत्वादयो हि वर्णधर्मा वा स्युः ध्वनिधर्मा वा ? वर्णधर्मत्वे तीव्रगकारादन्यत्वं मन्दस्येत्यस्मन्मतानुप्रवेशः ।

ध्वनिधर्मत्वपक्षे तु श्रोत्रेण ग्रहणं कथम् ।
न हि वायुगतो वेगः श्रवणेनोपलभ्यते ॥

यत्तु व्यक्तिधर्माः कृशत्वस्थूलत्वादयो जातावुपलभ्यन्ते इति दर्शितं तत् काममुपपद्येतापि, जातेर्व्यक्तेस्तद्धर्माणां च समानेन्द्रियग्राह्यत्वात् ।

इह तु स्पर्शनग्राह्यः पवनोऽतीन्द्रियोऽथ वा ।
तद्धर्माः श्रावणे शब्दे गृह्यन्त इति विस्मयः ॥

यत्तु बुद्धिरेव तीव्रमन्दवतीति तदतीव सुभाषितम्, असति विषयभेदे बुद्धिभेदानुपपत्तेः ।

किञ्च नित्यपरोक्षा ते बुद्धिरेवं च नादवत् ।
तदग्रहे न तीव्रादितद्धर्मग्रहसम्भवः ॥
अहो तीव्रादयस्तीव्रे प्रपाते पतिता अमी ।
यो गृह्यते न तद्धर्मा यद्धर्मा स न गृह्यते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

287. અભિવ્યક્તિના પક્ષમાં તીવ્ર-મન્દ વિભાગનો ખુલાસો શો ? તીવ્રતા આદિ વર્ણધર્મો છે કે વાયુધર્મો ? જો વર્ણધર્મો છે એમ તમે કહો તો તીવ્ર ગકારથી મન્દ ગકાર જુદો થાય અને એ રીતે અમારા મતમાં તમે પ્રવેશ કર્યો ગણાય. વાયુધર્મો માનતાં શ્રોત્રથી તેમનું ગ્રહણ કેમ થાય, કારણ કે વાયુગત વેગને શ્રોત્ર ગ્રહણ કરતું નથી. વ્યક્તિના ધર્મો કૃશત્વ સ્થૂલત્વ વગેરે જાતિમાં પણ જણાય છે એ જે દર્શાવવામાં આવ્યું તે ઘટે પણ છે, કારણ કે જાતિ, વ્યક્તિ અને તેમના ધર્મો સમાનેન્દ્રિયગ્રાહ્ય છે. પરંતુ અહીં વાયું કેટલાકને મતે સ્પર્શનેન્દ્રિયગ્રાહ્ય છે જ્યારે કેટલાકને મતે અતીન્દ્રિય છે, એટલે તેના ધર્મો શબ્દનું શ્રવણ થતાં ગૃહીત થાય એ તો આશ્ચર્ય ગણાય. જ્ઞાન પોતે જ તીવ્ર, મન્દ હોય છે એમ તમે જે કહ્યું તે તો બહુ જ સારી વાત કહી ! (અર્થાત્ તમારી આ વાત ગળે ઊતરે એવી છે જ નહિ) કારણ કે વિષયભેદ વિના જ્ઞાનનો ભેદ ઘટતો નથી. વળી તમારા મતમાં તો પવનની જેમ જ્ઞાન પણ નિત્યપરોક્ષ છે. તેનું જ ગ્રહણ નથી થતું તો તેનાં ધર્મો તીવ્ર, મંદનો ગ્રહણનો સંભવ જ ક્યાંથી હોય ? અહો ! આ તીવ્ર વગેરે ધર્મો ઊંડી ખાઈમાં ગબડી પડ્યા (અર્થાત્ તેમનું પ્રત્યક્ષજ્ઞાન જ અસંભવ બની ગયું); જેનું પ્રત્યક્ષ થાય છે તેના તે ધર્મો નથી અને જેના તેઓ ધર્મો છે તેનું પ્રત્યક્ષ થતું નથી.

288. यश्चाभिभववृत्तान्तस्त्वन्मते मरुतामसौ ।
अनिले चाभिभूतेऽपि शब्दो न श्रूयते कथम् ।।

दीपेऽभिभूते रविणा न हि रूपं न गृह्यते ।
नियतव्यञ्जकत्वं तु प्रतिक्षिप्तमदर्शनात् ।।

288. વળી, અભિભવની એ વાત તમારા મતે વાયુઓની છે [શબ્દોની-વર્ણોની નથી] અર્થાત્ અભિવ્યંજક વાયુઓ એકબીજાનો અભિભવ કરે છે, અભિવ્યક્ત શબ્દો પોતે એક-બીજાનો અભિભવ કરતા નથી એવો તમારો મત છે. અમે પૂછીએ છીએ કે વાયુ [બીજા પ્રબળ વાયુથી] અભિભૂત થાય છે ત્યારે [નિર્બળ વાયુ વડે અભિવ્યક્ત થયેલો] શબ્દ કેમ સંભળાતો નથી ? [અર્થાત, હવે તે પ્રબળ વાયુ વડે કેમ અભિવ્યક્ત થતો નથી ?] દીપ જ્યારે સૂર્યથી અભિભૂત થયો હોય છે ત્યારે રૂપનું ગ્રહણ નથી થતું એમ નહિ. [અર્થાત્ તે વખતે રવિના તેજથી રૂપ અભિવ્યક્ત થાય છે જ.] અમુક જ વાયુ અમુક જ શબ્દને અભિવ્યક્ત કરે છે એ મતનો તો અમે પ્રતિષેધ કર્યો છે, કારણ કે એવું દેખાતું નથી.

289. यत्तु शङ्खादिशब्दानां श्रोत्रग्राह्यत्वसिद्धये ।
शब्दत्वं तत्र तद्ग्राह्यमित्यवादि तदप्यसत् ।।

सत्यं वदत दृष्टं वा श्रुतं वा क्वचिदीदृशम् ।
आश्रयस्य परोक्षत्वे तत्सामान्योपलम्भनम् ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्दो न तेऽस्त्यवर्णात्मा न शङ्खे वर्णसम्भवः ।
न नादवृत्ति शब्दत्वमिति तद्ग्रहणं कथम् ॥

289. શંખ આદિ દ્વારા અભિવ્યક્ત થતા શબ્દો શ્રોત્રગ્રાહ્ય છે એ સિદ્ધ કરવા [ત્યાં વર્ણરૂપ નહિ એવા શબ્દો નહિ પણ] શબ્દત્વ સામાન્ય શ્રોત્રગ્રાહ્ય છે એમ જે તમે કહ્યું છે તે પણ ખોટું છે. સાચું કહો, તમે કદી જોયું કે સાંભળ્યું છે કે આશ્રય (શબ્દ) પોતે પરોક્ષ હોય ત્યારે તેમાં રહેનાર સામાન્ય(શબ્દત્વ)નું પ્રત્યક્ષ (=શ્રાવણ પ્રત્યક્ષ) થાય ? તમારા મતે વર્ણ રૂપ નહિ એવા શબ્દનું અસ્તિત્વ જ નથી, શંખમાં વર્ણનો સંભવ નથી, વર્ણરૂપ નહિ એવા નાદમાં શબ્દત્વ સામાન્ય હોતું નથી, તો પછી અહીં શબ્દત્વનું ગ્રહણ (= શ્રાવણ પ્રત્યક્ષ) થાય કેવી રીતે ?

290. यत्पुनरिदं संप्रधारितं व्यञ्जकार्यपक्षयोः क्व शब्दग्रहणे गुर्वी कल्पना भवति क्व वा लघ्वीति तदपि मौलप्रमाणविचारसापेक्षत्वादप्रयोजकम् ।

यदि मौलप्रमाणेन साधिता नित्यशब्दता ।
त्वदुक्ता कल्पना साध्वी मदुक्ता तु विपर्यये ॥

290. 'શબ્દ વ્યંગ્ય છે અને શબ્દ કાર્ય છે એ બે પક્ષમાંથી કયા પક્ષમાં શબ્દગ્રહણની બાબતમાં કલ્પનાગૌરવ છે અને કયા પક્ષમાં કલ્પનાલાઘવ ?'—એ જે પ્રશ્ન કર્યો છે તે શબ્દ વ્યંગ્ય છે કે કાર્ય છે એ પુરવાર કરવામાં ઉપયોગી નથી કારણ કે તે તો મૂળભૂત પ્રમાણવિચારસાપેક્ષ છે. જો મૂળભૂત પ્રમાણથી શબ્દનિત્યતા સિદ્ધ કરવામાં આવે તો તમારી માન્યતા સારી અને એથી ઊલટું મૂળભૂત પ્રમાણથી શબ્દાનિત્યતા સિદ્ધ કરવામાં આવે તો અમારી માન્યતા સારી.

291. कोष्ठ्येन च बहिः प्रसरता समीरणेन सर्वतः स्तिमितमारुतापसरणं क्रियते इत्येतदेव तावदलौकिकं कल्पितम् । "अग्नेरूर्ध्वज्वलनं वायोस्तिर्यग्गमनमणुमनसोश्चाद्यं कर्मेत्यदृष्टकारितानि" इति [वै० सू० ५. २. १४] मरुतां तिर्यग्गमनस्वभावत्वादूर्ध्वमधश्च शब्दश्रवणं न भवेत् ।

यावन्न वेगिनाऽन्येन प्रेरितो मातरिश्वना ।
तावन्नैसर्गिको वायुर्न तिर्यग्गतिमुज्झति ॥
अधोमुखप्रयुक्तोऽपि शब्द ऊर्ध्वं प्रतीयते ।
उत्तानवदनोक्तोऽपि नाधो न श्रूयते च सः ॥
कदम्बगोलकाकारशब्दारम्भो हि सम्भवेत् ।
न पुनर्दृश्यते लोके तादृशी मरुतां गतिः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आकण्ठानद्धनीरन्ध्रचर्मावृतमुखोदितः ।
शब्दो यः श्रूयते तत्र न कौष्ठ्यानिलसर्पणम् ॥

कुड्यादिप्रतिबन्धेन वायोरप्रसरणं भवद्भिरपि कथितमेव । निर्विवरचर्मपुटोपरुद्धोऽप्यसौ न प्रसरेत् । अपि च सर्वतोनिरुद्धसर्वद्वारस्यापि जठरे गुरगुराशब्दो मन्दाग्नेः श्रूयते । अत्र कुतो व्यञ्जकानां कौष्ठ्यपवनानां निस्सृतिः । रोमकूपनिस्सृतानामपि सूक्ष्मतया स्तिमितबाह्यवाय्वपसरणसामर्थ्याभावः । किञ्च मनागपि बहिर्वायौ वाति न शब्दश्रवणं स्यादिति । दुर्बलोऽपि बाह्यः पवनः प्रबलादपि कौष्ठ्यवायोर्बलीयान् भवतीति कथं तेनापसार्येत ?

**291.** કોઠામાંથી નીકળી બહાર પ્રસરતો વાયુ ચારે બાજુ નિશ્ચલ વાયુને હડસેલે છે એવી જે તમે કલ્પના કરી છે તે તો ખરેખર અલૌકિક છે.'અગ્નિનું ઊર્ધ્વજ્વલન,વાયુનું તિર્યક્ ગમન તેમ જ અણુ અને મનનું આદ્યકર્મ આ બધું અદૃષ્ટકારિત છે' એમ જે કહ્યું છે તેને આધારે વાયુઓનો સ્વભાવ તિર્યક્ ગમન કરવાનો હોવાથી ઊર્ધ્વદિશામાં અને અધોદિશામાં શબ્દનું શ્રાવણપ્રત્યક્ષ જ ન થાય. જ્યાં સુધી બીજો વેગવાન વાયુ તેને પ્રેરે નહિ ત્યાં સુધી વાયુ પોતાની સ્વાભાવિક તિર્યક્ ગતિ છોડતો નથી. [હકીકતમાં તો] નીચું મુખ કરી બોલાયેલો શબ્દ પણ ઊર્ધ્વદિશામાં સંભળાય છે અને ઊંચું મુખ કરી બોલાયેલો શબ્દ પણ અધોદિશામાં નથી સંભળાતો એમ નહિ. કદમ્બના ફૂલના જેવા ગોલકાકારે શબ્દ પોતાના જેવા શબ્દોને ઉત્પન્ન કરે એ સંભવે છે. પરંતુ વાયુઓ ગોલકાકારે ગતિ કરતા દેખાતા નથી. કાણા વગરના ચામડાથી કંઠ સુધી ઢાંકેલા મુખમાંથી નીકળતો શબ્દ સંભળાય છે પરંતુ ત્યાં કોઠામાંથી વાયુ બહાર નીકળતો નથી. ભીંત વગેરેની બાધાને કારણે વાયુનું પ્રસરણ થતું નથી એમ તો આપે જ કહ્યું છે. કાણા વિનાના ચામડાના પુટથી રૂંધાયેલો વાયુ પણ પ્રસરે નહિ. વળી, ચારે બાજુથી બધા દ્વારો જેના રુદ્ધ છે એવા મંદાગ્નિ પુરુષના જઠરમાં 'ગુડગુડ' શબ્દ સંભળાય છે. અહીં કોઠાના વ્યંજક વાયુના બહાર નીકળવાનું છે જ ક્યાં ? રોમછિદ્રોમાંથી બહાર નીકળેલા વાયુઓ એટલા સૂક્ષ્મ હોય છે કે તેમનામાં નિશ્ચલ વાયુને હડસેલવાનું સામર્થ્ય જ હોતું નથી. વળી, થોડો પણ બહારનો વાયુ વાય તો શબ્દનું શ્રવણ ન થાય. બહારનો વાયુ દુર્બળ હોવા છતાં પ્રબળ કોષ્ઠ્ય વાયુ કરતાં વધુ બળવાન હોય છે તો પછી કોષ્ઠ્ય વાયુ તેનું અપસરણ કેવી રીતે કરી શકે ?

**292.** अन्ये एव सूक्ष्मा वायवः शब्दावरणकारिणः, न पुनरेते परिदृश्यमानाः श्यामाकलतालास्योपदेशिनो मातरिश्वान इति चेत्, न, विशेषे प्रमाणाभावात् । यं च सूक्ष्मा अपि वायवः तिरोदधति तं सुतरां बलीयांसोऽपि विवृणुयुरिति यत्किञ्चिदेतत् ।

**292.** મીમાંસક–શબ્દાવરણકારી સૂક્ષ્મ વાયુઓ બીજા જ છે, તેઓ શ્યામાક લતાના લાસ્યનૃત્યને જણાવનારા (પેલા) દેખાતા વાયુઓ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈયાયિક—ના, પ્રત્યક્ષ વાયુઓથી અપ્રત્યક્ષ વાયુઓમાં એવી કોઈ વિશેષતા હોવાનું પ્રમાણ નથી જેને કારણે પ્રત્યક્ષ વાયુઓ શબ્દનું આવરણ ન કરી શકે જ્યારે અપ્રત્યક્ષ વાયુઓ કરી શકે. જો સૂક્ષ્મ (અપ્રત્યક્ષ) વાયુઓ શબ્દનું આવરણ કરી શકતા હોય તો પુષ્ટ (=પ્રત્યક્ષ) વાયુએ પણ વધુ સહેલાઈથી શબ્દનું આવરણ કરી શકે એ તો સાવ સ્પષ્ટ વાત છે.

293. तस्मात् सजातीयशब्दसन्तानारम्भपक्ष एव युक्त्यनुगुणः । तथा हि सजातीयगुणारम्भिणो गुणास्तावद्दृश्यन्ते एव रूपादयः । अमूर्ताऽपि च बुद्धिर्बुद्ध्यन्तरमारभमाणा दृश्यते । देशान्तरेऽपि सैव कार्यमारभते, पथि गच्छतो देवदत्तादेरेकस्मादात्मप्रदेशात्प्रदेशान्तरे बुद्ध्युत्पाददर्शनात् । कार्यारम्भविरतिरपि भवति, अदृष्टाधीनसंसर्गाणां सहकारिणामनवस्थानात् ।

तीव्रेणापि शनैरेवमतीव्रारम्भसम्भवः ।
सीदत्सचिवसामर्थ्यसापेक्षक्षीणवृत्तिना ॥
वीचीसन्तानदृष्टान्तः किञ्चित्साम्यादुदाहृतः ।
न तु वेगादिसामर्थ्यं शब्दानामस्त्यपामिव ॥

यत्तु कुड्याद्यिव्यवधाने किमिति विरमति शब्दसन्तानारम्भ इति, नैष दोषः, निरावरणस्य हि व्योम्नः शब्दारम्भे समवायिकारणत्वं तथा दर्शनात् कल्प्यते, नाकाशमात्रस्येति ।

293. નિષ્કર્ષ એ કે પૂર્વ પૂર્વનો શબ્દ ઉત્તર ઉત્તર પોતાની જાતિના શબ્દને ઉત્પન્ન કરી સજાતીય શબ્દોના સંતાનને રચે છે એ પક્ષ તર્કસંગત છે. રૂપ આદિ ગુણો પોતાની જાતિના ગુણોને ઉત્પન્ન કરતા જણાય છે જ. અમૂર્ત બુદ્ધિ પણ અન્ય બુદ્ધિને ઉત્પન્ન કરતી દેખાય છે. પોતાના કાર્યને અન્ય દેશમાં પણ તે જ ઉત્પન્ન કરે છે. રસ્તે ચાલતા દેવદત્ત વગેરેની બુદ્ધિની ઉત્પત્તિ એક આત્મપ્રદેશ ઉપરથી બીજા આત્મપ્રદેશ ઉપર થાય છે. કાર્યોની ઉત્પત્તિ અટકે પણ છે કારણ કે અદૃષ્ટને લીધે ભેગાં થયેલ સહકારીઓ છૂટા પડી જાય છે. એટલે જ તીવ્ર શબ્દ પણ ધીમે ધીમે આમ અતીવ્ર શબ્દને ઉત્પન્ન કરે એ સંભવે છે. જે સહકારીઓના સામર્થ્યની અપેક્ષા શબ્દની ઉત્પાદક શક્તિ રાખે છે તે સહકારીઓ નબળા પડતાં શબ્દની ઉત્પાદક શક્તિ ક્ષીણ બની જાય છે. શબ્દસંતાન સાથે વીચીસંતાનનું થોડુંક સામ્ય હોઈ વીચીસંતાનનું દૃષ્ટાંત આપ્યું છે અને નહિ કે પાણીની જેમ શબ્દોમાં પણ વેગ આદિનું સામર્થ્ય છે એટલે. 'ભીંતની આડને લીધે શા માટે શબ્દના સંતાનની ઉત્પત્તિ અટકી જાય છે ?' એમ જે પ્રશ્ન તમે કર્યો છે તેના ઉત્તરમાં અમે કહીએ છીએ કે એ દોષ નથી. નિરાવરણ આકાશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ શબ્દની ઉત્પત્તિમાં સમવાયિકારણ છે એવું અમે માનીએ છીએ કારણ કે એવું દેખાય છે, આકાશમાત્ર શબ્દની ઉત્પત્તિમાં સમવાયિકારણ નથી.

294. यदपि गुणत्वमसिद्धं शब्दस्येति तत्र केचिदाश्रितत्वाद् गुणत्वमाचक्षते, तदयुक्तम्—

आश्रितत्वं गुणत्वे हि न प्रयोजकमिष्यते ।
षण्णामपि पदार्थानामाश्रितत्वस्य सम्भवात् ॥
दिक्कालपरमाण्वादिनित्यद्रव्यातिरेकिणः ।
आश्रिताः षडपीष्यन्ते पदार्थाः कणभोजिना ।

न च व्योमाश्रितत्वमपि शब्दस्य प्रत्यक्षम्, अप्रत्यक्षे नभसि तदाश्रितत्वस्याप्यप्रत्यक्षत्वात् ।

कथमाधारपारोक्ष्ये शब्दप्रत्यक्षतेति चेत् ।
यथैवात्मपरोक्षत्वे बुद्ध्यादेरुपलम्भनम् ॥

एतदेवासिद्धमिति चेद् अलं वादान्तरगमनेन । उपरिष्टान्निर्णेष्यमाणत्वात् ।

294. 'શબ્દનું ગુણ હોવું પુરવાર થયું નથી' એમ જે તમે કહ્યું તેના ઉત્તરમાં કેટલાક જણાવે છે કે શબ્દ આશ્રિત હોઈને ગુણ છે. પરંતુ તેમનો ઉત્તર અયોગ્ય છે, ગુણ હોવાપણું સિદ્ધ કરવા આશ્રિતત્વ હેતુ નકામો છે કારણ કે છયે પદાર્થોમાં આશ્રિતત્વ સંભવે છે. દિક્, કાલ, પરમાણુ આદિ નિત્ય દ્રવ્યોને છોડી છયે પદાર્થોને (=દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય આ છયે પદાર્થોને) કણાદ આશ્રિત માને છે. વળી શબ્દનું આકાશાશ્રિતત્વ પ્રત્યક્ષ પણ નથી, કારણ કે આકાશ પોતે જ અપ્રત્યક્ષ રહે છે ત્યારે શબ્દનું આકાશાશ્રિતત્વ પણ અપ્રત્યક્ષ જ રહે. 'જો આધાર પરોક્ષ છે તો શબ્દ (આધેય) પ્રત્યક્ષ કેમ?' એમ જો તમે પૂછતા હો તો એનો અમારો ઉત્તર એ છે કે 'આત્મા પરોક્ષ હોવા છતાં બુદ્ધિ વગેરેનું પ્રત્યક્ષ થાય છે'. 'એ વસ્તુ જ પુરવાર થઈ નથી' એમ જો તમે કહેશો તો અમારે કહેવું પડશે કે આ બીજા વિવાદાસ્પદ મુદ્દાની ચર્ચા રહેવા દઈએ કારણ કે તેનો નિર્ણય આગળ ઉપર [૭મા આહ્નિકમાં] અમે કરવાના છીએ.

295. किमेतर्हि शब्दस्य गुणत्वे प्रमाणम्? परिशेषानुमानमिति ब्रूमः । प्रसक्तयोर्द्रव्यकर्मणोः प्रतिषेधे सामान्यादावप्रसङ्गाच्च गुण एवावशिष्यते शब्दः । कथं पुनः न द्रव्यं शब्दः? एकद्रव्यत्वात् । अद्रव्यं वा भवति द्रव्यम् आकाशपरमाण्वादि, अनेकद्रव्यं वा द्व्यणुकादि कार्यद्रव्यम् । एकद्रव्यम् तु शब्दः, एकाकाशाश्रितत्वात्,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्मान्न द्रव्यम् । नापि शब्दः कर्म शब्दान्तरजनकत्वात् । कर्मणो हि समानजात्यारम्भकत्वं नास्ति । सत्ताशब्दत्वादिसामान्यसम्बन्धाच्च सामान्यादित्रयप्रसङ्गोऽस्य नास्ति । पारिशेष्याद् गुण एव शब्दः ।

295. મીમાંસક –તો પછી શબ્દ ગુણ છે એમાં પ્રમાણ શું ?

નૈયાયિક –અમે કહીએ છીએ કે પરિશેષાનુમાન. શબ્દના દ્રવ્ય અને કર્મ હોવાના સંભવિત વિકલ્પોનો પ્રતિષેધ થઈ ગયો છે અને શબ્દના સામાન્ય આદિ હોવાના વિકલ્પો જ સંભવતા નથી, એટલે છેવટે બાકી રહે છે ગુણ જ, જે શબ્દ છે.

મીમાંસક –શા માટે શબ્દ દ્રવ્ય નથી ?

નૈયાયિક–કારણ કે શબ્દ એક દ્રવ્યમાં જ સમવાય સંબંધથી રહે છે. દ્રવ્ય કાં તો કોઈ એક દ્રવ્યમાં સમવાય સંબંધથી રહેતું નથી યા તો એકથી વધુ દ્રવ્યમાં સમવાય સંબંધથી રહે છે. કોઈ પણ દ્રવ્યમાં સમવાયસંબંધથી ન રહેનાર દ્રવ્યોનાં ઉદાહરણો છે આકાશ, પરમાણુ, વગેરે. એકથી વધુ દ્રવ્યોમાં સમવાયસંબંધથી રહેનાર દ્રવ્યોના ઉદાહરણો છે દ્વ્યણુક વગેરે કાર્યદ્રવ્યો. શબ્દ તો કેવળ એક જ દ્રવ્યમાં સમવાયસંબંધથી રહે છે, કારણ કે તે જેમાં સમવાય સંબંધથી રહે છે તે દ્રવ્ય આકાશ એક જ છે. તેથી શબ્દ દ્રવ્ય નથી. શબ્દ કર્મ પણ નથી કારણ કે તે શબ્દાન્તરને ઉત્પન્ન કરે છે; કર્મ કર્મને ઉત્પન્ન કરતું નથી. સત્તા, શબ્દત્વ, વગેરે સામાન્યો શબ્દમાં સમવાયસંબંધથી રહેતા હોઈ શબ્દ સામાન્ય, વિશેષ કે સમવાય પણ નથી. એટલે બાકી રહ્યો તે ગુણ જ શબ્દ છે.

296. ननु गुणत्वसिद्धौ सत्यामाकाशाश्रितत्वं शब्दस्य भविष्यति, गुणस्य द्रव्यानाश्रितस्यादर्शनात् पृथिव्यादीनां च शब्दाश्रयत्वानुपपत्तेः । ततश्च गुणत्वे सत्येकद्रव्यत्वम्, एकद्रव्यत्वे सति गुणत्वमितीतरेतराश्रयत्वम् । तथा च समानजातीयारम्भकत्वमपि गुणत्वसिद्धिमूलमेव । गुणत्वे सति शब्दस्याकाशाश्रितत्वात्तदात्मकेन श्रोत्रेण ग्रहणम् । तच्च देशान्तरगतसंयोगविभागप्रभवस्य शब्दस्य सन्तानमन्तरेण श्रोत्रदेशप्राप्त्यभावान्न सिद्ध्यतीति गुणत्वसिद्धिमूला सन्तानकल्पना, सन्तानकल्पनायां च समानजात्यारम्भकत्वात् कर्मव्यवच्छेदे सति गुणत्वसिद्धिरितीतरेतराश्रयत्वमेव ।

296. મીમાંસક–શબ્દ ગુણ છે એ સિદ્ધ થતાં તેનું આકાશાશ્રિતત્વ બનશે, કારણ કે ગુણ દ્રવ્યમાં આશ્રિત ન હોય એવું જોયું નથી અને પૃથ્વી વગેરેનું શબ્દના આશ્રય હોવું ઘટતું નથી. પરિણામે શબ્દ ગુણ હોતાં તેનું એકદ્રવ્યત્વ (= એકદ્રવ્યાશ્રિતત્વ) પુરવાર થાય છે અને તેનું એકદ્રવ્યત્વ (=એકદ્રવ્યાશ્રિતત્વ) હોતાં તે ગુણ પુરવાર થાય છે–આમ ઇતરેતરાશ્રયદોષ આવે છે. વળી, શબ્દનું શબ્દઉત્પાદકત્વ પણ શબ્દ ગુણ છે એ પુરવાર થતાં તેમાંથી જ ફલિત થાય. શબ્દ ગુણ હોતાં તે આકાશાશ્રિત સિદ્ધ થાય, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશાશ્રિત હોવાને કારણે આકાશરૂપ શ્રોત્ર દ્વારા તેનું ગ્રહણ થાય. અને અન્ય દેશમાં સંયોગવિભાગથી ઉત્પન્ન થયેલ શબ્દની શ્રોત્રને પ્રાપ્તિ તે શબ્દની સંતતિ (શ્રેણી) વિના થાય નહિ, પરિણામે શબ્દ ગુણ છે એ પુરવાર થતાં શબ્દના સંતાનની કલ્પના થઈ શકે છે, અને શબ્દના સંતાનની કલ્પના કરો એટલે શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે એ ઘટે અને શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે એ સ્વીકારતાં તેની કર્મથી વ્યાવૃત્તિ થાય અને પરિણામે તે ગુણ છે એ પુરવાર થાય–આમ ઇતરેતરાશ્રયદોષ આવે છે જ. [અર્થાત્ શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે કારણ કે શબ્દ ગુણ છે અને શબ્દ ગુણ છે કારણ કે શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે–આ પ્રમાણે ઇતરેતરાશ્રયદોષ આવે છે.]

297. उच्यते, नोभयत्राप्येष दोषः । श्रोत्रग्राह्यत्वादेव शब्दस्याकाशाश्रितत्वं कल्प्यते, समानजातीयारम्भकत्वं च गुणत्वात् । आकाशैकदेशो हि श्रोत्रमिति प्रसाधितमेतत् । प्राप्यकारित्वं चेन्द्रियाणां वक्ष्यते । न चाकाशानाश्रितत्वे शब्दस्य श्रोत्रेण प्राप्तिर्भवति, न चाप्राप्तस्य ग्रहणमिति तदाश्रितत्वं कल्प्यते। एवं समानजातीयारम्भकत्वमपि तत एव श्रावणत्वात् दूरवर्तिनः शब्दस्य श्रवणे सति कल्प्यते, न तु गुणत्वादिति नेतरेतराश्रयत्वम् । कार्यत्वादाकाशाश्रितत्वं कल्प्यते इत्येके ।

297. નૈયાયિક–આનો ઉત્તર આપીએ છીએ. બંને ઠેકાણે આ દોષ નથી. શ્રોત્રગ્રાહ્ય હોવાને કારણે જ શબ્દ આકાશાશ્રિત છે એવું કલ્પવામાં આવે છે અને શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે એ તો તે ગુણ હોવાને કારણે કલ્પવામાં આવે છે. આકાશનો એક ભાગ જ શ્રોત્ર છે એ તો અમે પુરવાર કર્યું છે. ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે એ અમે [આઠમા આહ્નિકમાં] પ્રતિપાદિત કરીશું. જો શબ્દ આકાશાશ્રિત ન હોય તો શ્રોત્રને તેની પ્રાપ્તિ ન થાય અને જો શ્રોત્રને તેની પ્રાપ્તિ ન થાય તો શ્રોત્રને તેનું ગ્રહણ ન થાય, એટલે શબ્દને આકાશાશ્રિત કલ્પવામાં આવે છે. એ જ રીતે શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે એ પણ એના શ્રાવણત્વને કારણે–દૂરવર્તી શબ્દનું શ્રવણ થતું હોવાને કારણે–કલ્પવામાં આવે છે, ગુણત્વને કારણે નહિ. તેથી ઇતરેતરાશ્રયત્વદોષ આવતો નથી. શબ્દ કાર્ય હોઈ આકાશાશ્રિત છે એમ કેટલાક કલ્પે છે.

298. ननु कार्यत्वादप्याकाशाश्रितत्वकल्पनायां तदवस्थमेवेतरेतराश्रयं, कार्यत्वादाकाशाश्रितत्वमाकाशाश्रितत्वे सति नियतग्रहणपूर्वं पूर्वरीत्या कार्यत्वमिति । नैतदेवम् भेदविनाशप्रतिभासाभ्यामेव कार्यत्वसिद्धेः । किमर्थस्तर्हि नियतग्रहणसमर्थनायायमियान् प्रयासः क्रियते ? नियतग्रहणमपि कार्यपक्षानुगुणमिति दर्शयितुं, न पुनरेषैव कार्यत्वे युक्तिरित्यलं सूक्ष्मेक्षिकया ।

298. મીમાંસક–કાર્ય હોવાને કારણે શબ્દ આકાશાશ્રિત છે એમ કલ્પવામાં ઇતરેતરાશ્રયદોષ એમ ને એમ જ રહે છે–કાર્ય હોવાને કારણે શબ્દ આકાશાશ્રિત છે, શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશાશ્રિત હોવાની સાથે સાથે તેનું ગ્રહણ, પૂર્વે જણાવ્યા પ્રમાણે, નિયત હોવાથી (અર્થાત્ સર્વત્ર નહિ પણ અમુક દેશમાં તેનું ગ્રહણ થતું હોવાથી) તે કાર્ય છે.

નૈયાયિક–આ એવું નથી, કારણ કે એક શબ્દનો બીજા શબ્દથી ભેદ તેમ જ શબ્દનો વિનાશ પ્રત્યક્ષ થતો હોવાથી શબ્દનું કાર્યત્વ સિદ્ધ થાય છે.

મીમાંસક–તો પછી શબ્દના નિયતગ્રહણનું સમર્થન કરવા માટે શા સારુ આટલો બધો પ્રયાસ કરો છો ?

નૈયાયિક–શબ્દનું નિયતગ્રહણ પણ કાર્યપક્ષને અનુકૂળ છે એ દર્શાવવા. તે જ તેનું કાર્યત્વ પુરવાર કરવા માટેની યુક્તિ નથી. વધુ સૂક્ષ્મ પરીક્ષાની જરૂર નથી.

299. अपर आह परिस्पन्दविलक्षणस्य प्रत्यक्षत्वादकर्मत्वं शब्दस्य साध्यते, न समानजात्यारम्भकत्वादितीतरेतराश्रयस्पर्शोऽपि नास्तीति । तस्मात् सर्वथा परिशेषानुमानाच्छब्दस्य गुणत्वसिद्धिः ।

299. બીજા કેટલાક કહે છે કે શબ્દમાં કર્મવિલક્ષણતા પ્રત્યક્ષ થાય છે એ કારણે શબ્દ કર્મ નથી એ પુરવાર કરવામાં આવે છે–નહિ કે શબ્દ શબ્દને ઉત્પન્ન કરતો હોવાને કારણે. તેથી પરિશેષ અનુમાનથી શબ્દની ગુણત્વસિદ્ધિ સર્વથા ઘટે છે.

300. कथं तर्ह्यस्य महत्त्वादियोगो ? निर्गुणा गुणा इति हि काणादाः । अस्ति हि प्रतीतिर्महान् शब्द इति । समानजातीयगुणाभिप्रायं तत् कणादवचनमिति न दोषः । तस्मादाकाशगुणः शब्दः । अपि च–

यथाऽऽत्मगुणता हीच्छाद्वेषादेरुपपत्स्यते ।
शब्दो नयेन तेनैव भविष्यति नभोगुणः ॥

300. મીમાંસક–જો શબ્દ ગુણ હોય તો તેમાં મહત્ત્વ વગેરે કેમ રહે ? કારણ કે 'ગુણોમાં ગુણો હોતા નથી' એમ વૈશેષિકો કહે છે. પરંતુ 'મહાન શબ્દ' એવી પ્રતીતિ તો થાય છે.

નૈયાયિક–કણાદના તે વચનનો આશય એ જણાવવાનો છે કે ગુણોમાં સજાતીય ગુણો હોતા નથી; (ઉદાહરણાર્થ, રૂપમાં રૂપ હોતું નથી, રૂપમાં સંખ્યા તો હોય છે.) તેથી, શબ્દ આકાશનો ગુણ છે. વળી, જે રીતે [પરિશેષાનુમાનથી] ઇચ્છા, દ્વેષ વગેરે આત્માના ગુણો પુરવાર થાય છે તે જ રીતે શબ્દ આકાશનો ગુણ પુરવાર થશે.

301 ये तु समानजातीयशब्दारम्भकत्वनिषेधहेतवः 'शब्दत्वात्' इत्यादयः परैरुपन्यस्ताः तेषामप्रयोजकत्वान्न साधनत्वम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्थं सन्तानवृत्त्या च शब्दग्रहणसम्भवे ।
कल्पनाऽल्पतराऽस्माकं न शब्दव्यक्तिवादिनाम् ॥
शाक्यकापिलनिर्ग्रन्थग्रथितप्रक्रियां प्रति ।
यत्तु दूषणमाख्यातमस्माकं प्रियमेव तत् ॥

तस्मात् कार्यपक्षे नियतग्रहणोपपत्तेः अभिव्यक्तिपक्षे च तदभावात् कार्य एव शब्द इति स्थितम् ।

301. શબ્દ શબ્દને ઉત્પન્ન કરે છે એનો નિષેધ કરનારા 'કારણ કે તે શબ્દ છે' વગેરે જે હેતુઓ મીમાંસકોએ આપ્યા છે તે અપ્રયોજક હોઈ સદ્ હેતુઓ નથી. આ રીતે શબ્દશ્રેણી દ્વારા શબ્દનું ગ્રહણ સંભવતું હોઈ અમારી કલ્પનામાં લાઘવ છે, શબ્દની અભિવ્યક્ત માનનારાની કલ્પનામાં લાઘવ નથી. તમે મીમાંસકોએ બૌદ્ધ, સાંખ્ય અને જૈન પ્રક્રિયાઓમાં દોષ દર્શાવ્યા એ અમને ગમ્યું. નિષ્કર્ષ એ કે શબ્દ કાર્ય છે એ પક્ષમાં શબ્દનું ગ્રહણ અમુક જ દેશમાં થાય છે એ વસ્તુ ઘટતી હોઈ અને શબ્દ અભિવ્યક્ત થાય છે એ પક્ષમાં એ વસ્તુ ન ઘટતી હોઈ શબ્દ કાર્ય જ છે એ સ્થિર થયું.

302. तदिदमुक्तं सूत्रकृता 'आदिमत्त्वादैन्द्रियकत्वात् कृतकवदुपचाराच्चानित्यः शब्दः' इति [न्या० सू० २.२.१३] आदिमत्त्वादिति संयोगविभागादीनां शब्दे कारकत्वं, न व्यञ्जकत्वमिति दर्शितम् । अतश्च न प्रयत्नान्तरीयकत्वमनैकान्तिकम् । ऐन्द्रियकत्वादिति कार्यपक्षे एव शब्दस्य नियतं ग्रहणमित्युक्तम् । प्रतिपुरुषं प्रत्युच्चारणं च शब्दभेदस्यैन्द्रियकत्वादिति वा हेत्वर्थः । तेन प्रत्यभिज्ञादुराशा श्रोत्रियाणामपाकृता भवति । कृतकवदुपचारादिति तीव्रमन्दविभागाभिभवादिव्यवहारदर्शनात् सुखदुःखादिवदनित्यः शब्द इति दर्शितम् । तथा 'प्रागूर्ध्वमुच्चारणादनुपलब्धेः आवरणाद्यनुपलब्धेश्च" [न्या० सू० २.२.१८] इत्यनेन सूत्रेण शब्दाभावकृतमेव तदग्रहणमिति उक्तम् । न हि स्तिमिता वायवः शब्दमावरीतुमर्हन्ति। मूर्तं हि मूर्तेन व्यवध्रीयते नामूर्तमाकाशादिवत् । न च प्रकृत्यैवाकाशादिवदतीन्द्रियः शब्दः । तस्मात् क्षणिकप्रतीतेस्तत्कालमेव शब्दस्यावस्थानमित्यस्थानहेतारपि नान्यथासिद्धत्वम् ।

302. એટલે જ સૂત્રકાર ગોતમે આ કહ્યું છે કે 'શબ્દને આદિ હોવાને કારણે, તે ઇન્દ્રિયગ્રાહ્ય હોવાને કારણે તેમ જ ઉત્પન્ન વસ્તુની જેમ તેની બાબતમાં વ્યવહાર થતો હોવાને કારણે શબ્દ અનિત્ય છે.' (ન્યાયસૂત્ર ૨. ૨. ૧૩) 'શબ્દને આદિ હોવાને કારણે' એમ કહીને દર્શાવી દીધું કે સંયોગ અને વિભાગ શબ્દના ઉત્પાદક છે, અભિવ્યંજક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેથી 'પ્રયત્ન પછી તરત જ અસ્તિત્વમાં આવતો (સંભળાતો) હોઈ' એ હેતુ અનૈકાન્તિક નથી [કારણ કે 'અભિવ્યંગ્ય શબ્દ' એ સાધ્યમાં તે રહેતો નથી]. 'શબ્દ ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી' એમ કહીને કાર્યપક્ષમાં જ શબ્દનું નિયતગ્રહણ શક્ય છે એ જણાવી દીધું. 'પુરુષે પુરુષે અને ઉચ્ચારણે ઉચ્ચારણે થતા શબ્દભેદનું ઇન્દ્રિય દ્વારા ગ્રહણ થતું હોઈ' એવો પણ પ્રસ્તુત હેતુનો અર્થ થાય. પરિણામે પ્રત્યભિજ્ઞા દ્વારા શબ્દનિત્યત્વનો નીરાસ કરવાની મીમાંસકોની આશા ટળી જાય છે. 'ઉત્પન્ન વસ્તુની જેમ તેની બાબતમાં વ્યવહાર કરવામાં આવતો હોવાથી' એમ કહીને એ દર્શાવી દીધું કે તીવ્ર-મંદ એવો વિભાગ, એક શબ્દ દ્વારા બીજા શબ્દનો અભિભવ, વગેરે વ્યવહારો દેખાતા હોવાથી સુખદુઃખની જેમ શબ્દ અનિત્ય છે. વળી, 'ઉચ્ચારણ પહેલાં અને પછી શબ્દ ઉપલબ્ધ થતો ન હોઈ તેમ જ શબ્દનું આવરણ કરનારી વસ્તુ પણ ઉપલબ્ધ થતી ન હોઈ' આ સૂત્ર દ્વારા શબ્દના અગ્રહણનું કારણ શબ્દનો અભાવ જ છે એમ કહેવાયું છે, નિશ્ચલ વાયુઓ શબ્દનું આવરણ કરવા શક્તિમાન નથી કારણ કે મૂર્ત વસ્તુ મૂર્ત વસ્તુને જ ઢાંકી શકે, આકાશ જેવી અમૂર્ત વસ્તુને ઢાંકી શકે નહિ. વળી શબ્દ સ્વભાવથી જ આકાશ વગેરેની જેમ અતીન્દ્રિય નથી [કે જેથી અસ્તિત્વ ધરાવતો હોવા છતાં ઇન્દ્રિયથી ગૃહીત ન થાય.] નિષ્કર્ષ એ કે એક ક્ષણ જ શબ્દ પ્રતીત થતો હોવાથી તેટલો વખત જ તેનું અસ્તિત્વ છે એટલે '[ઉત્પન્ન શબ્દની] અવસ્થિતિ [દેખાતી] ન હોઈ' એવો શબ્દની અનિત્યતા પુરવાર કરવા માટે આપવામાં આવેલો હેતુ અન્યથાસિદ્ધ નથી.

303. वार्तिककृता शब्दानित्यत्वे साधनमभिहितम् 'अनित्यः शब्दो जातिमत्त्वे सत्यस्मदादिबाह्यकरणप्रत्यक्षत्वाद् घटवत्' [न्या०वा० २.२.१४] इति । यत्त्वत्र जातीनामपि जातिमत्त्वादनैकान्तिकत्वमुद्भावितम् 'एकार्थसमवायेन जातिर्जातिमती यतः' [श्लो० वा० शब्दनि० ३३९] इति तदत्यन्तमनुपपन्नम्, निस्सामान्यानि सामान्यादीनीति सुप्रसिद्धत्वात् । न हि घटे घटत्वपार्थिवत्वे स्त इति घटत्वसामान्येऽपि पार्थिवत्वसामान्यमस्तीति शक्यते वक्तुम् । अतो निरवद्य एवायं हेतुः । तेन यदुच्यते—

जातिमत्त्वैन्द्रियत्वादि वस्तुसन्मात्रबन्धनम् ।<br>
शब्दानित्यत्वसिद्ध्यर्थं को वदेद्यो न तार्किकः ॥<br>
[श्लो० वा० अनु० २१] इति ॥

तदविदिततार्किकपरिस्पन्दस्य व्याहृतम् ।

303. વાર્તિકકાર [ઉદ્યોતકરે] શબ્દનું અનિત્યત્વ પુરવાર કરવા આ અનુમાન જણાવ્યું છે—'શબ્દ અનિત્ય છે, કારણ કે તે જાતિમત્ હોવાની સાથે આપણી બાહ્ય ઇન્દ્રિયો વડે, ઘટની જેમ, પ્રત્યક્ષ થાય છે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'એક જ અર્થમાં બે જાતિઓ સમવાય સંબંધથી રહેતી હોવાથી એક જાતિ બીજી જાતિથી યુક્ત (=જાતિમત્) ગણાય' એમ કહી અહીં [ઉદ્યોતકરના આ અનુમાનમાં] જાતિ પણ જાતિમત્ હોવાને કારણે જે અનૈકાન્તિકદોષ [કુમારિલભટ્ટે] આપ્યો છે તે ઘટતો નથી. [કુમારિલ ભટ્ટ કહેવા માગે છે કે ઉપર્યુક્ત રીતે જાતિ પણ જાતિમત્ છે. વળી તે ઇન્દ્રિયગ્રાહ્ય પણ છે અને તેમ છતાં તે અનિત્ય નહિ પણ નિત્ય છે. એટલે ઉદ્યોતકરનું અનુમાન અનૈકાન્તિક દોષથી દૂષિત છે. પરંતુ તેમણે આપેલો આ દોષ ઘટતો નથી,] કારણ કે સામાન્ય સામાન્યરહિત છે એ હકીકત સુપ્રસિદ્ધ છે. ઘટમાં ઘટત્વ અને પાર્થિવત્વ એ બે સામાન્યો છે માટે ઘટત્વ સામાન્યમાં પણ પાર્થિવત્વ સામાન્ય છે એમ કહેવું શક્ય નથી. એટલે [ઉદ્યોતકરે આપેલો] આ હેતુ નિર્દોષ છે. તેથી "જાતિમત્ત્વ, ઇન્દ્રિયગ્રાહ્યત્વ વગેરે જે વસ્તુની કેવળ સત્તાને પુરવાર કરવા માટેના હેતુઓ છે તેમને શબ્દની અનિત્યતા પુરવાર કરવા માટે કોણ કહે ? જે તાર્કિક ન હોય તે" [એમ કુમારિલે] જે કહ્યું તે તો તાર્કિકના વ્યવહારને ન જાણનારાનું વચન છે.

304. इह त्वप्रयोजका हेतवो भवन्ति ।
ह्यस्तनोच्चारितस्तस्माद् गोशब्दोऽद्यापि वर्तते ।
गोशब्दज्ञानगम्यत्वाद्यथोक्तोऽद्यैष गौरिति ॥

विज्ञानग्राह्यता नाम वस्तुस्वाभाव्यबन्धना ।
नित्यत्वे कृतकत्वे वा न खल्वेषा प्रयोजिका ॥

अप्रयोजकता चैवंप्रायाणां चैवमुच्यते ।
स्वयं चैते प्रयुज्यन्ते हेतुत्वेने त किं न्विदम् ॥

304. અહીં (=શબ્દનું નિત્યત્વ પુરવાર કરવામાં) [કુમારિલે આપેલ] હેતુઓ અપ્રયોજક છે. (તે હેતુઓ છે)—ગઈ કાલે ઉચ્ચારેલો 'ગાય'શબ્દ આજે પણ અસ્તિત્વ ધરાવે છે કારણ કે જેમ ગઈ કાલે આ ગાય 'ગાય'શબ્દજ્ઞાનગમ્ય હતી તેમ આજે પણ તે 'ગાય'શબ્દજ્ઞાનગમ્ય છે. વસ્તુની આ જ્ઞાનગમ્યતા વસ્તુના અસ્તિત્વ સાથે અવિનાભાવ સંબંધ ધરાવતી હોઈ ખરેખર વસ્તુના નિત્યત્વ કે અનિત્યત્વને પુરવાર કરવા સમર્થ નથી. જે [કુમારિલ] કહે છે કે આ જાતના હેતુઓ [શબ્દની અનિત્યતા પુરવાર કરવા] અસમર્થ છે તે પોતે જ એવા અસમર્થ હેતુઓને [શબ્દની નિત્યતા પુરવાર કરવા] પ્રયોજે છે એ શું વિચિત્ર નથી ?

305. एवं नित्यत्वे दुर्बलो युक्तमार्गः
तस्मान्मन्तव्यः कार्य एवेति शब्दः ।
वाचोयुक्तित्वे वैदिको योऽनुवादः
न्याये प्रत्युक्ते किंफलस्तत्प्रयोगः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्षणभङ्गिभावस्याभावादपि शब्दस्य क्षणिकतां न वक्तुमलम् । स्थूलविनाशभावादिति यदुक्तं तदप्यनृतम्—

सूक्ष्मविनाशापेक्षी नाशः स्थूलः स्थिरस्य कुम्भादेः ।
प्रकृतितरलस्य नाशः शब्दस्य स एवं हि स्थूलः ॥

सत्त्वाद्यदि क्षणिकतां कथयेत् पुरा वा
शब्दस्तदैष कथमक्षणिकोऽभिधेयः ।
युक्त्यन्तराद्यदि तदेव हि तर्हि चिन्त्यम्
किं प्रौढिवादबहुमानपरिग्रहेण ॥

अलमतिविततोक्त्या त्यज्यतां नित्यवादः
कृतक इति नयज्ञैः गृह्यतामेष शब्दः ।
सति च कृतकभावे तस्य कर्ता पुराणः
कविरविरलशक्तिः युक्त एवेन्दुमौलिः ॥

## इति जयन्तभट्टकृतौ न्यायमञ्जर्यां तृतीयम् आह्निकम्

305. આમ શબ્દની નિત્યતા પુરવાર કરવા આપવામાં આવેલી દલીલો દુર્બળ છે. તેથી શબ્દ કાર્ય જ છે એમ માનવું જોઈએ. જ્યારે [શબ્દનિત્યત્વ સિદ્ધ કરવા માટે આપવામાં આવેલ ] અનુમાનનો નીરાસ કરવામાં આવ્યો છે ત્યારે [શબ્દનિત્યત્વ સિદ્ધ કરવા માટે] વેદવચનરૂપ લિંગ તરીકે જે વૈદિક અનુવાદવાક્ય['वाचा विरूपनित्यया']નો પ્રયોગ કરવામાં આવ્યો તેનું ફળ શું ? [કંઈ જ નહિ.]

વસ્તુમાં ક્ષણિક ન હોવાથી શબ્દને ક્ષણિક કહેવો ઘટતું નથી. સ્થૂળ વિનાશ થતો જણાતો હોઈ [તે ઉપરથી પ્રતિક્ષણ વિનાશનું અર્થાત્ સૂક્ષ્મ વિનાશનું અનુમાન થાય છે] એમ જે બૌદ્ધોએ કહ્યું છે તે પણ ખોટું છે. સ્થિર કુંભ વગેરેનો સ્થૂળ નાશ સૂક્ષ્મ વિનાશની અપેક્ષા રાખે છે પરંતુ સ્વભાવથી તરલ શબ્દનો જે નાશ છે તે નાશ જ સ્થૂલ છે (અર્થાત્ તેની બાબતમાં સૂક્ષ્મ નાશ અને સ્થૂલ નાશ એમ બે પ્રકારનો નાશ જ નથી.)

[બૌદ્ધ મતમાં ક્ષણિકતા પુરવાર કરવામાં સ્થૂળ વિનાશદર્શન જ હેતુ નથી પરંતુ અસ્તિત્વ પણ હેતુ છે.] અસ્તિત્વ હોવાને કારણે જો [શબ્દની] ક્ષણિકતા કહેવાતી હોય તો 'પહેલાં તે વખતે આ શબ્દ હતો' આ રીતે તેને નિત્ય કેમ કરીને કહી શકાય ? જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને બીજી દલીલથી નિત્ય કહી શકાતો હોય તો તે બીજી દલીલોને જ વિચારી કાઢોને; 'મારો પક્ષ જ સાચો છે, તમારો સર્વથા ખોટા છે' એવું અભિમાન ધરાવવાથી શો લાભ ?

વધુ લાંબુ કહેવાથી સર્યું. તમે મીમાંસકો શબ્દ નિત્ય છે એવો આગ્રહ છોડી દો. તર્કના નિયમોને જાણનાર તમે શબ્દ કાર્ય છે એ સ્વીકારો. શબ્દ કાર્ય હોતાં ક્રાન્તદર્શી, અવિરલશક્તિ, પુરાણપુરુષ ચંદ્રમૌલિ તેનો કર્તા છે, એમ માનવું યોગ્ય છે.

**જયંત ભટ્ટ કૃત ન્યાયમંજરીનું ત્રીજું અહ્નિક સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org